મહારાણા પ્રતાપ

ડૉ. ભવાનસિંહ રાણા



VISIT…

LANZAROTE
Caliente.COM

મહારાણા પ્રતાપ

ડૉ. ભવાનસિંહ રાણા



મહારાણા પ્રતાપનું નામ લેતાં જ મોગલ સામ્રાજ્યની સત્તાને પડકાર આપનાર વીરતાના તેજથી પરિપૂર્ણ એક અપ્રતિમ વીર યોદ્ધાની છાપ આપણા મસ્તિષ્કમાં અનાયાસ જ જીવંત રૂપ ધારણ કરી લે છે. સ્વતંત્રતા માટે વિષમ પરિસ્થિતિઓમાં પણ તેમણે જે સંઘર્ષ કર્યો, તેની સામાન્ય લોકોથી કલ્પના પણ ન કરી શકાય. મેવાડના નરેશ હોવા છતાં તેમના જીવનનો મોટો ભાગ વન અને પર્વતોમાં આમ-તેમ ભટકતાં-ભટકતાં પસાર થયો. પોતાની અદમ્ય ઇચ્છાશક્તિ અને અપૂર્વ રણ કૌશલથી છેવટે તેઓ મેવાડને સ્વાધીન કરાવવામાં સફળ થયા.

ભૌતિક સુખ-લાભની ઉપેક્ષા કરી માતૃભૂમિની સ્વતંત્રતાની રક્ષા માટે તેમનો અવિરત સંઘર્ષ ઇતિહાસનો એક સોનેરી અધ્યાય છે. પ્રસ્તુત છે મહારાણા પ્રતાપનું સરળ અને સુબોધ ભાષામાં સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

મહારાણા પ્રતાપ

ડૉ. ભવાનસિંહ રાણા



બે શબ્દ

દેશપ્રેમ, ત્યાગ, બલિદાન, સંઘર્ષ વગેરે ગુણોના પ્રતિક મહારાણા પ્રતાપ ભારતવાસીઓ માટે શ્રદ્ધા તથા અભિમાનનો વિષય બની ગયા છે. તેમનું નામ લેતાં જ મોગલ સામ્રાજ્યની સત્તાને પડકારનાર વીરતાના તેજથી પરિપૂર્ણ એક અપ્રતિમ યોદ્ધાની છાપ આપણા મનમાં અનાયાસે જ જીવંતરૂપ ધારણ કરી લે છે. સ્વતંત્રતા માટે તેમણે જે વિષમ પરિસ્થિતિઓમાં પણ સંઘર્ષ કર્યો, તેની સામાન્ય લોકો તો કલ્પના પણ ન કરી શકે. મેવાડના રાજા હોવા છતાં પણ તેમના જીવનનો મોટો ભાગ વનો અને પર્વતોમાં આમ-તેમ ભટકતાં જ પસાર થયો. પોતાની અદમ્ય ઇચ્છાશક્તિ અને અપૂર્વ રણ કૌશલથી છેવટે તેઓ મેવાડને સ્વાધીન કરાવવામાં સફળ થયા.


ભૌતિક સુખ-લાભોની ઉપેક્ષા કરીને માતૃભૂમિની સ્વતંત્રતાની રક્ષા માટે તેમનો અવિરત સંઘર્ષ ઇતિહાસનો એક સોનેરી અધ્યાય છે. તેમના જેવું વ્યક્તિત્વ દેશ તથા જાતિ માટે યુગો-યુગો સુધી પ્રેરણા સ્વરૂપ હોય છે. આજે ભારતમાં રાષ્ટ્રીય ચેતના નાશની તરફ અગ્રેસર થવા જેવી પ્રતિતિ થાય છે. એવા સમયમાં મહારાણા પ્રતાપનું જીવન ચરિત્ર આદર્શ સ્વરૂપ છે. એ જ કારણ છે કે તેઓ માતૃભૂમિની સ્વાધીનતાના ઉપાસકો માટે હંમેશાં સ્મરણીય અને વંદનીય બની ગયા છે.

આ પુસ્તકની સામગ્રી સંકલન માટે ડૉ. ગૌરીશંકર હીરાચંદ ઓઝા, મહામહોપાધ્યાય કવિરાજ શ્યામળદાસ (વીરવિનોદ) ડૉ. ગોપીનાથ શર્મા, ડૉ.આશીર્વાદીલાલ, મહાપંડિત રાહુલ સાંસ્કૃત્યાયન, કર્નલ ટોડ, ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી, શ્રી રાજેન્દ્ર બીડા, શ્રી ગજેન્દ્ર શંકર ભટ્ટ વગેરે ઇતિહાસ વિદ્ વિદ્વાનોના પુસ્તકોની સહાયતા લેવામાં આવી છે. આ બધા પ્રત્યે હું મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

ડૉ. ભવાનસિંહ રાણા

અનુક્રમણિકા

પરિશિષ્ટ -૩ : જોતદાનોમાં ઉદયપુર રાજવંશની વંશાવલી



પ્રથમ અધ્યાય

મેવાડ અને તેનો રાજવંશ

ભારતીય ઇતિહાસમાં રાજપૂતોનું સ્થાન ગૌરવ પૂર્ણ રહ્યું છે. અહીના રણબંકાઓએ દેશ, જાતિ તથા સ્વાધીનતાની રક્ષા માટે પોતાના પ્રાણો ન્યોછાવર કરવામાં પણ ક્યારેય સંકોચ કર્યો નથી, વીર રસ રૂચિરા આ ભૂમિમાં રાજપૂતોના નાના-મોટા અનેક રાજ્ય રહ્યા, જેમણે ભારતીય ઇતિહાસના અનેક ઉજ્જવળ અધ્યાયોની રચના કરી તેવા રાજ્યોમાં મેવાડનું પોતાનું એક વિશિષ્ટ સ્થાન રહ્યું છે. જેમાં ઇતિહાસના ગૌરવ વપ્પારલ, ખુમાણ પ્રથમ મહારાણા હમીર, મહારાણા કુંભા, મહારાણા સાંગા તથા પ્રસ્તુત પુસ્તકના નાયક વીર શિરોમણી મહારાણા પ્રતાપ જેવા ઇતિહાસ નિર્માતા મહાન વીરોએ જન્મ લીધો.

મેવાડની ભૌગોલિક સ્થિતિ

મેવાડનો ઇતિહાસ આ રાજ્યના પ્રારંભથી જ ખુબ જ ગૌરવશાળી રહ્યો છે. મધ્યકાળમાં અહીના શાસકો તથા જનતા પોતાની સ્વાધીનતાની રક્ષા માટે મુસલમાન સુલ્તાનો વિરુદ્ધ સંઘર્ષ કર્યા. તે ઇતિહાસમાં અદ્‌વિતીય છે. આ રાજ્યના ઇતિહાસમાં વીરતા, ત્યાગ, બલિદાન તથા સ્વાતંત્રતા પ્રેમનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. તેની એક વિશિષ્ટતાનું એક મહત્ત્વનું કારણ તેની ભૌગોલિક સ્થિતિ બાકી રાજસ્થાનથી ખુબ જ અલગ છે. તેની સ્થિતિ ૨૩.૪૯ થી ૨૫.૫૮ ઉતરી અક્ષાંશ તથા ૭૩.૧ થી ૭૫.૪૯ દક્ષિણી દેશાન્તર સુધી છે. વર્તમાન સમયમાં આ રાજ્ય ભીલવાડા, ચિતોડ અને ઉદયપુરમાં વિભક્ત છે. તેના પૂર્વમાં નીમચ, ટોંક, કોટા તથા બુંદી, દક્ષિણમાં ડુંગરપુર, બાંસવાડા અને પ્રતાપગઢ, દક્ષિણ-પશ્ચિમમાં ઈશ્વર, પશ્ચિમમાં જોધપુર અને સિરોહી, ઉત્તરમાં અજમેર, મેખાડા અને ભીલવાડાનો કેટલોક ભાગ તથા ઉત્તર-પૂર્વમાં જયપુર આવેલું છે. મેવાડને ચાર પ્રાકૃતિક ભાગોમાં વિભાજિત કરેલુ છે.

(૧) પશ્ચિમી પર્વતમાળા

(૨) પૂર્વી પર્વતમાળા

(૩) દક્ષિણી પર્વતમાળા

(૪) મધ્યવર્તી મેદાની ભાગ

પશ્ચિમી પર્વતમાળામાં દિવેરથી શરું થઈને દક્ષિણમાં દેવલ સુધી ફેલાયેલી છે. આ પર્વતમાળાને અરવલી કે અડાવલની પહાડીઓ કહેવામાં આવે છે. તેની સૌથી ઊંચી ટોચ કુંભલગઢ નજીક સમીપ જરગા નામના સ્થાન પર છે, જેની ઊંચાઈ સમુદ્ર સપાટીથી

૪૩૧૫ ફુટ છે. આ પર્વતમાળામાં અનેક પહાડીઓ છે જેને સ્થાનીય ભાષામાં નાલ કહેવામાં આવે છે. તેમાં દેસુરી, હાથીગુડો, જીલવાડા વગેરેની નાલ મુખ્ય છે. બહારથી શત્રુઓનો પ્રવેશ રોકવા આ નાલો પર સુરક્ષાનો પ્રબંધ રહેતો હતો. હાથીગુડામાં સ્વતંત્રતાની રક્ષામાં પ્રાણ ત્યાગ કરનારા વીરોના સ્મારક બન્યા છે. આ પર્વતમાળામાંથી અનેક નાની-મોટી નદીઓ નીકળે છે, જે મેવાડના મેદાની ભાગોમાં ખેતી માટે વરદાન સ્વરૂપ છે. આ ભાગમાં વચ્ચે ભીલો અને તથા અન્ય વનવાસીઓની વસ્તીઓ છે અને સ્થાન-સ્થાન પર ખેતી યોગ્ય જમીન પણ છે. આ પર્વતમાળાનો દક્ષિણ ભાગ ગોગૂંદા સુધી ફેલાયેલો છે, જેને ભોમટ કહેવામાં આવે છે. આ પર્વતમાળા મેવાડ માટે આ દિશાએથી કુદરતી સુરક્ષાનું કામ પણ કરતી હતી. અહીંથી જ ઉદયસિંહ તથા મહારાણા પ્રતાપે મોગલ સમ્રાટ અકબર વિરૃદ્ધ ગેરિલા યુદ્ધનું સંચાલન કર્યુ હતું.

અરાવલીની જ એક નાની પર્વતમાળા ઉત્તર-પૂર્વમાં દેવલીથી ભીલવાડા સુધી ચાલી ગઈ છે. આ બીજી શ્રૃંખલા દેવલીથી માંડલગઢ, બિજોલિયા, મેનાલ થતી ચિતોડ ગઢ સુધી ચાલી ગઈ છે. આ નાની પર્વતમાળાઓ પૂર્વી પઢાર કહેવામાં આવે છે. આ ભાગની વધારેમાં વધારે ઉંચાઈ ૨૦૦૦ ફુટ છે. આ ભાગને અપરમલ પણ કહેવામાં આવે છે. અહીયા અનેક સનાતન તથા જૈન સંપ્રદાયના તીર્થ સ્થાન પણ છે. પ્રાચીનકાળમાં આ એક સમૃદ્ધ વેપારી કેન્દ્ર હતું.

દક્ષિણની પર્વતમાળા પ્રદેશમાં છાપન તથા મગરે જિલ્લાના જંગલ તથા પહાડીઓ આવેલી છે. આ ભાગ ગુજરાતની સીમાઓથી મળેલો છે. તેમાં પહાડીઓની ઘાટીઓ વચ્ચે નાના-નાના ગામ છે. ગુજરાત તરફથી આ પ્રદેશથી જ મેવાડ પર આક્રમણ થયા હતા. અહીયા વન્ય સંપત્તિ તથા ખનીજ પદાર્થો પણ પ્રાપ્ત થાય છે. અહીયા મહુઆ સાગવાન આમલી, પીપળ, સીસમ, ખજુર જાંબુ વગેરે વૃક્ષો મોટા પ્રમાણમાં છે. હલ્દીઘાટીના યુદ્ધ પછી મહારાણા પ્રતાપે આ પ્રદેશમાં રહેલા ચાવંડને પોતાની રાજધાની બનાવી હતી. કહેવામાં આવે છે કે પહેલા જાવરમાંથી ત્રણ લાખ રૃપિયાની ચાંદી નીકળતી હતી અને અહીયા કેટલીય ત્રાંબાની ખાણો પણ હતી. આજે પણ અહીયા બાંધકામ તથા ઘંટી બનાવવાના પથ્થર મોટા પ્રમાણમાં મળી આવે છે.

ચિતોડ રાજસ મન્દ, ભીલવાડા, ઉદયપુર, નાથદ્વારા અને મગરા જિલ્લાની વચ્ચેના જમીન ભાગને મધ્યવર્તી મેદાન ભાગ કહેવામાં આવે છે. આ ભાગમાં ઘણી મહત્ત્વની નદીઓ વહે છે. મેવાડના ઇતિહાસના કેટલાય મહત્ત્વપૂર્ણ ધાર્મિક સ્થાન પણ આ ક્ષેત્રમાં છે.

પહાડી ભાગોમાંથી નીકળેલી નદીઓ મેદાની ભાગની ખેતી માટે વરદાન સ્વરૂપ છે. મેવાડના ઉત્તરમાં એક ખારા પાણીની નદી છે જે અજમેર નજીક બનાસ નદીમાં જઈને

મળે છે. આ નદી અજમેર અને મેવાડની વિભાજક નદી છે. બનાવ મેવાડની સૌથી મોટી નદી છે, જે કુંભલગઢ પાસેના એક સ્થાનમાંથી નીકળે છે. તેની લંબાઈ લગભગ ૨૯૦ કિ.મી. છે. કોઠારી, મેનાલ, બેડચ વગેરે સહાયક નદિઓ પોતાનામાં સમાવીને એ રામેશ્વર તીર્થ (મધ્યપ્રદેશ)માં ચંબલમાં મળી જાય છે. હલ્દીઘાટીનું પ્રસિદ્ધ યુદ્ધ આ નદીના કિનારે ખમનોર પાસે થયું હતું. ગંભોરી, બેડચ, અહાડ, જાકુમ, બાકલ વગેરે મેવાડની અન્ય નદીઓ છે. જાકુમ અને બાકલમાં વર્ષા ઋતુમાં જ વધારે પાણી હોય છે. આ પાણી ભારે તથા સ્વાસ્થ્યની દૃષ્ટિએ નુકસાનકર્તા છે. પુર આવે ત્યારે આ નદીઓથી ભારે જાનહાની થાય છે, પરંતુ બાહ્ય આક્રમણોથી આ નદીઓ વર્ષાઋતુમાં મેવાડની રક્ષાનું સાધન પણ બની જાય છે. રાણા કુંભાના સમયમાં માળવાના સુલતાનને ઘણીવાર આ જ નદીઓને કારણે પરાજયનું મોં જોવું પડ્યું હતું.

મેવાડનું વાતાવરણ સામાન્ય રીતે અહીયાના રહેનારા માટે સુખદાયી છે. પરંતુ બહારના લોકો માટે અનુકૂળ રહેલું નથી. પર્વતીય ક્ષેત્રોનું વાતાવરણ મેદાની ક્ષેત્રોની તુલનામાં વધારે બિન આરોગ્યપ્રદ છે. ઉનાળામાં અહીયા ગરમીનો એટલો પ્રકોપ હોય છે કે લગભગ બહારના લોકો માટે અસહનીય થઈ જાય છે. હલ્દીઘાટીના પોતાના યુદ્ધના અનુભવનું વર્ણન કરતા બદાયુનીએ લખ્યું છે- બપોરે એટલી ગરમી હતી કે તેની ખોપડીનું લોહી ઉકળવા લાગ્યું હતું. પરિણામે આ વાતવરણ આક્રમણકારી શત્રુ સૈનિકોને હરાવવા તથા હતોત્સાહી કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવતા હતા.

મેવાડમાં આ પ્રાકૃતિક સુરક્ષા સાધનો સાથે સરોવર પણ ઘણા પ્રમાણમાં હતા. આથી આ જમીન ભાગને સરોવરનો પ્રદેશ પણ કહેવામાં આવે છે. મહારાણા જયસિંહે ઉદયપુરથી લગભગ ૫૧ કિ.મી. દુર જય સમુદ્ર નામનું વિશાલ સરોવરનું નિર્માણ કરાવ્યું. જે મેવાડનું સૌથી મોટું સરોવર છે. રાજસમુદ્ર, ઉદયસાગર, પિછોલા, ફતેહનગર અને સ્વરૂપ સાગર વગેરે સરોવરો પણ આ પ્રદેશમાં છે.

જો કે મેવાડનો ઇતિહાસ રાજપૂત રાજાઓનો ઇતિહાસ રહ્યો છે, પરંતુ અહીની ભીલ જાતિનું પણ ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. ભીલ મેવાડના ગાઢ વનોની એક વીરજાતિ રહ્યા છે. મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હોવા છતાં પણ તેમણે રણભૂમિમાં પોતાની વીરતાનો સુંદર પરિચય આપ્યો. મહારાણા પ્રતાપની સાથે મોગલોના યુદ્ધોમાં ભીલોને પ્રતાપની જે વિષમ પરિસ્થિતિઓમાં મદદ કરી તેમનું કાર્ય ઇતિહાસમાં વીરતા, સ્વામીભક્તિ, નિસ્વાર્થતા જેવા ગુણોનું અદ્વિતીય ઉદાહરણ છે. મેવાડ માટે સમય-સમયે અલગ-અલગ નામોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વિક્રમ સંવત-૧૦૦૦ના આહડના શિલાલેખ તથા અન્ય પ્રાચીન સાહિત્યમાં તેનું નામ ‘મેદપાટ’ મળે છે. મેદપાટ શબ્દનું જ પ્રચલિત રૂપ આજે મેવાડ બની ગયું છે. ડૉ. ગૌરીશંકર હીરાચંદ ઓઝાના મતાનુસાર આ ભૂભાગ પર મેદ (મેવ અથવા મેર) જાતિનો અધિકાર રહ્યો એટલે તેનું નામ મેવાડ પડી ગયું. કરતવેલના લેખથી પણ એ જાણવા

મળે છે કે પ્રાચીનકાળમાં મેવાડનું નામ પ્રામ્વાટ પણ હતું. ૩૦૦ વર્ષ અગાઉ વિક્રમી સિક્કાઓથી પ્રચલિત થાય છે કે તેનું તે સમયનું નામ 'શિવીજનપદ' હતું. એથી મેદપાટ નામ કેમ પડ્યું, એ વિષયમાં વિદ્વાન કોઈ એક તારણ પર પહોંચતા નથી. ડૉ. ઓઝા મેવ જાતિ સાથે તેનો સંબંધ જોડતા લખે છે કે મેવાડનો એક ભાગ મેવલ તથા બીજો ભાગ મેરવાડ કહેવામાં આવે છે પરંતુ કોઈ જાતિ વિશેષથી સમસ્ત મેવાડ મેવ અથવા મેર જાતિનો દેશ કહેવામાં આવે એ વાત તર્કસંગત લાગતી નથી. આ વિષયમાં ડૉ. ગોપીનાથ શર્મા લખે છે- ડૉ. ઓઝાજીનું કહેવું છે કે આ દેશ પર પહેલા મેદ અર્થાત્ મેવ આ તર્જની પુષ્ટિ માટે તે લખે છે કે, 'એટલા માટે મેવાડનો એકભાગ મેવલ તથા બીજો ભાગ મેરવાડા કહેવાય છે. અમારા વિચારથી એક જાતિ વિશેષથી આખું મેવાડ મેદ અથવા મેવ જાતિનો દેશ કહી ન શકાય આ ઉપરાંત સર્વવિદિત છે કે અહી અન્ય જાતિઓ પણ પ્રાચીનકાળમાં પ્રભાવશાળી રહી છે. હકીકતમાં આ નામ મેવાડના પરંપરાગત શૌર્ય સાથે સંબંધિત છે. મેદનો અર્થ મલેચ્છથી છે અને પાટનો અર્થ શત્રુના વિનાશથી છે. આપણે જાણીએ છીએ કે મેવાડ સદીઓથી શત્રુઓથી ટક્કર લેતું રહ્યું અને તેમનો નાશ કરતું રહ્યું.' હકીકતમાં મેદિનીની જેમ જ મેદપાટની વ્યુતપત્તિ પણ સમજી શકાય છે. પૌરાણિક કથાઓ મુજબ ભગવાન શિવ દ્વારા મારવામાં આવેલા અસુરોની મેદા (ચરબી)થી મેદિની (પૃથ્વી)નું નિર્માણ થયું હતું. એ જ પ્રમાણે મેદપાટનો અર્થ હશે એવી જમીન જ્યાં શત્રુઓનો વિનાશ કરી તેમને પાડી દેવામાં આવ્યા હોય.

મેવાડનો રાજવંશ

એ વાતના પ્રમાણ મળે છે કે, ઈસાથી કેટલીય શતાબ્દી અગાઉ પણ મેવાડમાં જનજીવનનું અસ્તિત્વ હતું. આહાડની ખોદાઈથી જાણવા મળે છે કે અહી તે કાળમાં પણ નદીઓના તટ પર માનવ વસ્તી હતી. આહાડનો સમય ઈસવીસન અગાઉ બીજીથી પહેલી શતાબ્દી સુધી માનવામાં આવે છે. આ બધાથી સ્પષ્ટ છે કે મેવાડભૂમિનો ઇતિહાસ અત્યંત પ્રાચીન છે. મહારાણા પ્રતાપના પૂર્વજોએ આ ભૂમિ પર સૌ પ્રથમ છઠ્ઠી શતાબ્દીમાં રાજ્યની સ્થાપના કરી. આ વંશના પ્રથમ શાસક જેણે અહી નવીન રાજવંશનો પાયો નાંખ્યો તે ગુણદિત્ય હતો. એટલા માટે આ વંશનું પ્રારંભિક નામ ગુહિલ અથવા ગુહિલોત વંશ છે. એની જ એક શાખા પાછળથી સિસોદીયા વંશ પણ કહેવાઈ.

ગુહાદિત્વનું મૂળ સ્થાન બલચી રાજ્ય હતું. તેના પિતાના મૃત્યુ પછી તેને બલચી છોડવું પડ્યું. ત્યાંથી ભાગી તે ઈડર થઈને નાગદા પહોંચ્યો. નાગદાથી તેણે મેવાડ પર આક્રમણ કર્યું અને તેને જીતી લીધું પછી તેણે અહી નવા રાજવંશની સ્થાપના કરી. આ વંશ પરંપરાને સૂર્યવંશીય રાજા રામના પુત્ર કુશની સંતાન માનવામાં આવે છે. ગુહાદિત્ય પછી આ વંશમાં આગળ ઉપર મહાન પ્રતાપી રાજા કાલભાજ થયા. જેનું બીજુ નામા વાળા અથવા વાયા રાવલ પણ છે. તેણે ચિત્તોડના તત્કાલિન શાસક

માનસિંહને યુદ્ધમાં હરાવી ચિત્તોડ પર અધિકાર કરી લીધો. આ પ્રમાણે ચિત્તોડ પણ મેવાડ રાજ્યનો ભાગ બની ગયું. વાચા રાવલનો શાસનકાળ સન્ ૭૩૪ થી ૭૫૩ છે. સુધી માનવામાં આવે છે. એને વિદેશી આક્રમણકારો અરબીથી માતૃભૂમિની રક્ષા કરવાવાળા અપ્રતિમવીર માનવામાં આવે છે. વાચા રાવલ પછી તેમનો વંશજ ખુમાણ બીજો થયો. જે પ્રસિદ્ધ શાસક હતો. તેનું શાસનકાળ સન ૮૧૨ થી ૮૩૬ ઈ. સુધી લગભગ ૨૪ વર્ષ રહ્યું. (અનેક ઇતિહાસ વિદોનો મત છે કે અરબો સામે દેશની રક્ષા વસ્તુતઃ ખુમાણ પ્રથમે કરી નહી કે વાચા રાવલે સંભવતઃ તેણે ગુજરાત અને કાઠીયાવાડના શાસકો સાથે મળી અરબ આક્રમણકારીયોને સુલતાન અને સિંધમાં પરાજિત કર્યા તથા આગળ વધતા રોકયા.)

ખુમાણ બીજાની અનેક પેઢીઓ પછી સન ૧૧૯૧ ઈ.સ.માં મેવાડ પર તેના વંશજ સુમેરસિંહનું શાસન હતું. એ સમયે શાહબુદ્દીન ઘોરીએ ભારત પર આક્રમણ કર્યુ હતું. સુમેરસિંહના આઠમા વંશજ રત્નસિંહ હતા જેની પત્નીનું નામ પદ્મીની હતું. અલાઉદ્દીન ખિમજીના ચિત્તોડ પર આક્રમણના સમયે રાણી પદ્મિનીના જોહરવ્રતની કથા વધુ પ્રસિદ્ધ છે. આ જ રાણી પદ્મીનીના જીવનમાંથી પ્રેરણા લઈ સુપ્રસિદ્ધ સૂફીસંત માલિક મહોંમદ જાયસીએ પદમાવત્ મહાકાવ્યની રચના કરી જે હિન્દી સાહિત્યની એક અણમોલ ભેટ છે. આ વાતને બીજા ઐતિહાસિક પુસ્તકોમાં આ જોહર વ્રતનો ઉલ્લેખ પણ નથી. એથી ઐતિહાસિક દૃષ્ટિથી અનેક લોકકથાઓની જેમ પદ્મિનીની કથાને પણ ખોટી તથા દંતકથામાની માનવામાં આવે છે.

ખુમાણ બીજાની ઘણી પેઢીઓ પછી આ વંશમાં હમીર નામનો શાસક થયો. જે આ વચ્ચેના બધા શાસકોમાં એકમાત્ર ઉલ્લેખનીય શાસક હતો. તેનો શાસનકાળ ૧૩૨૬ થી ૧૩૬૪ ઈ. સુધી રહ્યું. એના શાસન અગાઉ ૧૩૦૩ ઈ.માં અલાઉદ્દીન ખીમજીએ મેવાડ પર હુમલો કરી રાજધાની ચિત્તોડ પર પોતાનો અધિકાર કરી લીધો હતો તથા તેના પુત્રને અહીંનો સુબેદાર બનાવી દીધો હતો. મહારાજ હમીર વાચારાવલની જેમ જ વીર શાસક હતા. ચિત્તોડ પર વિદેશી શાસકોના અધિકારને તે અપમાનજનક અને પોતાની ગૌરવશાળી પરંપરાની વિરુદ્ધ સમજતો હતો. તે આ વિદેશી શાસનને ઉખાડી ફેંકવાના સપના જોઈ રહ્યો હતો.

સિંહાસન પર બેસવાની સાથે સૌ પ્રથમ હમીરે પોતાની સૈન્યશક્તિ વધારવાનું શરું કર્યું અને ખુબ ઓછા સમયમાં તેણે પોતાની શક્તિ વધારી લીધી. જ્યારે તેને વિશ્વાસ થઈ ગયો કે તે અલાઉદ્દીન ખીલજીનો સામનો કરવામાં સમર્થ છે તો તેણે ચિતોડ પર આક્રમણ કર્યુ. બંને પક્ષોમાં યુદ્ધ થયું અને ચિત્તોડ પર હમીરનો અધિકાર થઈ ગયો. ચોક્કસ તેનું આ કાર્ય પ્રશંસનીય અને વીરોચીત હતું તેણે (હમીરે) સૌ પ્રથમ મહારાણાની પદવી ધારણ કરી જે સમય જતા તેના વંશજોની પદવી બની. એ પછી

મેવાડ રાજ્યનો વિસ્તાર થવાનું શરું થયું. ખીલજી વંશના રાજકુમારને હરાવી હમીરે તઘલખ શાસક સાથે યુદ્ધ કર્યા.

એ વિજયોના પરિણામે જીલવાડા ચેલાખપુર, પાલનપુર તથા ઈડર પણ મેવાડ રાજ્યમાં ભળી ગયા. હમીરે પોતાના જીવનકાળમાં જ રાજ્યનો ભાર પોતાના મોટા પુત્ર ક્ષેત્રસિંહને સોંપી દીધો. ક્ષેત્રસિંહ એક યોગ્ય પુત્ર હતો. તેણે પોતાના પિતાનું કાર્ય આગળ ધપાવ્યું અને અજમેર, જહાજપુર, માંડલગઢ તથા છપ્પનપર અધિકાર કરી રાજ્યનો વિસ્તાર કર્યો. તેણે પોતાના પરાક્રમથી માપવાના સુલતાન અમીશાહને પણ યુદ્ધમાં પરાજિત કર્યા તેના પછી તેનો પુત્ર લાખા ૧૩૮૨માં મેવાડનો શાસક બન્યો જેને અનેક વખત મુસલમાનોના આક્રમણોનો સામનો કરવો પડ્યો. પોતાના શાસનકાળમાં લાખો લોકહિતના અનેક કાર્યો કર્યા એની પુષ્ટિ અનેક શિલાલેખોમાંથી થાય છે પછી તેનો પુત્ર મોકલ મેવાડના સિંહાસન પર બેઠો જેણે ૧૪૨૮ ઈ.સ. માં નાગૈરના શાસક ફિરોઝ ખાં પર વિજય મેળવી નામના મેળવી.

૧૪૩૩ ઈ. મા મેવાડની સત્તા મહારાણા કુંબાના હાથોમાં આવી જેને ઇતિહાસકાર મેવાડની પ્રતિષ્ઠાને માટે એક સ્વર્ણિમકાળની સંજ્ઞા આપે છે તેણે માળવા અને ગુજરાતના શાસકોને ઘણા યુદ્ધોમાં પરાજિત કર્યા, વિદ્રોહીઓનું દમન કર્યું. અને ૧૪૩૩ ઈ. થી ૧૪૩૭ ઈ.માં મધ્ય આબૂ, વસંતગઢ વગેરે પર અધિકાર કરી લીધો. બુંદીના હાડાશાસકને હરાવી તેણે માંડલગઢ અને નારાણા પર અધિકાર કર્યો. અજમેર પણ તેના શાસનકાળમાં મેવાડનું અંગ બની ગયું. તેણે રાજ્યની સુરક્ષા માટે અનેક દુર્ગોની સ્થાપના કરી. તે વિજયી હોવાપરાંત વિદ્યાનુરાગી, કલાપ્રેમી, વિદ્વાનોનું સન્માન કરવાવાળો તથા શાસકોના ગુણોથી સંપન્ન હતો. પાછળથી તેણે દિલ્હી સલ્તનતના કેટલાક ભાગોને પણ પોતાના અધિકારમાં કરી લીધા. તેની વીરતાથી પ્રસન્ન થઈ શાસકોએ તેને એક છત્ર તથા હિંદુ 'ખુમાણ'ની પદવી આપી. આજ મહાન શાસકના પ્રતાપથી મેવાડ રાજપૂતોનું મુખ્ય રાજ્ય બની ગયું. ક્યારેક-ક્યારેક સુંદર ઉપજાઉ જમીનમાં પણ કાંટાળા ઝાડ ઉગી જાય છે જે તે જમીનને નષ્ટ કરી નાખે છે, એવું જ રાણા કુંભાની સાથે થયું. આ મહાપ્રભાવી અને ગુણવાન રાજાની તેના જ પુત્ર ઉદાએ હત્યા કરી નાંખી ઉદો એક અયોગ્ય અને અનુદાર શાસક પુરવાર થયો. પરિણામે રાજ્યના બધા સામંત તેના વિરોધી બની ગયા. તેમણે ઉદાના નાના ભાઈ રાયમલને મેવાડનો શાસક બનાવવાનો નિર્ણય કર્યો. જે તે સમયે પોતાની સાસરી ઈડરમાં હતો. બધા સામંતોએ રાયમલનો સાથ આપ્યો. લોભી ઉદો સામંતોને સમજી ન શક્યો એથી રાયમલના નેતૃત્વમાં બધા સામંતોની સેનાનું ઉદાતી સેના સાથે યુદ્ધ થયું. દાઉમપુર, જાવી, પાનગઢ અને ચિત્તોડ બધા સ્થાનો પર ઉદાને હારનો સામનો કરવો પડ્યો અંતે ૧૪૩૭ ઈ.માં રાયમલે સંપૂર્ણ મેવાડ પર અધિકાર કરી લીધો. રાયમલ એક યોગ્ય શાસક હતો. તે પોતાના આગળના શાસકોની જેમ ભાંડુ વગેરેના શાસકોથી યુદ્ધ

કરતો રહ્યો. પરંતુ કમનસીબે રાયમલને પોતાના પુત્રો, ભાઈ તથા ભત્રીજાઓના વિરોધનો સામનો કરવો પડ્યો. આ ઘરની કૂટથી મેવાડની ઘણા ખરાબ થઈ સ્વાભાવિક હતી. મેવાડની અર્થવ્યવસ્થા ભાંગી પડી. સદ્નસીબે તેની બહારની પ્રતિષ્ઠા જળવાઈ રહી. એ સમયે દિલ્હી પર સિકંદર લોહીનું શાસન હતું. જે પોતાના નજીકના જ વિરોધીઓને નમાવવામાં વ્યસ્ત હતો તે એક યોગ્ય અને દૂરંદેશની શાસક હતો. આથી તેણે મેવાડ સાથે ઉલઝવાનું ઉચીત ન માન્યું. માળવા અને ગુજરાત ના શાષકો પણ દિલ્હીના સ્વપ્ના જોઈ રહ્યાં હતા.

આ વિષમ પરિસ્થિતિઓમાં ૪ મે, ૧૫૦૮ના મેવાડના સિંહાસન પર રાણા સંગ્રામસિંહનો રાજ્યભિષેક થયો જે ભારતીય ઇતિહાસમાં રાણા સંગા નામથી પ્રસિદ્ધ હતા. સિંહાસન પર બેસતી વખતે રાણા સંગાની ઉમર સત્યાવીસ વર્ષ હતી. શાસન સત્તા સંભાળતા જ રાણા સંગાએ સૌ પ્રથમ મેવાડ તે પ્રદેશો પર અધિકાર કરવાનો વિચાર કર્યા, જે રાણા કુંભા પછી અન્ય રાજ્યોના અધિકારમાં ચાલ્યા ગયા હતા. તેમણે માળવાના સુલતાન મહેમુદને હરાવીને બંદી બનાવી લીધો તથા રણથંભોર, કાલપી, ગાગરૌન, મિલસા અને ચંદેરી પર પોતાનો અધિકાર કર્યા. આ વિજયથી તેમનો ઉત્સાહ વધ્યો અને દિલ્હીના સુલ્તાનના કેટલાક પ્રદેશો પર તેમણે અધિકાર કરી લીધો. ગુજરાત રાજ્યને તેમણે લુંટીને છોડી દીધું. સંપૂર્ણ રાજપૂતાનાના તથા કેટલાક અન્ય શાસકોએ પણ તેમની આધીનતા સ્વીકારી લીધી.

રાણાસાંગા ભારતીય ઇતિહાસનો એક અપ્રતિમ વીર પરમ દેશભક્ત શાસક હતો, પરંતુ તેના દ્વારા બાબરને ભારત પર આક્રમણનું નિમંત્રણ આપવાનું ચોક્કસ તેની કિર્તિને ઓછી કરી નાખે છે તેણે દિલ્હીના સુલ્તાન ઈબ્રાહીમ લોદીને પરાજીત કરવા માટે બાબરને આમંત્રિત કર્યો. કદાચ તેને એવો ખ્યાલ હોય કે ઈબ્રાહિમ લોદીને હરાવી બાબર પાછો જતો રહેશે, પરંતુ એવુ થયું નહી અને પછીથી રાણા સાંગાએ પણ બાબર સાથે યુદ્ધ કરવુ પડ્યું. માર્ચ, ૧૫૨૭માં ખાનવાના યુદ્ધમાં બાબરથી હારી જવાથી તેની પ્રતિષ્ઠાને ઘણો ધક્કો લાગ્યો.

મેવાડમાં અવ્યવસ્થાનો સમય

૩૦ જાન્યુઆરી, ૧૫૨૮ના મહારાણા સાંગાના અવસાન પછી મેવાડમાં અવ્યવસ્થાનો સમય શરું થયો. અનેક ગુણોથી સભર હોવા છતાં પમ રાણા સાંગામાં રાજનૈતિક દુરંદેશીનો અભાવ હતો. તેણે પોતાની રાણી. કર્મવતીના પુત્રો વિક્રમાજીત તથા ઉદયસિંહને રણથંભોરની જાગીર આપી દીધી. મેવાડના ઇતિહાસમાં પ્રથમવાર આવુ થયું હતું. તેની પાછળ મુખ્ય ભૂમિકા રાણી કર્મવાતીની હતી. રાણા આ નિર્ણયથી મેવાડનું વાતાવરણ અશાંત થઈ ગયું. મેવાડના રાજ સિંહાસન પર સાંગા પછી તેના પુત્ર રતનસિંહનો અધિકાર હતો. સતા પર અધિકાર થતા જ તેણે રણથંભોરની

જાગીરને પાછી લેવા ઈચ્છતાં હતો. તેનાથી રાજ પરિવારમાં જ કુટ અને જુથબંધી શરું થઈ ગઈ. રતનસિંહ એક અયોગ્ય, બિકણ તથા બેજવાબદાર શાસક હતો. કર્મવતી તે સમયે પોતાના ભાઈ સુરજમલના સંરક્ષણમાં રહેતી હતી. તે પોતાના પુત્રને મેવાડનો શાસક બનાવવા ઈચ્છતી હતી. રતનસિંહ દ્વારા રણથંભોરની જાગીર પાછી માંગવાથી તે ટાળ-મટાળ કરવા લાગી. તેણે ષડયંત્ર ચાલુ કરી દીધું. અને બાબરને સંદેશો મોકલ્યો કે તે તેના પુત્રને મેવાડનું રાજ્ય અપાવવામાં મદદ કરી. તેના બદલામાં તેને બદલામાં તેને રણથંભોરનો કિલ્લો તથા અન્ય મુલ્યવાન વસ્તુઓની ભેટ આપવામાં આવશે. બાબર તે માટે સહમત થઈ ગયો, પરંતુ ઘટનાચકર કંઈક એ રીતે બન્યુ કે તે અન્ય જરૃરી કાર્યમાં વ્યસ્ત થઈ ગયો અને કર્મવતીને સહાય ન કરી શકયો. તેથી કર્મવતીએ બીજી ચાલ ચાલી. તેના ભાઈ સુરજમલે ૧૫૩૧માં રતનસિંહને શિકાર ખેલવા માટે બુંદી બોલાવ્યો અને તેની હત્યા કરી નાખી.

રતનસિંહની હત્યાથી મેવાડમાં શોકનું વાતાવરણ થઈ ગયું. જનતા પોતાને અસુરક્ષિત માનવા લાગી. એવા સમયે વિક્રમાજીત મેવાડની રાજગાદી પર બેઠો, તે એક ઉદંડ, સ્વેચ્છાચારી, ક્રોધી તથા સંપૂર્ણ અયોગ્ય શાસક હતો. તે હંમેશા સુરા અને સુંદરીના સહવાસમાં રહેતો હતો. તે રાજ્યને માત્ર ઐશ્વર્યની વસ્તુ સમજતો હતો. પરિણામે રાજ્યમાં અરાજકતાની સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ. વિક્રમાજીતથી અસંતુષ્ટ થઈને કેટલાક રાજપૂત સામન્ત ગુજરાતના શાસક બહાદુરશાહની પાસે પહોંચ્યા અને તેમની સાથે મળીને મેવાડ પર આક્રમણ કરી દીધું. વિક્રમાજીતમાં એટલી યોગ્યતા ન હતી કે તે આ આક્રમણનો સામનો કરી શકે. રાણી કર્મવતીએ પોતાના પુત્રોને સુરક્ષિત સ્થાન પર મોકલી દીધા તથા હુમાયું પાસે સહાયતા માંગી હુંમાયુ કદાચ એક રાજપૂતના પક્ષમાં પોતાના સહધર્મી સાથે યુદ્ધમાં ઉલઝવા માંગતો નહતો, આથી કર્મવતીનો પ્રસ્તાવ સ્વીકાર્યા પછી પણ તેને કોઈ સહાયતા આપી. કર્મવતીએ ૧૩૦૦૦ સ્ત્રિઓ તથા ૩૦૦૦ બાળકો સાથે આગમાં બળીને પોતાના પ્રાણોની આહુતી આપવી પડી. માર્ચ ૧૫૩૫માં મેવાડની રાજધાની પર બહાદુરશાહનો અધિકાર થઈ ગયો.

ચિતોડ પર અધિકાર કર્યા પછી બહાદુરશાહે ત્યાંનું શાસન પોતાના પ્રતિનિધિ બુરહાન ઉલ મુલ્ક બંબાનીને સોંપી દીધું. તેની મોટાભાગની સેનાએ ચિતોડથી જતાં જ રાજપૂતોએ મેવાડ પર ફરીથી આક્રમણ કરી દીધું. વિક્રમાજીતને ફરીથી મેવાડના રાજસિંહાસન પર બેસાડવામાં આવ્યો. મોટાભાગના ઇતિહાસના પુસ્તકોમાં ઉલ્લેખ છે કે વિક્રમાજીતને ફરીથી સત્તા પર બેસાડવા માટે હુંમાયુએ સહાયતા આપી હતી. પરંતુ ડૉ.બેનર્જીએ સ્પષ્ટ કર્યુ છે કે બહાદુર શાહ દ્વારા ચિતોડને ઘેરવાના સમયે હુંમાયુ ગ્વાલિયરમાં આરામ કરી રહ્યો હતો. તે જુન ૧૫૩૬માં પોતાના ભાઈ અસકરીનો પીછો કરતા ચિતોડ પહોંચ્યો હતો. તેના પહેલાં જ વિક્રમાજીતનો ફરીથી રાજ્યભિષેક થઈ

ચુક્યો હતો. ફરીથી ગાદી પર બેસવા છતાં તે મેવાડના અસંતોષ તથા અવ્યવસ્થા દુર ન કરી શક્યો આથી તેને ગાદી પરથી ઉતારી લેવામાં આવ્યો.

વનવીરનું શાસન

ઈ.સ. ૧૫૩૬માં વિક્રમાજીત પદભ્રષ્ટ થયા તે સમયે ઉદયસિંહ એક બાળક હતો. આથી મેવાડના સામન્તોની સલાહથી વનવીરને રાજસિંહાસન પર બેસાડવામાં આવ્યો. તે રાણા-સાંગાનો ભાઈ પૃથ્વીરાજનો કોઈ નીચ કુળની દાસીથી ઉત્પન્ન થયેલો પુત્ર હતો. ગાદી પર બેસતાં જ વનવીરમાં ઈર્ષ્યાનો ભાવ જાગી ઉઠ્યો. તેણે વિચાર કર્યો કે જ્યાં સુધી સિંહાસનના ખરા વારસદારોને સમાપ્ત નહી કરવામાં આવે, ત્યાં સુધી તે નિષ્કારક રાજ્ય નહી કરી શકે. આથી તે ઉદયસિંહની હત્યા કરવા ઈચ્છતાં હતો. ઉદયસિંહ તે સમયે પોતાની હાથમાં પન્નાના સંરક્ષણમાં હતો. વનવીર હાથમાં તલવાર લઈને ઉદયસિંહની હત્યા કરવા પહોંચ્યો. પન્ના વનવીરની ઇચ્છા સમજી ગઈ હતી, તેથી તેણે દેશ તથા જાતિ પ્રત્યે પોતાનું કર્તવ્ય સમજતા ઉદયસિંહને સુરક્ષિત બહાર કાઢ્યો અને તેની પથારીમાં પોતાના પુત્ર સુવડાવી દીધો. જે ઉદયસિંહની ઉંમરનો જ હતો વનવીરે ઉદયસિંહ સમજી પન્ના દાયના પુત્રનું કામ તમામ કરી નાખ્યું અને સંતોષનો શ્વાસ લીધો. ત્યાર બાદ તરતજ વિક્રમાજીત અને ઉદયસિંહની હત્યાના સમાચાર સંપૂર્ણ રાજ્યમાં ફેલાઈ ગયા. વનવીર અત્યાર સુધી મેવાડનો કાર્ય વાદક શાસક હતો, તેણે પોતાને મેવાડનો રાજા ઘોષિત કરી દીધો તે એક અત્યાચારી શાસક સાબિત થયો. તેના અત્યાચારથી પ્રજા તેની વિરૃદ્ધ થઈ ગઈ.

૧૫૩૬માં ઉદયસિંહને સુરક્ષિત બચાવીને પન્ના કુંભલગઢ પહોંચી એક વર્ષ સુધી કોઈને ખબર પડવા ન દીધી કે ઉદયસિંહ જીવીત છે. ધીમે ધીમે વાત ખુલી ગઈ મેવાડની જનતાને તેનાથી ઘણી ખુશી થઈ. એક એક કરીને મેવાડના બધા સામન્ત ઉદયસિંહને જોવા માટે કુંભલગઢ આવ્યા. કેટલાય સામન્ત કાયમી રીતે ત્યાંજ રહેવા લાગ્યા. બધાએ ઉદયસિંહ પ્રત્યે પોતાની નિષ્ઠા પ્રગટ કરી તથા એ તથ્યનો સ્વીકાર કર્યો કે તે (ઉદયસિંહ) મેવાડના રાજસિંહાસનનો વાસ્તવિક અધિકારી છે ત્યાં રહીને જ ઉદયસિંહ પોતાની શકિત વધારવા લાગ્યો, કારણ કે વનવીર પાસેથી સત્તા લઈ લેવી સરળ ન હતી. જ્યારે તેને પોતાની શકિત પર વિશ્વાસ થઈ ગયો, તે સેના લઈને ચિતોડ જીતવા માટે નીકળી પડ્યો. ઉદયસિંહના આક્રમણના સમાચા સાંભળી વનવીરે કુંવરસી તવરના નેતૃત્વમાં સેના મોકલી. માહૌલી ગામમાં બંને સેનાનો સામનો થયો. ભયંકર લડાઈ પછી ઉદયસિંહની સેના વિજયી થઈ. કુંવરસિંહ તંવર પોતાના અનેક સૈનિકો સાથે માર્યો ગયો.

આ વિજયથી ઉત્સાહિત થઈને ઉદયસિંહ પોતાના દળ-બળ સાથે ચિતોડ જવા ચાલી નીકળ્યો. આથી વનવીર પમ સેના લઈને પોતે તેનો સામનો કરવા આગળ વધ્યો.

ફરીથી બંને સેનાઓનો સામનો થયો. અહિંયા પણ ઉદયસિંહને વિજય પ્રાપ્ત થયો. વનવીર યુદ્ધ ભૂમિમાંથી ભાગી ગયો. ત્યાર પછી તે કદાચ દક્ષિણ ભારત તરફ ચાલ્યો ગયો. પછી તેનું શું થયું તે અંગે નિશ્ચિતરૃપે કંઈ કહી શકાતુ નથી. આ રીતે ભાગ્યએ ઉદયસિંહને સાથ આપ્યો અને ૧૫૪૦માં તે પોતાના પૂર્વજોના રાજ્ય મેવાડનો માલિક થઈ ગયો. તે સમયે મેવાડની સ્થિતિ સંતોષજનક ન હતી. આથી ઉદયસિંહે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. જ્યારે ઉદયસિંહે ચિતોડને કઠિન સંઘર્ષ પછી અધિકાર વગર સતા ઝુંટવી લેનાર વનવીર પાસેથી છોડાવી પોતાનું રાજતિલક કરાવ્યું, તો પ્રતાપની ઉમર લગભગ બાર વર્ષની હતી. પરંતુ તે સમયે ન તો મેવાડન સંપન્ન હતું ન સુરક્ષિત. આખો પ્રદેશ ભયથી ડરેલો હતો. વ્યવસ્થા બગડી ગઈ હતી. ઉદયસિંહના ગાડી પર બેસવાના ચાર વર્ષની અંદર જ શેરશાહે ચિતોડ તરફ કુચ કરી. પરિસ્થિતિ એવી ન હતી કે તેની સાથે સીધો મુકાબલો કરવામાં આવે જ્યારે શેરશાહ જહાજપુર સુધી પહોંચી ગયો તો ઉદયસિંહે ચિતોડના કિલ્લાની ચાવી તેમની પાસે પહોંચાડી દીધી. આ ચતુરાઈ કામમાં આવી. ચિતોડ પર આક્રમણ પણ ન થયું અને તેના પર ઉદયસિંહનો અધિકાર એવોજ જળવાઈ રહ્યો. ચિતોડમાં નિયુક્ત શેરશાહના પ્રતિનિધિએ પણ વધારે હસ્તેક્ષેપ કર્યો નહી શેરશાહના મૃત્યુ પછી તેને ત્યાંથી કાઢી મુકવામાં આવ્યો. અત્યાર સુધી ખુલ્લા સ્થાનમાં રહેલા એક કિલ્લાની રક્ષા માટે આખા મેવાડને દાવ પર લગાવી દેવામાં આવતો હતો. હવે આ નીતિ છોડી દીધી. પહોડોથી ઘેરાયેલા ઉદયપુરને જે ચિતોડ કરતા વધારે સુરક્ષિત હતું. નવી રાજધાની બનાવવામાં આવી. અનામત ક્ષેત્રોમાં રહેવાવાળાને લાવીને ઉદયપુરની આસપાસ વસાવવામાં આવ્યા. નિર્માણના નવા નવા કામ હાથમાં લેવામાં આવ્યા. આ રીતે મેવાડની પ્રતિષ્ઠા ફરીથી વધવા લાગી. ઉદયસિંહના પ્રયત્નોથી મેવાડનું ગૌરવ વધ્યું અને સાથે જ પ્રદેશને સુરક્ષા અને શાંતિ પણ પ્રાપ્ત થઈ.

મેવાડની રાજવંશાવલી

મેવાડના આ રાજવંશનો સંબંધ સુર્યવંસની સ્થાપિત કરતા ભાગવત વગેરે ધાર્મિક સાહિત્યમાં પણ તેમની વંશવેલો મળે છે. અનેક ઐતિહાસિક પુસ્તકોમાં પણ આ વંશવેલો જોવા મળે છે. તેમના નામના ક્રમમાં થોડી વિષમતા પણ જોવા મળે છે. કેટલાક પુસ્તકોમાં કેટલાક નામ આગળ-પાછળ છે, તો કેટલાક નવા નામ પણ જોડવામાં આવ્યા છે. વીરવિનોદના લેખક પુરતા પ્રમાણોના આધારે ગુહિલ (ગુહાદિત્ય)થી ફતેહસિંહ સુધી નીચે વંશવેલો આપેલો છે.

૧. ગુહિલ	૨. ભોજ
૩. મહેન્દ્ર	૪. નાગ

૫. શીલ

૬. અપરાજિત

૭. મહેન્દ્ર

૮. વાયા

૯. ખુમાણ

૧૦. ભર્તૃભટ

૧૧. સિંહ

૧૨. અલ્બટ

૧૩. નરવાહન

૧૪. શાલિવાહન

૧૫. શક્તિ કુમાર

૧૬. શુચિ વર્મા

૧૭. નરવર્મા

૧૮. કીર્તિવર્મા

૧૯. વૈરટ

૨૦. વૈરિસિંહ

૨૧. વિજયસિંહ

૨૨. અરિસિંહ

૨૩. ચૌડસિંહ

૨૪. વિક્રમસિંહ

૨૫. ક્ષેમસિંહ

૨૬. સામન્તસિંહ

૨૭. કુમારસિંહ

૨૮. મથનસિંહ

૨૯. પદ્યસિંહ

૩૦. જૈતસિંહ

૩૧. તેજસિંહ

૩૨. સમરસિંહ

૩૩. રત્નસિંહ

૩૪. કર્ણસિંહ

૩૫. રાહટ્ય

૩૬. નરપતિ

૩૭. દિનકરણ

૩૮. જશકરણ

૩૯. નાગપાલ

૪૦. પૂર્ણપાલ

૪૧. પૃથ્વીપાલ

૪૨.ભુવનસિંહ

૪૩. જયસિંહ ભીમસિંહ
૪૪. જયસિંહ
૪૫. લક્ષ્મણસિંહ
૪૬. અજયસિંહ
૪૭. અરિસિંહ
૪૮. હમીરસિંહ
૪૯. ક્ષેત્રસિંહ
૫૦. લક્ષસિંહ
૫૧. મોકલ
૫૨. કુંતીકર્ણ
૫૩. ઉદયકર્ણ
૫૪. રાયમલ
૫૫. સંગ્રામસિંહ
૫૬. રત્નસિંહ
૫૭. વિક્રમાદિત્ય
૫૮. ઉદયસિંહ
૫૯. મહારાણા પ્રતાપ
૬૦. અમરસિંહ
૬૧. કર્ણસિંહ
૬૨. જગતસિંહ

૬૩. રાજસિંહ
૬૪. જયસિંહ
૬૫. અમરસિંહ
૬૬. સંગ્રામસિંહ
૬૭. જગતસિંહ
૬૮. પ્રતાપસિંહ
૬૯. રાજસિંહ
૭૦. અરિસિંહ
૭૧. હમીરસિંહ
૭૨. ભીમસિંહ
૭૩. જવાનસિંહ
૭૪. સરદારસિંહ
૭૫. સ્વરૂપસિંહ
૭૬. શંભુસિંહ
૭૭. સજ્જનસિંહ
૭૮. ફતેહસિંહ

એ ઉલ્લેખનીય થશે કે મહારાણા પ્રતાપ મેવાડના સિંહાસન પર માત્ર પચ્ચીસ વર્ષ રહ્યાં, પરંતુ એટલા સમયમાં તેમણે એવી કીર્તિ પ્રાપ્ત કરી. જે દેશકાળની સીમાને પાર કરી ગઈ અને અમર થઈ ગઈ તે અને તેમનું રાજ્ય વીરતા, બલિદાન અને દેશાભિમાનનું પર્યાય બની ગઈ. એમ તો મેવાડ પેહલેથી જ રાજપૂત રાજયમાં અગ્રણી હતું. મેવાડના રાજાઓએ પોતાના સામન્તો અને જનતાના સહયોગથી એવી પરંપરાઓ સ્થાપિત કરી દીધી હતી કે રાજ્યનું ક્ષેત્રફળ કે જનસંખ્યાનો અભાવ તેની કિર્તીને વધારવામાં બાધક ન બન્યો. એવા કઠિન અવસર પણ આવ્યા જયારે મેવાડનો ઝંડો નમેલો દેખાતો હતો. પરંતુ મેવાડિયોના પરાક્રમ અને તેજથી આકાશમાં ફરકવા લાગ્યો.

આ મેવાડનું સદ્ભાગ્ય હતું કે એક પછી એક યોગ્ય અને દેશાભિમાની શાસક તેની ગાદી પર બેઠા, જોકે વચ્ચે નબળા રાજાઓ પણ થયા. આ રાજ્યની સ્થાપનાના લગભગ દોઢ હજાર વર્ષ પછી એટલે કે બાપ્પા રાવલના જ સમયથી જ આ ક્રમ ચાલતો રહ્યો અને મહારાણા પ્રતાપના માત્ર વર્ષ પહેલા, રાણાસાંગાને મેવાડની કીર્તિના શિખર સુધી પહોંચાડી દીધા. તેમની ખ્યાતિ રાજસ્થાન પાર કરી દિલ્હી સુધી જઈ પહોચી. એનાથી પણ બે પેઢી પહેલા રાણા કુંભા પોતાના વિજ્યો અને નિર્માણ કાર્યોને કારણે મેવાડને એક નવું ગૌરવ પ્રદાન કર્યુ હતું. તેમના શાસનકાળમાં સાહિત્ય અને કળાનો અ-સાધારણ વિકાસ થયો. રાણાને પોતાને પણ ઘણો લખવાનો શોખ હતો, તેની રચના ઓ આજ સુધી આદરથી વાંચવામાં આવે છે. તેના રાજ્યનું વાતાવરણ ઉચ્ચ કોટીની કળા અને સાહિત્ય સર્જનને અનુકૂળ હતું આ ઉપલબ્ધિઓ એક આખી પરંપરાની દેણ હતી જેની અનેક પેઢીઓ પોષણ કરી રહી હતી.

બીજો અધ્યાય

પ્રારંભિક જીવન

જે સમયે ઉદયસિંહ મેવાડનો શાસક બન્યો. લગભગ તે જ સમયે દિલ્હી પર શેરશાહ શુરીએ અધિકાર કરી લીધો હતો. તેણે મોગલ સમ્રાટ હુમાયુને ભારત માંથી કાઢી મુકયો હતો. ઉદયસિંહના રાજ્યભિષેકના ચોથા વર્ષ ૧૫૪૪ માં શેરશાહે રાજપૂતો પર અધિકાર કરવા માટે પ્રસ્થાન કર્યું. એ જ વર્ષે તેણે માલદેવને પરાજિત કરી જોધપુર પર અધિકાર કરી લીધો. ત્યાર પછી ચિતોડ પર અધિકાર કરવા નીકળી પડ્યો. તેણે પોતાની શિબિર જહાજપુરમાં નાખી. મેવાડની દયનીય સ્થિતિ જોઇને ઉદયસિંહ ચતુરાઈથી કામ લેવાનું યોગ્ય સમજ્યા અને ચિતોડના કિલ્લાની ચાવીઓ શેરશાહને મોકલી દીધી. શેરશાહે ઉદયસિંહના આ આત્મસમર્પણનો સ્વીકાર કરી લીધો. તેણે મેવાડમાં પોતાના એક ઔપચારિક પ્રતિનિધિ શમ્સસાંની નિયુક્તિ કરી દીધી, પરંતુ વાસ્તવિકતા ઉદયસિંહ પાસે જ રહી. કદાચ મેવાડથી કર વસુલવાની સગવડતા તથા વિદ્રોહની આશંકા જોતા શેરશાહે આ વ્યવસ્થા કરી હશે તે નહોતો ઈચ્છતાં હતો કે મેવાડમાં કોઈ પણ પ્રકારનો અસંતોષ ફેલાય.

મેવાડ પર શેરશાહનો અધિકાર વધારે સમય સુધી ન રહી શક્યો. એક વર્ષમાં જ શેરશાહનું મૃત્યુ થવાને કારણે રાજપૂતોએ બધા રાજ્યના અફઘાનોને પોતાને ત્યાંથી ભગાવીને સ્વતંત્રતાની ઘોષણા કરી દીધી. આ રીતે ૧૬૪૫માં ચિતોડ ફરીથી સ્વતંત્ર થઈ ગયું.

પ્રતાપનો જન્મ

પ્રતાપ મહારાણા ઉદયસિંહનો સૌથી મોટો પુત્ર હતો. તેનો જન્મ રાણી જેવન્તા બાઈના ગર્ભ માં થયો હતો. તેમની જન્મતિથિ અંગે ઇતિહાસકારોમાં મતભેદ છે. વીરવિનોદ પ્રમાણે મહારાણા પ્રતાપનો જન્મ જેઠ સુદ ૧૩ સંવત ૧૫૯૬માં મતલબ ૩૧ મે ૧૫૩૯ ઈ.સ.માં થયો હતો નૈનસી પ્રમાણે તેમની જન્મતિથિ ૪ મે ઈ.સ ૧૫૪૦ છે અને ટોડ કૃત રાજપૂતનાનો ઇતિહાસ આ તિથિ ૯ મે ૧૫૪૯ છે.

કહેવામા આવે છે કે પોતાના પિતા રાણાસાંગા ના મૃત્યુ (૩૦ મી જાન્યુઆરી ૧૫૨૮)ના સમયે રાણા ઉદયસિંહ પોતાની માતાના ગર્ભમાં હતા. કદાચ તેમનો જન્મ ૧૫૨૮ ઈ.સ.માં ફેબ્રુઆરીથી નવેમ્બર સુધી કોઈ સમયમાં થયો હતો. ૧૫૩૯ કે ૧૫૪૦ ઈ.માં તેમની ઉમર ૧૩ વર્ષથી વધારે નહિ હોય. આથી આ અવસ્થામાં તેમના પુત્રનો જન્મનો પ્રશ્ન ઉત્પન્ન જ થતો નથી. આ રીતે અંતિમ તિથિ જ સાચી લાગે છે. આ સમયે ઉદયસિંહની ઉમર કદાચ ૨૨-૨૩ વર્ષ સિદ્ધ થાય છે.

પ્રતાપના ભાઈ-બહેન

તે સમયના સમાજમાં બહુપત્નિ લગ્નનુ ચલણ હતું. ઉદયસિંહ પણ તેમાં અપવાદ ન હતા. વિરવિનોદમાં તેમની અઢાર પત્નિઓ તથા ૨૪ પુત્રો હોવાની વાત લખી છે, પરંતુ નામ નીચે પ્રમાણે સાત પત્નિઓના આપેલા છે.

પત્નિઓ	તેનાથી ઉત્પન્ન સંતાન (પુત્ર)
(૧) જૈવન્તા બાઈ	૧. પ્રતાપ
(૨) સજ્જાબાઈ સોલંકિણી	૨. શકિતસિંહ

	૩. વિરમ દેવ
(૩) જૈવન્તા બાઈ માદડેચી	૪. જૈતસિંહ
(૪) લાલાબાઈ	૫.કાન્હ
(૫) વીરબાઈ ઝાલી	૬. રાયસિંહ
(૬) લકંખાબાઈ ઝાલી	૭. શાર્દુલ સિંહ
	૮. રૂદ્રસિંહ
(૭) ધીરબાઈ ભાટિયાણી	૯. જગમાલ
	૧૦. સગર
	૧૧. અગર
	૧૨. સાહ અને
	૧૩. પચ્ચાણ

આ સાત પત્નિઓ તથા તેર પુત્રો સિવાય અગિયાર બીજા પુત્રોના નામ પણ આપવામાં આવ્યા છે, પરંતુ અન્ય પત્નિઓના નામનો ઉલ્લેખ નથી થયો અગિયાર અન્ય પુત્રોના નામ આ રીતે છે.

(૧) નારાયણદાસ	(૨) સુલ્તાન
(૩) લુણ કરણ	(૪) મહેશ દાસ
(૫) ચંદા	(૬) ભાવસિંહ
(૭) નેત સિંહ	(૮) નાગરાજ
(૯) વૈરી શાલ	(૧૦) માન સિંહ
(૧૧) સાહેબ ખાં	

સાહેબ ખાં કદાચ કોઈ મુસલમાન પત્નિ કે ઉપ-પત્નિ થી ઉત્પન્ન થયો હશે. જો હિન્દુમાંથી મુસલમાન બન્યો હોત તો, તેના હિન્દુ નામનો ઉલ્લેખ જરૂર હોત ધ્યાન આપવાથી એક એ પણ તથ્ય સ્પષ્ટ થાય છે કે ઉદયસિંહની કોઈ ભી પુત્રીના નામનો ઉલ્લેખ થયો નથી. કદાચ પુરુષ પ્રધાન સમાજમાં પુત્રી પ્રત્યે ઉપેક્ષાના કારણે જ એવુ થયું હોય, કારણ કે કોઈપણ પુત્રી હોય તે વાત જાણવા

મળતી નથી અને એ સાથે જ આગળ મહારાણા પ્રતાપની પણ કોઈ પુત્રીનુ નામ ઇતિહાસ ના પુસ્તકમાં મળતુ નથી.

નૈનસી પ્રમાણે ઉદયસિંહને વીસ રાણિયો તથા ૧૭ પુત્રો હતા અને પ્રતાપ સૌથી મોટી રાણીના પુત્ર હોવાની સાથે જ બધા પુત્રોમાં મોટા હતા એટલુ નિર્વિવાદ છે પછી ભલે ઉદયસિંહની અઢાર રાણી હોય કે વીસ બીજા પુત્રોની સંખ્યા ૧૭ હોય કે ચોવીસ.

પ્રતાપનું બચપણ

મહારાણા પ્રતાપના બાળપણ અથવા તેમના પ્રારંભિક જીવન પર ઇતિહાસમાં કોઈ પ્રકાશ પાડેલો નથી. આથી તેમના આજીવનને ઉદયસિંહના શાસનકાળ તથા સંઘર્ષાના પરિપેક્ષ્યમાં જ જોવાનું ઉચિત થશે. પ્રતાપ તેના પિતાનો સૌથી મોટો પુત્ર હતો અને ઉદયસિંહનું શાસન સુખ-શાન્તિ ભર્યું ન હતું આથી મેવાડના આ મોટા રાજકુમારનું બાળપણ પણ ફુલોની પણ પથારી ન કહી શકાય. ઉદયસિંહે પોતાના જીવનમાં સંઘર્ષ કરતા હંમેશાં આમ-તેમ ભાગવું પડ્યુ. ચોક્કસ જ તેનો પ્રભાવ બાળક પ્રતાપ પર પણ પડયો હશે.

નવી રાજધાની ઉદયપુરનું નિર્માણ

જોકે થોડા સમય માટે પણ ખરૂ, પણ મેવાડ પર શેરશાહનો અધિકાર રહ્યો. ત્યાં સુધી મેવાડની રાજધાની ચિતોડ હતી. ઉદયસિંહે વિચાર કર્યા કે ચિતોડ રાજધાની માટે એક સુરક્ષિત સ્થાન નથી તેથી તેમાંથી પ્રેરણા લઈ ને તેમણે નવી રાજધાની બનાવવાનો નિર્ણય કર્યા તેના માટે ગિર્વા પ્રદેશમાં એક સ્થાનની પસંદગી થઈ પહાડીઓથી ઘેરાયેલુ આ સ્થાન અપેક્ષા કરતા વધારે સુરક્ષીત હતું વિક્રમ સંવત ૧૬૧૬માં આ સ્થાન પર નવીન રાજધાની ઉદયપુરના નિર્માણ કાર્યનો આરંભ થયો તેની આસપાસ વસવા માટે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને તેમને અનેક પ્રકારની સુવિધાઓ આપવામાં આવી. ચોક્કસ જ ઉદયસિંહનુ આ કાર્ય દુરંદેશી પણા ભર્યુ હતું. તેનાથી ઉતરી મેવાડ પર થનારા આક્રમણોથી રાજ્ય તથા પ્રજા બંનેની રક્ષા થાય.

રાજ્ય વિસ્તાર અને મૈત્રી સંબધ

શેરશાહના મૃત્યુ પછી ઉદયસિંહે રાજપૂતોમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવવામાં લાગી ગયા તેના માટે મેવાડના નજીકના રાજ્યોને પોતાના પ્રભાવમાં લાવવાના હતા. એ સમયે રાજસ્થાનમાં બુંદી સૌથી વધારે જૂનુ રાજ્ય હતું, જેમાં ચૌહાણ રાજવંશનુ શાસન હતું રાવ સર્જનના સમય સુધી પૂર્વી બુંદીના રાવ કોઈને કોઈ રૂપમાં મેવાડને આધીન રહતા હતા, પરંતુ મેવાડની વર્તમાન અસ્ત-વ્યસ્ત સ્થિતિમાં બુંદી પણ સ્વતંત્ર થઈ ગયુ એ સમયે ત્યાંનો શાસક રાવ સુરત્રાણ હતો તેના અત્યાચારોથી સામન્ત ખિન્ન રહેતા હતા. આ સરદારોએ ઉદયસિંહને સહાયતની યાચના કરી. ઉદયસિંહ પણ આ અવસરની રાહ જોતા હતા. તેને બુંદી પર હસ્તક્ષેપ કરવાનો અવસર મળી ગયો. બુંદી રાજવંશનો એક વીર સૈનિક હાડા સુર્જન ઉદયસિંહની સેવામાં હતો તેણે કેટલાય યુદ્ધમાં વીરતા પૂર્વક ભાગ લીધો. બુંદીમાં સુરત્રાણના અત્યાચારોને જોતા ઉદયસિંહને સુર્જનને ત્યાંના રાજા બનાવવાનો નિશ્ચય કરી તેનું રાજતિલક કરી દીધુ તથા તેને રણથંભોરનો કિલ્લા રક્ષક બનાવી દીધો. ઈ.સ. ૧૫૫૪માં સુર્જનને સેના સાથે બુંદી પર અધિકાર કરવા માટે મોકલ્યો. સફળતા મળવી તો સંભવ જ હતી. સુરત્રાણ યુદ્ધમાં હારીને ભાગી ગયો અને બુંદી ઉદયસિંહના તાબા હેઠળ થઈ ગઈ.

મેવાડના ઉત્તરમાં ડુંગરપુર રાજ્ય હતું. મેવાડની સુરક્ષા માટે તેને તાબે કરવુ જરૂરી હતું. ઈ.સ. ૧૫૫૭ની પહેલાજ ઉદયસિંહે તેના પર આક્રમણ કરવા સેના મોકલી દીધી. કદાચ આ યુદ્ધમાં મેવાડને

સફળતા ન મળી અને નુકસાન ઉઠાવવું પડ્યું.

પડોશી રાજ્યો પર પ્રભાવ જમાવવાના આ ક્રમમાં ઉદયસિંહનું ધ્યાન મારવાડ પર ગયું. રાણા સાંગાના મૃત્યુ પછી મારવાડ રાજપૂતોનું સૌથી શક્તિશાળી રાજ્ય થઈ ગયુ હતું. ત્યાંના શાસક માલદેવ પમ એક મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ હતા. આથી બંનેમાં ટકરાવ થવો સ્વભાવિક હતો. બંને જ એકબીજાને પોતાના પ્રભાવમાં લાવવાની પ્રતિક્ષા કરી રહ્યા હતા ત્યારે ઉદયસિંહને આ અવસર મળી ગયો. એ સમયે અલવર પર શેરશાહ સુરી એક સેનાપતિ હાજી ખાં નો અધિકાર હતો. શેરશાહના મૃત્યુ પછી દિલ્હી પર ફરીથી મોગલોનો અધિકાર થઈ ચુક્યો હતો. અકબર મોગલ સમ્રાટ થઈ ચુક્યો હતો. તેણે હાજી ખાં ને હરાવવા માટે સેના મોકલી. સેના અલવર પહોંચે તે પહેલાજ હાજીખાં અજમેર ભાગી ગયો. માલદેવે તેને લુટવા માટે પોતાની સેના મોકલી દીધી. હાજી ખાં ઉદયસિંહ તથા માલદેવની પરસ્પરની હરિફાઈથી પરિચિત હતો. તેણે ઉદયસિંહની સહાયતા માગી. ઉદયસિંહે તેની સહાયતા માટે રાવ સુર્જન તથા દુર્ગા સિસોદિયાને મોકલ્યા. માલદેવની સેના યુદ્ધ કર્યા વગર જ પાછી ફરી ગઈ. આ ઘટનાથી માલદેવ અને ઉદયસિંહની શત્રુતા ખુબ વધી ગઈ.

હાજીખાંની એક પ્રેમિકા રંગરાય પાતર હતી, જેના સૌદર્યની પ્રશંસા સાંભળી. ઉદયસિંહને તેને પામવાની ઇચ્છા થઈ. તેણે હાજી ખાં ની સહાયતા કરી હતી. આથી તેણે તેની પાસે પાતરની માંગણી કરી. હાજી ખાં એ તેને પોતાની બતાવી આપવાનો અસ્વીકાર કરી દીધો. સામન્તોએ ઉદયસિંહના આ કાર્યનો વિરોધ કર્યો, છતાં પણ ઉદયસિંહે હાજી ખાં વિરૃદ્ધ પોતાની સેના મોકલી દીધી. હાજી ખાં એ આ અવસર પર માલદેવની સહાયતા માંગી માલદેવ પણ આ અવસરની તાકમાં હતો. તેણે સહાયતા કરવાની હા પાડી. જાન્યુઆરી ૧૫૫૭માં હરમાડામાં બંને પક્ષોની સેનાઓ એકત્રિત થઈ ગઈ. માલદેવના પંદરસો સૈનિક તથા હાજી ખાંના પાંચ હજાર પઠાણ હતા, જ્યારે મેવાડની સેના ઘણી ઓછી હતી. સામંતોએ ઉદયસિંહને ફરીથી સલાહ આપી કે યુદ્ધ ન કરવામાં આવે. પરંતુ ઉદયસિંહે કોઈનું ન સાંભળ્યું. યુદ્ધનું પરિણામ તે જ રહ્યુ, જેની સંભાવના હતી. ઉદયસિંહની સેના ખરાબ રીતે હારી ગઈ તથા અનેક સૈનિકો માર્યા ગયા.

આ યુદ્ધ માલદેવ તથા ઉદયસિંહનું અંતિમ યુદ્ધ ન હતું બંને રાજપૂતો પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા ઈચ્છતાં હતા. ખૈરવેના રાવ જૈતસિંહની પુત્રી માલદેવની પત્ની હતી. માલદેવ જૈતસિંહની બીજી પુત્રી સાથે પણ લગ્ન કરવા ઈચ્છતાં હતો, પરંતુ જૈતસિંહે અસ્વિકાર કર્યો અને માલદેવે તેને પરિણામ ભોગવવાની ધમકી આપી. જૈતસિંહે વિચાર કર્યો કે માલદેવના આક્રમણ વિરૃદ્ધ ઉદયસિંહ તેની સહાયતા કરી શકે છે. આથી તેણે ઉદયસિંહ પાસે સહાયતા માટેના પત્રની સાથે પોતાની પુત્રીના લગ્નનો પણ પ્રસ્તાવ પણ મોકલી દીધો. ઉદયસિંહે બંને વાત સ્વીકારી લીધી જૈતસિંહ પોતાની પુત્રીને લઈને કુંભલગઢ પાસે ગુઢા નામના ગામ પહોંચ્યો, જ્યાં તેની પુત્રી સાથે ઉદયસિંહના લગ્ન થઈ ગયા. આ ઘટનાથી માલદેવની સાથે તેના સબંધ પણ કડવા થઈ ગયા અને ક્રોધી થઈને માલદેવે કુંભલગઢ પર આક્રમણ કરી દીધું. મેવાડની સેનાએ આ આક્રમણનો સામનો વીરતા પૂર્વક કર્યો માલદેવની સેના હારીને ભાગી ગઈ.

સિરોહી મેવાડની નજીકનું એક અન્ય રાજ્ય હતું. તેને પોતાના પ્રભાવ હેઠળ લાવવાથી મેવાડના પ્રભાવમાં વધારો થાય તે સ્વભાવિક હતું. ઘટનાક્રમ કંઈક આ પ્રકારે બન્યો કે સિરોહી અનાયાસે જ મેવાડના પ્રભાવમાં વધારો થાય તે સ્વાભાવિક હતું. ઘટનાક્રમ કંઈક આ પ્રકારે બન્યો કે સિરોહી અનાયાસે જ મેવાડના પ્રભાવ હેઠળ આવી ગયુ. ત્યાંના શાસકનું નામ પણ ઉદયસિંહ હતું. તેણે પોતાના પિતરાઈભાઈ માનસિંહ પાસેથી લોહિયાણાની જાગીર છીનવી લીધી. માનસિંહ મેવાડના

ઉદયસિંહની સેવામાં ચાલ્યો ગયો. રાણા ઉદયસિંહે તેને અઢાર ગામની જાગીર આપી દીધી. ઈ.સ. ૧૫૬૨ માં સિરોહીના શાસક ઉદયસિંહનું મૃત્યુ થઈ ગયું અને માનસિંહ ત્યાંનો શાસક બની ગયો.

આ બધા વર્ણનોથી સાબિત થાય છે કે ઉદયસિંહે મેવાડને સશક્ત બનાવવા માટે જે પ્રયાસ કર્યા, તે તેની દુરંદેશીનું સુંદર પ્રમાણ છે.

ઉદયસિંહનો મોગલો સાથે સંઘર્ષ

મેવાડ પર ઉદયસિંહના વંશની છઠિ શતાબ્દીથી શાસન રહ્યું હતું. આ સમયે તે કુશળતાપૂર્વક પોતાના રાજ્યનો પ્રભાવ વધારી રહ્યો હતો. ઈ.સ.૧૫૫૬માં દિલ્હીના સિંહાસન પર અકબરનો અભિષેક થયો. આ ઘટનાથી ભારતની રાજનીતિમાં એક નવું પરિવર્તન આવ્યું. અકબર ભારતનો એક છત્ર સમ્રાટ બનવા ઈચ્છતાં હતો. તેની આ મહત્ત્વાકાંક્ષા ઉદયસિંહ માટે આવનારી મુશ્કેલીઓનું કારણ બની. અકબરે બધા ભારતીય રાજાઓને પોતાના તાબે કરવાની યોજના બનાવી. તે રાજપૂતોની વિરતા અને અન્ય ગુણોથી પરિચિત હતો. આથી ભારત સમ્રાટ બનવા માટે રાજપૂતોને પોતાના પક્ષમાં કરવા તેણે સૌથી વધારે મહત્ત્વપૂર્ણ માન્યુ. સૌ પ્રથમ ૧૫૬૨ માં તેણે આમેરના કછવાય નરેશ મારમલની પુત્રી સાથે લગ્ન કરી તે રાજ્યને પોતાનું મિત્ર બનાવી લીધું. એ સાથેજ એ વર્ષે તેણે પાજપુતોના મેડતા રાજ્યને પોતાના તાબા હેઠળ લઈ લીધું. બધા રાજપૂત રાજાઓને પોતાના તાબા હેઠળ કરવા માટે મેવાડ પર વિજય કરવો જરૂરી હતો. ઉદયસિંહને મોગલોની આધીનતા સ્વીકારવાની કોઈ પણ પ્રકારની સહમતી ન હતી.

ઉદયસિંહનો એક પુત્ર શક્તિસિંહ પિતા સાથે વિવાદ થવાથી અકબરની શરણમાં ચાલ્યો ગયો. એક વાર અકબરે પોતાના દરબાર એમજ મજાકમાં કહી દીધુ કે અન્ય રાજાઓએ શાહી દરબારમાં મોકલ્યા છે. પરંતુ ઉદયસિંહે એવુ નથી કર્યુ. શક્તિસિંહ સમજી ગયો કે અકબર ગમે ત્યારે મેવાડ પર આક્રમણ કરી શકે છે. સપ્ટેમ્બર ૧૫૬૭માં શક્તિસિંહ અકબરને બતાવ્યા વગર ધૌલાપુરથી પોતાના પિતા પાસે આવ્યો અને તેણે અકબરની યોજના અંગે બતાવી દીધું.

મેવાડ અને મોગલો વચ્ચે પરંપરાગત દુશ્મનાવટ હતી. બાબર અને રાણા સંગામાં ચાલીસ વર્ષ પહેલા તેનો પ્રારંભ થઈ ગયો હતો. અકબર બાબરથી કયાંય વધારે મહત્ત્વાકાંક્ષી હતો. શક્તિસિંહ દ્વારા અકબરના આક્રમણની પૂર્વ સુચના મળવાથી ઉદયસિંહે પોતાના રાજ્યના પ્રતિષ્ઠિત નાગરિકો તથા અનુભવી સામન્તોની એક સભા બોલાવી, જેના ભાવી મુશ્કેલીનો સામનો કરવા અંગે વિચાર થયો. આ સભામાં નિર્ણય થયો કે ઉદયસિંહ પરિવાર સહિત પશ્ચિમી પહાડીઓમાં ચાલ્યો જાય અને ત્યાં રહીને નવી વસ્તીની સુરક્ષાનો પ્રબંધ કરે. ચિતોડના કિલ્લાની રક્ષાનો ભાર જયમલ રાઠોડ તથા પત્તાને સોંપી દીધો અને ત્યાં આઠ હજાર રાજપૂત સૈનિક નિયુક્ત કરવામાં આવ્યા. કિલ્લામાં પુરતી ખાદ્ય સામગ્રી તથા યુદ્ધ સામગ્રીનો પ્રબંધ કરી દેવામાં આવ્યો તથા તેની આસપાસની વસ્તીઓને પણ નષ્ટ કરી દેવામાં આવી. કાલપીથી લાવવામાં આવેલા એક હજાર બંદુકધારી સૈનિકોને આક્રમણકારીઓને રોકવા માટે માર્ગો પર મોરચાના રૂપમાં નિયુક્ત કરી દેવામાં આવ્યા.

જો કે અનેક ઇતિહાસકારોએ ઉદયસિંહના આ કાર્યની આલોચના કરતા તેને કાયર સાબિત કર્યો છે, પરંતુ પરિસ્થિતિ જોતા તેને અનુચિત ન કહી શકાય. આમ પણ આ નિર્ણય અનુભવી સલાહકારો સાથે સર્વસંમતિથી લેવામાં આવ્યો હતો આથી તેનો અસ્વીકાર કરવો પણ યોગ્ય ન હોત.

અકબર દ્વારા ચિતોડ પર આક્રમણ

સપ્ટેમ્બર ૧૫૬૭ માં અકબર ચિત્તોડ પર વિજય મેળવવા માટે નીકળ્યો. રસ્તામાં શિવપુર તથા કોટાના કિલ્લાને જીતીને તે ગાગરૌન પહોંચ્યો. તેના બે સેનાપતિઓ આસફ ખા અને વજીરખાએ મેવાડના એક સુદ્રઢ દુર્ગ માંડલગઢ પર અધિકાર કરી લીધો. પોતાની એક સેનાને માળવા જીતવા મોકલી અકબર મોટા સૈન્યની સાથે ચિત્તોડની તરફ આગળ વધ્યો. ૨૩ ઓક્ટોબર ૧૫૬૫ના દિવસે તેણે ચિત્તોડગઢને ઘેરી લીધો તે ઘણા દિવસો રહ્યો. રાજપૂતોએ મોગલસેનાનો વીરતાથી સામનો કર્યો. અકબરની સેનાનો ઉત્સાહ ઘટવા લાગ્યો પછી તેણે તેની સેનાને સુરંગ બનાવવાનો આદેશ કર્યો. રાજપૂત સેના સુરંગ બનાવવાવાળા તથા અન્ય મોગલ સેનાનો વિનાશ કરવા લાગી. કારીગરોને બચાવવા માટે ચામડાના મોટા-મોટા બખ્તર બનાવવામાં આવ્યા આમ છતાં મોગલના અનેક કારીગરો માર્યા ગયા. સુરંગોથી મોગલોએ કિલ્લાની દિવાલો ઘણાં સ્થાનો પર તોડી નાંખી છતાં પણ રાજપૂત સૈનિકોએ તે સ્થાનો પર તેલ, રૂ, દારૂગોલો વગેરે સળગાવી શત્રુઓને અંદર આવતા રોક્યા. લાંબા સંઘર્ષથી દુર્ગમાં ભફોજન સામગ્રી પણ ખૂટી પડી.

આ યુદ્ધમાં અકબરની ગોળીથી જયમલનું મૃત્યુ થયું. જયમલના મૃત્યુથી રાજપૂતોને ખૂબ નિરાશા થઈ સ્પષ્ટ થઈ ગયું કે હાર નિશ્ચિત છે. એ પછી દુર્ગમાં રાજપૂતોએ પત્તાને પોતાનો સેનાપતિ બનાવ્યો. પોતપોતાના બાળકોને લઈ કિલ્લામાં રહેલી રાજપૂતાણીઓ અગ્નિમાં કૂદી પડી. ૨૪ અથવા ૨૫ ફેબ્રુઆરી ૧૫૬૮ ની સવારે રાજપૂત અંતિમ સંઘર્ષ માટે તૈયાર થઈ ગયા. મૃત્યુના ભયને ભૂલાવી રાજપૂતોએ કિલ્લાના દ્વાર ખોલી નાંખ્યા અને શત્રુઓ પર તૂટી પડ્યા. ઘમાસાણ સંઘર્ષ પછી મોગલસેનાએ ચિત્તોડ દુર્ગ પર અધિકાર કરી લીધો.

દુર્ગ પર અધિકાર થઈ ગયા પછી પણ અકબરની રક્તપાતની તરસ છીપાઈ નહી. ચિત્તોડના અનેક નાગરિક પણ દુર્ગમાં શરણ લઈ રહ્યા જેમની સંખ્યા લગભગ ૩૦ હજાર હતી. દુર્ગમાં પ્રવેશ પછી અકબરે અંદર રોકાયેલા તમામ નિરપરાધ લોકોની કત્લેઆમ કરાવી દીધી જે દિવસના ત્રીજા પ્રહાર સુધી ચાલતું રહ્યું. આવા અમાનવીય કાર્યનું મેવાડના ઇતિહાસમાં કોઈ અન્ય ઉદાહરણ મળતું નથી. નિસંદેહ અકબર મહાનનું આ કૃત્યુ તેની આ મહાનતા પર એક કાળો ધબ્બો જ કહેવાશે.

આ યુદ્ધમાં અકબર જયમલ અને પત્તાની અદ્ભૂત વીરતાથી પ્રભાવિત થયા વિના ન રહી શક્યો. તેણે આ વીરોની મુક્તમને પ્રશંસા કરી કહેવામાં આવે છે કે અકબરહ આ બંનેની વીરતાથી એટલો પ્રભાવિત થયો કે તેણે આગ્રાના કિલ્લામાં આ બંનોની મૂર્તિઓ લગાવડાવી.

ચિત્તોડ પર અધિકાર કર્યાના બીજા વર્ષે અકબરે મેવાડના બીજા દુર્ગ રણથંભોર પર પણ અધિકાર કરી લીધો. આ દુર્ગના રક્ષક રાવ સુરજનસિંહ હાડાએ ઉદયસિંહનો પક્ષ છોડીને અકબરનું શરણું સ્વીકારી લીધુ અને ૧૫૦૦ ઈ.ના અંત સુધીમાં રાજપૂતાનાના બધા નરેશોએ એક પછી એક અકબરની સત્તા સામે માથુ ઝુકાવી દીધુ તથા તેની સેવા સ્વીકારી લીધી. માત્ર ઉદયસિંહ જ એવો શાસક હતો જેણે અકબર સામે ઝુકવાનો ઈન્કાર કરી દીધો. જો કે મેવાડના સૌથી મહત્ત્વના દુર્ગ ચિત્તોડ પર અકબરનો અધિકાર થઈ ગયો હતો. તેથી ઉદયસિંહ જીવનભર ઉદયપુરને જ નવી રાજધાની બનાવી સાથે સંઘર્ષ કરતા રહ્યા.

ઉદયસિંહ દ્વારા જગમાલને યુવરાજ પદ

પ્રતાપ તેના પિતા ઉદયસિંહનો મોટો પુત્ર હતો. પરંપરા મુજબ મોટો પુત્રજ રાજ્યનો ઉત્તરાધિકારી બનતો હતો. પરંતુ ઉદયસિંહે આ પરંપરાની સંપૂર્ણ અવગણના કરી. ૧૫૦૦માં તે કુંભલમેર ગયા ત્યાં તેમણે સૈનિકોની ભરતી કરી. આ સૈનિકોને લઈ તે ગોગૂંદા પહોંચ્યા બીજા વર્ષે તે ગોગૂંદામાં જ રહ્યા. પછીથી તબિયત ખરાબ થઈ ત્યાં તેમણે ધીરજબાઈ ભટિયાણીથી જન્મેલા તેમના પુત્ર જગમાલને

યુવરાજ જાહેર કરી દીધો. રાણી ભટિયાણી પર તેમને વિશેષ પ્રેમ હતો. સંભવત:તેના કહેવાથી જ આમ કર્યુ હશે. આ વિષયમાં વીર વિનોદમાં લખ્યું છે- 'વિક્રમ સંવંત ૧૬૨૭ (હિજરી ૯૭૮ ઈસ્વી. ૧૫૭૦) માં મહારાણા કુંભલમેર પહોંચ્યા ત્યાંથી સૈન્ય ભેગુ કરી ગોગૂંદા આવ્યા અને વિ.૧૬૨૮ના દશેરા ત્યાં કર્યા. આ મહારાણા જ્યારે ફાગણ મહીનામાં બિમાર થયા તો તેમણે પોતાના પુત્ર જગમાલને જે મહારાણી ભટિયાણઈથી જન્મ્યો છે યુવરાજ બનાવ્યો કેમ કે મહારાણી ભટિયાણી પર મહારાજ વધુ મહેરબાન હતા.'

પરંપરાનું ઉલ્લંઘન કરી નાના પુત્રને પોતાનો ઉત્તરાધિકારી જાહેર કરવો ચોક્કસ કોઈ બુધ્ધિમતાનું કામ ન હતું. આમ કરતા પહેલા ઉદયસિંહે કેટલાક સામંતોને પોતાના પક્ષમાં કરી લીધા હતા ત્યારેજ તેમણે જાહેરાત કરી, આ નિર્ણયથી પ્રતાપની આકાંક્ષાઓને આંચકો લાગવો સ્વાભાવિક હતું કેમકે વસ્તુત:તે જ રાજ્યના ઉત્તરાધિકારી હતા પરંતુ પોતાના પિતાના નિર્ણયની વિરુદ્ધ કંઈ કર્યુ હોય તેવો કોઈ ઉલ્લેખ મળતો નથી.

ઉદયસિંહનું મૃત્યુ

બહુ લગ્નથી અનેક પ્રશ્નો સર્જાય છે- રાજા, મહારાજાઓ માટે પણ. મહારાજા ઉદયસિંહના ૨૪ પુત્ર હતા. પ્રતાપ તેમાં મોટા હતા અને પરંપરા અનુસાર રાજ્યના અધિકારી હતા. ઉદયસિંહની ૧૮ રાણીઓમાં પ્રતાપની માતા સૌથી મોટા હતા. ઉદયસિંહે પ્રેમ અને મોહમાં ફસાઈને પોતાની કુળ પરંપરા અને નીતિને ભૂલાવી. સામંતોએ પ્રતાપને સાથ આપ્યો. સામંતોનો નિર્ણયજ સર્વોચ્ચ મનાતો હતો અને તેમણે પ્રતાપને જ રાજ્યનો ઉત્તરાધિકારી માન્યો.

ઉદયસિંહે તો એ નક્કી કરી લીધુ હતું કે રાજ્ય પ્રતાપને નહી નાના પુત્ર જગમાલને મળશે. એનું કારણ હતું જગમાલની મા નાના રાણી ભટિયાણી પ્રત્યે તો વિશેષ પ્રેમ પરંતુ તે જાણતા હતા કે તેમના નિર્ણયનો ખૂબ વિરોધ થશે. એટલા માટે પોતાના મનનો નિર્ણય ગુપ્ત રાખ્યો. સંભવત:પોતાની અસ્વસ્થતાથી મહારાણા ઉદયસિંહને પોતાના છેલ્લા સમયનું અનુમાન થઈ ગયું હતું એટલા માટે જગમાલને યુવરાજ બનાવી દીધા. થોડા દિવસોની નાદુરસ્ત તબિયત બાદ ૨૮ ફેબ્રુઆરી ૧૫૭૨ના દિવસે ઉદયસિંહનું મૃત્યુ થયું.

ત્રીજો અધ્યાય

મહારાણા પ્રતાપનો રાજ્યાભિષેક

ઉદયસિંહ પોતાની સૌથી પ્રિય રાણી ભટિયાણીના પુત્ર જગમાલને યુવરાજ જાહેર કરી ગયા હતા. ગોગૂંદામાં ઉદયસિંહના મૃત્યુ પછી જ્યારે તેમનો પાર્થિદેહ અંતિમ સંસ્કાર માટે સ્મશાન લઈ જવામાં આવ્યો ત્યારે ત્યાં જગમાલ ન હતો. મેવાડની પરંપરા મુજબ રાજ્યનો ઉત્તરાધિકારી પૂર્વ રાજાના અંતિમ સંસ્કારમાં ભાગ લેતાં નથી. ઉદયસિંહ દ્વારા જગમાલને યુવરાજ જાહેર કરવાના આદેશથી મોટા ભાગના સામંત આશ્ચર્યચકિત હતા. જગમાલની ગેરહાજરીથી સામંતોને આશ્ચર્ય થયું. ગ્વાલિયરના રાજા રામસિંહે જગમાલના નાનાભાઈ રાજકુમાર સગરને પૂછ્યું, 'જગમાલ ક્યાં છે?'

'શું તમે નથી જાણતા કે સ્વર્ગીય મહારાણાએ તેને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો છે.' સાગરે જવાબ આપ્યો.

મેવાડના પક્ષમાં રાવચુડાએ પોતાનું રાજ્ય મેવાડમાં ભેળવી દીધુ હતું ત્યારથી રાજ્યનો સ્વામી સિસોદીયા રાજવંશનો જયેષ્ઠપુત્ર તથા રાજ્યના પ્રમુખ કરવાવાળા ચુડાના વંશજ માનવામાં આવતા હતા. એથી પાટના (રાજ્યના) સ્વામી મહારાણા તથા ઠાઠા (વ્યવસ્થા)ના પ્રમુખ ચુડા માનવામાં આવતા હતા. સગરથી જગમાલને યુવરાજ બનાવાયાના સમાચાર સાંભળી પ્રતાપના મામા જાલોરના રાવ અખેસિંહે ચુડાના પૌત્રો રાવત કૃષ્ણદાસ અને રાવત સાંગાને કહ્યું, 'તમે ચુડા છો તેથી રાજ્યના ઉત્તરાધિકારીની પસંદગી તમારી સંમતિથી જ થવી જોઈએ. મેવાડની સ્થિતિ ચિંતનીય છે. અકબર જેવો પ્રબળ શત્રુ માથા પર છે. મેવાડ ઉજડી રહ્યું છે, આવામાં જો ઘરનો કલહ વધી ગયો તો રાજ્યની બરબાદીનો શું સંદેહ!'

મેવાડની આવી વિષમ પરિસ્થિતિમાં કોઈ યોગ્ય વ્યક્તિનેજ મહારાણા બનાવવા યોગ્ય હતા. પ્રતાપ બધી રીતે આના માટે યોગ્ય હતા. પ્રચલિત નીતિ મુજબ તે તેના અધિકારી હતા ત્યાં હાજર બધા સામંત તેના પક્ષમાં હતા. એથી રાવત કૃષ્ણદાસ અને રાવત સાંગાએ તેમનો નિર્ણય સંભળાવી દીધો- 'પાટવી હકદાર અને બહાદુર પ્રતાપસિંહ કયા ગુનાહથી નાપસંદ સમજવામાં આવે?

પ્રતાપમાં એક નવી આશા જાગી. નહીતરને મેવાડ છોડવા અંગે વિચારવા લાગ્યા હતા. તેમના મેવાડ છોડવાનો અર્થ થતો- પોતાના અધિકાર માટે જગમાલ સાથે સંઘર્ષની શરુંઆત. સામંતોના નિર્ણયથી આ સંઘર્ષ ટળી ગયો.

જગમાલની જગ્યાએ પ્રતાપ-મહારાણા

આ તરફ જગમાલ પોતાનો રાજ્યાભિષેક કરાવી રહ્યો હતો. ઉદયસિંહની અંત્યેષ્ટિ પછી જ્યારે બધા સામંત રાજમહેલમાં આવ્યા તો જગમાલ રાજસિંહાસન પર બેઠેલો હતો. પ્રતાપ રાજમહેલની બહારજ રોકાઈ ગયા. સામંતોએ જગમાલને 'તારૂ સ્થાન સિંહાસન નહી પણ તેની સામેનું છે' કહી હાથ પકડી સિંહાસન સામે બેસાડી દીધો કેમકે મેવાડમાં મહારાણાના ભાઈ સિંહાસનની સામે બેસતા હતા. જગમાલને અપમાનનો કડવો ઘૂંટ પી જવું પડ્યું કેમકે એક તો તેનો પક્ષ પરંપરાથી દુર્બળ હતો સાથે તેના સમર્થકોની સંખ્યા પણ ઓછી હતી. તે કોઈ વિરોધ કર્યા વગર નિશ્ચિત સ્થાને બેસી ગયો.

એ પછી પ્રતાપને દરબારમાં બોલાવી સિંહાસન પર બેસાડવામાં આવ્યા વિધિવત તેમનો રાજ્યાભિષેક થયો અને પ્રતાપ રાવની જયના નારાથી આકાશ ગુંજવા લાગ્યું. એ પછી પ્રતાપ મેવાડના મહારાણા બની ગયા તેમણે મેવાડની પરંપરા મુજબ તેમના સભાસંદોને ભેટ આપી. આમ જગમાલ રાજપદનું સપનુ જો રહ્યો હતો અને પ્રતાપ મેવાડ છોડવાનો વિચાર કરી રહ્યા હતા પરંતુ થયું સાવ ઉલટું. પ્રતાપ મહારાણા બની ગયા અને જગમાલ જોતો રહ્યો. આ બધો ઘટનાક્રમ ૨૮ ફેબ્રુ. ૧૫૭૨નો છે. કેમ કે મેવાડમાં શાસકના મૃત્યુના દિવસેજ નવા ઉત્તરાધિકારીની પસંદગી કરવામાં આવે છે.

જગમાલ મોગલોના શરણમાં

જગમાલ પોતાનું અપમાન ભુલ્યો ન હતો. જો કે તેણે મેવાડમાં તેનો પ્રત્યક્ષ વિરોધ ન કર્યો, પરંતુ અંદરને અંદર તેના માટે મેવામાં રહેવાનું મુશ્કેલ થઈ ગયું. આથી તે મેવાડ છોડીને મોગલ સુબેદારની સેવામાં અજમેર ચાલ્યો ગયો. તેનાથી મોગલ સુબેદાર ખુબજ પ્રસન્ન થયો. તેણે જગમાલને સહર્ષ આશ્રય આપી દીધો. ઉચિત સમય જોઈને જગમાલ અકબર પાસે પહોંચ્યો. અકબરે તેને જહાજપુરની જાગીર આપી દીધી. ત્યારબાદ ૧૫૮૩માં અકબરની આજ્ઞાથી તે સિરોહી રાજ્યનો ભાગ પણ આપી દેવામાં આવ્યો. ધ્યાન અથવા જેવું તથ્ય એ છે કે અકબર એક તીરથી બે શિકાર કરી રહ્યો હતો. એક તરફ તે મેવાડની ઘરની ફુટને વધારી રહ્યો હતો અને બીજી તરફ જગમાલને શિરોહીનું અડધુ રાજ્ય આપીને તેના સાળાને પણ દુશ્મન બનાવી દીધો. સિરોહીમાં અત્યાર સુધી જગમાલના સસરા રાવ માનસિંહનું શાસન હતું. સિરોહીનું રાજ્ય પણ જગમાલ માટે શુભ ન રહ્યું. તેનો સાળો રાવ સુરત્રાણ તેનો વિરોધી બની ગયો. બંનેના પરસ્પરના વેરે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું તથા યુદ્ધ છેડાઈ ગયું. ઈ.સ. ૧૫૮૩માં દત્તાનીના યુદ્ધમાં જગપાલ પોતાના સાળાના હાથે માર્યો ગયો.

મહારાણા પ્રતાપની પ્રારંભિક મુશ્કેલીઓ

જે સમયે મહારાણા પ્રતાપ મેવાડના સિંહાસન પર બેઠા, તે સમયે રાજ્યની સ્થિતિ ખુબજ ખરાબ થઈ ચુકી હતી. લાંબા સંઘર્ષના પરિણામે મેવાડ રાજધાની હીન અને સાધન વગરની થઈ ગઈ હતી. અર્થવ્યવસ્થા તથા વેપારના અવ્યવસ્થિત થવાથી

સામાજીક જીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. સડકો તુટી ગયેલી હતી, બધા વિકાસના કાર્ય રોકાયેલા હતા. મેવાડનો સંપૂર્ણ ઉપજાઉ ક્ષેત્ર મોગલોના અધિકારમાં ચાલ્યો ગયો હતો. મેવાડના પૂર્વી સીમાન્તના ભાગો-બૈદનોર, શાહપુરા અને રાયલા પણ મોગલોના અધિકારમાં હતા. આ ક્ષેત્રોમાં યુગલ સત્તાનો પ્રભાવ વધી રહ્યો હતો. અજમેરની દરગાહ માટે મોગલ સમ્રાટ દ્વારા અનુદાન આપવામાં આવી રહ્યું હતું. પ્રતાપ માટે આ બધા ચિંતાના વિષય હતા.

ટુંકમાં પ્રતાપને વારસામાં અસ્ત-વ્યસ્ત મેવાડ રાજ્ય અને બલવાન મોગલ સમ્રાટ અકબરની શત્રુતા પ્રાપ્ત થઈ હતી. હવે તેની સામે ભાવી નીતિ નિર્ધારણની સમસ્યા મુખ્ય હતી.

રાજધાની પરિવર્તન તથા નવા કાર્યક્રમ

પહેલાં જ ઉલ્લેખ થઈ ચુક્યો છે કે ચિત્તોડ મોગલોના અધિકારમાં થઈ ગયુ હતું અને પ્રતાપનો અભિષેક ગોગૂંદામાં થયો હતો. અભિષેક પછી મહારાણા પ્રતાપ કુંભલગઢની પહાડીયોમાં ચાલ્યા ગયા. તેમણે અહી કુંભલગઢ કિલ્લાને પોતાની નવી રાજધાની બનાવી. અહીયા તેમનો કામચલાઉ વિધિવત રાજતિલક થયું. કુંભલગઢમાં આ અવસર પર જોધપુરના રાવ ચંદ્રસેન પણ સામેલ થયા, જે પ્રતાપના મામા હતા. બંનેમાં એકબીજા પ્રત્યે પરમ સ્નેહ હતો. ત્યાર પછી આ સ્નેહબંધન વધારે મજબૂત થઈ ગયું. અકબરને પોતાના ગુપ્તચરો દ્વારા આ મિલનના સમાચાર મળી ગયા. બુંદી, ડુંગરપુર, બાંસવાડા, રણથંભોરના ચૌહાણો, ઈડર અને સિરોહીના દેવડા વગેરે સાથે પ્રતાપના મિત્રતાભર્યા સંબંધો સ્થાપિત થઈ ગયા હતા. જો કોઈ એકથી સંધિ ભંગ થઈ જાય તો, તે બીજા સાથે નવી સંધિ કરી લેતાં હતા. તે એ સચ્ચાઈથી સારી રીતે માહીતગાર થઈ ચુક્યા હતા કે મોગલ સમ્રાટ સાથે ગમે ત્યારે યુદ્ધ થઈ શકે છે. આથી તેમણે નજીકના રાજ્યોના શાસકો સાથે મિત્રતાની નીતિ અપનાવી. જેથી ભવિષ્યમાં મોગલ આક્રમણનો સંગઠિત થઈને સામનો કરવામાં આવે તથા મેવાડ પર કેન્દ્રિત આક્રમણ ન થઈ શકે. એ સાથે જ તેઓ પોતાની સૈન્ય શક્તિને વધારતા રહ્યા.

આ બધા સમાચાર અકબર સુધી પહોંચી રહ્યા હતા. તેનાથી તેનું આશંકિત થવુ સ્વાભાવિક હતું. જો કે મેવાડના કેટલાક ક્ષેત્રો પર અધિકાર થઈ ચુક્યો હતો, પરંતુ મેવાડે તેની આધીનતા સ્વીકારી ન હતી. જ્યારે તે મેવાડને આધીન કરવા કટીબદ્ધ હતો. મહારાણા પ્રતાપની આ ગતિવિધિઓને ખાસ રૂપથી રાવ ચંદ્રસેનની સાથે પ્રતાપના આ સંબંધને તેમણે પોતાના ભાવી સંકટના રૂપે જોયું. તે તેને સિસોદિયા તથા રાઠોડોનું પૂર્વ મિલન સમજતો હતો. તેને રોકવો જરૂરી હતો. આથી તેણે જોધપુર તથા ઈડરની મોગલ છાવણીઓને વધારે મજબુત કરી. અલગ-અલગ કરી દીધા. તેનાથી મહારાણા પ્રતાપની સ્થિતિ ખુબ વધારે નબળી થઈ ગઈ.

તેનાથી પ્રતાપ હતોત્સાહી ન થયા. લાંબાગાળાના મોગલ સંઘર્ષથી મેવાડની જનતામાં એક નિરાશા તથા ઉદાસિનતાની ભાવના ફેલાઈ ગઈ હતી. પ્રતાપ માટે આ નકારાત્મક ભાવનાને દુર કરવી. સૌથી પહેલુ કાર્ય હતું આથી કુંભલગઢને રાજધાની બનાવ્યા પછી. તેમણે સૌથી પહેલા મેવાડમાં નવી ચેતનાના સંચારનો આરંભ કરી દીધો. તેનાથી મેવાડની જનતાનો દેશ તથા જાતિ પ્રત્યે સ્વાભિમાન જાગી ઉઠ્યું. બધા પોતાની માન મર્યાદાની રક્ષા માટે તૈયાર થઈ ગયા. મેવાડના વનવાસી ભીલોને પણ રાજ્યની સ્વતંત્રતાની રક્ષા કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. બધા લોકો મેવાડની સ્વતંત્રતા તથા ગૌરવની રક્ષાનો સામનો કરવા માટે ખભાથી ખભો મિલાવીને ઉભા થઈ ગયા. મેવાડમાં એક નવા યુગનો પાયો નંખાયો.

મોગલો સાથે સંધિ કે યુદ્ધનો વિકલ્પ

એ સમયે અકબર પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવામાં લાગેલો હતો. તે એક ચતુર રાજનિતિજ્ઞ હતો. તેના ચરિત્રમાં સાવધાની, સાહસ વગેરે ગુણ રહેલા હતા, જે એક કુશળ શાસકમાં અનિવાર્ય રૂપે હોવા જોઈએ તે બધી રાજપૂત જાતિને પોતાને આધિન લાવવા ઈચ્છતાં હતો. તેનાથીજ તેના સામ્રાજ્યનો પાયો મજબુત થઈ શકતો હતો. છેવટે તે એક પાકો સામ્રાજ્ય વાદી હતો. બીજી તરફ મહારાણા પ્રતાપ મેવાડને હમેંશને માટે સ્વતંત્ર રાખવા ઈચ્છતાં હતા અને તે તેને પોતાનો ધર્મ સમજતા હતા. આ તે સારી રીતે સમજતા હતા કે મોગલોની આધીનતાનો અર્થ મેવાડની સાર્વભૌમિક સ્વતંત્રતાનું બલિદાન છે. આવુ કરવાથી ભલે તેમને સંઘર્ષમાંથી મુક્તિ મળી જશે અને તે એક સુખી જીવન જીવેશે, પરંતુ તેમના નામ સાથે ભાગેલો મહારાણા શબ્દ અર્થહીન થઈ જશે અને તે અકબરને આધીન એક જાગીરદાર માત્ર બનીને રહી જશે.

મોગલોની આધિનતા સ્વીકારી અનેક રાજપૂત રાજા અકબરને પોતાની પુત્રીઓ તથા બહેનોના લગ્ન કરી ચુક્યા હતા. મહારાણા પ્રતાપ તેને સૌથી વધારે અપમાનજનક વાત સમજતા હતા. તેમના પૂર્વજો પણ હંમેશા તેનો વિરોધ કરતા હતા. આથી તે એવું કરીને પોતાના વંશને કલંકિત કરવા ઈચ્છતાં ન હતા. પરંતુ એ અલગ વાત છે કે અકબર એકપક્ષીય લગ્ન સંબંધોનો સમર્થક ન હતો. તે ઈચ્છતી ન હતા પરંતુ એ અલગ વાત છે કે અકબર એકપક્ષીય લગ્ન સંબંધોનો સમર્થક ન હતો. તે ઈચ્છતાં હતો કે રાજપૂત રાજાઓ પણ મોગલ રાજકુમારીઓ સાથે લગ્ન કરે. વીરવિનોદમાં ઉલ્લેખ મળે છે કે તેણે (અકબરે) રાજપૂત રાજાઓ સમક્ષ આ પ્રકારના લગ્નના પ્રસ્તાવ રાખ્યા હતા. પરંતુ લોહીની શુદ્ધતા જાળવી રાખવા કે કોઈ અન્ય કારણોસર રાજપૂતોએ એવો સ્વીકાર કર્યો નહી આ વાત ઘણી હાસ્યાસ્પદ જણાય છે કે પોતાની બહેન-પુત્રીઓની ડોલી. મોગલ સમ્રાટના સ્ત્રીકક્ષ મોકલવામાં તો રાજપૂત રાજાઓને કોઈપણ પ્રકારની શરમ કે અપમાનનો અનુભવ થતો નહતો. પરંતુ

મુસલમાન રાજકુમારી સાથે લગાન કરવા તેમને પોતાની પ્રતિષ્ઠાને પ્રતિકુળ લાગતુ હતું, જ્યારે ઉપપત્નીઓના રૂપમાં મુસલમાન સ્ત્રીને રાખવામાં કોઈ પ્રતિબંધ નહતો.

આ પ્રકારની પરિસ્થિતિઓ પર વિચાર કરીને મહારાણા પ્રતાપે છેવટે મોગલના તાબાનો કયારેય સ્વીકાર નહી કરવાનો નિર્ણય લીધો. કારણ કે એક તરફ સંઘર્ષનો માર્ગ હતો બીજી તરફ અપમાનભર્યા જીવનની કિંમત પર સુખ સુવિધાઓ હતી. સંધિ તથા વિગ્રહ બંનેમાં કષ્ટ હતું પરંતુ યુદ્ધનું કષ્ટ ભયાજનક હોવા છતાં પણ કીર્તિ આપનાર હતું સન્માન પૂર્ણ જીવન જ મહાપુરુષો માટે સૌથી સારૃ હોય છે. તેમણે પણ સંઘર્ષનો સન્માન ભર્યા માર્ગ જ અપનાવવાનુ નક્કી કર્યું.

અકબર દ્વારા મિત્રતાના પ્રયાસો

અકબરની સામે સંપૂર્ણ ભારત વર્ષના સમ્રાટ થવાનું એક માત્ર લક્ષ્ય હતું ચિતોડ વિજય પછી અકબરે મેવાડ અભિયાન રોકી દીધુ હતું. કદાચ તે મેવાડના મહારાણાને એ વિચાર કરવાનો સમય આપવા ઈચ્છતાં હતો કે દિલ્હી સમ્રાટ સાથે મિત્રતા કરવામાં જ તેનું હીત છે. આ ગાળામાં પ્રતાપે બે મુખ્ય કાર્ય કર્યા- પહેલા ભાવી યુદ્ધને દયાનમાં રાખી ને કાર્યક્ષેત્રેનુ નિર્ધારણ તથા બીજુ પાડોશી રાજ્યો સાથે મિત્રતા ભર્યા સંબંધ જેથી મેવાડ પર મોગલાનો થયા સંભવ ઓછુ દબાણ પડે.

મેવાડના અભિયાનને સ્થગિત કરી દેવાનુ એક મહત્ત્વપૂર્ણ કારણ એ પણ હતું કે ૧૫૭૨ ઈ. સુધી અકબર સંપૂર્ણ ગુજરાત પર અધિકાર કરી શકયો ન હતો આથી તેને પહેલા ગુજરાતને તાબામાં લેવાનુ હતું. ઉદયસિંહ સાથે યુદ્ધમાં ખાસ સફળતા મળી ન હતી. એટલે તે ઈચ્છતાં હતો કે મેવાના નવા રાણા યુદ્ધ કર્યા વગર જ તેની સત્તાનો સ્વીકાર કરી લે તેના માટે તેણે પોતે પ્રયાસ કરવાનો આરંભ કરી દીધો. પોતાની આ યોજના અંતર્ગત તેણે ચાર વાર મહારાણા પ્રતાપ પાસે સંધિ પ્રસ્તાવ મોકલ્યા, જેનુ વર્ણન નીચે કરવામાં આવ્યુ છે.

જલાલ ખાં કોરચી દ્વારા સંધિ પ્રસ્તાવ

મહારાણા પ્રતાપના સિંહાસન પર બેઠાના છ મહિના પછી જ સપ્ટેમ્બર ૧૫૭૨ ઈ.માં અકબરે તેની પાસે પોતાનો પ્રથમ સંધિ પ્રસ્તાવ મોકલ્યો. આ પ્રસ્તાવ લઈને જલાલ ખાં કોરચીની અદયક્ષતામાં એક શિષ્ટ મંડળ પ્રતાપની પાસે પહોચ્યું. જલાલ ખાં કોરચી અકબરનો એક અત્યંત ચતુર, વાકપટુ તથા વિશ્વસનીય દરબારી હતો. મહારાણાએ તેનું ઉચિત સન્માન કર્યું પરંતુ આ પ્રસ્તાવનું કોઈ પરિણામ ન આવ્યું લગભગ બે મહીના સુધી બંને પક્ષે વાતચીત ચાલી અને નવેમ્બર ૧૫૭૨માં આ શિષ્ટ મંડળ પાછુ આવી ગયુ.

અકબર એ સમયે અમદાવાદમાં હતા સંધિ પ્રસ્તાવની નિષ્ફળતાથી તેને દુખ ભલે થયું હોય પરંતુ તે નિરાશ ન થયો. ત્યાર પછી પણ તેણે સંધિ પ્રસ્તાવોનો ક્રમ જાળવી રાખ્યો.

માનસિંહ દ્વારા સંધિ પ્રસ્તાવ

પ્રથમ પ્રસ્તાવની નિષ્ફળતા પછી અકબરે કોઈ રાજપૂતને જ મહારાણા પ્રતાપ પાસે મોકલવાનું ઉચિત સમજ્યા. તેની પાછળ અકબરની ખુબ મોટી ષડયંત્રની ચાલ હતી. એક તો સરખી જાતિની વાતોનો પ્રભાવ પ્રતાપ પડવાની સંભાવના હતી અને સરખી જાતિ સાથે અપનત્વની ભાવના થવી સ્વભાવિક હતું જો સફળતા ન મળે તો સરખી જાતિનું અપમાન થવાથી રાજપૂતોમાં પ્રતાપ પ્રત્યે વેરભાવનાનો ઉદય થવો સ્વભાવિક હતું એવુ થવું અકબરના હિતમાં હતું. આમ તો અકબરને પુરો વિશ્વાસ હતો કે મહારાણા પ્રતાપ ક્યારેય તેના પ્રસ્તાવનો સ્વિકાર નહી કરે. આથી આ સંધિ પ્રસ્તાવના માધ્યમથી તે પોતાને શાંતિનો સમર્થક અને પ્રતાપને નકામો હઠિલો સાબિત કરવા ઈચ્છતાં હતો.

પુરતો વિચાર કર્યા પછી અકબરે માનસિંહને મોકલવાનો નિર્ણય કર્યો. તે એક ઉચ્ચવંસનો યોગ્ય રાજપૂત હતો અને મોગલોની સેનામાં આવતા પહેલા તેના મેવાડ રાજ્ય સાથે ગાઢ સંબંધ હતા. આ પ્રતાપની જ જાતિનો હોવાની સાથે અકબરનો સંબંધી પમ હતો, કારણકે તેની ફોઈ જોધાબાઈ અકબર સાથે પરણી હતી.

ઈ.સ. ૧૫૭૩માં શોલાપુરના વિજય પછી માનસિંહ ડુંગરપુર અને સલુમ્બર થઈને ઉદયપુરની તરફ નીકળી પડ્યો. મહારાણા પ્રતાપ એ સમયે ઉદયપુરમાં જ હતા. સલુમ્બરના સામન્તોને માનસિંહની ઇચ્છાની ખબર પડી ગઈ હતી. તેમણે મહારાણાને તેની સુચના મોકલી દીધી અને સલાહ આપી કે તે માનસિંહને મળવાનો અસ્વિકાર કરી નાંખે. માનસિંહની પ્રવૃત્તિ તથા મનોભાવ જાણવા છતાં પણ મહારાણા પ્રતાપે તેને મળવાનો ઈન્કાર કરી તે રાજપૂતોના અન્ય શાસકોને નારાજ કરવા ઈચ્છતાં ન હતા. આથી જુન ૧૫૭૩માં માનસિંહના ઉદયપુર પહોંચવાથી તેમનું સન્માન કરવામાં આવ્યું. સદ્ભાવના ભર્યા વાતાવરણમાં બંને વચ્ચે વાર્તાલાપ શરું થયો. એ સમયે પ્રતાપના બધા મંત્રી તથા યુવરાજ અમરસિંહ પણ ત્યાં હાજર હતા.

આ વાર્તાલાપમાં મુખ્ય રૂપે માનસિંહ અકબરની ધર્મનિરપેક્ષ નીતિ તથા રાજપૂત રાજકુમારીઓ સાથે લગ્નની મુક્ત કંઠે પ્રશંસા કરી તથા મહારાણાને સલાહ આપી કે તે અકબરને ભારતના સમ્રાટના રૂપમાં સ્વીકારી તેની સાથે મિત્રતા કરી લે. પરંતુ પ્રતાપે રાજપૂતોની મોગલ દાસત્વનો સ્વીકાર કરી તેની સભામાં જવાનો અસ્વીકાર કરી દીધો.

વિભિન્ન મત

મહારાણા પ્રતાપ અને માનસિંહના મિલન અંગે ઘણી વાતો કહેવામાં આવે છે. રાજસ્થાનમાં પ્રચલિત વાર્તા પ્રમાણે મહારાણા પ્રતાપે વાર્તાલાપ પછી ઉદયસાગર સરોવરના કિનારે માનસિંહને ભોજન આપ્યુ. ભોજનના સમયે મહારાણા પ્રતાપે પેટ દુખાવાનું બહાનુ કરી યુવરાજ અમરસિંહને મોકલી દીધો. પ્રતાપ એવી શરતોની સ્વીકાર ન કરી શકતા હતા. જે તેમના અને મેવાડના સન્માનને પ્રતિકુળ હોય, આથી તેમણે ભોજનમાં ન જવાનો નિર્ણય લીધો. માનસિંહે અમરસિંહ પર ભાર મુક્યો કે ભોજનમાં મહારાણાને પણ બોલાવવામાં આવે. અમરસિંહ દ્વારા મહારાણાના પેટના દુખાવાની વાત બતાવવા છતાં માનસિંહ જિદ કરતા રહ્યા. આથી પ્રતાપે તેમની સાથે ભોજન કરવાનો સ્પષ્ટ અસ્વીકાર કરી દીધો, કારણકે અકબર સાથે પોતાની બહેનોના લગ્ન કરવાને કારણે મહારાણા પ્રતાપ તેના વંશને જાતિભ્રષ્ટ સમજતા હતા. આના પર માનસિંહે પડકાર ફેંકતા કહ્યુ- 'આ પેટના દુખાવાની દવા હું સારી રીતે જાણુ છું. અત્યાર સુધી તમારી ભલાઈ ઈચ્છી પરંતુ હવે આગળ સાવધાન રહેજો' આ રીતે જ્યારે અકબરે પ્રતાપના સન્માનને અનુકૂળ શરતોનો સ્વીકાર ન કર્યો તો સમાધાનની વાતચીતની પરંપરા પણ ખત્મ થઇ ગઈ.

માનસિંહ દ્વારા સ્પષ્ટ રીતે યુદ્ધની ચેતવણી આપવાથી રાજપૂતોએ કહ્યુ- 'યુદ્ધમાં તમારા ફુઆને પણ લેતાં આવજો' અને મહારાણા પ્રતાપે કહેવડાવ્યું- 'જો તમે તમારી સેના સાથે આવ્યા તો, માલપુરમાં તમારૂ સ્વાગત કરીશું અને જો તમારા ફુઆના બળ પર આવશો, તો જ્યાં અવસર મળશે ત્યાં તમારો સત્કાર કરવામાં આવશે.'

અપમાનિત થઈને માનસિંહ પાછો ચાલ્યો ગયો. માનસિંહના સન્માનમાં બનાવેલુ ભોજન સરોવરમાં ફેંકી દેવામાં આવ્યુ અને ત્યાંની ભૂમિને કોદાવી તેના પર ગંગાજળ છાંટવામાં આવ્યું.

રાજપ્રશસ્તિ તથા વંશભાસ્કર વગેરે કાવ્યોમાં આ ઘટના આજ રીતે મળતી-ભળતી સંક્ષિપ્ત રૂપમાં આપવામાં આવી છે. રાજપ્રશસ્તિ મહાકાવ્યમાં માત્ર એટલુ જ વર્ણન થયું છે કે ભોજનના સમયે મહારાણા અને માનસિંહ વચ્ચે કોઇ વિષય પર વૈમનસ્ય થઈ ગયું. રામકવિ દ્વારા જયસિંહના વિષયમાં લખાયેલા ઐતિહાસિક કાવ્યમાં વર્ણન છે કે ભોજનના સમયે માનસિંહે મહારાણાને કહ્યુ કે તમે ભોજન કરતા નથી, તો હું કેમ કરુ. મહારાણાએ કહ્યું- 'કુંવર તમે ભોજન કરો મને કંઈક પેટની તકલીફ છે, હું પછી કરી લઈશ.' માનસિંહે કહ્યુ કે 'હું તમને પેટનું ચૂર્ણ આપશી' ત્યારબાદ તેણે ભોજનનો થાળ સામેથી હટાવી દીધો સાથીઓ સાથે ઉભો થઇ ગયો. રૂમાલથી હાથ લુછ્યા પછી તે બોલ્યો 'કોગળા હું પાછો આવીશ ત્યારે કરીશ.'

રાના સૌ ભોજન સમય, ગહી માન યહ બાન ।

હમ ક્યો જે વૈ આપહુ, જેવન્ત હો કિન આન ।।

કુંવર આપ આરો ગિયે, રાના ભાખ્યો હેરી ।

મોહિ ગરાની કછુ, અબૈ જેઈહું ફેરી ।।

કહી ગરાની કી કુંવર, ભઈ ગરાની જોહિ ।

અટક નહી કર દેઉંગો, તરણ ચુરણ તોહિ ।।

દિયો ઠેલિ કાંસો કંવર, ઉઠે સહિત નિજ સાથ ।

ચુલૂ આન ભરિ હાં કહ્યો, પૌછ રૂમાલન હાથ ।।

અનેક ઇતિહાસકારોએ પણ મહારાણા દ્વારા માનસિંહના અપમાનની ઘટનાને સાચી માની નથી. તેમનો મત છે કે કર્નલ ટાંડ દ્વારા રાજપૂતોના ઇતિહાસમાં આ ઘટનાનો ઉલ્લેખ કરવો એકદમ અનુચિત છે. કારણકે તેનો આધાર સમાજમાં પ્રચલિત દંતકથાઓ છે આથી તેને પ્રમાણિક માની શકાય નહી.

પ્રતાપની તે સમયની નીતિઓનું વિશ્લેષણ કરવામાં પણ આ ઘટનાની સચ્ચાી પર સંદેહ થવા લાગે છે. તે સમયે પ્રતાપ પોતાના વિરોધીઓને એવો કોઈ અવસર આપવા ઈચ્છતાં ન હતા, જેનાથી પારસ્પરિક વેર ઉગ્ર રૂપ ધારણ કરી લે કારણ કે તે મેવાડની આંતરિક વ્યવસ્થા અને સંગઠનમાં વ્યસ્ત હતા. માનસિંહ તે સમયે રાજકુમાર જ હતા, આથી પ્રતાપ તેમની સાથે ભોજનમાં ન બેસે તો પણ અપમાનની કોઈ વાત ન હતી અને યુવરાજ તેમની સાથે ભોજન કરવા માટે બેઠા જ હતા. સૌથી મોટું પ્રમાણ જે માનસિંહના અપમાનની ઘટનાને ખોટી સાબિત કરે છે, તે છે આ ઘટના પછી ફરીથી અકબર દ્વારા સંધિ પ્રસ્તાવ મોકલવો. જો આવુ કોઈ અપમાન હોત તો અકબર તેના કેટલાક મહીના પછી ભગવાનદાસને આ સંધિ પ્રસ્તાવ માટે મેવાડ ન મોકલે, પરંતુ મેવાડ પર ચડાઈ કરી દે. તે સમયે કોઈપણ મુસલમાન ઇતિહાસકારે આ ઘટનાનું વર્ણન કર્યુ નથી.

અબુલ ફઝલ અને મુતમિદ ખાં એ લખ્યુ છે કે મહારાણા પ્રતાપે અકબરની ખિલઅત ધારણ કરી હતી, પરંતુ તેના દરબારમાં ઉપસ્થિત થવાનો અસ્વીકાર કરી દીધો હતો. આ વિધાન એકદમ અવિશ્વનિય જાણવા મળે છે. વીરવિનોદમાં સ્પષ્ટ લખ્યુ છે કે પ્રતાપે ખિલઅત ધારણ ન કરી અન્ય કોઈ ઇતિહાસકારોએ પણ ખિલઅત ધારણ કરવાને પુષ્ટી નથી આપી સર ટોમસ રો અને રાલ્પિચે સ્પષ્ટ લખ્યું છે પ્રતાપ માનસિંહ સામે કોઈપણ રીતે ઝુકયા નથી. આથી અબુલ ફઝલનું આ વર્ણન એકદમ અનુચિત પ્રતિત થાય છે, કારણ કે જો મહારાણાએ એવું કર્યુ હોય તો અકબરે તેનો સ્વીકાર કેમ ન કર્યો સંધિ પ્રતાવો આગળ કેમ ચાલતા રહ્યા.

એટલુ સ્પષ્ટ છે કે માનસિંહ અને મહારાણા પ્રતાપની વચ્ચે કોઈ સમજુતી થઈ શકી નહી. આથી માનસિંહે પણ નિષ્ફળ થઈને પાછુ ફરવું પડ્યું.

ભગવાનદાસ દ્વારા સંધિ પ્રસ્તાવ

કોરચી તથા માનસિંહ બંને જ પ્રતાપને મોગલ સામ્રાજ્યના તાબામાં ન લાવી શક્યા. બે વખત પ્રયત્ન કરવા છતાં નિષ્ફળ જવાથી અકબરે માનસિંહના પિતા ભગવાનદાસને મહારાણા પાસે મોકલવાનો નિર્ણય કર્યો અને સપ્ટમ્બર - ઓક્ટોબર ૧૫૭૩ ઈ.માં અમદાવાદ વિજય પછી તેણે મહારાણાને આદેસ આપ્યો. ભગવાનદાસ સેના લઈને નીકળી પડ્યો. મહારાણા પોતાની શક્તિનો પરિચય આપવા માટે તેણે માર્ગમાં વડનગર, રાવલિયા વગેરે પર અધિકાર કરી લીધો. આ વિજય પછી તે ઈડર પહોંચ્યો. ઈડરમાં તે રાજા નારાયણ દાસના અતિથિ બન્યા ત્યાં તેમને યોગ્ય સન્માન મળ્યુ. મહારાણા પ્રતાપ તે સમયે ગોગૂંદામાં હતા આથી ભગવાનદાસ ઈડરથી ગોગૂંદા પહોંચ્યા.

બંને વચ્ચે ફરીથી વાતચીત થઈ પ્રતાપે રાજપૂત હોવાના નાતે ભગવાનદાસનું યોગ્ય સન્માન કર્યું, પરંતુ મોગલોના દુતના રૂપમાં નહી આ વખતે પણ પ્રતાપે અકબરની આધીનતા તથા તેના દરબારમાં ઉપસ્થિત થવા માટે સહમત ન થયા. આથી અકબરનો આ પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો.

ટોડરમલ દ્વારા સંધિ પ્રસ્તાવ

ત્રણ સંધિ પ્રસ્તાવોની નીષ્ફળતા પછી પણ અકબર પ્રયાસ કરતો રહ્યો. તેણે ચોથો સંધિ પ્રસ્તાવ ડીસેમ્બર ૧૫૭૩માં ટોડરમલના માધ્યમથી મોકલ્યો. રાજા ટોડરમલ એક યોગ્ય સેનાપતિ તથા કુશળ રાજનીતિજ્ઞ હતા. તે એક ઉચ્ચકુળના હિન્દુ હતા અકબરને વિશ્વાસ હતો કે જે કાર્ય ત્રણ શિષ્ટમંડળ ન કરી શક્યા, તે ટોડરમલ કરી શકશે. ગુજરાતથી પાછા ફરતી વખતે ટોડરમલનું પણ સર્વથા યોગ્ય આદર-સત્કાર કરવામાં આવ્યો. સંધિ પ્રસ્તાવ અંગે વાતચીતમાં ટોડરમલે પુરો પ્રયત્ન કર્યો કે મહારાણા પ્રતાપ અકબરની સતાનો સ્વિકાર કરી લે અને ભવિષ્યના યુદ્ધથી બચે, પરંતુ તેને સફળતા ન મળી.

અબુલ ફઝલે લખ્યુ છે કે રાણાએ ટોડરમલ સામે ચાપલુસી તથા આધીનતા જેવા ભાવ પ્રદર્શિત કર્યા, પરંતુ અબુલ ફઝલનું આ વાક્ય પુર્વગ્રહો ભરેલુ લાગે છે જો આવુ હોત તો આગલ યુદ્ધની સ્થિતિ આવજ જ નહી.

પ્રતાપ સ્વતંત્રતા પ્રેમી હોવાની સાથેજ એક કુશળ રાજનીતિજ્ઞ પણ હતો. તેમણે અત્યંત બુધ્ધિમતા સાથે મોગલ સમ્રાટના શાંતિ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો. કદાચ શરુંઆતમાં તે તેમાં કેટલીક ખામીઓ જોઈને ટાળતો રહ્યો. તેથી અકબર ફરીથી દુત મોકલતો રહ્યો. તેથી મહારાણાને આ ગાળામાં પોતાની સૈન્ય શક્તિ તથા ભાવી યોજનાઓ બનાવવા માટે પુરતો અવસર મળી ગયો. તે મોગલોના દાસત્વને શરુંઆતથી જ પોતાના વંશની ગરિમાને પ્રતિકુળ સમજતા હતા. મેવાડની સ્વતંત્રતા માટે તે મોટામાં

મોટો ત્યાગ કરવા તત્પર હતા તેથી તે અકબરના દુતનો શાંતિ તથા ધૈર્યથી સામનો કરતા રહ્યા, તેથી તેનું કોઈ અયોગ્ય આચરણ મેવાડ માટે ઘાતક ન નીવડે.

અકબરના બધા શાંતિ પ્રસ્તાવો નિષ્ફળ થઈ જવાથી યુદ્ધ થવુ અવશ્ય ભાવી થઈ ગયું હતું. કારણ કે અકબર એ સહન ક્યારેય ન કરી શકતો હતો કે સમસ્ત રાજપૂતોનું મોગલ સત્તામાં આવી ગયા પછી મેવાડનું પણ સ્વતંત્ર અસ્તિત્વ જળવાઈ રહે. આ બધા દાવપેચ છેવટે લડાઈના માર્ગ પર લી જઈ રહ્યા હતા. પરંતુ એવુ લાગતું હતું કે અકબર અને પ્રતાપ બંનેના મનમાં શરુંઆતથીજ સ્પષ્ટ હતું કે તે એક બીજાની સાથે પ્રાણઘાતક યુદ્ધ થયા વીના રહેશે નહી પરાધીનતા તથા સ્વાધીનતાના જેના પ્રતિક બનેલા હતા, સમાધાન થાય જ નહી. પરંતુ એ બંનેની ધીરજ, ચાતુર્ય તથા સમજદારીનું પ્રમાણ છે કે તલવાર કાઢતા પહેલા બીજા બધા સાધનોની પણ પરીક્ષા કરી લેવામાં આવી. અકબરને પોતાને ચિત્તોડમાં જે ભોગવવું પડ્યુ, તે એ ભુલ્યો ન હતો. અને પ્રતાપ પણ આટલા મોટા પહાડ સાથે ટકરાવાનું ભવિષ્ય પણ જાણતો હતો એ વિચાર કે જો યુદ્ધથી બચવાનુ સંભવ હોય તો કેમ ન બચી શકાય, પહેલા તો એકબીજા સાથે વાતચીતનું રૂપ લેતાં રહ્યા. પરંતુ તેનું છેલ્લુ પરિણામ માત્ર એ નિકળ્યુ કે મેવાડમાં મોર્ચા બંધી થઈ ગઈ. આથી પ્રતાપ પણ ભાવી મોગલ આક્રમણનો સામનો કરવા માટે સંપૂર્ણ તૈયાર થઈ ગયા.

ચોથો અધ્યાય

હલ્દીઘાટીનું યુદ્ધ

ઈ.સ. ૧૫૭૨ના ઉતરાર્ધથી ૧૫૭૩ સુધીનો બધો સમય સંધિ પ્રસ્તાવમાં જ પસાર થઇ ગયો. અકબરના ષડયંત્રનું પ્રથમ ચરણ સમાપ્ત થઇ ગયું. તેમાં નિષ્ફળ જવાથી અકબરની પાસે યુદ્ધનો જ વિકલ્પ બાકી રહી ગયો, પરંતુ તેણે છતાં પણ મેવાડ પર એકાએક આક્રમણ ન કર્યું. ઈ.સ. ૧૫૭૪ થી ૧૫૭૬ સુધી રાહ જોતો હતો કે કદાચ પ્રતાપ સંધિ માટે સહમત થઇ જાય. તેમાં પણ કોઈ સફળતા ન મળી. આથી મેવાડ પર આક્રમણની તૈયારી કરવા લાગ્યો. તેથી આ પ્રતિક્ષા તેની મજબુરી હતી, કારણકે ૧૫૭૪માં તે બંગાળ અભિયાનમાં વ્યસ્ત હતો અને ૧૫૭૫માં ચંદ્રસેન અંગેના મામલામાં ઈ.સ.૧૫૭૬ ની શરુઆતમાં આ વ્યસ્તતાઓમાંથી મુક્ત થયા પછી તેણે મેવાડ અભિયાનની યોજના બનાવી.

અકબરનું મેવાડ અભિયાન

મેવાડ પર આક્રમણની યોજનાના કાર્ય રૂપે અમલમાં મુકવા માટે માર્ચ ૧૫૭૬માં અકબર પોતે અજમેર જઈ પહોંચ્યો. અજમેર પહોંચવા પાછળ તેનો ઉદ્દેશ હતો કે તે મેવાડ પર આક્રમણનું નજીકથી નીરિક્ષણ કરી શકે. લગભગ પંદર દિવસથી ઉંડી ચર્ચા-વિચારણા કર્યા પછી તેણે મેવાડ પર આક્રમણ કરવાવાળી સેનાના સેનાપતિ માનસિંહને બનાવવાનો નિર્ણય કર્યો અત્યાર સુધી મોગલ ઇતિહાસમાં પહેલો અવસર હતો કે જ્યારે કોઈ હિન્દુને સેનાપતિ બનાવીને મોકલ્યો હોય. અકબરના અનેક મુસલમાન સેનાપતિ માનસિંહને મુખ્ય સેનાપતિ બનાવવાના વિરુદ્ધમાં હતા. પછી જ્યારે યુદ્ધમાં મહારાણા પ્રતાપ પકડી શકાયા નહી, તો કેટલાક મુસલમાનોએ તેના માટે માનસિંહને દોષિત ગણાવ્યા. પ્રસિદ્ધ ઇતિહાસકાર બદાયુની પણ આ યુદ્ધમાં સાથે ગયા હતા. તે ઈચ્છતાં હતા કે નબીખાં નામનો સેનાપતિ પણ આ યુદ્ધમાં ભાગ લે. તેમણે નબીખાંને પણ સાથે આવવા કહ્યુ, પરંતુ કહેવામાં આવે છે કે માનસિંહ મુખ્ય સેનાપતિ હોવાને કારણે તેણે જવાની ના પાડી દીધી. તેણે કહ્યુ કે- ‘જો આ સેનાના સેનાપતિ એક હિન્દુ ન હોત તો, હું પહેલો વ્યક્તિ હોત જે આ યુદ્ધમાં ભાગ લેત.

આ વિરોધ હોવા છતાં પણ અકબરના નિર્ણયમાં કોઈ પરિવર્તન ન આવ્યું અને માનસિંહ મેવાડના વિજય માટે નીકળી પડ્યો.

કર્નલ જેમ્સ ટોડે ન જાણે કયા આધારે લખ્યુ છે કે મહારાણા પ્રતાપ વિરૃદ્ધ મોગલ સેનાનુ નેતૃત્વ અકબરના પુત્ર શહજાદા સલીમે કર્યું. તે સમયના કોઈપણ ઇતિહાસકારેએ નથી લખ્યુ કે આ યુદ્ધનો સેનાપતિ સલીમ હતો. ન તો અબુલફઝલ

અને ન તો બદાયુનીએ તેનું સમર્થન કર્યું છે. જ્યારે બદાયુની આ યુદ્ધમાં પોતે હાજર હતો. ઉદયપુરના જગદીશ મંદિરના શિલાલેખમાં પણ આ સમર્થન મળે છે. મહારાણા પ્રતાપ વિરૃધ્ધ યુદ્ધમાં મોગલ આક્રમણના સેનાપતિ માનસિંહ હતા. સૌથી મોટી વાત તો એ છે કે સલીમનો જન્મ ૩૦ ઓગષ્ટ ૧૫૬૯માં થયો હતો. અર્થાત આ યુદ્ધના સમયમાં તેની ઉમર લગભગ સાત વર્ષની હતી. આથી સાત વર્ષના બાળકને સેનાપતિ બનાવવો હાસ્યાસ્પદ કહેવામાં આવે. અબુલ ફઝલે લખ્યું છે- ”રાજા માનસિંહ જે અકબરના દરબારમાં પોતાની બુદ્ધિમતા, સ્વામીભક્તિ અને સાહસમાં અગ્રણી હતો અને તેને અન્ય પદોની સાથે ફરજંદનું ઉચ્ચ પદ પણ આપવામાં આવ્યું હતું, મહારાણા પ્રતાપના વિરૃધ્ધ લડવા માટે પસંદ કરવામાં આવ્યો.’ અન્ય ઇતિહાસકારોએ પણ આવું જ વર્ણન કર્યું છે.

માનસિંહને સેનાપતિ બનાવવાનું ઔચિત્ય

માનસિંહને સેનાપતિ બનાવવા પાછળ ઘણા કારણ હતા. તે એક વીર બુદ્ધિમાન, સ્વામી ભક્ત તથા યોગ્ય સેનાપતિ હતો. તે મોગલ સમ્રાટના યોગ્ય સેનાપતિઓમાં એક માનવામાં આવતો હતો. અકબરનો તેના પર વિશેષ પ્રેમ હતો. આ સ્નેહ અને વિશ્વાસને કારણે અકબરે તેને ફર્જન્દ (પુત્ર) પદવી આપી હતી. મહારાણા કુંભાએ આમેરના શાસક મેવાડના દરબારની સેવામાં હતા. ભગવાનદાસ પોતે ઉદયસિંહના દરબારમાં રહી ચુક્યો હતો, પરંતુ પછી તેણે અકબરની સેવા કરવાનું સ્વીકારી લીધું. તેથી મહારાણા પ્રતાપ માનસિંહને પોતાનો એક બળવાખોર જાગીરદારથી વધુ મહત્ત્વ આપતા ન હતા. આથી સમજવામાં આવે છે કે પોતાના બળવાખોર જાગીરદારને રણભૂમિમાં જોઈને મહારાણા પોતાનો વિવેક ખોઈ દેશે તથા મારવા પર ઉતરી આવશે. આ રીતે તેને અનાયાસે જ યુદ્ધમાં મારી દેવામાં આવશે.

એક અન્ય કારણ એ પણ હતું કે માનસિંહ અને તેના પિતા ભગવાનદાસ મહારાણાની પાસે અકબરનો સંધિ પ્રસ્તાવ લઈને ગયા હતા, જેનો પ્રતાપે અસ્વીકાર કર્યો હતો. અનુમાન લગાવવામાં આવે છે કે સ્વભાવિક રૃપથી માનસિંહના મનમાં પ્રતાપ પ્રત્યે પ્રબળ વિરોધની ભાવના હશે. આથી માનસિંહ મહારાણાનો નાશ કરવા માટે પુરી શક્તિથી લડશે માનસિંહ રાજપૂત હતો. આથી તેને સેનાપતિના રૃપમાં જોઈને જ મોગલ સેનાના રાજપૂત મહારાણા વિરૃધ્ધ લડી શકતા હતા. મેવાડના રાજઘરાના પ્રત્યે રાજપૂતોના હૃદયમાં અપાર શ્રધ્ધા હતી. મોટાભાગના રાજપૂત શાસક મેવાડના તાબામાં રહી ચુક્યા હતા. પરિણામે અત્યારે પણ મોગલ પક્ષના રાજપૂત મહારાણાની વિરુધ્ધ લડી શકતા હતા. મેવાડના રાજઘરાના પ્રત્યે રાજપૂતોના હૃદયમાં અપાર શ્રધ્ધા હતી. મોટાભાગના રાજપૂત શાસક મેવાડના તાબામાં રહી ચુક્યા હતા. પરિણામે અત્યારે પણ મોગલ પક્ષના રાજપૂત મહારાણાની વિરૃધ્ધ લડવામાં સંકોચ કરી રહ્યા

હતા. માનસિંહને આ યુદ્ધમાં સેનાપતિ બનાવીને અકબર રાજપૂતોના આ સંકોચને દુર કરવા ઈચ્છતાં હતો.

અકબર પરિસ્થિતિને સારી રીતે સમજતો હતો તેથી આ સમયની પરિસ્થિતિઓને નિયંત્રણમાં રાખવા માટે તેણે માનસિંહને સેનાપતિ બનાવ્યો. તે સાથે જ તેણે ઘણી ચતુરાઈથી કામ લીધું. તે જાણતો હતો કે એક રાજપૂત બીજા રાજપૂત સાથે ગમે તેટલો લડે, પરંતુ વિધર્મી મોગલ સામ્રાજ્ય સાથે લડતી વખતે તેને મહારાણા પ્રતાપ સાથે જ સહાનુભૂતિ થઈ શકે છે. એ વાતને ધ્યાનમાં રાખીને તેણે માનસિંહની સાથે અન્ય સેનાપતિના રૂપમાં આસફખાં, મીરબક્શી, સૈયદ હમીમ બરહા, સૈયદઅશમદ ખાં, મિહતરખાં, ખ્વાજા મહમ્મદ રફી મહાબલે ખાં, મુજાહીદ ખાન વગેરે મુસલમાનને મોકલ્યા.

માનસિંહનું મેવાડ પ્રસ્થાન

૩ એપ્રિલ ૧૫૭૬ના દિવસે માનસિંહ સેના થઈ મેવાડ વિજય માટે નીકળી પડ્યો. કેટલાક દિવસો પછી તે માંડલગઢ પહોંચ્યો. જ્યાં તે બે મહિના સુધી રોકાયો કેમ કે બાકીની સેનાને પણ અહી સાથે આવી આગળ જવાનું હતું એ સાથે જ મહારાણા દ્વારા ખાલી કરાવવામાં આવેલી વસ્તીઓમાં સૈનિક ચોકીઓ પણ સ્થાપિત કરવાની હતી. એની પાછળ એક કારણ એ પણ હોઈ શકે છે સંભવતઃમાનસિંહે એમ વિચાર્યુ હોય કે આટલા સમય સુધી માંડલગઢમાં રોકાઈ રહેવાથી મેવાડની સેના ખિજાઈને ઉત્તેજિત થઈ જાય અને તે મોગલ સેના પર આક્રમણ કરી દે. આમ થવાથી તેને અનાયાસે સફળતા મળવાની સંભાવના હતી. કેટલાક લેખકોએ તેનું કારણ જણાવતા લખ્યું છે કે, માનસિંહ મહારાણાને સંધિની એક તક આપવા માંગતા હતા, પરંતુ સમસ્ત વૃત્તાંતને જોતા આ સંભાવના સાચી લાગતી નથી.

બે મહીના સુધી માંડલગઢમાં રહ્યા બાદ પોતાના સૈન્યબળમાં વધારો કરી માનસિંહ ખમણોર ગામની પાસે પહોંચ્યો. એ પછી ગોબેલા ગામમાં તેણે તેની વિશાળ સેનાનો પડાવ નાંખ્યો. આ ગામ બનાસ નદીના બીજા છેડે છે. આનાથી માત્ર દસ માઈલના અંતર પર મહારાણાનું સૈન્ય શિબિર પણ હતું. અહી પડાવ નાંખ્યા બાદ માનસિંહે સેનાના શિબિર લગાવ્યા તથા ખાદ્ય સામગ્રીની વ્યવસ્થા કરવામાં લાગી ગયો. બધી વ્યવસ્થા થઈ ગયા બાદ તે યુદ્ધની રૂપરેખા બનાવવા લાગ્યો.

મહારાણાની તૈયારીઓ

અકબર જેવા બળવાન શત્રુની સેનાનો સામનો કરવો કોઈ સરળ કામ ન હતું. પરંતુ પ્રતાપ તેનો સામનો કરવા તૈયાર હતા. તેમને માનસિંહની બધી હીલચાલની માહિતી દરેક સમયે મળતી રહેતી હતી. તે યુદ્ધની રાહ જોઈ રહ્યા હતા. તે ગોગૂંદા પહોંચી ગયા. તેમણે પોતાના આધીન મેવાડના મેદાની ભાગોને ઉજાડીને સાફ કરી

નાંખ્યા જેથી શત્રુઓને ભોજન, ઘાસ, આશ્રય અથવા અન્ય કોઈ પદાર્થ મળી ન શકે. જે સ્થાન પર ભાવિ યુદ્ધ થવાનું હતું. અહી તેમણે છાપામાર યુદ્ધની પણ સરસ વ્યવસ્થા કરી લીધી. મેવાડના સૈનિકોને ઘાટીના પહોળા અને તંત્ર ભાગોમાં નિયુક્ત કરી દીધા. આ સૈનિકોની સ્થિતિ એટલી સુરક્ષિત હતી કે તેમની નજીક પહોંચવા માટે શત્રુના સૈનિકોએ સ્થિતિ એટલી સુરક્ષિત હતી કે તેમની નજીક પહોંચવા માટે શત્રુના સૈનિકોની સ્થિતિ એટલી સુરક્ષિત હતી કે તેમની નજીક પહોંચવા માટે શત્રુના સૈનિકોએ એક પછી એક જવુ પડતું હતું તથા લગભગ દોઢ માઈલનો રસ્તો પાર કરવો પડતો. આ રસ્તો એટલો સાંકડો હતો કે એનાથી બે સૈનિકો એક સાથે નીકળી શકતા ન હતા અને ઘોડાને લઈને તો એથી પણ વધુ મુશ્કેલીથી જઈ શકાતુ હતું. ક્યાંક-ક્યાંક તો રસ્તો એટલો સાંકડો હતો કે એકલા વ્યક્તિને પણ ખૂબ સાવધાનીથી આગળ વધવુ પડતું હતું. સમસ્ત ઘાટી પહાડીઓથી એ રીતે ઘેરાઈ હતી કે શત્રુ જો કવાર તેમાં ફસાય તો તેમાં તેણે પોતાના જીવની બાજી લગાવવા બરાબર હતું. થોડા સૈનિકો પણ અહી રહી વિશાળ શત્રુ સેનાનો સામનો કરી શકતા હતા. મેવાડના સૈનિકો આ દુર્ગમ માર્ગોથી સારી રીતે વાકેફ હતા એથી કોઈ પણ સંકટ સામે તે સરળતાથી સુરક્ષિત સ્થાનો પર પહોંચી શકતા હતા. મોગલોની સેના માટે આ સ્થાનો પર જવું અત્યંત મુશ્કેલ હતું. મેદાની વિસ્તારોમાં તો તે વીરતાથી લડી શકતા હતા પરંતુ આ ઘાટીઓમાં લડવું તેમના માટે અશક્ય હતું. સ્થાનિક સૈનિકો ખોરાક ન મળવા સમયે જંગલી ફળ ફુલ ખાઈ ગુજરાન કરી શકતા હતા પરંતુ મોગલ સૈનિકો માટે આમ કરી શકવું અશક્ય હતું યુદ્ધ માટે પ્રાકૃતિક રીતે સર્વથા ઉપયુક્ત એ સ્થાન નાથાદ્વારાથી અગિયાર માઈલ દૂર દક્ષિણ-પશ્ચિમમાં છે ગોગૂંદા અને ખમણૌર વચ્ચેની દુર્ગમ પહાડીઓ આમાં જ એક અત્યંત સાંકડી ઘાટીનું નામ છે હલ્દીઘાટી, અહી હળદર જેવા પીળા રંગની માટી મળે છે જેથી તેનું નામ હલ્દીઘાટી છે. શરુંઆતમાં મહારાણા પ્રતાપ માંડલગઢ જઈને જ માનસિંહનો સામનો કરવા ઈચ્છતાં હતા પરંતુ માનસિંહની સશક્ત સ્થિતિ જોઈ મેવાડના સામંતોએ તેમને આમ ન કરવાની સલાહ આપી અને યુદ્ધ માટે હલ્દીઘાટીની પસંદગી કરવામાં આવી, જેનો પ્રતાપે સ્વીકાર કરી લીધો.

પ્રતાપની સેનામાં તે સમયે ગ્વાલિયરના રામસિંહ તંવર (પોતાના બધા પુત્રોની સાથે) કૃષ્ણદાસ ચુડાવતા રામદાસ રાઠોડ, ઝાલા માનસિંહ રાવત, પુરોહીત ગોપીનાથ, શંકરદાય, ચારણ જેવા પુરોહિત જગન્નાથ, કોરાવ, હકીમ ખાં સૂર વગેરે મુખ્ય સેનાવી હતી.

બંને પક્ષોની પાસે કેટ-કેટલી સેના હતી એ અંગે વિભિન્ન પુસ્તકોમા અલગ-અલગ વર્ણન મળે છે. મેવાડના ખ્યાતોના અનુસાર માનસિંહની સેનામાં ૮૦ હજાર તથા પ્રતાપની સેનામાં વીસ હજાર સવાર હતા. નૈનસીના અનુસાર માનસિંહની પાસે ૪૦ હજાર તથા મહારાણા પાસે નવ-દસ હજાર સૈનિક હતા. ટૌડે લખ્યું છે મહારાણા પ્રતાપ

બાવીસ હજાર રાજપૂત સૈનિકોને લઈ યુદ્ધ મેદાનમાં ગયા. જેમાંથી આઠ હજાર જ જિવિત રહ્યા બાકીના ૧૪ હજાર વીરગતિ પામ્યા. કેટલાક અન્ય લેખકોના અનુસાર પ્રતાપની સેનામાં લગભગ ત્રણ હજાર ઘોડેસવાર, બે હજાર પવિદળ, એકસો હાથી તથા એકસો ભાલા, નગારથી વગાડવાવાળા હતા.

અનેક આધુનિક ઇતિહાસકારોનો મત છે કે આ સંખ્યા વધારીને લખવામાં આવી છે. સમકાલીન મુસ્લિમ ઇતિહાસકારોના અનુસાર માનસિંહ પક્ષે માત્ર પાંચ હજાર સૈનિક હતા અને મહારાણાની સૈનિક સંખ્યા ત્રણ હજાર હતી. ડો.શર્માએ તેમના નવા સંશોધન પ્રમાણે મહારાણીની પાસે ૩ હજાર અશ્વારોહી, ૨ હજાર પાયદળ, એકસો હાથી તથા કેટલાક અન્ય સૈનિક બતાવ્યા છે. મોટાભાગના વિદ્વાનોનો મત છે કે મહારાણાની સૈનિક સંખ્યા માત્ર ત્રણ હજાર સ્ત્રી આ ઉપરાંત ભીલોની પણ કંઈક સેના હતી. યુદ્ધ શરું થવાના એક દિવસ અગાઉ મહારાણા પ્રતાપના જાસૂસોએ તેમને માહિતી આપી કે, માનસિંહ પોતાના કેટલાક સૈનિકોને લઈ શિકાર માટે ગયો છે. આ સમાચાર મળતા જ કેટલાક સામંતોએ સલાહ આપી કે, તક જવા દેવી ન જોઈએ. પરંતુ મહારાણા પ્રતાપે રાજપૂતોની પરંપરાને ટાંકતા શત્રુને દગાથી મારવાનો ઈન્કાર કરી દીધો.

શત્રુ પ્રત્યે આદર્શભાવની આ કોઈ નવી વાત ન હતી. આ ભાવનાના કારણે ભારતીય ઇતિહાસના અનેક વીર પુરુષોએ ઘણીવાર હારનો સામનો કરી જીવ ગુમાવ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી જ યુદ્ધમાં આદર્શનું મહત્ત્વ બતાવ્યું છે. વેદોમાં પણ પર્વતોમાં છુપાઈને સૂતેલા સાબરને ઈન્દ્ર દ્વારા માર્યાનું વર્ણન મળે છે. ભગવાન કૃષ્ણે પણ યુદ્ધમાં કોઈ પ્રકારના આદર્શને સ્થાન ન આપ્યું.

કેટલાક અન્ય પુસ્તકોમાં લખ્યું છે કે માનસિંહની હત્યા ન કરવાની સલાહ બીદાઝાલાએ આવી હતી. નૈનસીએ લખ્યું છે, માનસિંહને મહારાણા પ્રતાપની ખમણૌર આવવા સુધીની ખબર પણ પડી ન હતી આવી પરિસ્થિતિમાં મહારાણા પ્રતાપ ઈચ્છતાં તો રાત્રે જ હુમલો કરી શક્યા હોત.

આ વાતનો વિરોધ પ્રતાપે કર્યો હોય કે ઝાલાએ પરંતુ આમ કરવું એ ભયંકર ભૂલ હોત. જો માનસિંહની હત્યા કરવામાં આવી હોત તો સંભવત:મેવાડનો ઇતિહાસ કંઈક અલગ જ હોત. છત્રપતિ શિવાજીની મહાન સફળતાઓ પાછળનું એક કારણ એ પણ છે કે તેમણે યુદ્ધમાં ક્યારેય આવા આત્મઘાતી હૂમલાને સ્થાન આપ્યું ન હતું.

મોગલ સેનાનો સામનો

યુદ્ધને કાર્ય રૂપ આપવા માટે મોગલ સેનાપતિ માનસિંહે ખમણૌર નજીક મોલેલા ગામમાં શિબિર લગાવી. મહારાણાના દુતોએ આ સમાચાર મહારાણા સુધી પહોંચાડ્યા. પ્રતાપ પોતાની સેનાને લઈને હલ્દીઘાટીની બીજી તરફ પહોંચી ગયા. આ યુદ્ધ જુન ૧૫૭૬ના ત્રીજા અઠવાડિયા (કેટલાક પુસ્તકોના મતે ૧૮ જુન તથા કેટલાક પુસ્તક

પ્રમાણે ૨૧ જુનના) ના અંતમાં લગભગ સવારે ૮ વાગ્યાથી આરંભ થયો. યુદ્ધ ભૂમિમાં પ્રતાપે પોતાની સેનાને મેવાડની પરંપરાગત યુદ્ધ શૈલી પ્રમાણે તૈયાર કરી આ શૈલીમાં યુદ્ધ ભૂમિમાં સેનાને હરાવલ, ચંદ્રાવલ, દક્ષિણ પાર્શ્વમાં ગોઠવવામાં આવે છે. હરાવલ સેનાના સૌથી આગળના ભાગને કહેવામાં આવે છે ચંદ્રાવલ સૌથી પાછળના ભાગને વામ પાર્શ્વ હરાવલથી થોડી પાછળ ડાબી તરફ તથા દક્ષિણ પાર્શ્વ તેના પ્રમાણે અંતરમાં જમણી તરફના ભાગને કહેવામાં આવે છે. આ બધાની વચ્ચે રાજાનું સ્થાન હોય છે.

હરાવલ ભાગનો નેતા હકીમ ખાં સુર હતા. તેના સહયોગીના રૂપમાં મેવાડના ખાસ સામન્ત હતા, જેમાં સલુમ્બરના ચુડાવત કૃષ્ણાદાસ, સરદાર ગઢના ભીમસિંહ, દેવગઢના રાવત સાંગા, જયમાલના પુત્ર રામદાસ વગેરે મુખ્ય હતા. દક્ષિણ પાર્શ્વમાં ગ્વાલિયરના શાસક રામશાહ, તેના ત્રણ પુત્ર તથા અન્ય વીર યોદ્ધા હતા. વામ પાર્શ્વના નેતા ઝાલા માનસિંહ હતા. જેની સાથે ઝાલાબીદા, માનસિંહ સોનગરા વગેરે સહયોગી હતા. ચંદ્રાવલમાં પાનરવાના પુંજાનું નેતૃત્વ હતું અને તેની સાથે સહયોગીના રૂપમાં જગન્નાથ, ગોપીનાથ, મહતા રત્નચંદ્ર, મહાસાણી જગન્નાથ, ચારમ કેશવ તથા જેસા હતા. આ બધાના કેન્દ્રમાં મહારાણા પ્રતાપ પોતાના મંત્રી મામા શાહ તથા તેના ભાઈ તારા ચંદ્રની સાથે હતા.


ભીલોની પાયદલ સેના પોતાના પ્રારંભિક તીર, કમાન વગેરે શસ્ત્રોની સાથે પૂજાના નેતૃત્વમાં આસ-પાસની પહાડીઓમાં ગોઠવાયેલા હતા. આખી સેના પોતા પોતાના નેતાઓના આદેશની રાહ જોઈ રહી હતી. બધા વીરોના મનમાં માતૃ ભૂમિની રક્ષા માટે બલિદાન થઈ જવાનો ભાવ અને મહારાણામાં અપાર શ્રદ્ધા હતી.

માનસિંહ પોતાની સેનાની સાથે હલ્દીઘાટીની બરોબર નીચે થોડા પહોળા પરંતુ ઉબડ ખાબડ સ્થાન પર પહોંચી ગયો. આજકાલ આ સ્થાન બાદશાહ બાગ કહેવામાં આવે છે. તેની એક તરફ ખમણોર તથા બીજી તરફ ભાગલનું ક્ષેત્ર છે. માનસિંહની સેનાની વ્યૂહરચના આ પ્રકારે હતી. સૌથી આગળ હરાવલ ભાગમાં સૈયદ હાસિમનું નેતૃત્વ હતું. તેની સાથે મોહમ્મદ બાદવશી રફી રાજા જગન્નાથ અને આસફ ખાં હતા. દક્ષિણ પાર્શ્વમાં સૈયદ અહમદ ખાં નુ નેતૃત્વ હતું. વામ પાર્શ્વમાં ગાજીખાં, બાદકશી તથા રાજા લુણકરણ હતા. તથા ચંદ્રાવલમાં સૌથી પાછળ મિહતર ખાં અને માધોસિંહ હતા. મુખ્ય સેનાપતિ માનસિંહ હાથી પર બેઠેલો કેન્દ્રમાં હતો. તેની સાથેજ ઇતિહાસકાર બદાયુની પણ આ યુદ્ધની ઘટનાઓને લિપિબદ્ધ કરવા માટે આવ્યો હતો. તેના અંગરક્ષકોને એક વિશિષ્ય દળની સાથે રાખવામાં આવ્યા હતા.

હલ્દી ઘાટીમાં મહારાણાની સેનાની વ્યૂહ રચના

મોગલસેના

મહારાણાની સેના



ઝાલા માનસિંહ
ઝાલા બીદા
માનસિંહ સોનગરા

મહારાણા પ્રતાપ
ભામા શાહ
તારાચંદ્ર

રામશાહ તથા તેના ત્રણ
પુત્રો શાલિવાહન ભગવાનસિંહ
અને પ્રતાપસિંહ

ચન્દાવલ

પૂંજા

પુરોહિત ગોપીનાથ

જગન્નાથ મહતારત્નચંદ્ર

મહારાણી જગન્નાથ


ચારણ કેશવ

જેસા

બંને સેનાઓ યુદ્ધ માટે

એકબીજાથી થોડા અંતરે જ ઉભી હતી. મહારાણા પ્રતાપના અભિષેક પછી મોગલ સમ્રાટ અકબર સાથે તેનુ પ્રથમ યુદ્ધ હતું.

મોગલ સેનાની વ્યૂહ રચના



માધોસિંહ

મિહતર ખાં

થોડા સમય સુધી બંને સેનાઓ એક બીજા પર આક્રમણની રાહ જોવા લાગી. રાજુને સવારે મેવાડનો હાથી રાજકિય ધ્વજા ફરકાવતો બહાર આવ્યો. સેનાની સૌથી આગળ સેનાપતિ સુરને જોતા જ રાજપૂતો તરફથી રણશિંગુ, તુરહી વગેરે વાદ્યોનો ઉદ્‌ઘોષ થવા લાગ્યો. સેનાપતિ હકિમ ખાં સુરના નેતૃત્વમાં મહારાણાનું હરાવલ દળ શત્રુઓના હરાવલ દળમાં ઘમાસાન યુદ્ધ ચાલી રહ્યું હતું. રસ્તો એકદમ ઉબડખાબડ હતો. મેવાડની સેના આવા સ્થાનોથી પરિચિત હતી, પરંતુ મોગલ સેના માટે આવા સ્થાનો પર યુદ્ધ કરવુ કઠિન હતું. આથી પહેલાજ હુમલામાં મોગલોના પગ ઉખડવા લાગ્યા અને તેમની હાર નિશ્ચિત દેખાવા લાગી.

પ્રથમ સફળતાથી મેવાડના સૈનિકોનો ઉત્સાહ વધી ગયો. તે ઘાટીમાંથી નીકળીને બાદશાહ બાગ સુધી પહોંચી ગયા. આ સ્થાન મોગલ સેના માટે પણ અનુકુળ હતું અને અહીયા સેના યુદ્ધ માટે સંપૂર્ણ તૈયાર હતી. આ જોઈને હકીમ ખાં સુર અને રાણા કીકા પોતાના સૈનિકો સાથે મોગલ સેનાના કેન્દ્રિય દલ પર તુટી પડ્યા. ઘમાસાણ યુદ્ધ શરુ થઇ ગયું. બંને પક્ષોની સેના પુરા ઉત્સાહ સાથે જોડાઇ ગઈ. યુદ્ધ ક્ષેત્ર ઘાયલોના

ચિત્કારો, હાથીઓની ચીઘાડો, ઘોડાના હણહણાટ તથા ધનુષોની ટંકારથી ગુંજી ઉઠ્યુ. મેવાડની સેનાનો મોગલ સેનાના વામ પાર્શ્વ પર એટલો ભારે દબાવ પડ્યો કે તેનું ટકવુ મુશ્કેલ બની ગયું. તેમાં અરાજકતા ફેલાઈ ગઈ. ગ્વાલિયરના પદ્ચ્યુત નરેસ રામશાહનું શૌર્ય પ્રદર્શન અદ્ભૂત હતું. રાજપૂત સેનાનું દબાણ સતત વધતુ જતું હતું મોગલોની સેનાના હરાવલ તથા વામપાર્શ્વનું ટકવુ મુશ્કેલ થઈ ગયુ અને આ બંને દલ યુદ્ધભૂમિમાંથી ભાગી ગયા. તેમાં ગાજી ખાં, આસફ ખાં તથા માનસિંહના રાજપૂત સૈનિક પણ હતા. કેટલાય મોગલ સૈનિક યુદ્ધ ભૂમિથી દસબાર માઈલ સુધી ભાગી ગયા.

રાજપૂતો આ વિજયથી મોગલ સેનાનું મનોબળ ઘટવા લાગ્યું. પ્રતિત થવા લાગ્યું કે મોગલ સેના ચોક્કસ હારી જશે. બરહાના સૈયદ મોગલ સેના તરફથી હજી સુધી વીરતા પૂર્વક લડી રહ્યા હતા. પોતાની સેનાને ભાગતા જોઈને મોગલ સેનાના ચંદ્રાવલ ભાગમાં રહેલા મિહતર ખાં આગળ વધ્યો, તેણે યુક્તિથી કામ લેતાં ઉંચા અવાજે અકબરના પહોંચવાની ખોટી ઘોષણા કરતા કહ્યું કે- 'બાદશાહ સલામત પોતે આવી ચુક્યા છે' આ ઘોષણાથી સ્થિતિ પલટાઈ ગઈ. ભાગી ગયેલી મોગલ સેના પાછી ફરી અને નવા જોશ અને ઉમંગ સાથે યુદ્ધ કરવા લાગી.

ફરીથી નવા ઉત્સાહ સાથે યુદ્ધનો આરંભ થઈ ગયો. યુદ્ધ કરતા કરતા બંને સેનાઓ ખમણોર તથા ભાગલની વચ્ચે બનાસ નદીના કિનારે ખુન કી તલાઈ નામના સ્થળે પહોંચી ગઈ. અહીયા મેવાડની સેનાએ અદ્ભૂત વીરતાનું પ્રદર્શન કર્યુ. તેના પ્રહારોથી મોગલસેનાનો મહાવિનાશ થવા લાગ્યો. વનવાસી ભીલોએ પણ પોતાના પારસ્પરિક હથિયારોથી અપૂર્વ વીરતા દેખાડી તેમના દળ પહાડીઓમાંથી નીકળીને મોગલ સેના પર તુટી પડ્યા. મોગલ સેનાએ મેવાડની સેના સાથે વીરતા પૂર્વક પોતાની રક્ષા કરી. હજી સુધી મહારાણાની સેનાના બે વીર ગ્વાલીયરના રામશાહ તથા જયમાલનો પુત્ર રામદાસ વીરગતી પામી ચુક્યો હતો.

રાજપૂતોનો વધતુ દબાણ જોઈને માનસિંહ પણ યુદ્ધ ભૂમિમાં ઉતરી પડ્યો હાથી પર બેસીને તે યુદ્ધ કરી રહ્યો હતો. રાજપૂત સૈનિક તેમનો સામનો કરવા લાગ્યા ત્યારે મોગલ શાહી હાથીઓના દળનો સેનાપતિ હુસેન ખાં પણ યુદ્ધ કરવા આવી ગયો. મહારાણાના હાથી સવાર તેની સામે કરવા લાગ્યો. તેમના એક હાથી પર શત્રુઓએ ઘાત લગાવીને હુમલો કરી દીધો. પરિણામે તેનો મહાવત ગંભીર રીતે ઘાયલ થઈ ગયો અને તે હાથીને મોગલોએ પોતાના કબજામાં લઈ લીધો.

તે સમયના યુદ્ધમાં હાથીઓનું યુદ્ધમાં ખાસ મહત્ત્વ હતું. હલ્દીઘાટી યુદ્ધમાં હાથીઓની લડાઈનું વિશેષ વર્ણન થયું છે. માનસિંહ હાથી પર બીરાજમાન હતો. તેણે હાથીઓની લડાઈમાં સારા દાવ પેચ દેખાડ્યા. રાજપૂતોના લુના હાથી તથા મોગલોના ગજમુખ હાથીની પરસ્પર લડાઈ થઈ ગઈ. લુનો ગજમુખને પરાજિત કરી દીધો.

ગજમુખને હારતો જોઈ મોગલ સેનાના કોઈ સૈનિકે લુનાના મહાવત પર હુમલો કરી દીધો. પરિણામે મહાવત ઘાયલ થઈ ગયો. ગજમુખ પાછો ફરી ગયો હતો. લુના પણ પોતાના ઘાયલ મહાવતને લઈને પાછો ફરી ગયો.

મહારાણાની સેનામાં રામપ્રસાદ નામનો એક અંત્યત કુશળ અને તાલીમબધ્ધ હાથી હતો. સમ્રાટ અકબર પણ આ હાથીની પ્રશંસા સાંભળી ચુક્યો હતો. કહેવામાં આવે છે કે તેણે ઘણીવાર મહારાણા પાસે આ હાથી માંગ્યો પણ હતો. લુના પાછો ફરવાથી રાજપૂતોએ રમપ્રસાદને યુદ્ધ ભૂમિમાં ઉતારવો પડ્યો. તેને રામશાહનો પુત્ર પ્રતાપસિંહ તંવર સંચાલિત કરી રહ્યો હતો. યુદ્ધ ભૂમિમાં ઉતરતાજ રામપ્રસાદે મોગલ સેનામાં ખળભળાટ મચાવી દીધો. તેણે મોગલોની સેનાને કચડવાની શરુંઆત કરી દીધી. પોતાના સૈનિકોનો વિનાશ જોઈને મોગલ સેના પરેશાન થઈ ગઈ. રામપ્રસાદનો સામનો મોગલસેનાનો હાથી ગજરાજ કરી રહ્યો હતો, જેનો સંચાલક કમલખાન હતો. રામપ્રસાદની સમક્ષ ગજરાજ ફીકો પડી ગયો. આ જોઈ મોગલ સેનાએ પોતાનો એક અન્ય હાથી, રણમંદરને પણ મેદાનમાં ઉતારી દીધો. હવે મોગલોના બે હાથી રામપ્રસાદનો સામનો કરવા લાગ્યા. રામપ્રસાદ આ બંને સામે ઝઝુમી રહ્યો હતો. છેવટે મોગલ સેના આ જ ઈચ્છતી હતી. તેમણે રામપ્રસાદ પર તીરોની વર્ષા કરી દીધી, જેનાથી મહાવત માર્યો ગયો. તેનો સારો મોકો જોઈને બંને મોગલ હાથીઓને રામપ્રસાદ સાથે ભીડવી દીધો અને તેના ફસાવી દીધો લીધો. રામ પ્રસાદ પર મોગલોની આંખો ઘણા દિવસોથી મંડાયેલી હતી આથી તે તેને ફસાવીને પોતાની સેનામાં લઈ ગયા.

મહારાણા પ્રતાપની યુદ્ધભૂમિમાં શરુંઆતથીજ તિવ્ર હાર્દિક ઇચ્છા હતી કે માનસિંહ સાથે સીધો સામનો થાય, પરંતુ તે અવસર મળી શકતો ન હતો. આ બાજુ હાથીઓના યુદ્ધમાં માનસિંહના આગળ આવી જવાથી તેમને ઘણી પ્રસન્નતા થઈ. તેમને તેનીજ પ્રતિક્ષા હતી. તે સીધા માનસિંહની સામે ચાલ્યા ગયા. બંને એકબીજા પર પોતાના દાવ લગાવવા લાગ્યા. મહારાણાએ પોતાના ઘોડા ચેતકને સંકેત કર્યો, ચેતકે પોતાના આગળના પગ માનસિંહની હાથી સૂંઢ પર રાખી દીધા. મહારાણાએ ભાલાથી પ્રહાર કર્યો, પરંતુ માનસિંહ પોતાના હાથીના હોંદામાં ઘુસી ગયો પ્રતાપનો ભાલો તેના કવચમાં ઘુસી પડ્યો. જેનાથી તેને પુરો વિશ્વાસ થઈ ગયો કે માનસિંહ મરી ગયો છે. માનસિંહનો મહાવત ઘાયલ થઈ ગયો અને નીચે પડી ગયો.

આ ઘટનાનું અનેક ઇતિહાસકારોએ વર્ણન કર્યું છે, પરંતુ યુદ્ધભૂમિમાં હાજર હોવા છતાં પણ બદાયુનીએ આ ઘટનાને છોડી દીધી છે. તે એક કટ્ટર મુસલમાન હતો. તેણે પ્રતાપ પર તીરોની વર્ષાનું તો રસપ્રદ વર્ણન કર્યુ છે. પરંતુ આ ઘટનાનું નહી, આથી તેમનું વર્ણન પક્ષપાત ભર્યુ માની શકાય છે. રાજપૂત સ્રોત આ ઘટનાનું વધારી-ચઢાવીને વર્ણન કરે છે. અબુલ ફઝલે પણ મહારાણા અને માનસિંહના પરસ્પર યુદ્ધનું વર્ણન કર્યુ

છે. જે પણ હોય, એટલુ નિશ્ચિત છે કે મહારાણા પ્રતાપે માનસિંહનો સીધો સામનો જરૂર કર્યો હતો, જેમા તેનુ પલ્લુ વધારે ભારે રહ્યુ.

માનસિંહના હાથીની સુંઢ પર પગ રાખતી વખતે મહારાણાના ચેતકનો પગ કપાઈ ગયો હતો, કારણકે સુંઢમાં તલવાર લટકી રહી હતી. આ વિકટ સ્થિતિમાં પ્રતાપ શત્રુઓથી ઘેરાઈ ગયા. સ્થિતિની ગંભીરતા જોઈને ઝાલા માનસિંહે અપૂર્વ વીરતાનુ પ્રદર્શન કરી. મહારાણાના પ્રાણોની રક્ષા કરી. તેણે પ્રતાપનું રાજછત્ર પોતે લઈ લીધું. તથા પ્રતાપને યુદ્ધ ભૂમિમાંથી ચાલ્યા જવાનું કહ્યું. ઝાલા પર રાજ ચિહ્ન જોઈને મોગલસેના તેનેજ મહારાણા સમજ્યા અને ઘેરી લીધા. ઝાલા ખુબજ વીરતા સાથે શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. લડતા લડતા વીરગતીને પ્રાપ્ત થઈ ગયા અને પ્રતાપ ત્યાંથી સુરક્ષિત બચી નીકળ્યા.

ઘાયલ થવા છતાં પણ ચેતક તેમને યુદ્ધ ભૂમિથી લગભગ દો માઈલ દુર બલિયા ગામ સુધી લઈ ગયો, જ્યાં તે મૃત્યુ પામ્યો. પોતાના આ પ્રિય ઘોડાની યાદમાં મહારાણાએ તે સ્થાન પર તેનુ સ્મારક બનાવ્યુ, જ્યાં તેનુ મૃત્યુ થયું હતું. તેના સ્મારક પર એક પુજારીની પણ નિમણુક કરવામાં આવી, જેને કેટલીક જમીન દાન સ્વરૂપે આપવામાં આવી. આ સ્મારક જીર્ણ અવસ્થામાં હજી સુધી રહેલું છે.

પ્રતાપ શક્તિસિંહ મિલન

મહારાણા પ્રતાપનો નાનો ભાઈ શક્તિસિંહ પોતાના પિતાના સમયથી જ અકબરની સેવામાં ચાલ્યો ગયો હતો. આ યુદ્ધમાં તે મોગલસેના તરફથી લડી રહ્યો હતો. આ બાજુ જ્યારે મહારાણા યુદ્ધ ભૂમિમાંથી બચી નીકળ્યા, તો બે મોગલ સૈનિકોએ તેમને ઓળખી લીધા. બંને પ્રતાપનો પીછો કરવા લાગ્યા. શક્તિસિંહે તેમને પીછો કરતા જોઈ લીધા. ભાઈ પર આવેલા સંકટને જોઈને તે ચુપ ન બેસી શક્યો અને પોતે પણ એ બંનેની પાછળ થઈ ગયો. થોડા આગળ જતા જ તેણે બંને સૈનિકને મારી નાખ્યા ત્યાર પછી તે પ્રતાપને મળ્યો ચેતક મરી ચુક્યો હતો. મહારાણા પર કોઈ સંકટ ન આવી પડે તે માટે તેમને પોતાનો ઘોટો આપી દીધો. મોગલ સેનામાં પાછા જઈને તેણે કહી દીધુ કે પ્રતાપે બંને સૈનિકો તથા તેના ઘોડાને મારી નાખ્યો.

કહેવામાં આવે છે કે ભાગતા મહારાણાનો પીછો મોગલ સેનાએ એટલા માટે ન કર્યો કે માનસિંહ ઈચ્છતાં ન હતો કે પ્રતાપને બંદિ બનાવી અકબરની સમક્ષ લાવવામાં આવે અને મહારાણા પ્રતાપની મદદ માટે શક્તિસિંહને તેણે જ મોકલ્યો હતો. મોગલ સેના જીત્યા પછી પરાજિત સેનાનો પીછો કરતી હતી અને પછી લુટ મચાવતી હતી. અહીયા એવું કંઈજ ન થયું. એ બધાની પાછળ માનસિંહનો હાથ માનવામાં આવે છે. આ અંગે પોતાનો મત વ્યક્ત કરતા રાજેન્દ્ર બીડાએ લખ્યું છે- 'હલ્દીઘાટીમાં વિજય પછી મોગલો દ્વારા ભાગતા રાણા પ્રતાપનો પીછો ન કરવામાં આવ્યો. બે મનમોજી

મુસલમાનોએ પીછો કર્યો. તે વાત માનસિંહને સારી લાગી નહી. તેણે શક્તિસિંહને પ્રતાપના બચાવ માટે મોકલ્યો. આ અંગે માત્ર અનુમાન કરી શકાય છે. સ્પષ્ટ રીતે ક્યાંય લખવામાં આવ્યું નથી.'

યુદ્ધનું પરિણામ

હલ્દીઘાટીની આ લડાઈ સવારના આઠ વાગ્યાથી બપોર સુધી ચાલતી રહી. ઉપર લખવામાં આવ્યું છે તેમ પહેલા મેવાડનું પલ્લુ ભારે રહ્યુ પરંતુ પછી મોગલોએ સ્થિતિ સંભાળી લીધી. મહારાણાનું યુદ્ધના સ્થળેથી ચાલ્યા જવાથી તેમની સેનામાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ. ઝાલા માનસિંહ, રાઠોડ શંકરદાસ, રાવત નેતરવી વગેરેએ થોડા સમય સુધી વીરતા સાથે મોગલ સેનાનો સામનો કર્યો, પરંતુ માનસિંહના અંગરક્ષકોના હુમલાને કારણે તેમણે પીછેહટ કરવી પડી. બપોર સુધીમાં મેવાડની સેનાના પગ ઉખડી ગયા. મોગલ સેનાએ પોતાનું દબાણ જાળવી રાખ્યું. પરિણામે અનેક રાજપૂત સૈનિક વીરગતિ પામ્યા. છેવટે મોગલ સેના જીતી ગઈ.

જો કે યુદ્ધમાં કોનો વિજય થયો તેમાં વિવાદ છે, છતાં પણ મોટાભાગના વિદ્વાન એ પક્ષમાં છે કે મોગલોની સેનાનો વિજય થયો. જ્યાં મુસલમાન ઇતિહાસકારોએ મોગલોની જીતનો ઉલ્લેખ કર્યો છે ત્યારે કેટલાક લોકોએ મહારાણાની જીતનું સમર્થન કર્યું છે. બદાયુનીએ મોગલોના વિજયનું લખ્યુ છે ત્યાં તે પોતે આ વિજયના સમાચાર લઈને અકબર પાસે ગયો હતો. પરંતુ રસ્તામાં જેને પણ તે મોગલોની જીતના સમાચાર આપતો, તેની વાત પર કોઈ વિશ્વાસ કરતુ ન હતું. બંને પક્ષો દ્વારા પોત પોતાની વિજય બતાવવાનો અર્થ એ પણ હોઈ શકે કે આ યુદ્ધમાં મોગલ પક્ષને તેમના વાસ્તવિક લક્ષ્યની પ્રાપ્તિ થઈ ન હતી. અકબર તરફથી કડક આદેશ હતો કે પ્રતાપને પકડી લેવામાં આવે. આ યુદ્ધમાં ન તો પ્રતાપ પકડી શકાયો, ન મેવાડ પર કબજો થયો. આ કોઈ નિર્ણયાત્મક યુદ્ધ ન હતું. આ દ્દષ્ટિએ પ્રતાપની હાર પણ ન કહી શકાય. હાં, આ તેની શક્તિ માટે એક આઘાત જરૂર હતો.

આ યુદ્ધમાં મોગલ સેનાને ઘણુ નુક્સાન થયું હતું. કદાચ તેમનામાં મહારાણાનો પીછો કરવાનું સામર્થ્ય જ નહતું. આ યુદ્ધમાં જોઈતી સફળતા ન મળતા અકબર દુખી થઈ ગયો. તેણે તેના માટે માનસિંહને દોષી માન્યો. કારણ કે તે જ આ યુદ્ધનો સેનાપતિ હતો, એટલે અકબરે તેના માટે છ મહિના સુધી દરબારમાં પ્રવેશવા માટે રોક લગાવી દીધી. યુદ્ધને આ અનિર્ણાયાત્મકની તરફ સંકેત કરતા ડો.શ્રી વાસ્તવે લખ્યુ છે-

'હલ્દીઘાટીનો વિજય જેટલી કઠિનાઈથી મળ્યો, તેટલી જ તે નિરર્થક રહ્યો. માનસિંહ પોતાના મુખ્ય લક્ષ્યમાં નિષ્ફળ રહ્યો. મતલબ રાણા પ્રતાપને ન મારી શકાયો, ન પકડી શકાયો અને ન તો મેવાડને કબજે કરી શકાયુ. આ યુદ્ધથી રાણાની શક્તિ ખંડિત ન થઈ. તેનાથી તેને માત્ર ધક્કોજ લાગ્યો. કેટલીય દૃષ્ટિથી આ યુદ્ધ

એક તરફથી વરદાનરૂપ સાબિત થયું. હતાશ કરવાને બદલે તેણે રાણાના સંકલ્પને વધારે દ્રઢ બનાવી દીધો. સંસારના સૌથી શક્તિશાળી અને સંપન્ન સમ્રાટનો તેના સૈનિકોએ જે વીરતાથી સામનો કર્યો, તેનાથી તેની શક્તિમાં તેમની આસ્થા વધારે વધી ગઈ અને સંગ્રામને ચાલુ રાખવાનો તેમનો નિર્ણય વધારે પાક્કો થઈ ગયો. રાજુન ૧૫૭૬નું યુદ્ધ આના પહેલા અને આના પછી પ્રતાપની નીતિઓ તથા કાર્યોને વિભાજીત કરવાવાળી રેખા છે. આ યુદ્ધના મુલ્યવાન અનુભવો પછી મેવાડના મોગલ તાબા હેઠળના ક્ષેત્રોને ફરીથી પ્રાપ્ત કરવાના કાર્યક્રમોને વ્યવહારીક રૂપ દેવામાં આવ્યુ. પ્રતાપે નિશ્ચય કર્યો કે ભવિષ્યમાં પોતાનાથી વધારે સંખ્યા વાળી શત્રુ સેના પર ખુલ્લા મેદાનમાં સામેથી આક્રમણ નહી કરે.'

ઘાયલોની સંખ્યા

હલ્દીઘાટીનું યુદ્ધ માત્રભ પાંચ છ કલાક ચાલ્યું. તેમાં મોગલો તથા મેવાડ બંને પક્ષોના અનેક સૈનિક યોદ્ધા માર્યા ગયા. મેવાડના પક્ષમાં વીરગતિ પામનારા સૈનિકોમાં જયમલનો પુત્ર રાઠોર રામદાસ, સામન્ત ઝાલા, રામશાહ તથા તેનો પુત્ર શાલિવાહન વગેરે મુખ્ય છે. તંવર વંશના જેટલા પણ વીર મેવાડ તરફથી લડી રહ્યા હતા, તેમાંથી કોઈ ન બચ્યુ, બંને તરફથી કુલ કેટલા સૈનિકોએ પ્રાણથી હાથ ધોવા પડ્યા એ વિષયમાં ઇતિહાસના પુસ્તકોમાં વિભિન્ન મત છે 'તબકાતે અકબરી' અનુસાર મોગલ સેનાના ૩૮૦ હિન્દુ તથા ૧૨૦ મુસલમાન માર્યા ગયા અને ૩૦૦ થી વધારે મુસલમાન ઘાયલ થયા. અબુલ ફઝલના અનુસાર ૧૫૦ મોગલ સૈનિક તથા ૫૦૦ મેવાડના સૈનિકોના મૃત્યુ થયા. ઈકબાલ નામના લેખકે લખ્યું છે. મોગલ પક્ષમાં માત્ર ૫૦ તથા મહારાણાના ૫૦૦ સૈનિકોએ પ્રાણથી હાથ ધોયા. ઈકબાલ નામમાં આપવામાં આવેલુ આ વર્ણન પણ સાચુ પ્રતિત થતુ નથી કારણકે મોગલોના માત્ર ૫૦ સૈનિક માર્યા ગયાની વાત અસ્વભાવિક જેવી લાગે છે. વીર વિનોદ વગેરે રાજપૂત સ્ત્રોતો પ્રમાણે મેવાડના ૨૦.૦૦૦ તથા મોગલોના અસંખ્ય સૈનિક માર્યા ગયા. આ વર્ણન પણ પક્ષપાત ભર્યુ તથા અતિશયોક્તિ ભર્યુ લાગે છે.

મહારાણાની હારના કારણ

જો કે રાજપૂતોમાં વીરતા, ઉત્સાહ તથા સૈનિક યોગ્ય ગુણોનો કૌ અભાવ ન હતો, છતાં પમ મેવાડનો પરાજય કેમ થયો? તેનું કારણ જામવા માટે મહારાણાની યુદ્ધનીતિ, તે સમયની પરિસ્થિતિ વગેરેનું વિશ્લેષણ કરવું જરૂરી બનીને જાય છે. અભિષેક પછી પ્રતાપનું મોગલ સમ્રાટ સાથે પ્રથમ યુદ્ધ હતું. જો કે તે પોતાના પિતા ઉદયસિંહના સમયે યુદ્ધમાં ભાગ લઈ ચુક્યા હતા, છતાં પણ તે સમયે તે એક રાજકુમાર જ હતા. સાથે જ ઉદયસિંહના સમયમાં જ્યારે મોગલોનું મેવાડ પર આક્રમણ થયું પણ તો એ સમયે આખો રાજપરિવાર વનોમાં સુરક્ષિત જગ્યાએ મોકલી દીધો હતો. આથી તેમને આ

પ્રકારના યુદ્ધોનો પૂર્વ અનુભવ ન હતો. હલ્દીઘાટીના યુદ્ધમાં તે પરંપરાગત શૈલીથી લડ્યા હતા. આ તેમની હારનું સૌથી મોટું કારણ હતું. મહારાણા પ્રતાપે પોતાની આખી સેનાને એક સ્થાન પર ન લઈ જવી જોઈતી હતી. જે કોતરોના મોં પર પહેલા રાજપૂતોનું પલડું ભારી હતું ત્યાંથી આગળ વધવાનું પણ તેમના માટે ઘાતક સાબિત થયું. તે સ્થાન ઉબડ-ખાબડ હોવાને લીધે મોગલ સેના માટે કષ્ટદાયી હતું. આથી એ સ્થાન પર શત્રુઓને ઉલઝાવી રાખવા મેવાડના હિતમાં હતું. મહારાણા પોતાની સેનાને જુદા-જુદા કોતરો તથા પહાડીઓમાં દેતા. ત્યારબાદ વિરોધી સેના આગળ વધતી અને ઘેરાઈ જાતી પછી તેને સરળતાથી સમાપ્ત કરી શકાય તેમ હતી. મહારાણાના સૈનિક શરૃઆતથી જ મોગલ સેના પર તુટી પડ્યા. તેનાથી તે તરતજ થાકી ગયા મોગલ સૈનિક પુરા અનુશાસનથી લડ્યા, જ્યારે પ્રતાપના બચી નીકળવાથી મેવાડની સેનામાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ. આ બધાની સાથે જ મહારાણાની સેનાની તુલનામાં શત્રુ સેના વધારે હતી. આ પણ પરાજયનું એક કારણ હતું. બધા કારણો પર પ્રકાશ ફેંકતા ડો. ગોપીનાથ શર્મા લખે છે -

તેમાં કોઈ શંકા નથી કે પરંપરાગત યુદ્ધશૈલીને કારણે તેને હારવું પડ્યું. પ્રથમ તો તેનું ઘાટીના સાંકડા ભાગમાં પોતાના સૈનિકને જુદા જુદા ભાગોમાં વહેંચી દેવાનું યોગ્ય ન હતું સૌથી યોગ્ય રીતે એ જ થઈ શકતી હતી કે તે પોતાની સેનાની ટુકડીઓને ઘાટીઓ, કોતરો અને પહાડીઓમાં એ રીતે વહેંચીને રાખતો કે શત્રુ ઘાટીમાં જ ઘેરાઈ જાત અને ત્યાંથી નીકળવુ સર્વનાશ અથવા મોત જ સાબિત થાય. બીજી બાજુ જેવો મોગલોનો અગ્રનામી દળ પાછળ હટ્યો, રાણાએ પોતાની સંપૂર્ણ સેનાને આરંભમાં જ યુદ્ધમાં ધકેલીને થકવી દીધા. ત્રીજું, મોગલો સાથે બીજીવાર મુઠભેડ કરતી વખતે રાજપૂતોમાં વ્યવસ્થા ન રહી શકી, પરંતુ તેનાથી વિપરીત મોગલોએ પૂર્ણ અનુશાસનથી યુદ્ધ કર્યુ. શત્રુઓની મોટી સંખ્યા હોવી અને તેમનો રાજપૂતો સાથે મુકાબલો કરવાનું પણ રાણા તથા તેમના સાથીઓનું પાછળ હટવાનું કારણ બન્યા. તેથી જ પ્રતાપે સંકટકાળમાં શાંત મનોવૃતી તથા સૂઝબૂઝથી યુદ્ધ સ્થળેથી નીકળીને પોતાની જાતને આ રીતે બચાવીને માર્યા જવાની સંભાવનાને ટાળી દીધી આ તેમનું મહત્ત્વપૂર્ણ પગલું હતું. અહીંથી નીકળીને તેણે પોતાના દેશની રક્ષાના કાર્યમાં સક્રિય ભાગ લીધો, જે તેના નષ્ટ થવા કરતા શ્રેષ્ઠ હતો.

ચોક્કસ જ યુદ્ધ ભૂમિથી નીકળીને પોતાને બચાવી લેવું મહારાણાનું વખાણવા લાયક કાર્ય હતું. જો તે ઝઝુમતા તો માર્યા જાત તો મેવાડનો ઇતિહાસ તે ગૌરવનો અધિકાર ન થતા, જો તેને તેના જીવતા રહેવાથી મળ્યો. તેની તુલનામાં હલ્દીઘાટીની હાર એક તુચ્છ ઘટના હતી અને તેને હાર કહેવાય જ કેમ, આ તો મેવાડના ગરીમામય ઇતિહાસનો એક સોનેરી અધ્યાયનુ બીજ માત્ર હતું, એક લાંબા સંઘર્ષની આધારશીલા હતી.

પાંચમો અધ્યાય

ઘાત-પ્રત્યાઘાત

માનસિંહનો ગોગૂંદા પર અધિકાર

પ્રતાપનું સુરક્ષિત બચી નીકળવું મેવાડ માટે ઘણા સૌભાગ્યની વાત હતી. કોલ્યારીમાં ઘાયલોની સારવારની વ્યવસ્થા કરી. પ્રતાપ સીધાજ ગોગૂંદા થઈને મઝેરા પહોંચ્યા ત્યાં તેમણે ભીલોને એકત્રિત કરી એક નવી સેના બનાવી. મહારાણાએ ગોગૂંદાની નજીક હોવાની સૂચના માનસિંહને મળી ગઈ. તેને તેણે ભાવી ખતરાનો સંકેત સમજ્યા આથી તે તરત જ સેના લઈને ગોગૂંદાની તરફ નીકળી પડ્યો અને હલ્દીઘાટી યુદ્ધના ત્રીજા જ દિવસે ૨૩ જુન ૧૫૭૬ ના દિવસે તેણે ગોગૂંદા પર પોતાનો કબ્જો કરી લીધો.

ગોગૂંદામાં મોગલ સેનાની સ્થિતિ

ગોગૂંદા મોગલ સેના માટે દુખદ સાબિત થયું. તે પર્વતીય ક્ષેત્રમાં ન તો અનાજ ઉત્પન્ન થતુ હતું અને ન તો ત્યાં વેપારી કે વણજારા જતા હતા. મોગલ સેના માટે ખાદ્ય સામગ્રીની વિકટ સમસ્યા ઉત્પન્ન થઈ ગઈ. તેણે કેટલાય દિવસો સુધી કેરી તથા માંસ પરજ નિર્ભર રહેવું પડ્યું. કેરી ત્યાં ખુબ મોટા પ્રમાણમાં ઉત્પન્ન થતા હતા. ભુખથી વ્યાકુળ સેના તેનાથી પોતાનું પેટ ભરવા લાગ્યા. પરિણામે ઘણા સૈનિક બીમાર પડી ગયા આથી બહારથી ખાદ્યસામગ્રી લેવા માટે માણસો મોકલી દીધા. તેમને પણ આદેશ આપવામાં આવ્યો કે જો ક્યાં પણ પહાડીયોમાં કેટલાક માણસો એક સાથે મળે તો તેને બંદિ બનાવી લેવા.

તેની સાથે જ મોગલ સેના એ વાતથી હેરાન રહેતી હતી કે નથી ખબર કે પ્રતાપ ક્યારે હુમલો કરી દે ટુંકમાં કહી શકાય કે શાહીસેના અહી એક બંદિ જેવુ જીવન વિતાવી રહી હતી. શ્રી ઓઝાજીએ આ વિષયમાં લખ્યુ છે.

ગોગૂંદા પહોંચતા શાહી અફસરોને એ જ ભય હતો કે પ્રતાપ ક્યાંય તેના પર તુટી ન પડે. શાહી સેના ગોગૂંદામાં કેદીની જેમ રહી અને અન્ન સુધ્ધા ન લાવી શકી જેથી તેમની વધારે દુર્દશા થઈ.

આ ભયને કારણે માનસિંહે આખા ગોગૂંદામાં કિલ્લા બંધી જેવુ કરી દીધું. ચારે બાજુ ખાઈ ખોદાવીને ઉંચી દીવાલ બનાવી દીધી જેને ઓળંગીને કોઈ અંદર પહોંચી શકે નહી. તેનું વર્ણન કરતા નિજામુદ્દિન અહમદ બકશીએ લખ્યુ છે-

'અમીરોને ડર હતો કે ક્યાંય રાણા રાતના સમયે તેના પર તુટી ન પડે. તેથી પોતાના બચાવ માટે તેમણે બધા મોહલ્લામાં વાડ ઉભી કરાવી દીધી અને ગામની ચારે તરફ ખાઈ

ખોદાવીને એટલી ઉંચી દિવાલ બનાવી દીધી કે ઘોડેસવાર પણ તેને ઓળંગી શકે નહી ત્યાર પછી જ તેઓ નિશ્ચિંત થઈ શક્યા. ત્યારબાદ તે મૃત વ્યક્તિઓ તથા ઘોડાઓની યાદી બનાવવા લાગ્યા, તો શૈયદ અહમદ ખાં બારહા એ કહ્યુ કે એવી યાદી બનાવવાથી શું લાભ જરૂરિયાત તો ભોજન પ્રબંધ કરવાની છે.

બદાયૂનીનું અકબર પાસે જવું

અકબર યુદ્ધના સમાચારોની તીવ્રતાથી રાહ જોઈ રહ્યો હતો. તેણે મહમૂદ ખાં ને યુદ્ધના સમાચાર લાવવા માટે ગોગૂંદા મોકલ્યો. ગોગૂંદાથી પાછા આવીને તેણે યુદ્ધનું સમગ્ર વર્ણન અકબરને સંભળાવ્યું. હલ્દીઘાટીની જીતથી અકબરને પ્રસન્નતા થઈ, પરંતુ મહારાણાના બચી નીકળવાના સમાચારથી તે ઘણો ખિન્ન થયો.

મેવાડની સેના જીતેલો રામપ્રસાદ હાથી અકબર માટે ઘણુ મહત્ત્વ રાખતો હતો, જેને તે ઘણીવાર પ્રતાપ પાસે માંગી ચુક્યો પણ હતો, પરંતુ મહારાણાએ તેને ટાળી દીધો. આ હાથી હજી સુધી ગોગૂંદાની સેનામાં જ હતો, શાહી સેનાના અધિકારીઓ રામપ્રસાદને તરતજ મોકલી દેવાનું યોગ્ય લાગ્યું. આસફ ખાંની સલાહથી હાથીની સાથે બદાયુનીનું જવાનું નિશ્ચિત થયું. બદાયુની ૩૦૦ અંગરક્ષકની સાથે રામપ્રસાદને લઈને ફતેપુર ચાલી નીકળ્યો. કારણકે સમ્રાટ અકબર તે સમયે ફતેપુરમાં હતા. જુદી-જુદી જગ્યાએ મોગલ થાણા સ્થાપિત કરતો માનસિંહ પણ ગોગૂંદાથી વીસ કોસ દુર મોહી ગામ સુધી શિકાર કરતો બદાયુની સાથે ગયો. બદાયુની બાકોર અને માંડલગઢ થતો આમેર પહોંચ્યો. મોગલ મેવાડના યુદ્ધના સમાચાર બધી જગ્યાએ ફેલાઈ ગયા હતા. માર્ગમાં લોકોને બદાયુની મોગલોના વિજય અંગે બતાવતો પરંતુ લોકો તેની વાત પર વિશ્વાસ કરતા ન હતા. ૨૫ જુન ૧૫૭૬ બદાયુની અકબરની પાસે ફતેપુર પહોંચી ગયો.

રાજા ભગવાનદાસે યુદ્ધના વિજયના ઉપહાર સ્વરૂપે રામપ્રસાદ હાથી અકબરને સમર્પિત કર્યો. યુદ્ધમાં વિજય તથા રામપ્રસાદને મેળવીને અકબર ખુશ થયો, પરંતુ મહારાણાને ન પકડી શકવાને કારણે તે પોતાના સેનાપતિઓથી ખિન્ન થઈ ગયો અકબરને સંદેહ થઈ ગયો કે માનસિંહ મહારાણાની સાથે મળી ગયો હશે. તેણે માનસિંહના શાહી દરબારમાં પ્રવેશ માટે બે વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો.

અકબર હલ્દીઘાટીની જીતને પીરની કૃપાનું પરિણામ માનતો હતો તેથી જ્યારે રામપ્રસાદ તેને ભેટ આપવામાં આવ્યો તો તેનું નામ બદલીને પીરપ્રસાદ રાખી દીધું.

પ્રતાપ દ્વારા ગોગૂંદા પાછું લેવું

આ બાજુ મોગલ પક્ષ હલ્દીઘાટી યુદ્ધની સમીક્ષા કરી. ભાવી યુદ્ધની રૂપરેખા બનાવવામાં વ્યસ્ત હતા અને આ બાજુ મહારાણા પ્રતાપ મોગલો દ્વારા અધિકૃત પોતાના રાજ્ય પાછા લેવાનો વિચાર કરી રહ્યા હતા. હલ્દીઘાટીના યુદ્ધ પછી તરતજ

ગોગૂંદા પર અધિકાર કરી લીધો હતો, પરંતુ પ્રતાપ પણ ચુપ બેસવાવાળો ન હતો. તેની પ્રવૃત્તિઓથી મોગલસેનાનું ગોગૂંદામાં રહેવાનું મુશ્કેલ થઈ ગયુ હતું. આમાં વચ્ચેજ પ્રતાપની સેના ગોગૂંદા પર ફરીથી અધિકાર કરવાનો સારો મોકો મળી ગયો. અકબરે ગુસ્સે થઈને માનસિંહને ગોગૂંદાથી પાછો અજમેર બોલાવી લીધો. તેના સ્થાન પર કુતબુદિન મોહમ્મદ ખા કુલી ખા વગેરેને ગોગૂંદા મોકલી દીધા. તેમને આદેશ મળ્યો કે તે આખો મેવાડ ખુંદી વળે તથા પ્રતાપ જ્યાં પણ મળે તેને મારી નાખવામાં આવે.

માનસિંહના ગોગૂંદામાં રહેતી વખતે પણ જ્યારે ત્યારે મોગલ સૈનિક ખાદ્યસામગ્રી લેવા બહાર જતી વખતે મહારાણાના સૈનિક તથા તેમના સહયોગી ભીલ તેમના પર આક્રમણ કરી દેતા હતા.

માનસિંહનું ત્યાંથી જવુ મહારાણા માટે અત્યંત લાભદાયક સાબિત થયું. અકબર દ્વારા મોકલવામાં આવેલા નવા સેનાપતિ કુતુબુદિન મોહમ્મદખાન અને કુલખાં ગોગૂંદા પર પોતાનું નિયંત્રણ રાખી શક્યા નહી મહારાણાએ આ સ્થિતિનો પુરો લાભ ઉઠાવ્યો. જુલાઈ ૧૫૭૬ ઈ.માં તેમણે ફરીથી ગોગૂંદા પર આક્રમમ કરી દીધુ. મોગલની સેના તેમનો સામનો કરવામાં અસમર્થ રહી અને ત્યાંથી ભાગી ગઈ. આ રીતે વધારે સંઘર્ષ કર્યા વગર જ ગોગૂંદા પર પ્રતાપનો અધિકારી થઈ ગયો.

ગોગૂંદા પર અધિકાર કર્યા પછી મહારાણાએ કુંભલગઢને પોતાનું નિવાસ સ્થાન બનાવ્યું. ગોગૂંદા તથા કુંભલગઢ બંને જગ્યાએ નવા પ્રશાસકોની નિમણુક કરવામાં આવી. ત્યારબાદ તે પોતાના નવા કાર્યક્રમોના વિશે વિચાર કરવા લાગ્યા.

અકબરનું મેવાડ પ્રસ્થાન

અકબર માટે મેવાડ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયું હતું. આ અધ્યાયમાં વર્ણન થયેલી ઘટનાઓ આ વાત સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે. આથી તેણે જાતેજ પ્રતાપનું દમન કરવાનો નિર્ણય કર્યો પરંતુ તેણે પોતાના આ નિર્ણયને વ્યક્ત ન કર્યો. રાજપૂતાના જતી વખતે તેણે અહીંથી જવાનો ઉદ્દેશ મેવાડમાં જીતેલા પ્રદેશોમાં શિકારની ઇચ્છા બતાવ્યો. તે દર વર્ષે સપ્ટેમ્બરની આસપાસ ખ્વાજાના ઉર્સ અજમેર જતો હતો તે આક્રમણની યોજના બનાવવા માટે માર્ચમાંજ અજમેર ગયો હતો અને સપ્ટેમ્બરમાં ફરીથી અજમેર પહોંચી ગયો. ત્યાં તેણે ખ્વાજાની મજાર પર દુવાઓ માંગી તથા પ્રતાપને મિટાવવાની યોજના બનાવવા લાગ્યો.

હલ્દીઘાટી યુદ્ધમાં વિજય મેળવવાના ઉપલક્ષ્યમાં અનેક વીરોની પદ ઉન્નતિ તથા પુરસ્કાર આપવામાં આવ્યા. મિહતર ખાં ને ખાસ રૂપથી સન્માનવામાં આવ્યા. કારણકે તેણે બાદશાહના આવવાની ખોટી ખબર ફેલાવી ભાગતી સેનાને પરાજિત થવામાંથી બચાવી લીધી, પરંતુ માનસિંહ તથા આસફ ખાં ને અકબરને મળવાનો પમ અસ્વિકાર કરી દીધો.

હલ્દીઘાટીનો વિજય તથા ત્યારબાદ ગોગૂંદા પર અધિકાર માત્રને કંઈપમ ન માનવા પર મોગલ સમ્રાટ પોતે પ્રતાપનું દમન કરવાનો નિર્ણય લઈ ચુક્યો હતો. આથી આ કાર્ય માનસિંહ ન કરી શક્યો તેને પોતે પુરુ કરવા માટે તેણે ૧૧ ઓક્ટોબર ૧૫૭૬ ના અજમેરથી ગોગૂંદા માટે પ્રસ્થાન કર્યું. આખા રસ્તામાં અકબરની સુરક્ષા માટે મજબુત વ્યવસ્થા કરવામાં આવી. દરરોજ અકબર પહેલાજ સૈનિકોની ટુકડી મોકલી દેવાતી હતી. જેથી જો મેવાડના સૈનિક હુમલો કરવા માટે ક્યાંય છુપાયેલા હોય તો અકબરની રક્ષા કરી શકાય. ૧૩ ઓક્ટોબર ૧૫૭૬ ના રોજ તે ગોગૂંદા પહોંચી ગયો. અકબરના આવવાની સુચના મળતા જ મહારાણા પ્રતાપ પહાડોમાં ચાલ્યા ગયા. આ રીતે ગોગૂંદા પર ફરીથી મોગલોનો કબ્જો થઈ ગયો. ગોગૂંદાને થોડા દિવસો માટે અકબરે પોતાનું મુખ્યાલય બનાવી લીધું.

મહારાણા પ્રતાપની ખબર કરવા માટે અકબરે રાજા ભગવાનદાસ, માનસિંહ, કુતુબુદીન ખાં વગેરેને તેણે મહારાણાના હુમલાથી નુકસાન ઉઠાવવું પડ્યુ, આથી નિરાશ થઈને પાછા આવી ગયા. તેમની આ નિષ્ફળતાથી નારાજ થઈને અકબરે તેમની ડ્યોઢી બંધ કરી દીધી, જે ક્ષમા માંગવાથી ફરીથી આપવામાં આવી. હવે અકબર પોતે આગળ આવ્યો. તે પોતે હલ્દીઘાટીના તે સ્થાનોને જોવા ઈચ્છતાં હતો જ્યાં યુદ્ધ થયું હતું. તે એ બધા સ્થાનો સુધી ગયો. પ્રતાપ ક્યાંય ન ભાગે એટલા માટે તેણે ગુજરાતના રાજમાર્ગ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરી દીધી. ત્યાર પછી તે પૂર્વની તરફ ગયા તેણે નાથદ્વારાની પાસે મોહીમાં કેટલાક કુશળ સેનાપતિઓને આધીસ ત્રીસ હજાર સૈનિકોની વ્યવસ્થા કરી દીધી. ત્યાર બાદ મદારિયામાં શાહી થાણુ નિયુક્ત કરી તે નવેમ્બરમાં ઉદયપુર પહોંચ્યો. થોડા દિવસ નિયુક્ત કરી તે નવેમ્બરમાં ઉદયપુર પહોંચ્યો. થોડા દિવસ ઉદયપુરમાં રહ્યા પછી તેણે ફખરૃદ્દિન તથા જગન્નાથને ત્યાંના પ્રશાસક નિયુક્ત કરી દીધી. સૈયદ અબ્દુલ્લાખાં અને ભગવાનદાસને ઉદયપુરના પહાડી ક્ષેત્રોની જવાબદારી સોંપીને તે બાંસવાડા તથા ડુંગરપુરની તરફ નીકળી પડ્યો. બે મહીના સુધી પશ્ચિમી પર્વતમાળાના ઉત્તર પૂર્વ અને દક્ષિણ પૂર્વ ખુણામાં તેણે થાણાની નિયુક્તી કરી. પ્રતાપ આ પર્વતમાળામાં હતો. આથી આવુ કરીને અકબર તેને આત્મસમર્પણ માટે વિવશ કરી દેવા ઈચ્છતાં હતો.

અકબરના લાખ પ્રયત્નો પછી પણ પ્રતાપ પકડમાં ન આવ્યો. એ સમયે સુચના મળી કે પ્રતાપ ફરીથી ગોગૂંદા પર કબ્જો કરવાની યોજના બનાવી રહ્યો છે. આથી ભગવાનદાસ, માનસિંહ, મિર્જા ખાં વગેરે ફરીથી ગોગૂંદા મોકલવામાં આવ્યા, ત્યાં સુરક્ષાની કડક વ્યવસ્થા કરી આ દળ પાછુ ફર્યુ. આ રીતે લગભગ છ મહિના સુધી મેવાડમાં રહીને યથાશકિત પ્રયત્ન કરવા છતાં પણ અકબર મહારાણાને પકડી ન શક્યો. તેને પુરો વિશ્વાસ થઈ ગયો કે તેને પકડવો કોઈ સરળ કામ નથી.

અકબરના નવા ગઠબંધન

આ અભિયાનમાં અકબર પ્રતાપને તો પકડી શક્યો નહી. હાં કેટલાક રાજપરિવારો સાથે તેના નવા સંબંધો બની ગયા. બાંસવાડાનો રાવલ પ્રતાપસિંહ તથા ડુંગરપુરનો રાવલ આસકર્ણ બંને મહારાણાના મિત્ર હતા. ભગવાનદાસે આ બંનેને પોતાની તરફ ભેળવી લીધા તથા અકબરની સેવામાં ઉપસ્થિત કર્યા. અકબર તેનાથી ખુબજ પ્રસન્ન થયો તેણે બંને મિત્રોનું સન્માન કર્યુ. ડુંગરપુરની રાજકુમારી સાથે લગ્ન કરી અકબરે રાવલ આસકર્મને પોતાનો સંબંધી બનાવી લીધો ત્યાર પછી તે માલવાની તરફ ચાલ્યો ગયો.

સિરોહી તથા બુંદી આ બંને રાજ્યોની સહાનુભૂતી મહારાણાની સાથે હતી. તેના પર અકબરનો પ્રભાવ ન હતો. એ સમયે અકબરે રાયસિંહને સિરોહી પર આક્રમણ કરવા માટે મોકલ્યો. સિરોહીનો શાસક ભાગીને આબુ ગયો. રાયસિંહે તેનો ત્યાં પણ પીછો કર્યો. વિવિશ થઈને રાવ સુરત્રાણે સમર્પણ કરી દીધુ. રાયસિંહ તેને અકબરની સામે લઈ ગયો. તેણે અકબરની તાબેદારી સ્વીકારી લીધી. આ રીતે સપ્ટેમ્બર ૧૫૭૬માં બુંદી પર કબ્જો કરવા માટે એક સેના સફદર ખાંના નેતૃત્વમાં મોકલવામાં આવી. આ સેનાને સફળતા ન મળતા ફરીથી બીજી સેના માર્ચ ૧૫૭૭માં જૈનખાંકોકાના આધીન મોકલવામાં આવી. આ યુદ્ધમાં બુંદીના ગ્રહસ્લેશને કારણે રાજ્યની સેનાનું સંચાલન ત્યાંનો યુવરાજ દુર્જનસિંહ કરી રહ્યો હતો, જ્યારે તેના પિતા સુરજન અને ભાઈ મોગલ સેનાનો સાથ આપી રહ્યા હતા. છેવટે બુંદીનો પરાજય થયો. તેનાથી મેવાડ મોગલ રક્ષા પંકિતથી ઘેરાઈ ગયા. અકબર ૧૨ માર્ચ ૧૫૭૭ ના રોજ ફતહપુર સિકરી પાછો ફર્યો.

પ્રતાપ દ્વારા ઉદયપુર-ગોગૂંદા પર ફરીથી અધિકાર

મેવાડ પર મોગલોનો એક હુમલો થાય, તો મહારાણા તક મળતાં જ વળતો હુમલો કરવાથી ચુકતા નહી. આ સંઘર્ષે આંખ મીચામણાનું રૂપ લઈ લીધુ હતું. અકબરના મેવાડથી પાછા ફરતાજ મહારાણા ફરીથી સક્રિય થઈ ગયા. તે અકબર દ્વારા સ્થાપિત થાણા પર પ્રહાર લગાવીને હુમલો કરવા લાગ્યા. તેમણે મેવાડથી આગર જવાના માર્ગ પર પણ અધિકાર કરી લીધો. આથી આ માર્ગથી મોગલ સેનાનો આવવા-જવામાં આવરોધ ઉભો થયો. ઉદયપુર તથા ગોગૂંદામાં સ્થાપિત મોગલ થાણા તરતજ ઉઠી ગયા અને તેના પર મહારાણાનો અધિકાર થઈ ગયો. મોહી પર હુમલામાં ત્યાંનો થાણેદાર માર્યો ગયો વીર-વિનોદ પ્રમાણે મહારાણા એક પળ માટે પણ શાંત થઈને બેઠા નથી. આ ગાળામાં તેમણે પોતાનો યુદ્ધનો પોશાક એક ક્ષણ માટે પણ ઉતાર્યો નથી.

અકબર દ્વારા શાહબાંજ ખાંને મેવાડ મોકલવો

પ્રતાપની આ પ્રવૃત્તિઓથી મોગલ સમ્રાટ નારાજ થઈ ગયો તે સમયે તે મેરઠમાં હતો તેણે મહારાણાને મારવા માટે ફરીથી એક સેના મોકલી તેનો સેનાપતિ હતો. શાહબાજ

ખાં તેમાં રાજા ભગવાનદાસ, માનસિંહ, સૈયદ હાશિમ, ચાયન્દખાં મુગલ, સૈયદ કાસિમ, સૈયદ રાજુ, ઉલગ અસદ તુર્કમાન, ગાંજી ખાં બદકશી, શરીફખાં અતગહ, મિર્જા ખાં ખાન ખાના, ગજરા ચૌહાણ વગેરે મોટા મોટા અધિકાર મોકલવામાં આવ્યા. ૧૫ ઓક્ટોબર ૧૫૭૭માં આ સેના પોતાના લક્ષ્ય પર નીકળી પડી અને મેવાડ પહોંચી ગઈ. અનેક પ્રયત્ન કરવા છતાં પણ તેને કોઈ સફળતા ન મળી. આથી શાહનાંજ ખાં એ અકબર પાસે વધારાની સેનાની માગણી કરી. અકબર પાસે વધારાની સેનાની માંગણી કરી. અકબરે શેખ ઈબ્રાહીમ ફતેહપુરીના કબ્જાની એક સેના તરત જ મોકલી દીધી.

બંને સેનાઓને લઈને શાંહબાંજ ખા આગળ વધ્યા. ત્યાં તે પોતાના કોઈ કાર્યમાં ખામી રાખવા ઈચ્છતાં ન હતો. તેને સંદેહ થઈ ગયો કે ક્યાંય રાજપૂત હોવાને કારણે રાજા માનસિંહ તથા ભગવાનદાસ ધોખાથી પ્રતાપની સહાયતા ન કરે. આથી તેણે આ બંનેને આ અભિયાનથી અલગ કરી દીધા. એટલું જ નહી આ સેનામાં એક પમ હિન્દુ અધિકારીને રહેવા દીધો નહી. શાહબાજ ખાં નુ । કાર્ય અકબરની આજ્ઞાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું, છતાં પણ અકબરે તેને કશુ કહ્યું નહી.

પહાડીઓની શરણમાં

માનસિંહના પાછા ફરતા જ પ્રતાપે ગોગૂંદા પર અધિકાર કરી લીધી હતો. તથા ત્યારબાદ કુંભલગઢમાં પોતાની અસ્થાયી રાજધાની બનાવી લીધી હતી. અહી રહીને તે રાજ્યમાં યુદ્ધ પછી આવેલી આવ્યવસ્થાને દુર કરવામાં લાગી ગયા. મોગલસેના જે રસ્તા પરથી ખાદ્યસામગ્રી લેવા જતી હતી, તે માર્ગોને કાપી નાખ્યા આમાં વચ્ચે આવનારી ખેતીલાયક જમીન ઉજાડી નાખવામાં આવી.

આ બાજુ શાહબાજ ખાં ના અભિયાન પર નીકળ્યા પછી જ્યારે તેણે કેલવાડામાં શિબિર નાખી તો મહારાણાએ કુંભલગઢ છોડી વનો તથા પહાડીઓમાં શરણ લેવુ પડ્યુ તથા પોતાની પ્રજાને ખેતી ન કરવાની કઠોર આજ્ઞા આપવી પડી અને । ક્ષેત્રની જનતાને ચાલ્યા જવાનો આદેશ આપી દીધો. આ રાજાની આજ્ઞા એટલી કઠોર હતી કે પ્રજાને કહેવામાં આવ્યું કે જો કોઈપણ ખેડુત એક વિઘા જમીનમાં પણ ખેતી કરીને મુસલમાનોને આપશે, તો તેનુ માથુ કાપી લેવામાં આવશે. આથી રાજાની આજ્ઞાથી આખા મેવાડમાં ખેતી થવી બંધ થઈ ગઈ. મોગલ અધિકૃત મેવાડમાં પણ બધી સામગ્રી સંપૂર્ણ રક્ષણથી અજમેર તરફથી મંગાવવામાં આવતી હતી. શાહી સેનાના કોઈ થાણેદારે એક ખેડુતને કોઈ ખાસ પ્રકારનું શાક વાવવા માટે મજબુર કરી દીધો હતો. પ્રતાપને તેની સુચના મળી ગઈ. એક રાત્રે પ્રતાપે શાહી સેનાની શિબિરમાં જઈને ખેડુતનું માથુ કાપી નાખ્યુ.

ટોડે એક ઘટનાનો ઉલ્લેખ કર્યો છે, જો પ્રતાપની કોઈ કઠોર આજ્ઞાની તરફ સંકેત કરે છે, પ્રતાપ દ્વારા તે સ્થાનોને છોડીને વીરાન કરી દીધા હતા. ત્યાં એક દિવસ

પ્રતાપના સૈનિકોએ જોયુ કે એક ભરવાડ નિશ્ચિત થઈને ઘેટા ચરાવી રહ્યો હતો. સૈનિકોએ તેને રાજાની આજ્ઞાનુ ઉલ્લંઘન સમજ્યા અને તે ભરવાડને મારી નાખ્યો તથા તેના મૃતદેહને ઝાડ પર લટકાવી દીધો.

આમાં વચ્ચે મોગલ સેવા પ્રતાપની પાછળ પડી રહી, પરંતુ સફળતા ન મળી.

કુંભલગઢ પર મોગલ અધિકાર

ભગવાનદાસ અને માનસિંહને પાછા મોકલ્યા પછી શાહબાજ ખાં આગળ વધ્યો. કુંભલગઢ કિલ્લો પહાડીઓમાં સારી રીતે છુપાયેલો હતો. જે દુરથી દેખાતો ન હતો. આ કિલ્લાની પહાડીઓ નીચે કેલવાડા ગામ હતું. શાહી સેનાએ આ ગામમાં પોતાની છાવણી નાખી એક દિવસ મેવાડના સૈનિકોએ રાત્રે છાપો મારીને શાહી સેનાના ચાર હાથી છીનવી લીધા અને મહારાણાને ભેટ આપી દીધા. શાહી સેનાએ કેલવાડા તથા નાડોલ તરફથી નાકેબંધી કરી દીધી અને કુંભલગઢમાં ખાદ્યસામગ્રી તથા યુદ્ધની સામગ્રી પહોંચાડવાનું કઠિન થઈ ગયુ. આ પરિસ્થિતિ જોઈને મેવાડના સામન્તોને મહારાણાએ કિલ્લો છોડીને સુરક્ષિત જગ્યાએ જતા રહેવાનો અનુરોધ કર્યો. ખુબ આગ્રહ કરવાથી મહારાણા કિલ્લામાંથી નીકળી ગયા. ત્યાંથી નીકળ્યા પછી તે થોડા દિવસ રાણપુરમાં રહ્યા અને ત્યારબાદ ઈડરની તરફ ચુલિયા ગામ પહોંચ્યા. મેવાડના ઇતિહાસની બીજી પેઢીએ પોતાની પુનરાવૃતી કરી દીધી એક વાર મહારાણા ઉદયસિંહે ઈ.સ. ૧૫૬૭માં રાજધાની છોડી પશ્ચીમી પહાડીઓમાં શરણ લેવું પડ્યુ હતું. અને ચિતોડના કિલ્લાની રક્ષાનો ભાર જયસિંહ અને પત્તાને સોંપી દેવામાં આવ્યો હતો. આ વખતે મહારાણાએ વનોનું શરણ લેવુ પડ્યું. કિલ્લાની રક્ષા માટે રાવ અક્ષયરાજના પુત્ર ભાણને નિયુક્ત કરવામાં આવ્યો.

એક દંત કથા છે કે કુંભલગઢના માર્ગને શાહજહાં ખાં ને ખબર ન હતી. તેના માટે તેણે મહારાણાની એક માલણને કોઈપણ રીતે પોતાના પક્ષમાં કરી લીધી માલણ રસ્તા પર ફુલ વિખેરતી ગઈ. આ ફુલોને જોઈને મોગલસેના કેલવાડા સુધી પહોંચી ગયા. માલણના આ દ્રોહથી એક ભીલે તેને મારી નાંખી.

કેલવાડાથી કુંભલગઢ માત્ર ત્રણ માઈલના અંતરે આવેલુ છે. આથી કેલવાડા પર કબ્જો કર્યા પછી બાદશાહખાં કુંભલગઢને કબ્જે કરવાની યોજના બનાવવા લાગ્યો. કુંભલગઢના દુર્ગનું નિર્માણ ઈ.સ. ૧૪૫૨ થયું હતું ત્યારથી તેના પર ક્યારેય પણ શત્રુઓનો અધિકાર થયો ન હતો. મહારાણાના મંત્રી ભામાશાહ કિલ્લામાંથી બધો ખજાનો લઈને માળવામાં રામપૂરા ચાલ્યા ગયા ત્યાંના રાવે તેમને આશ્રય આપ્યો તથા પુરતી સુરક્ષા સાથે રાખ્યા.

કેલવાડાના શાહબાજખાં ના નેતૃત્વમાં મોગલસેનાએ કુંભલગઢ પર આકરમણ કરી દીધુ. કિલ્લામાં રહેલા રાજપૂતોએ વીરતાથી આ આકરમણનો સામનો કર્યો. દુર્ભાગ્યથી

એક દિવસ કિલ્લામાં અંદર રાખેલી એક તોપ ફાટી ગઈ, જેનાથી કિલ્લામાં રાખેલી ઘણી બધી યુદ્ધ સામગ્રી બળી ગઈ. રાજપૂતોને માટે શત્રુઓનો સામનો કરવો મુશ્કેલ થઈ ગયો. મજબુર થઈને તેમણે કિલ્લાનો દરવાજો ખોલી નાખ્યો અને શત્રુ સેના પર તુટી પડ્યા. ઘમાસાણ યુદ્ધ પછી કુંભલગઢ પર મોગલોનો અધિકાર થઈ ગયો. આ ઘટના ૩ એપ્રિલ ૧૫૭૮ છે. અહીયા પ્રતાપને ન જોઈને બાદશાહ ખાં ને ઘણી નીરાશા થઈ ત્યાંથી તેને સુચના મળી કે મહારાણા રામપુરાના કિલ્લામાં ચાલ્યા ગયા છે ત્યારબાદ નવી સુચના મળી કે રામપુરા પછી બાંસવાડા ચાલ્યા ગયા છે.

આ સુચનાઓ પછી શાહબાંજ ખાં એ કુંભલગઢમાં સુરક્ષા વ્યવસ્થા તથા અન્ય વ્યવસ્થા કરીને તેનો ભાર ગાજીખાન બાદકસીને સોંપી દીધો તથા પોતે મહારાણાને પકડવા ચાલ્યો ગયો.

ઉદયપુર પર મોગલોનો અધિકાર

કુંભલગઢ પર અધિકાર કરવા માટે બીજા જ દિવસે બાદશાહ ખાં ગોગૂંદાની તરફ નીકળી પડ્યો. તે મહારાણાને કોઈ પણ કિંમતે પકડવા ઈચ્છતાં હતો. બીજા જ દિવસે બપોરે તેણે ગોગૂંદા પર અધિકાર કરી લીધો. ગોગૂંદાની વ્યવસ્થા કરી તે આંધીની જેમ ઉદયપુરની તરફ વધ્યો તથા રાત્રે ઉદયપુર પર પણ અધિકાર કરી લીધો. આ જીતેલા સ્થાનો પર તેણે ભારે લુટફાટ કરી. શાહબાજ ખાં જ્યાંથી પણ નીકળતો તે સ્થાનોને લુંટવાની સાથે જ નષ્ટ કરી દેતો તેનાથી આ ક્ષેત્રોમાં ઘણુ નુકશાન થયું ત્યારબાદ તે પ્રતાપને પકડવા માટે પહાડોમાં ભટકતો રહ્યો પરંતુ તેને નિષ્ફળતા ન મળી.

શાહબાજ ખાં ત્રણ મહીના સુધી પહાડીઓમાં આમતેમ ઘુમતો રહ્યો. હવે તેને વિશ્વાસ થઈ ગયો હતો કે તે પ્રતાપને નહી પકડી શકે. એટલે અલગ અલગ સ્થાનો પર પચાસ મોગલ થાણાની સ્થાપના કરી તે અકબરની પાસે પંજાબ ચાલ્યો ગયો.

શાહબાજ ખાંએ જે તત્પરતાથી કુંભલગઢ પછી ગોગૂંદા અને ઉદયપુર પર અધિકાર કર્યો તે એક આશ્ચર્યજનક વાત છે. તેને જ્યાં પણ પ્રતાપ હોવાની ખબર મળતી ત્યાં પહોંચી જતો. કુંભલગઢમાં તેને ખોટા સમાચાર મળ્યા પરંતુ તે જે રીતે ઉત્સાહથી કામ કરતો હતો તે પ્રશંસનીય કહેવાશે. આ અંગે શ્રી રાજેન્દ્ર બીડાએ લખ્યું છે- ‘કુંભલગઢથી શાહબાજ ખાં જે ઝડપથી ગોગૂંદા અને ઉદયપુર પહોંચ્યો તે ઓછુ આશ્ચર્યજનક નથી. કુંભલગઢથી ગોગૂંદા અને ઉદયપુર પહોંચીને તેણે નેપોલિયનને પણ પાછળ પાડી દીધો. રૂસના યુદ્ધ પછી જે ઝડપથી નેપોલિયન ફ્રાંસ પહોંચ્યો હતો, એ જ ઝડપથી શાહબાજ ખાં ગોગૂંદા અને ઉદયપુર પહોંચ્યો હતો. શાહબાજ ખાં ને ક્યા ખબર હતી કે પ્રતાપ અંગે તેને ખોટા સમાચાર મળ્યા છે. પ્રતાપ કુંભલગઢથી સાદડી તરફ જ જઈ શકતો હતો તે આરોહની ઘાટી અને ગોગૂંદા કોઈપણ હાલતમાં પહોંચી શકે તેમ ન હતો. આ તરફ મોગલસેના પહેલેથી તૈનાત હતી.’

ભામાશાહ દ્વારા આર્થિક મદદ

મેવાડના મહારાણાએ સમયે વન્યજીવન જીવી રહ્યા હતા. મેવાડ પર મોગલોનો અધિકાર થઈ ગયો હતો બાકીનો ભાગ વેરાન થઈ ગયો હતો. મહારાણા સતત સંઘર્ષ કરી રહ્યા હતા. કહેવાની જરૂર નથી કે તેમની આર્થિક સ્થિતિ ખુબજ ચિંતાજનક બની ગઈ હતી. તેમના આ સંઘર્ષમય જીવનમાં તેમના વિશ્વાસપાત્ર સહયોગી તથા સામંતો ખુબ મોટું યોગદાન રહ્યુ. શાહબાજ ખાં ના મેવાડથી ગયા પછી તરત જ પ્રતાપના મંત્રી ભામાશાહ તથા તેના ભાઈ તારાચંદ્રે આવવાથી બૂંદીને લાવવામાં આવેલી ૨૦૦૦ સુર્વણ મુદ્રા તથા ૨૫ હજાર રૂપિયા તેમને આપ્યા. તે સમયે મહારાણા પ્રતાપ ચૂલિયા ગામમાં હતા અહી સુધી રાજા મહારાણી મહાયણતા પ્રધાનમંત્રી હતા. ભામાશાહની અપૂર્વ રાજભક્તિ તથા ત્યાગથી ખુશ થઈ મહારાણાએ તેને પોતાના નવા પ્રધાનમંત્રી બનાવ્યા. આવામા આવી આર્થિક સહાય મળવી તે કોઈ વરદાનથી ઓછી ન હતી. એનાથી મહારાણાની સેનાનું સંગઠન તથા શક્તિ સંચય કરવામાં ખુબ મદદ મળી.

ભામાશાહને આપવામાં રામપુરાના રાવદુર્ગાએ પોતાના રક્ષણમાં રાખ્યા એથી ભામાશાહ દ્વારા માળવા લૂંટીને ધનસંગ્રહની વાત તર્ક સંગત લાગતી નથી. આ રકમ માળવા રાજ્યના બહારના ગામોને લૂંટીને ભેગી કરવામાં આવી હોય આ અંગે શ્રી રાજેન્દ્ર બીડા લખે છે- 'ઇતિહાસકારોનું કહેવું છે કે ભામાશાહ કુંભલગઢથી માળવા ચાલ્યા ગયા હતા. જ્યાં રામપુરાના રાવ દુર્ગાએ તેમને રક્ષણ આપ્યું હતું. માળવાની વચ્ચેના ગામોને લૂંટીને ભામાશાહ અને તેના ભાઈ તારાચંદ્રએ ૨૫૦૦૦૦૦ રૂપિયા અને ૨૦૦૦૦ મહોરો એકઠી કરી હતી. આજ પૈસા તેમણે પ્રતાપ (અથવા અમરસિંહ)ને ચૂલિયામાં આપી હતી. આ વાતને લઈ ભામાશાહના ત્યાગ અને દેશભક્તિની વાત કરવામાં આવે છે. આ મુલાકાત પછી ફરીથી રાણાઓના પ્રધાનમંત્રી બનાવી દેવાયા. આ સંદર્ભમાં અનેક ચારભેદ સામે આવે છે.

પહેલો એ કે રામપુરામાં ભામાશાહને રક્ષણ આવી કીકાએ માળવાના ગામોને લૂંટવાની મંજૂરી આપી દીધી અને તેના આ કૃત્યને સહન કેવી રીતે કર્યું? લાગે છે કે આ રકમ માળવા જતી વખતે રસ્તામાં આવતા ગામોને લૂંટીને ભેગી કરવામાં આવી હોય અને અમરસિંહને આપવામાં આવી હોય. એનાથી રાણાએ સેનાને પુર્નજીવિત કરી દિવેરમાં રહેલી મોગલસેના પર હૂમલો કરી દીધો.

ભામાશાહને આ રકમ ગમે ત્યાંથી અને ગમે તે રીતે કેમ મળી ન હોય આ પ્રશ્ન મહત્ત્વનો નથી. મહત્ત્વપૂર્ણ વાત એની ત્યાગ ભાવનાની છે. મુશ્કેલીમાં આવેલા સ્વામી પ્રત્યે શ્રદ્ધાનું ઉદાહરણ કદાચ જ બીજી કોઈ મળી શકે. આ પ્રકારની ત્યાગ ભાવના જ મિત્રતાની સાચી કસોટી કહી શકાય.

મહારાણા પ્રતાપનો દિવેર પર અધિકાર

શાહબાજ ખાં મેવાડથી જતા જ મહારાણા બાસવાડા તરફથી છપ્પન પહાડોમાં પહોંચી ગયા. તે મેવાડના મોગલ અધિકૃત વિસ્તારો પર પુનઃઅધિકારના પ્રયાસોમાં લાગી ગયા. તેમણે શાહી વિસ્તારો પર હૂમલા શરું કરી દીધા. આ તરફ ભામાશાહ તરફથી આર્થિક મદદ મળ્યા બાદ તેમણે સેનાનું પુર્નગઠન કર્યુ અને દિવેરમાં શાહી થાણા પર આક્રમણ કર્યુ. આ થાણુ સુલતાન મોગલ મુખ્તારના નિયંત્રણમાં હતું હૂમલામાં મોગલ સેનાએ રાજપૂતોનો વીરતાપૂર્વક સામનો કર્યો. સુલતાન ખાં મોગલ અને યુવરજા અમરસિંહ એકબીજા પર તૂટી પડ્યા. અમરસિંહ તેનો ભાલો એટલો જોરથી માર્યો કે સુલતાન ખાં મોગલ તેના ઘોડા પરથી ગબડી પડ્યો બંને મોત પામ્યા. એક અન્ય મેવાડી સૈનિકે શત્રુપક્ષના એક હાથીના પગ કાપી નાંખ્યા એ પછી શાહી સૈનિક ભાગવા લાગ્યા અને દિવેર મહારાણાના અધિકારમાં આવી ગયું. દિવેર પર અધિકાર થઈ ગયા બાદ મેવાડની સેનાએ હમીરસરા પર અધિકાર કરી લીધો આ સ્થાન કુંભલગઢની બિલકુલ નજીક જ હતું. એથી અહીથી સેના કુંભલગઢ તરફ આગળ વધી અને તેને પણ પોતાના અધિકારમાં કરી લીધુ. એ પછી મહારાણાની સેના જાવર, છપ્પન અને બાગડની બહાડીઓ પર વિજય મેળવી ચાવંડ પહોંચી ચાવંડને પોતાના અધિકારમાં લીધા બાદ મહારાણાએ કેટલાક દિવસો સુધી તેને પોતાનું કેન્દ્ર બનાવ્યું. અહી રહી તેમણે ચામુંડા માના મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. આમ ફરી એકવાર મેવાડના મોટાભાગના વિસ્તારો પર મહારાણાનો અધિકાર થઈ ગયો. એનાથી મેવાડના સૈનિકોનો ઉત્સાહ વધ્યો અને તેઓ માલવા સુધી મોગલોના સૈનિક શિબિરો પર હૂમલા કરવા લાગ્યા. ભામાશાહના ભાઈ તારાચંદ્ર હજુ સુધી માળવામાં જ હતા. જે સમયે શાહબાજ ખાં પંજાબ જઈ રહ્યો હતો બરસીમાં તેને તારાચંદ્ર સાથે મુઠભેડ થઈ ગઈ. મુઠભેડમાં તારાચંદ્રની હાર થઈ અને તે ઘાયલ થઈ ગયો ઘાયલ પરિસ્થિતિમાં રાવચેનદાસે તેનો ઉપચાર કર્યો અને બધા પ્રકારની મદદ કરી. સ્વસ્થ થયા બાદ તારાચંદ્રને રાવચેનદાસ મહારાણા પાસે ચાવંડ થઈ ગયો. આ આ અગાઉ ડુંગરપુરના રાવ આસકરણ તથા બાંસવાડા ભાશય પ્રતાપે અકબર સાથે મિત્રતા કરી લીધી હતી. એની પાછળ ભગવાનદાસની ભૂમિકા રહી હતી એનો ઉલ્લેખ અગાઉ કરવામાં આવ્યો છે. મહારાણા પ્રતાપે તેને પોતાને આધીન કરવા એક સેના મોકલી આ સેનાનું નેતૃત્વ રાવતમાને કર્યુ. રાવતમાનને આ અભિયાનમાં મદદ માટે જોધપુરના રાવ ચંદ્રસેન પણ આવી પહોંચ્યા. ઓમ નદીના તટ પર રાવતમાનની સેના અને બાસવાડા તથા ડુંગરપુરની સેનાનો સામનો થયા. આ યુદ્ધમાં રાવતમાનનો પુત્ર મૃત્યુ પામ્યો. પરંતુ યુદ્ધ રાવતમાને જીતી લીધું. આ બંને રાજ્યો ફરી પ્રતાપના અધિકારીમાં આવી ગયા.

ડુંગરપુર અને બાંસવાડા પર મેવાડના પુનઃઅધિકારની આ ઘટના અંગે બધા ઇતિહાસકાર એક મત નથી. ગૌરીશંકર હીરાશંકર ઓઝા લાવે છે, આ બંને રાજ્યો

મોગલોના પ્રભાવમાં ચાલ્યા જવાથી મેવાડને સીધો ખતરો ઉભો થયો હતો. પ્રતાપે પહેલા વાતચીત દ્વારા તેમને પોતાના પક્ષમાં કરવાના પ્રયાસ કર્યા પરંતુ તેમાં કોઈ સફળતા ન મળી. એ પછી તેને સૈન્યશક્તિથી વશમાં કરવા માટે સેના મોકલવામાં આવી.

સન ૧૫૭૮ માં સોમ નદી પર લડાઈ થઈ બાંસવાડા અને ડુંગરપુર તરફથી મોગલસેનાએ પણ યુદ્ધમાં ભાગ લીધો. એથી તેમનો પક્ષ મજબૂત થઈ ગયો અને પ્રતાપને સફળતા મળી.

એનાથી પ્રતાપને એક લાભ એ થયો કે કેટલાક સમય સુધી મોગલસેના ત્યાં વ્યસ્ત બની ગઈ. આ નિષ્ફળતા પછી મહારાણો કૂટનીતિથી કામ લીધું. ડુંગરપુરના રાવલ આસકરણે અકબરનું પ્રભુત્વ સ્વીકારી લીધુ તો તેનાથી ચિડાઈને તેનો પુત્ર સહમલ મેવાડ ચાલ્યો ગયો. પ્રતાપે તેને આશ્રય આપી ગાદી પર બેસાડવાના પ્રયાસ કર્યા.

શાહબાજ ખાં બીજી વખત મેવાડમાં

પ્રતાપની ગતિવિધિઓના તથા સમાચાર અકબરને મળ્યા. એનાથી અકબરની ચિંતાઓ વધવા લાગી તેણે પ્રતાપની આ કાર્યવાહીને નિયંત્રિત કરવા યોજના બનાવી. શાહબાજ ખાંનું પ્રથમ મેવાડ અભિયાન સંતોષજનક રહ્યુ હતું એટલે અકબરે ફરી તેને જ કાર્ય માટે મોકલવાનું યોગ્ય માન્યું. ૧૫ ડિસેમ્બર ૧૫૭૮ ઈ. એ શાહબાજ ખાં પ્રતાપને દબાવવા માટે નીકળી પડ્યો. તેની સાથે સાથીદારો તરીકે ગાઝીખા, મહોમ્મદ હુસેન, મીરષદ શેખ, તિમૂર બાદકશી, અલીખાન વગેરેને મોકલવામાં આવ્યા.

આ અભિયાન માટે શાહબાજ ખાંને મોટી રકમ આપવામાં આવી જેનાથી તે શામ, દંડ અથવા ભેદ કોઈ પણ પ્રકારે પ્રતાપનું દમન કરવા સમર્થ બની શકે. એના મેવાડ પહોંચવાની સાથે જ મહારાણા ફરી જંગલમાં ચાલ્યા ગયા. અનેક સ્થાનો પર ફરી મોગલોનો અધિકાર થઈ ગયો. કહેવામાં આવે છે કે, આ ટુકડીને મોકલતી વખતે અકબરે કડક આદેશ કર્યા હતા જો પ્રતાપને દબાવ્યા વિના આવ્યા તો તમારા માથા કાપી નખાશે. એટલા માટે મોટી રકમ પણ આપવામાં આવી હતી કે, જરૂર પડે રાજપૂતોને ખરીદી શકાય. પ્રતાપ ફરી પહાડીઓમાં ચાલ્યા ગયા પછી અનેક વિસ્તારો પર મોગલોનો ફરી અધિકાર થઈ ગયા બાદ શાહબાજખાં ફતેહપુર અકબર પાસે ચાલ્યો ગયો તેણે પોતાની ઉપલબ્ધિઓની બધી વાત અકબરને કરી. શાહબાજ ખાં મેવાડમાં રાજપૂતો સાથે વધુ કડક ધાર્મિક કઠોરતા કરવા માંગતો હતો. તેણે પોતાની આ વાત અકબરને કરી પરંતુ એ સમયે અકબરની ધાર્મિક નીતિઓમાં પરિવર્તન આવી ગયું હતું. તે ધાર્મિક કટ્ટરતાને વ્યર્થ અને અન્યાયપૂર્ણ સમજવા લાગ્યા હતા અને દીન-એ-ઈલાહી તરફ વળી ગયો હતો એથી તેણે ખાની આ વાત ન સ્વીકારી. શાહબાજ ખાં તેના બીજા અભિયાનમાં બે-ત્રણ મહીના મેવાડ રહ્યા. તેણે યથાશક્તિ મહારાણાનો

પીછો કર્યો તેને ભલે સફળતા ન મળી તેમ છતાં તે બીજી વાર મેવાડ પર અધિકાર મેળવવામાં સફળ રહ્યો.

પ્રતાપ પુન સક્રીય

શાહબાજખાના પાછા ફરતાની સાથે પ્રતાપ ફરી મેવાડ મેળવવા સક્રીય બન્યા. શાહબાજખાં બીજીવાર મેવાડમાં હતો ત્યારે તે વનોમાં જતા રહી થોડો સમય શાંત રહ્યા. જોધપુરના રાવ ચંદ્રસેન પ્રતાપના સમર્થક હતા. ૧૫૭૮ના અંતમાં તેણે મોગલો વિરુદ્ધ વિદ્રોહ કર્યો તે તેની સેના સાથે અજમેર સુધી જઈ પહોંચ્યો અકબરે આ વિદ્હને દબાવવા માટે પયન્દ સૈયદખાંના નેતૃત્વમાં એક વિશાળ સેના મોકલી આ સેના ચંદ્રસેનના વિદ્રોહને દબાવવામાં સફળ રહી.

આ સાથે જ મહારાણા પ્રતાપે પણ મોગલ વિરોધી કાર્યક્રમ વધુ ઉભા કરી દીધો હતો. શાહબાજખાંને મેવાડના પહેલા બે અભિયાનમાં સારી સફળતા મળી હતી એથી અકબરે મહારાણા પ્રતાપની ગતિવિધિઓને જોતા તેને ફરી મેવાડ મોકલવાનો નિર્ણય કર્યો.

શાહબાજખાં ત્રીજીવાર મેવાડમાં

અકબર કોઈપણ કિંમતે મહારાણાને દબાવી મેવાડમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા ઈચ્છતાં હતો. એના માટે તે ઘણીવાર અજમેર સ્થિત ખ્વાજાની દરગાહમાં માનતા માંગી ચૂક્યો હતો પરંતુ હજુ સુધી તેને સફળતા મળી શકી ન હતી. ઓક્ટોબર ૧૫૭૯માં તે ફરી ખ્વાજાની દરગાહ અજમેર પહોંચ્યો ત્યાં ફરી તેણે માનતા માની અને પછી સાંભર પહોંચ્યો ત્યાંથી તેણે ત્રીજીવાર શાહબાજ ખાંને મેવાડ જવાનો આદેસ કર્યો. ૯ નવેમ્બર ૧૫૭૯ એ શાહબાજખાં મેવાડ પર પોતાના ત્રીજા અભિયાન માટે ચાલી નીકળ્યો. મેવાડ પહોંચી તેણે પ્રતાપ વિરુદ્ધ તેની બધી શકિત લગાવી દીધી પ્રતાપ ફરી પર્વતો પર ચાલ્યા ગયા તેણે સમસ્ત મધ્ય મેવાડમાં પ્રતાપ પ્રભાવને પૂરો કરી નાખવામાં સફળતા મેલવી પણ તે પ્રતાપને પકડી ન શક્યો.

શાહબાજ ખાં પહાડો, વનો વગેરે બધી જગ્યાએ તેને પકડવા ફરતો રહ્યો પરંતુ પ્રતાપ આબૂથી બાર માઈલ દૂર સોઢાના પહાડોમાં ચાલ્યા ગયા ત્યાં તે લોથાનાના રાવધૂલાના મહેમાન બનીને રહ્યા. રાવ ધૂલાએ તેમને દરેક પ્રકારની સુવિધા અને માન આપ્યું આ સાથે તેણે તેની પુત્રીના લગ્ન પણ કરાવી દીધા મહારાણાએ રાવધૂલાને રાણીની પદવી આપી.

સમ્રાટ અકબરે શાહબાજ ખાંને મેવાડ મોકલતી વખતે અત્યંત કડક આદેશ આપ્યા હતા. જો કે શાહબાજખાંને મહારાણીના પ્રભાવને પૂરો કરવામાં સફળતા મળી હતી

છતાં પણ તે અકબરના કડક આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યો. એથી અકબર તેનાથી નારાજ થઈ ગયો અને સન ૧૫૮૦ના મધ્યમાં તેને પાછો બોલાવી લીધો.

શાહબાજ ખાંના પરત ફર્યા બાદ અભિયાન ચલાવવા જાય તે પહેલાં જ શેરપુરાના કેટલાક કલવાહોએ વિદ્રોહ કરી દીધો અને તે વિદ્રોહ દબાવવા પહોંચ્યો પરંતુ માર્યો ગયો સુબેદાર તરીકેનો તેનો કાર્યકાળ માત્ર ચાર મહીના જ રહ્યો.

ખાનખાનાનું મેવાડ અભિયાન

જૂનની મધ્યમાં રૂસ્તમખાંના મૃત્યુ પછી ૧૬ જૂન ૧૫૮૦ અકબરે અજમેરના સુબેદારના પદ પર અબ્દુર રહીમ ખાનખાનની નિમણૂંક કરી. ખાનખાનાને મેવાડની લડાઈઓનો સારો અનુભવ હતો. તે મેવાડના અભિયાનોમાં સમ્રાટ અકબર તથા શાહબાજ ખાંની સાથે કામ કરી ચૂક્યો હતો એથી તેની પાસે આશા રાખવામાં આવી કે તે મેવાડ સમસ્યાનું સમાધાન શોધવામાં સફળ રહેશે.

ખાનખાના પ્રતાપને દબાવવામાં લાગી ગયો તેણે તેના પરિવારને શેરપુરામાં રાખ્યો અને પોતે પ્રતાપનો પીછો કરવા લાગ્યો એ સમાચાર મળતા જ મહારાણા ઢોલાન તરફ ચાલ્યા ગયા. પ્રતાપે ખાનખાનાને ગેરમાર્ગે દોરવા માટે અમરસિંહના નેતૃત્વમાં એક સૈનિક ટુકડી શેરપુરા એકલી આક્રમણ કરાવ્યું. આ આક્રમણમાં અમરસિંહે ખાનખાનાના પરિવારને બંદી બનાવી દીધું. આ સમાચાર મહારાણાને મોકલવામાં આવ્યા સમાચાર મળતા જ તેમણે અમરસિંહને જાણ કરી કે અમરસિંહના પરિવારને માન-સન્માનની સાથે મુક્ત કરવામાં આવે તથા મહિલાઓ સાથે કોઈ દુવ્યવહાર કરવામાં ન આવે. મહારાણાના આદેશનું પાલન કરવામાં આવ્યુ મુસલમાનો પાસેથી આ પ્રકારની વ્યવહારની ક્યારેય આશા રાખી ન શકાય. મહારાણાના આ ઉદાર માનવતાપૂર્ણ વ્યવહારથી ખાનખાનાનું કવિહૃદય દ્રવી ઉઠ્યુ. મહારાણા પ્રતિ પોતાની કૃતજ્ઞતા તેમણે આ મુજબના દોહામાં વર્ણવી-

ધમ રહ્યો રહસી ધરા

ખસ જાશે ખુસ્સાણ ।

અમર વિસમ્ભર ઉપરો

રાખો નહ જો રાણ ।।

ખાનખાનાનું ભાવુક હૃદય મહારાણા પ્રત્યે શ્રદ્ધાથી ભરાઈ ગયું હતું છતાં પણ સમ્રાટની આજ્ઞાનું પાલન કરવાનું તેનું કર્તવ્ય હતું એટલે તે મેવાડના પ્રદેશોમાં ફરીથી કામે લાગ્યો.

જગન્નાથ કછવાય મેવાડ અભિયાન પર

ખાનખાના પ્રતિ મહારાણાના ઉદાર વ્યવહારના સમાચાર મળતાની સાથેજ અકબર જાણી ગયો હતો કે ખાનખાના પૂરી રીતે તેનું કામ નહી કરી શકે એથી તેણે અન્ય વ્યક્તિને મેવાડ અભિયાન માટે મોકલવાનો નિર્ણ કર્યો. જો કે તેણે ખાનખાનાને હટાવ્યો ન હતો તે ૧૫૯૧ સુધી પદ પર રહ્યો. પરંતુ મહારાણા વિરુદ્ધ અભિયાન માટે રાજા જગન્નાથ કછવાહની નિમણૂંક કરવામાં આવી જે રાજા ભગવાનદાસના નાના ભાઈ હતા તેમણે હલ્દીઘાટીના યુદ્ધમાં ભાગ પણ લીધો હતો.

૬ ડીસેમ્બર ૧૫૮૪ એ જગન્નાથ કછવાહ મેવાડ તરફ ચાલી નીકળ્યા તેમના બક્ષી તરીકે ગિરજા જાફરબેગને મોકલવામાં આવ્યા. તેણે મેવાડ પહોંચવાની સાથે જ પ્રતાપના અધિકારવાળા વિસ્તારો પોતાના અધિકારમાં લેવાની શરુંઆત કરી અને તરત જ મોહી, માંડલગઢ, મદારીયા વગેરે સ્થાનો પર ફરીથી મોગલપણાની સ્થાપના કરી. સૈયદ રાજૂને માંડલગઢની વ્યવસ્થા સોંપી જગન્નાથ કછવાહ મહારાણાને શોધવા ચાલી નીકળ્યા. મહારાણા ચિત્તોડની પહાડીઓમાં ચાલ્યા ગયા મોગલો દ્વારા અધિકૃત વિસ્તારો પર તેમણે બીજી તરફથી આકરમમ કર્યુ સૈયદરાજૂ તેમનો સામનો કરવા આગળ વધ્યો પરંતુ પ્રતાપ ફરી ચિત્તોડની પહાડીઓમાં ચાલ્યા ગયા. સૈયદરાજૂને વિવશ થઈ માંડલગઢ પાછા ફરવું પડ્યું જગન્નાથ કછવાહો કુંભલગઢ પર પણ આક્રમણ કર્યુ પરંતુ પ્રતાપ ત્યાં ન મળ્યા. એથી તે પમ પાછા માંડલગઢ પહોંચ્યા.

જગન્નાથ કવ્વાહને જેના પર શક જતો તેને પ્રતાપ વિશે પૂછવા લાગતો છતાં તે પ્રતાપ વિશે જાણી ન શક્યો. પ્રતાપ કછવાહ માટે એક 'ડર' બની ગયા હતા. આ વિષયમાં શ્રીરામ શર્માએ લખ્યું છે, રાજુએ ત્યાંથી જ કુંભલગઢ પર આક્રમણ કરી દીધું. પ્રતાપ ચૂપચાપ કુંભલગઢથી ગાયબ થી ગયા. રાજૂએ ખુબ પીછો કર્યો પમ પહેલા તો રાજ પ્રતાપની એના પર અધિકાર કરે પ્રતાપ કુંભલગઢ છોડી ચિત્તોડ પહોંચી ગયા. રાજૂખે પ્રતાપનો પીછો ન છોડ્યો. ચિત્તોડમાં રાજુને પ્રતાપ ન મળ્યા. આ તરફ રાજૂ પ્રતાપનો પીછો કરી રહ્યો હતો, બીજી તરફ જગન્નાથ બંનેની સેના એક સ્થાન પર મળી. આ બંનેએ પ્રતાપને શોધવા જાનની બાજી લગાવી દીધી જે કોી પર શક જતો પ્રતાપ વિશે પૂછતાં તેને હેરાન કરતા પરંતુ રાણાની શોધ ન કરી શક્યા. મેકબતના નારવમાં 'બાદશાહ લીથર'ની જેમ It's here, It's there, It's no where વાળી વાત જ મહારાણા પ્રતાપને લાગૂ પડતી હતી.'

જગન્નાથ કછવાહના લાખ પ્રયાસ પછી પણ મહારાણાને પકડી ન શક્યો. એ દાઝમાં તેણે તેના રસ્તામાં આવતા મેવાડના વિસ્તારોને નષ્ટ કરી નાંખ્યા હતા.

અમરસિંહની નિરાશા

વીરવિનોદમાં એક ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેનાથી ખ્યાલ આવે છે કે વન્ય જીવનની કઠીણાઈઓથી એક વખત યુવરાજ અમરસિંહ હતાશ બની ગયા હતા.

એક વખત પ્રતાપ પહાડીઓમાં પોતાના સામંતો સાથે ઝૂંપડીમાં બેઠા હતા તે સાથે જ બનેલી બીજી ઝુંપડીમાં અમરસિંહ પોતાની પત્ની સાથે બેછા હતા. તેની પત્ની વન્ય જીવનથી તંગ આવી ગઈ હતી તેણે તેના પતિને કહી દીધુ હતું કે, આખરે ક્યાં સુધી આવુ જીવન જીવવું પડશે એનો ક્યારેય અંત આવશે કે નહી અમરસિંહે કહ્યું એમાં હુ શું કરી શકુ પિતાજી સમક્ષ કંઈ બોલવાની મારી હિંમત જ નથી.

મહારાણા પ્રતાપે પુત્ર પુત્ર વધુની વાત સાંભળી લીધી તેમને તેમના પુત્રની નિરાશાનું બહુ દખ થયું. તેમણે સામંતોને કહ્યું- 'એ સરદારો ! હું સારી રીતે જાણું છું કે મારા પછી આ અમરસિંહ જે દિવસથી આરામ ઈચ્છે છે તે ક્યારેય તકલીફ નહી ઉઠાવે અને મુસલમાનોએ આવેલા જૂતા પહેરી તેમના ફરમાનો અમલ તાબેદારી કરવાનું કબૂલ કરશે અને અમારા બેદાગ વંશને પોતાના આરામ માટે દાગ લગાવશે.

પિતાના મોંથી આ શબ્દો સાંભળી અમરસિંહ ખુબ શરમિંદો બન્યો જો કે તેણે મહારાણા પ્રતાપને કંઈ ન કહ્યું પરંતુ પ્રતિજ્ઞા કરી કે તે જીવનભર મોગલોની આધિનતા નહી સ્વીકારે.

ઇતિહાસ સાક્ષી છે કે, અમરસિંહ પોતાની આ પ્રતિજ્ઞાનો અમલ ન કરી શક્યા અંતે મહારાણા પ્રતાપની ભવિષ્યવાણી સાચી પુરવાર થઈ. જે વંશમાં દેહા, જાતિ, ધર્મ તથા સ્વતંત્રતા માટે પોતાના જીવની પરવા ન કરવાવાળા રાણા કુંભા, રાણા હમીર, રાણા સાંગા તથા મહારાણા પ્રતાપ જેવા વીર શાસક થયા તે જ વંશના અમરસિંહે ૧૬૧૪ ઈ.માં સંધિ કરી લીધી.

મહારાણાનો અકબરનો પત્ર : એક વિવાદસ્પદ તથ્ય

મહારાણા પ્રતાપ અંગે અનેક કિવદંતીઓ જાણીતી છે કહેવાય છે કે શાહબાજ ખાં એ તેના મેવાડના અભિયાનોમાં મેવાડને ખેદાન-મેદાન કરી નાંખ્યું. પોતાના પ્રિય મેવાડની આ દુર્દશા જોઈ તથા મોગલ આક્રમણોના આતંકથી મહારાણા પ્રતાપે અકબરની આધીનતાનો સ્વીકાર કરવા માટે એક પત્ર લખ્યો. કર્નલ થોડે રાજપૂતાને ના ઇતિહાસમાં આ ઘટનાનો ઉલ્લેખ કરતા લખ્યું છે કે, આ પત્ર અકબરની પાસે પહોંચ્યો. પહેલા તો તેને વિશ્વાસ ન આવ્યો એથી તેણે શંકા દૂર કરવા તેના દરબારીઓને પૂછ્યું જે પર તેના એક દરબારી બીકાનેરના રાય પૃથ્વીરાજને ખુબ દુખ થયું કેમકે બધા રાજપૂતોએ પ્રતાપ પર શ્રધ્ધા હતી. તે નહોતા ઇચ્છાત કે પ્રતાપ અકબરની સામે ઝુકી જાય. પૃથ્વીરાજ ચોખ્ખુ કહી દીધુ કે, આ પત્ર મહારાણાનો હોઈ જ ન શકે. એ પછી પૃથ્વીરાજે મહારાણાને એક પત્ર લખ્યો. આ પત્ર રાજસ્થાની ભાષાની કવિતામાં હતો જેનો સાર આ મુજબ છે- 'હિન્દુઓનો બધો વિશ્વાસ એક હિંદુ પર છે રાણાએ બધુ છોડી દીધુ અને એથી જ રાજપૂતોનું ગૌરવ આજે પણ સુરક્ષિત રહી શક્યું છે પ્રતાપે બધુ છોડી દીધુ છે. શું તે પોતાનું સ્વાભિમાની ગૌરવને પણ વેચવા ઈચ્છે

છે. બજારમાં જેણે રાજપૂતોના ગૌરવને ખરીદયું છે તે એક દિવસ મરવાનો છે. આ સ્થિતિમાં આપણું ગૌરવ રાણા પ્રતાપ દ્વારાજ પ્રાપ્ત થશે એ દિવસની આશામાં રાજસ્થાનના બધા રાજપૂતોની આંખો મંડાયેલી છે.

આ પત્રથી પ્રતાપનું સ્વાભિમાન ફરીથી જાગી ઉઠ્યુ અને તે અંત સુધી સંઘર્ષ કરતા રહ્યા.

તે સમયે કોઈપણ ઇતિહાસકારે પ્રતાપના આ પત્રનો ઉલ્લેખ નથી કર્યો. ટોડના આ વર્ણનને આધારે રાજસ્થાનની એક જ છે એટલા માટે લગભગ બધાજ ઇતિહાસકારોએ આ ઘટનાની સત્યતા પર સંદેહ વ્યક્ત કર્યો છે. ડૉ.ગોપીનાથ શર્માએ તેના પર પ્રકાશ નાખતા લખ્યુ છે-

રાણાના સબંધમાં એક લોકકથા જ છે, જેનો ઈતિ-હાસકાર સ્વીકારી નથી કરતા અને તે એક શાહી ફોજના આતંકથી ગભરાઈને પ્રતાપે સમ્રાટ ને ક્ષમા-યાચના માટે પત્ર લખ્યો, આ કથા કર્નલ ટોડને બીકાનેરની મૌખીક પરંપરાથી ગ્રહણ કર્યા અને તેનો પ્રચાર કર્યા ડિગંલ સાહિત્યમાં રાણા અને બીકાનેરના પૃથ્વીરાજ (જે કવિ પણ હતા) ની વચ્ચે કહેવાતા પત્ર વ્યહારનો ઉલ્લેખ મળે છે, જેમા કુંવર પૃથ્વીરાજ રાણાથી ક્ષમાયાચના વાર્તા અંગે પુછે છે પત્રના જવાબમાં પૃથ્વીરાજ લખે છે કે તેણે ક્યારેય સમ્રાટ પાસે ક્ષમાયાચના નથી કરી અને તે તેમની સામે ક્યારેય કોઈપણ રીતે ઝુકવા તૈયાર નથી આ પત્ર વ્યહારની કલ્પના એટલી રોચક હતી કે તે લોકકથામાં ફેરવાઈ ગઈ એ કહેવુ કઠિન છે કે આ કવિતાના માધ્યમથી લોક પરંપરાને જન્મ મળ્યો. લોકકથાઓ ઐતાહાસીકને વિવાદાસ્પદ કરી રોચક કે કરુંણ વર્ણનોને પ્રાથમિકતા આપે છે એ સર્વ વિદિત છે. કોઈ પણ સમ-સામાયિક હિન્દુ કે મુસ્લિમ ઇતિહાસકાર પ્રતાપ દ્વારા ક્ષમા પ્રાર્થનાના પત્રનો ઉલ્લેખ નથી કરતો જે આવુ થયું હોત તો મુસ્લિમ ઇતિહાસકાર તે અંગે જરૂર લખતા કારણ કે આવી ઘટનાની ઉપેક્ષા કરવી સંભવ ન હતું, જો તેમાં વાસ્તવિકતા હોત.

એક અન્ય વિવાદાસ્પદ પ્રસંગ

ઉપરના પત્રની જેવો જ એક અન્ય પ્રસંગ પ્રતાપની દુખદ અવસ્થાના સંદર્ભમાં છે કહેવામા આવે છે કે ૧૫૭૯ ઈ.મા જ્યારે શાહબાજખાં એ મેવાડ પર ચઢાઈ કરી તો મહારાણાએ ભટકતાની જેમ જંગલો તથા પહાડોમાં રખડવુ પડ્યું. આ સમયે પ્રતાપની આર્થિક સ્થિતિ ખુબ જ દયનીય થઈ ગઈ હતી તેના બધા સહયોગી વનવાસી હતા તેમની પાસે ખાવા માટે કંઈજ ન હતું તેમને અને તેમના પરિવારને ઘાંસની રોટલી ખાવી પડી એક વાર તેમની પુત્રીના હાથમાં એક રોટલીનો ટુકડો હતો એક જંગલી બીલાડો તે ટુકડાને છીનવીને ભાગ્યો તે રડતી રહી ગઈ આ ઘટનાને જોઇને પ્રતાપ વિચલીત

થઈ ગયા તેમની આંખોમાં આંસુ આવી ગયા એનાથી પ્રતાપનો સંકલ્પ ડગમગી ગયો અને તે અકબરની સ્વાધીનતા સ્વીકરવા સહમત થઈ ગયો.

આ ઘટનાનું સમર્થન પણ કોઈ ઐતહાસિક ગ્રંથ કે મેવાડ રાજવંશના વિષયમાં લખેલા કાવ્યગ્રંથમા નથી હોતો માત્ર કર્નલ ટોડે તેનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ ટોડને તેનો સ્ત્રોત ક્યાંથી મળ્યો તેમાં તેનો કોઈ ઉલ્લેખ નથી કર્યા. સૌ પ્રથમ તો પ્રતાપનો પહાડી ક્ષેત્રોમાં હંમેશા અધિકાર જળવાઈ રહ્યો. આ ક્ષેત્રોમાં વચ્ચે ઉપજાઉ જમીન પણ છે. સાથે જ પ્રતાપની લોકપ્રિયતા એટલી વધારે હતી કે આજુબાજુના ગામના લોકો પણ તેમની આર્થિક સ્થિતિ એટલી દયનીય થવાનો પ્રશ્ન જ ઉઠતો નથી તે પોતાના પૂર્વજોએ ભેગો કરેલો ખજાનો પણ સાથે લઈ ગયા હતા જો તે આ પ્રકારની દયનીય અવસ્થામાં હોત તો અવિરત રૂપે મોકો મળતા જ મોગલોનો સામનો કેવી રીતે કરતા હોત અને સૌથી મોટી વાત એ છે કે પ્રતાપને કોઈ પુત્રી જ ન હતી આ કથાની નિરર્થકતાને સાબિત કરતા ડો.ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ લખ્યુ છે-

આ આખો કિસ્સો અતિશયોક્તિ ભર્યા અને કપોળ કલ્પના માત્ર છે. કારણ કે મહારાણાએ આવી કોઈ વિપત્તીને સહન કરવી પડી નહોતી ઉત્તરમાં કુંભલગઢથી લઈને દક્ષિણમાં ઋષભદેવ સુધી (લગભગ ૯૦ માઈલ લાંબો) અને પૂર્વમાં તે બારીથી પશ્ચિમમાં સિરોહિની સીમા સુધી લગભગ ૭૦ માઈલ પહોળો પહાડી પ્રદેશ, જે એકની પાછળ એક પર્વત શ્રેણીથી ભરેલો છે, મહારાણાના અધિકારમાં હતો. મહારાણા તથા સામન્તોની સ્ત્રીઓ અને બાળકો વગેરે આ સુરક્ષિત પ્રદેશમાં રહેતા હતા જરૂર પડતા તેમના માટે અનાજ વગેરે લાવવા માટે ગોડવાડ, સિરોહી, ઈડર અને માળવા તરફના માર્ગ ખુલેલા હતા આ રીતે પ્રદેશમાં પાણી તથા ફળવાળા વૃક્ષો મોટી સંખ્યામાં હોવા ઉપરાંત, વચ્ચે વચ્ચે કોઈ જગ્યાએ સમતલ ભૂમિ પણ હતી, ત્યાં સેંકડો ગામ આબાદ હતા. આ રીતે ત્યાં ઘણા પહાડી કિલ્લા તથા ગઢ બનેલા હતા. પહાડીઓ પર હજારો માઈલની વસ્તીઓ હતી. ત્યાં મકાઈ, ચણા, ચોખા વગેરે અન્ન મોટા પ્રમાણાં મળતુ હતું. ઘી, દુધ વગેરે પદાર્થ પણ સરળતાથી મળી જતા હતા. એવી જ રીતે છપ્પન તથા બાસનીથી લઈને થર્યાવદથી આગલ સુધીનો સમસ્ત પહાડી પ્રદેશ પણ મહારાણાના અધિકારમાં હતો. માત્ર મેવાડનો ઉત્તર પૂર્વી પ્રદેશ જ શાહી સેનાએ ઘેરેલો હતો. આટલા મોટા પહાડી પ્રદેશને ઘેરવા માટે લાખોની સંખ્યામાં સેનાની જરૂરીયાત પડતી હતી. તો પોતાના સરદારોની સાથે વિસ્તૃત પહાડી પ્રદેશોમાં ભયહીન બનીને રહેતા હતા અને તેમના હજારો સ્વામિભક્ત અને વીર ભીલ વાંદરાઓની જેમ પહાડો પાર કરવામાં નિપુણ હતા. શત્રુ સેનાની ૪૦-૫૦ માઈલ દૂરની હલચલોની ખબર સાત-આઠ કલાકોમાં જ તેમની પાસે પહોંચાડી દેતા હતા. રાણા પોતાના રાજપૂતો સહિત પહાડોની અંદર છુપાઈને રહેતા અને તક મળતાની સાથે જ તૂટી પડતા. ભીલ મહારાણાની સેવા કરવા ઉપરાંત તક મળતાજ શાહી સેનીની સંપત્તિ લૂંટી લેતાં હતા તેમજ મહારાણા અને

સરદારોની સ્ત્રીઓની રક્ષા કરતા હતા. આજ કારણે શાહબાજખાં એકવાર પણ મેવાડમાં વધુ દિવસો સુધી ટકી શક્યો ન હતો અને મુખ્ય-મુખ્ય જગ્યાઓ પર મોટી સેનાની સાથે થાણા સ્થાપી પાછો ફર્યો. મહારાણા આ થાણાઓ પર બરાબર હુમલા કરી તેમને ઉડાવતા રહ્યા. કર્નલ ટોડે મહારાણાની વિપત્તિનું જે ચિત્ર ખેંચ્યુ છે જો તે સાચુ હોત તો અબુલ ફઝલ જેવો લેખક જે અવારનવાર બાદશાહની પ્રશંસા કરે છે અને નાની-નાની વાતને વધારી ચઢાવીને લખે છે આ વાતને રાઈનો પહાડ બનાવીને લખત પરંતુ અકબરનામા અથવા ફારસી તવારીખમાં એનું ક્યાંય વર્ણન નથી કે કષ્ટો અને મુશ્કેલીઓને ન સહી શકવાના કારણે રાણાએ અકબરની આધીનતા સ્વીકાર કરવા માટે તેને પત્ર લખ્યો. એ સત્ય છે કે ઉદયપુર તથા ગોગૂંદાના રાજમહેલો જેવો આરામ ત્યાં ન હતો અને શત્રુથી લડવાની ચિંતા સદા માટે રહેતી હતી.

પ્રતાપને ક્યારેય આર્થિક મુશ્કેલીનો સામનો કરવો ન પડ્યો. તેમના પૂર્વજો રાણાકુંભા તથા રાણા સાંગાએ અતુલ સંપત્તિ ભેગી કરી હતી. આ સંપત્તિ મેવાડ પર બહાદુર શાહના પહેલા આક્રમણ અગાઉ ચિત્તોડથી હટાવી લેવામાં આવી હતી. એથી બહાદુરશાહ કે અકબર કોઈ આક્રમણકાર તે મેળવી શક્યા ન હતા. જો કે ઉદયસિંહ અથવા પ્રતાપને સંપત્તિ એકઠી કરવાની તક મળી ન હતી પરંતુ પૂર્વજોએ મેળવેલી સંપત્તિને તેમણે કાયમ સુરક્ષિત રાખી. મોગલો સાથે આક્રમણોના સમયે આ કોષને ભામાશાહના નિયંત્રણમાં ગુપ્ત સ્થાન પર રાખવામાં આવતો હતો તે તેનો પૂરો હિસાબ પોતાની વહીમા રાખતા હતા તથા જરૂર પડ્યે તેનો ખર્ચ કરતા હતા. તેમના મૃત્યુ સમયે તેણે આવહી પોતાની પત્નીને આપી દીધી હતી અને તેને અમરસિંહ સુધી પહોંચાડવાનો આગ્રહ કર્યું હતું.

પાછળથી અમરસિંહે જહાગીર સાથે સંધિ કરી લીધી. સંધિના સમયે અમરસિંહે શાહષદા ખુર્રમ (પાછળથી શાહજહાં)ને એક લાલ ભેટ આપી હતી. જેનું તે સમયે મૂલ્ય ૬૦ હજાર રૂપિયા હતું. (આ લાલ રાઠોર શાસક રાવ માલદેવની પાસે હતું. તેના પુત્ર ચંદ્રસેને એને સંકટ સમયે ઉદયસિંહને વેચી દીધી હતી)એ ઉપરાંત જ્યારે શાહજહા ખુર્રમ દક્ષિણ જતી વખતે ઉદયપુરમાં રોકાયા તો તેને અમરસિંહે પાંચ હાથી, ૨૭ ઘોડા તથા બહુમુલ્ય રત્નો અને આભૂષણોથી ભરેલો એક થાળ ભેટ આવ્યો હતો. હા એ અલગ વાત છે કે ખુર્રમે ત્રણ ઘોડાને વધારાની વસ્તુ અમરસિંહને પાછી આપી દીધી હતી.

અમરસિંહ પછી તેનો પુત્ર જગતસિંહ ગાદી પર બેઠો તેણે ઉદયપુરમાં જગન્નાથ મંદિર બંધાવ્યું. જેમાં લાખો રૂપિયા ખર્ચ કર્યા તેણે કલ્પવૃક્ષનું દાન કર્યું કલ્પવૃક્ષ માત્ર રત્નોથી બનાવવામાં આવે છે. તે શરુંઆતમાં દરેક જન્મદિવસે ચાંદીનું તુલાદાન (પોતાના વજન જેટલું) કરતો હતો પરંતુ સન ૧૬૪૮ થી તે આ પ્રસંગે સોનાનું તુલાદાન કરવા લાગ્યો. એ પછી તેનો પુત્ર રાજસિંહ મેવાડ શાસક બન્યો. તેણે તેના અભિષેક

વર્ષ સન ૧૬૫૨ ઈ.માં એકલિંગ મંદિરમાં રત્નોનું તુલાદાન કર્યું. સમસ્ત ભારતીય ઇતિહાસમાં રત્નોનું તુલાદાનનું આ એકમાત્ર ઉદાહરણ છે. તેણે રાજ સમુદ્ર સરોવર બંધાવ્યું જેમાં લગભગ એક કરોડ છ લાખનો ખર્ચ થયો. આ બધા વિવરણથી ખ્યાલ આવે છે કે મેવાડ રાજઘરાનાની આ સંપત્તિ પૂર્વ રચિત હતી તેને અમરસિંહ, જગતસિંહ અથવા રાજસિંહે પોતાની શક્તિથી મેળી ન હતી. એથી મહારાણા પ્રતાપને મોગલો સાથે સંઘર્ષના સમયે નિતિનિત વિપન્ન માનવા સર્વથા અનુચિત છે.

મહારાણા પ્રતાપના વિષયમાં એક વાત કહેવામાં આવે છે કે તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે તે સોના-ચાંદીના વાસણોને બદલે પતરાળામાં ભોજન કરશે. ઘાસ પાંદડાની પથારીમાં સુઈ જશે વગેરે આ બધી વાતોને કાલ્પનિક સાબિત કરતા ડો.ઓઝાએ લખ્યુ છે 'ઉદયપુરના મહારાણાઓની ભોજનની રીત એ છે કે પ્રાચીન શૈલી પ્રમાણે ફર્શને ધોઈને તેના પર ધોયેલુ સફેદ વસ્ત્ર પાથરવામાં આવે છે. જેના પર બાજોઠ (છ પાયાવાળી ષષ્ટકોણ કે ચાર પાયાવાળી ચતુષ્કોણ ચોકી, જે લગભગ નવ ઇંચ ઉંચી હોય છે રાખવામાં આવે છે. તેના ઉપર પતરાળુ અને પતરાળા ઉપર થાળ રાખવામાં આવે છે. કર્નલ ટોડ પ્રમાણે આ પતરાળુ ઉપર પ્રતિજ્ઞા નીમિત્તે નહી પરંતુ ભોજનની પ્રાચીન પદ્ધતિનું ચિહ્ન માત્ર છે. પ્રાચીનકાળમાં ભોજન પતરાળા પરજ થતુ હતું. તેમની પથારી નીચે ઘાસ ક્યારેય રાખવામાં આવતી ન હતી.

એક અન્ય દંત કથા પ્રમાણે ગાડોલિયા લોહાર પણ મહારાણાની પ્રતિજ્ઞા સાથે જોડવામાં આવે છે. એ લોકો પોતાના પરિવાર સાથે બળદગાડામાં સામાન લઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ ડેરા લગાવી ફરતા રહે છે. ચાકુ, છરિઓ વગેરે વસ્તુઓ બનાવતા તેમના પરિવાર રાજસ્થાન, પંજાબ, દિલ્હી, ઉત્તરપ્રદેશ વગેરેમાં સડકોના કિનારે ડેરા જમાવેલા જોવા મળે છે. માનવામાં આવે છે પ્રતાપના સમયમાં જ્યારે મેવાડ પર મોગલનું આક્રમણ થયું અને ચિતોડ ખાલી કરવુ પડ્યુ, તો એ લોકો મહારાણાના વિજય સુધી ઘુમતા રહેવા માટે ઘરેથી નીકળી પડ્યા અને ત્યારથી ભટકતા રહે છે. છેવટે તેનુ પ્રમાણ મળતુ નથી એ સમયે બધાને ચિતોડ છોડવુ પડ્યુ હતું, પરંતુ કોઈપણ અન્ય સમુદાય આવુ ફરતુ જીવન નહોતુ અપનાવ્યુ.

હલ્દીઘાટીના યુદ્ધ પછી મહારાણા પ્રતાપનો મોટાભાગનો સમય પહાડોમાંજ વ્યતીત થયો આ જીવન તેમના ભવ્યતમ ઇતિહાસનું ચરમબિંદુ છે એ જ તેમના અપૂર્વ દેશપ્રેમ, કુશળ રાજનીતિ અદ્‌ભુત મનોબળ તથા ઉત્સાહનું દર્શન થાય છે. હલ્દીઘાટીના પરાજયને પ્રતાપે ક્યારેય સ્વીકાર ન કર્યો. તેથી જ આ પરાજય પછી તેમની યુદ્ધનીતિનો એક નવીન અધ્યાય પ્રારંભ થાય છે. ગોગૂંદામાં વારે વારે આક્રમણ કરીને તે મોગલોને આજુ બાજુ ઉલઝાવીને મોગલોની શક્તિને ક્ષીણ કરી તેના મનોબળને નષ્ટ કરી દેવા ઈચ્છતાં હતો. તે માત્ર રોકવાનાજ પક્ષમાં ન હતા. તેમણે કુંભલગઢની પાસેથી સહાડા તથા ગોડવાડથી આસીંદ સુધી સમસ્ત પર્વતીય પ્રદેશોમાં પરમ વિશ્વસ્ત

અને વીરભીલોને લગાવ્યા હતા, જે તત્પરતા સાથે પોતાના કર્તવ્ય નિર્વાહ કરતા હતા. તેમના જ સહયોગથી શત્રુ પ્રવેશ કરી શકતો ન હતો અને જો શત્રુ પર્વશનો વિચાર પણ કરે તો તેની સુચના મહારાણાને મળી જાતી અને તે ત્યાંથી અન્ય જગ્યાએ ચાલ્યા જતા.

માતૃભૂમિ પ્રત્યે પોતાના કર્તવ્યના નિર્વાહને કારણે મહારાણાએ પોતાના સુખમય જીવનને છોડી દીધુ. વન્યજીવનની મુશ્કેલીઓને તેમણે પોતાના જીવનનું અંગ બનાવી લીધુ હતું. એ કાયરતા નહી પરંતુ તેમની કુશળ રાજનીતિ હતી. તેમની આ નીતિમાં મોગલો સાથે સીધી ટક્કરને વધારે મહત્ત્વપૂર્ણ માનવામાં આવતી ન હતી. એ જ કારણ હતું કે પરમ શક્તિશાળી મોગલ સમ્રાટ મેવાડને કાયમી રૂપે પોતાના પ્રભુત્વમાં લાવવા માટે સફળ ન થયા. વન્ય જીવનમાં તેમણે પ્રજા સાથે પોતાના સંબંધ આત્મીયપૂર્ણ બનાવવા ના હતા. તેમના પ્રબળ ત્યાગ, કઠોર અનુશાસન તથા કષ્ટપૂર્ણ જીવનનો પ્રજા પર પ્રેરણાદાયી પ્રભાવ પડતો હતો. આથી જનતાની તેમના માટે ભક્તિ સહજ બની ગઈ હતી. જનતાનો પ્રેમ જ કોઈ શાસકની સ્થિરતાનું કારણ હોય છે. આ તથ્યને મહારાણા સારી રીતે જાણતા હતા. એથીજ તેમની પ્રજા તેમના એક સ્થાનેથી બીજા સ્થાન સુધી જતી વખતે મોગલ દંડની પરવાહ કર્યા વગર તેમના રહેવાની વ્યવસ્થા કરી દેતી હતી.

જૂન ૧૫૭૬ થી ૧૬૮૫ના ઉત્તરાર્ધ સુધી મહારાણા પર્વતોમાં એકથી બીજા સ્થાન સુધી ભટકતા રહ્યા છતાં પણ મોગલ સમ્રાટની સામે સમર્પણ કર્યું નહી. છેવટે તેમના દિવસો ફર્યા. મોગલ સમ્રાટનું મેવાડ અભિયાન ક્ષીણ થવા લાગ્યું. મહારાણા ફરીથી મેવાડને સંપૂર્ણપણે મોગલ પ્રભાવમાંથી મુક્ત કરવા માટે પ્રયત્નશીલ થઈ ગયા.

છઠ્ઠો અધ્યાય

સફળતા અને અવસાન

જગન્નાથ કછવાહાને પણ પોતાના મેવાડ અભિયાનમાં ખાસ સફળતા ન મળી. તેનાથી મોગલ સમ્રાટને વિશ્વાસ થઈ ગયો કે મહારાણા પ્રતાપને પકડવો અને તેની પાસેથી પ્રભુસત્તા સ્વીકાર કરાવવાનો પ્રયત્ન બેકાર છે. સાથે જ ઈ.સ.૧૫૭૯ થી ૧૫૮૫ સુધી પૂર્વ ઉત્તર પ્રદેશ, બંગાળ, બિહાર તથા ગુજરાતના મોગલ આધીન ક્ષેત્રોમાં વિદ્રોહ થવા લાગ્યો હતો. પરિણામે અકબર આમાં જ ગુંચવાયેલો રહ્યો. ત્યારબાદ અકબર ઉત્તર પશ્ચિમ સીમા પ્રાંત તથા પંજાબના વિદ્રોહને દબાવવામાં વ્યસ્ત થઈ ગયો. આ કારણોથી મેવાડ પર મોગલ સમ્રાટનું દબાણ ઓછુ થઈ ગયું. જગન્નાથ કછવાહાના આક્રમણ મેવાડ પર પ્રતાપના સમયમાં અંતિમ આક્રમણ સાબિત થયું.

આ બધી પરિસ્થિતિઓ મહારાણા પ્રતાપને પોતાના અનુકુળ લાગવા લાગી. તેને પોતાનું લક્ષ્ય નજીક જ દેખાવા લાગ્યું. પ્રતાપ આ સ્વર્ણિમ અવસરને ગુમાવવા ઈચ્છતાં ન હતો.

હલ્દીઘાટી યુદ્ધ પછી જ મહારાણા પ્રતાપે અનુભવ કર્યો કે મેવાડને સ્વતંત્ર કરાવવા માટે મોગલોનો સીધો સામનો કરવો પુરતો નહી થાય. પરંતુ તેના માટે પડોશી રાજ્યો સાથે મિત્રાતાપૂર્ણ સબંધ પણ જરૂરી છે. મેવાડ પર મોગલો પર સતા સ્થાપિત થઈ જવાથી આ રાજ્યોનું પ્રભુત્વ પણ સુરક્ષિત નથી રહી. શકતું પ્રતાપે આ બિંદુને ધ્યાનમાં રાખીને મિત્રતા ભર્યા સંબંધ વધારવાની શરુંઆત કરી દીધી. આ રાજ્યો પર મોગલ સત્તાનું સ્થાપિત થઈ જવું. મેવાડની સુરક્ષા માટે પણ ઘાતક હતું.

ઈડર, સિરોહી, ડુંગરપુર, બુંદી તથા બાંસવાડા પ્રતાપના સહયોગી રાજ્ય હતા. જોકે - ક્યારેક ક્યારેક તે મોગલ પક્ષમાં પણ ચાલ્યા જતા હતા, પરંતુ અનુકુળ સ્થિતિ થતા જ તેનો સહયોગ મળવા લાગતો હતો. ઈડર રાજ્યના શાસક રાવનારાયણદાસ પ્રતાપનો સંબંધી બની ગયો હતો. આ રીતે પ્રતાપે મેવાડ માટે એક સુરક્ષા પંક્તિનું નિર્માણ કરી લીધુ હતું.

રાઠોડો પર પ્રભુત્વ

પ્રતાપ વિરૂદ્ધ મોગલોનું અભિયાન પણ ચાલી રહ્યુ હતું અને પ્રતાપ મોકો મળતાં જ ફરીથી મોગલોને ખસેડી દેતા હતા. પ્રતાપને આ યુદ્ધમાં ગુંચવાયેલી જોઈ કેટલીક આંતરિક વિદ્રોહી શકિતઓ પોતાની શકિત વધારવા લાગી હતી. છપ્પનના રાઠોડોએ આ અવસરનો લાભ ઉઠાવવાની ચેષ્ટા કરી. તેમણે મગરા જિલ્લાના દક્ષિણ-પશ્ચીમ ભાગમાં પોતાની શકિત વધારવાનો આરંભ કરી દીધો. મહારાણા માટે આ નવી મુશ્કેલી હતી. આ સમયે જગન્નાથ કછવાહા પણ મેવાડના અભિયાન પર હતા. એક તરફ તે કછવાહાના અભિયાનનો સામનો કરી રહ્યો હતો, બીજી તરફ રાઠોડ વિદ્રોહ પર ઉતરી આવ્યા હતા. મહારાણાએ રાઠોડોનું દમન કરવાનું જરૂરી સમજ્યા. આથી ૧૫૮૫ ઈ.મા તે મગરાના દક્ષિણ-પશ્ચિમ તરફ ચાલી નીકળ્યા ત્યાં તેમણે રાઠોડોનું દમન કર્યુ. તેના નેતા લુણા ચાવંડિયા હારી ગયો તથા ત્યાં રાણાની સત્તા સ્થાપિત થઈ ગઈ. સરાડાની નજીક સુરજખંડ ગામના એક શિલાલેખમાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો છે.

મોટાભાગના મેવાડ પર અધિકાર

અકબરનું અન્ય સ્થાનોમાં વ્યસ્ત થતા જ મેવાડ પર મોગલોનું દબાણ ઓછુ થઈ ગયુ. આથી મહારાણાએ ૧૫૮૫ ઈ.માં મેવાડ મુકિતના પ્રયત્ન તેજ કરી દીધા. અમરસિંહના નેતૃત્વમાં મેવાડની

સેના પોતાના લક્ષ્ય પર નીકલી પડી. આ સેનાએ મોગલ ચોકિઓ પર આક્રમણ શરું કરી દીધા. મોગલ સેના ભાગવા લાગી અને તરત જ ઉદયપુર, મોહી, ગોગૂંદા, માંડલ પિંડવાડા વગેરે ૩૬ મહત્ત્વપૂર્ણ સ્થાનો પર મહારાણાનું આધિપત્ય સ્થાપિત થઈ ગયું. એક વર્ષની અંદરજ ઉત્તર-પશ્ચિમી, ઉત્તર-પૂર્વી તથા મધ્યવર્તી મેવાડમાં સ્થાપિત થઈ ગયું. એક વર્ષની અંદરજ ઉત્તર-પશ્ચિમી, ઉત્તર-પૂર્વી તથા મધ્યવર્તી મેવાડમાં સ્થાપિત બધી મોગલ ચોકિઓ ખાલી થઈ ગઈ. માત્ર ચિત્તોડ, માંડલગઢ અને તેના ઉત્તર-પૂર્વમાં મોગલોનો અધિકાર જળવાઈ રહ્યો. મહારાણા પ્રતાપ જે સમયે સિંહાસન પર બેઠા, તે સમયે જેટલા મેવાડ પર તેમનો અધિકાર હતો. લગભગ એટલાજ જમીન ભાગ પર તેમની સતા સ્થાપિત થઈ ગઈ. બાર વર્ષના સંઘર્ષ પછી પણ અકબર તેમાં કોઈ પરિવર્તન કરી શક્યો નહી.

ત્યારબાદ મહારાણા પ્રતાપે માનસિંહ તથા જગન્નાથ કછવાહાને પાઠ ભણાવવા માટે આમેરના ક્ષેત્રો પર પણ આક્રમણ કરી દીધુ તથા તેના સંપન્ન નગર માલપુરેને લુટ્યું અને નાશ કરી દીધો. બાંસવાડા તથા ડુંગરપુર પર મોગલોની સત્તા સ્થાપિત થઈ ગઈ હતી. એટલે એ બંને રાજ્યોને પણ પોતાને આધીન કરી લીધા.

આ સમય મેવાડ માટે એક સુવર્ણ યુગ સાબિત થયો. મહારાણા લાંબાગાળાના સંઘર્ષ પછી મોટાભાગના મેવાડને મુક્ત કરવામાં સફળ થયા. આ વિશે ડો.ગોપીનાથનું કથન છે.

‘ઈ.સ. ૧૫૮૫નો સમય પ્રતાપના વિષમ જીવનનો એક સુવર્ણકાળ છે. આ સમય સુધી મોગલોનો આતંક થઈ ગયો હતો. જગન્નાથ કછવાહાનો મેવાડ પર કદાચ અંતિમ આક્રમણ હતું. કારણકે સમ્રાટનું ધ્યના મેવાડમાંથી હટીને હવે ઉત્તર-પશ્ચિમ સીમાના પ્રદેશો તથા પંજાબની જરૂરી સમસ્યાઓ તરફ રહેલુ હતું. પ્રતાપ આ વિરામ ગાળામાં ફરીથી ુત્તર-પશ્ચિમ, ઉત્તર-પૂર્વિ તથા કેન્દ્રીય મેવાડના ભાગની મોગલ ચોકીઓ પર હુમલો કરવાનું શરું કરી દીધું. તેણે કુંવર અમરસિંહની સહાયતાથી ૩૬ સ્થાનો જેમાં, મોહી, ગોગૂંદા, માંડલ, પિંડવાડા વગેરે મુખ્ય હતા, મોગલોને કાઢી મુક્યા. મેવાડના મુખ્યસ્થાન પ્રતાપના હાથમાં આવી ચુક્યા હતા.

ગોગૂંદામાં સભા

વિજયની પ્રસન્નતાના અવસર પર મહારાણએ ગોગૂંદામાં એક વિશાળ સભાનું આયોજન કર્યું. આ સભામાં મહારાણા, તેમના સામન્તો તથા સૈનિકોએ ભાગ લીધો. આ સંઘર્ષના સમયમાં મહારાણાને સાથ આપનારા વીરોને તથા યુદ્ધમાં પોતાના પ્રાણ ખોનારા વીરોના વારસદારને અનેક પુરસ્કાર આપવામાં આવ્યા. મેવાડના કેટલાય ભાગ વિરાન થઈ ગયા હતા તેમને ફરીથી વસાવવાની યોજના કરવામાં આવી.

નવી રાજધાની ચાવંડ

આ સમયે મહારાણા પ્રતાપે પોતાના રાજ્યની નવી રાજધાની ચાવંડનું નિર્માણ કરાવ્યું. આ ક્ષેત્ર છપ્પનના શાસક ચાવંડિયા પાસેથી જીતવામાં આવ્યુ હતું. તેણેજ ચાવંડને રાજધાનીમાં પરિવર્તિત કરી દીધું. અહીયા ચારે તરફ ગાઢ જંગલ તથા પર્વતમાળાઓ હતી આથી તે સુરક્ષાની દૃષ્ટિથી રાજધાની માટે એકદમ યોગ્ય સમજવામાં આવ્યું. ચાવંડની નજીક ખેતીલાયક જમીન પણ હતી. આ સ્થાન સુરક્ષા માટે શાંતિકાલ માટે પણ અનુકુળ હતું. એ સાથે જ તે મેવાડના મિત્ર રાજ્યોની નજીક તથા મોગલોની પહોંચથી દુર હતા. ચોક્કસ જ આ સુરક્ષિત સ્થાનને રાજ્યની રાજધાની બનાવવાનું મહારાણાની દુરદર્શિતાની ઓળખ છે.

ચાવંડમાં નવુ નિર્માણ કાર્ય કરવામાં આવ્યું. ભવ્ય રાજમહેલ બન્યા, આ મહેલોની નિર્માણ શૈલી રાણાકુંભા તથા રાણા ઉદયસિંહની નિર્માણ શૈલી સાથે સરખી હતી. તેના નિર્માણમાં આકાર, પ્રકાર અને સમયની જરૂરિયાત પર પુરૂ ધ્યાન આપવામાં આવ્યું. આજે પણ તેના ભગ્ન અવશેષોને જોઈને સ્પષ્ટ થઈ જાય છે કે તેના નિર્માણમાં યુદ્ધકાળની ભયાનકતાનો સ્પષ્ટ પ્રભાવ છે. દરેક સ્થાન પર સુરક્ષા સુદ્દઢતા વગેરેનું પુરતુ ધ્યાન રાખવામાં આવ્યું છે.

રાજપ્રસાદની પાસેજ સામંતોના રહેઠાણ પણ બનાવવામાં આવ્યા. તેના ખંડેરોથી સ્પષ્ટ છે કે તેના ઓરડા રાજમહેલની તુલનામાં થોડા નાના હતા. તેમાં કેટલાક નાના ઓરડા, ચબુતરા તથા ખુલ્લી ઘોડશાલ હતી. મકાનની છતાંને વાંસ તથા કેળથી ઢાંકવામાં આવતી હતી. સામાન્ય લોકો માટે કાચા મકાન બનાવવામાં આવ્યા. રાજમહેલની બરોબર ચામુંડા દેવીનું મંદિર છે. ચાવંડની સ્થાપત્ય કળાના વિષયમાં ડો.ગોપીનાથ શર્માએ લખ્યુ છે.

આ મહેલ તેની મજબુતીની દૃષ્ટિથી વિલક્ષણ છે તેની નિર્માણ શૈલીમાં ઉદયસિંહ તથા કુંભાના સમયની નિર્માણ શૈલીની ઝલક છે. અહીના ભગ્ન અવશેષોની ચોપાલ તથા ઓરડાની બનાવટ બરોબર ચિતૌડના કંવરપદોના મહેલો જેવી છે. પરંતુ આકાર અને પ્રકારમાં સમયની જરૂરિયાતને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ મહેલોની સૌથી મોટી વિશેષતા તેના યુદ્ધકાળની ભિષણતા દેખાય છે. દરેક જગ્યાએ બચાવ, રક્ષા, સુરક્ષા વગેરે વાતોને ધ્યાનમાં રાખવામાં આવી છે. સંપૂર્ણ રાજમહેલના સ્વરૂપમાં આપણે પ્રતાપના કઠોર જીવનની ઝલક જોવા મળે છે. આ મહેલ યુદ્ધ સમયની સ્થાપત્ય કલાનો સારો નમુનો છે.

ચાવંડ મહારાણા પ્રતાપના મૃત્યુ પછી પણ અમરસિંહની જહાંગીર સાથે સંધિના બીજા વર્ષે ૧૬૧૫ ઈ. સુધી મેવાડની રાજધાની રહી. રાજધાની ન રહ્યા પછી પમ તે હંમેશા સો વર્ષ સુધી સાહિત્ય, કળા વગેરેનું કેન્દ્ર રહ્યા. અઢારમી શતાબ્દીમાં અહીયા લખેલા અનેક ગ્રંથ તેના પ્રમાણ રૂપ છે. અત્યારે ચાવંડ એકમાત્ર ગામડુ રહી ગયું છે, પરંતુ ભગ્ન અવશેષ આજે પણ તેના ગૌરવશાળી અતીતની કહાની કહે છે.

ઉજડેલાં સ્થાનોનું પુનઃનિર્માણ

પ્રતાપના અરાવલીની શરણમાં જતી વખતે ઘણા સ્થાનોને ઉજાડી નાખ્યા હતા. પછી મોગલોએ પ્રતાપનો પીછો કરતી વખતે પ્રતાપને ન પકડી શકવાથીએ સ્થળોને બિલકુલ નષ્ટ કરી નાખ્યા હતા. મેવાડની સ્વતંત્રતા પર આ સ્થાનોને ફરીથી વસાવવાનો આરંભ કર્યો.

પીપળી, ઢોલાન, ટીકડ વગેરેને મોગલોએ સળગાવીને સંપૂર્ણ નાશ કરી નાંખ્યો હતો. તેને ફરીથી વસાવવા માટે ખેડુતોને નવી જગ્યા આપવામાં આવી જે ખેડુતોએ જમીનના જુના પટ્ટા ખોઈ નાખ્યા હતા, તેને ફરીથી પટ્ટા આપવામાં આવ્યા વેપાર તથા ઉદ્યોગને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શિક્ષણ તથા સ્વાસ્થ્ય પર પણ પુરતુ ધ્યાન આપવામાં આવ્યું. તરતજ મેવાડની વેરાન પડેલા ખેતરોમાં પાક લહેરાવવા લાગ્યો. રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપિત થઈ ગઈ. મેવાડના લોકો, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધ બધા નિર્ભયતાથી ફરવા લાગ્યા. પ્રતાપ એક ઉચ્ચ આદર્શ ચરિત્રના માલિક હતા. સાથેજ પ્રજા પર તેને અપાર પ્રેમ હતો તેના રાજ્યમાં બધા લોકો સુખેથી રહેવા લાગ્યા. અમરસિંહના સમયમાં લખેલા એક કાવ્યગ્રંથમાં મહારાણાના શાસનની સુવ્યવસ્થા, પ્રજાની સુખ શાંતિ તથા સંપનતાનું ચિત્રણ કરતા કવિએ લખ્યું છે-

'પ્રતાપના આ સમય સુધી પોતાના રાજ્યમાં સુખ-શાંતિનું એવી પ્રસાર કરી દીધી હતી કે સ્ત્રીઓ અને બાળકોને પણ કોઈ ભય ન હતો. પ્રજાનું ચારિત્ર્ય ઉંચુ હતું અને નૈતિકતા પર પણ આસ્થા હતી આથી રાજ્ય દ્વારા કોઈને દંડ કરવાનો પ્રશ્ન જ ઉઠતો ન હતો. મહારાણા પ્રતાપે પ્રજામાં દરેકના શિક્ષણનો યોગ્ય પ્રબંધ કર્યો. ભૂમિ અત્યંત ઉપજાઉ હતી. રાજ્યમાં અભાવ જેવી કોઇ ચીજ ન રહી. બધાને ઘી દુધ, દહી ફળ તથા અન્ય ખાદ્યસામગ્રી ખુબ પ્રમાણમાં ઉપલબ્ધ હતી આ શાંતિકાળમાં મેવાડમાં ઘણા નગર વસ્યા જેમાં સમૃદ્ધ અને રાજભક્ત પ્રજા રહેતી હતી.

મહાપ્રયાણ

મહારાણા પ્રતાપ પોતાના પિતાના સમયથી મોગલો સાથે લડતા રહ્યા. મેવાડ પર લાગેલા આ ગ્રહણનો અંત ઈ.સ. ૧૫૮૫માં થયો. ત્યારબાદ પ્રતાપ પોતાના રાજ્યની સુખ-સાધનામાં જોડાઇ ગયા. પરંતુ દુર્ભાગ્યે લગભગ અગિયાર વર્ષ પછી જ ૧૯ જાન્યુઆરી ૧૫૯૭ એ તેમનું અવસાન થઈ ગયું.

કર્નલટોડ અનુસાર મૃત્યુના સમયે મહારાણાને ખુબજ કષ્ટ થઈ રહ્યું હતું. કદાચ તે સમયે તેમને મેવાડની રક્ષાની ચિંતા થઇ રહી હતી. જ્યારે તેમના સામંતોએ તેમને મેવાડની રક્ષાનું આશ્વાસન આપ્યુ ત્યારે મહારાણાએ પ્રાણ છોડ્યા.

તેમનું મૃત્યુ કયા રોગથી થયું તે વિશે નિશ્ચિત રીતે કંઈજ કહી શકાયુ નથી. તે અંગે કહેવામાં આવે છે કે એક દિવસ શિકાર કરતી વખતે તેમના પગમાં વાગી ગયું. સતત સંઘર્ષમય જીવનના કઠિન પરિશ્રમથી તેમનુ શરીર આમ પણ નબળુ પડી ગયું હતું. આથી આ ઈજા પછી તે બીમાર પડી ગયા અને થોડા દિવસોમાં તેમનું મૃત્યુ થઈ ગયું. અબુલ ફઝલે અકબરનામામાં લખ્યું છે. અમરસિંહે મહારાણાને ઝેર આપી દીધુ હતું, જેથી તેમનું મૃત્યુ થયું. અબુલફઝલના આ વર્ણનનું અન્ય કોઈ ઇતિહાસકારે ઉલ્લેખ કર્યો નથી. આથી આ મત નિરાધાર માનવામાં આવે છે.

પ્રતાપનું મૃત્યુ ચાવંડમાં થયું કે ન પીછોલીની પાળ પર, જેમકે ટોડે લખ્યુ છે મૃત્યુ પછી વંડોલી ગામમાં એક ઝરણાના કિનારે તેમના અગ્નિ સંસ્કાર થયા. આ સ્થાન રાજપરિવારનું સ્મશાન છે. વંડોલી ચાવંડથી લગભગ દોઢ માઈલના અંતરે છે ત્યાં તેમના સ્મારકના રૂપમાં એક નાનકડી સમાધિ છે, જેના પર આઠ થાંભલાવાળી એક છતરી છે. આ છતરી પર પછી લગભગ ઈ.સ.૧૬૦૧માં કોઈએ તેમના બહેન વિશે એક પાષાણ લેખ લગાવી દીધો. જેનાથી લગભગ લોકોને ભ્રમ થઈ જાય છે કે આ મહારાણાની નહી પરંતુ તેમના બહેનની સમાધિ છે જે સાચુ નથી.

મહારાણાના મૃત્યુ પર અકબરની પ્રતિક્રિયા

પ્રતાપની ખાસિયતોની આલોચના કરતા પહેલા એ સમજી લેવુ જોઈએ કે તે પોતે જ એક વિશિષ્ટતા હતા. તેમના સમકાલિન કે તેમની બરોબરી ના કોઈપણ રાજાનો વ્યવહાર અને ચરિત્ર એવા ન હતા. ન કોઈએ તેના જેવી સફળ મેળવી. પોતાના અસાધારણ દેશાભિમાન, વીરતા અને ચરિત્રની દૃઢતા કારણે પ્રતાપ ભારતીય સાંસ્કૃતિક પરંપરાના પ્રતિક પણ બની ગયા અને સંરક્ષક પણ.

અકબર મહારાણા પ્રતાપના સૌથી મોટા શત્રુ હતું, પરંતુ તેમની આ લડાઈ કોઈ વ્યક્તિગત દ્વેષનું પરિણામ ન હતું. જો કે સિધ્ધાંતોની લડાઈ હતી, સામ્રાજ્યવાદી હોવા છતાં અકબર ગુણવાન હતો. મહારાણા પ્રતાપના મૃત્યુ પર તેને ઘણુ જ દુખ થયું, કારણકે હૃદયથી તે તેના ગુણોનો પ્રશંસક હતો. આ સમાચારથી અકબર રહસ્યમય રીતે મૌન થઈ ગયો. તેની આ પ્રતિક્રિયા તેના દરબારિઓથી

છુપાયેલી ન રહી શકી, પરંતુ કોઈ કંઈ કહી શક્યુ નહી તે સમયે તેના એક દરબાર ચારણ દુરસા આઢાએ પ્રતાપ પ્રત્યે શ્રધ્ધા ભરી કવિતા વાંચી બધા દરબારીઓને વિશ્વાસ હતો કે તેનાથી ચારણ દુરસાને બાદશાહના ગુસ્સાનો ભોગ બનવું પડશે. બધા નિર્ણયના ભય તથા ઉત્સુકતાથી પ્રતિક્ષા કરવા લાગ્યા, પરંતુ આવુ કંઈ થયું નહી. અકબરે ચારણને પોતાની સામે બોલાવ્યો તથા ફરીથી કવિતા (છપ્પન) વાંચવાનો આદેશ કર્યો. ચારણે ફરીથી પોતાનું છપ્પન સંભળાવ્યું. જે આ રીતનું હતું-

અશ, લેગો અણ દાગ, પાગ લેગો અણ નામી ।

ગો આડા ગવડાય, જિકો બહતો ધુર બામી ।।

નવરોજે નહ ગયો, નગો આતશા નવલી ।

ન ગો ઝરોખા હેઠ, જેથ દુનિયાણ દહલ્લી ।।

ગહલોત રાણા જીતી ગયો, દશન મુંદ રશનાંડસી ।

નીશાસ મૂક ભરિયા ન પણ, તો મૃત શાહ પ્રતાપ સી ।।

(મારવાડી ભાષાની આ કવિતાનો સાર આ પ્રકારે છે. જેણે ક્યારેય પોતાના ઘોડાને શાહી સેનામાં મોકલી દાગ નથી લગાવ્યો. (શાહી સેનામાં ઘોડાની નીશાની કરવામાં આવતી), જેણે પોતાની પાઘડી કોઈની આગળ ઝુકાવી નથી જે હંમેશા શત્રુઓ પ્રત્યે વ્યંગ ભરેલી કવિતાઓ ગાતો હતો જે સમસ્ત ભારતના ભારની ગાડીને ડાબા ખભાથી ખેંચવા સમર્થ હતો. જે ક્યારેય નવરોજમાં નથી ગયો, જે શાહી ડેરામાં નથી ગયો અને જે અકબરના ઝરૃખાની પ્રતિષ્ઠા વિશ્વભરમાં ફેલાયેલી હતી, તેની નીચે પણ ન આવ્યો. એવા ગહલોત (મહારાણા પ્રતાપ) વિજય સાથે મૃત્યુની પાસે ચાલ્યા ગયા તેથી બાદશાહ અકબરની આંખોમાં પણ પાણી આવ્યા છે, તેમણે આશ્ચર્યથી જીભ દાંતમાં દબાવી લીધી છે! હે પ્રતાપ! તારા મૃત્યુથી આવું થઈ ગયું છે.)

આ છપ્પનને સાંભળીને અકબરે ચારણને કહ્યુ કે તે મારા મનોભાવને સારી રીતે વ્યક્ય કર્યા છે. તેના પર ચારણને પુરસ્કાર પણ આપવામાં આવ્યો છે.

કોઈની મહાનતા તેના વધીને શું હોય શકે છે કે તેના શત્રુ પણ તેની પ્રશંસા કરે. ખરેખર તો પ્રતાના મૃત્યુથી મેવાડજ નહી, ભારતના ઇતિહાસનું એક મહત્ત્વપૂર્ણ અધ્યાય સમાપ્ત થઈ ગયો. આ વિષયમાં ડો.ગોપીનાથ શર્મા નીચેના શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે-

'પ્રતાપનું મૃત્યુ એક યુગની સમાપ્તિ છે. રાજપૂત રાજનીતિક મંચથી એક સુયોગ્ય તથા ચમત્કારી વ્યક્તિ ચાલ્યો ગયો. પોતાની રાજનીતિક દુરદર્શિતાથી તેના પાડોશી રાજ્યો સાથે મિત્રતા સ્થાપિત કરી ચતુરાઈથી મોગલોનું ધ્યાન મેવાડમાંથી હટાવીને તે રાજ્યોની તરફ લગાવી દીધું. આ યુક્તિ સફળ થઈ અને મેવાડને રાજસ્થાનની વિરૃધ્ધ મોકલવામાં આવેલી વિભાજીત સેનાનો ઓછો ભાર સહન કરવો પડ્યો. એક આશાવાદી હોવા છતાં તેણે ભાગ્યને સંતુલીત બુધ્ધિથી સહન કર્યું. સાહસ તથા સફળતાથી તેણે પોતાના સૈનિકોને કર્મ પારાયણતાના પાઠ ભણાવ્યા. પ્રજાને આશાવાદી થવાની પ્રેરણા આપી અને શત્રુ પ્રત્યે સન્માન પ્રદર્શન કરવાની ભલામણ આપી'.

જો કે બધા ઇતિહાસકારોએ એ વાતનું સમર્થન કર્યું છે કે હલ્દીઘાટી યુદ્ધમાં પરાજય પછી મહારાણા પ્રતાપ હંમેશા મોગલો વિરૃધ્ધ સંઘર્ષ કરતા રહ્યા અને મેવાડના વિજય પછી જાન્યઆરી ૧૫૯૭માં ચાવંડમાં અવસાન પામ્યા. પરંતુ રાજેન્દ્ર બીડાએ પોતાના પુસ્તક 'મહારાણા પ્રતાપ'માં એ

સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે કદાચ મહારાણાનું મૃત્યુ હલ્દીઘાટીમાં યુદ્ધમાં ઘાયલ થયા પછી તરત જ થયું હતું. તેમના આ મતને વ્યક્ત કરવાળા તેમના પુસ્તક કેટલાક અંશ નીચે લખેલા છે-

'હલ્દીઘાટી યુદ્ધ (જેને ખમનોરનું યુદ્ધ કહેવુ વધારે વધારે યોગ્ય ગણાશે.) પછી મહારાણા પ્રતાપ વીશે સાચી રીતે કંઈજ કહી શકાતુ નથી. તે જીવતા હતા કે નહી ઇતિહાસના વિદ્યાર્થીઓને લાગે છે કે ક્યાંય મહારાણા પ્રતાપ હલ્દીઘાટીના યુદ્ધ પછી મૃત્યુ પામ્યા ન હોય ક્યાંય પીથલ અને રાજા માનસિંહ એ તેમના ન હોવા છતાં પણ તેમના હોવાની વાતને ક્યાંય ફેલાવી રાખી ન હોય'.

મોગલોના સતત અભિયાન પછી પણ મહારાણા પ્રતાપ પકડાયા નહી તો આ વીશે શંકા વ્યક્ત કરતા શ્રી બીડા લખે છે-

'અકબરની આ શોધખોળ છતાં પણ પ્રતાપનો ક્યાંય પતો ન લાગ્યો ઇતિહાસના વિદ્યાર્થીના મનમાં સંદેહ ઉત્પન્ન કરે છે કે ક્યાંય મહારાણા પ્રતાપ હલ્દીઘાટીમાં લાગેલા ઘા ને કારણે મૃત્યુલ ન પામ્યા હોય.'

શ્રી બીડાની આશંકા સત્ય હોઈ શકે છે. પરંતુ પ્રતાપનું મોગલો દ્વારા ન પકડાવુ એ એક જ વાતનું પ્રમાણ ન હોય શકે કે પ્રતાપ તે સમયે જીવીત ન હતા. મોગલ પ્રતાપ જ શુ તેમના સામન્ત કે અમરસિંહને પણ પકડી ન શક્યા તેનો અર્થ એ નથી કે બધા તે સમયે જીવીત નહતા.

શ્રી બીડાનો મત છે કે હલ્દીઘાટી યુદ્ધ પછી મહારાણાએ જે પણ સંઘર્ષ બતાવ્યા છે, તે બધાનું સંચાલન અમરસિંહે કર્યું ન કે પ્રતાપે તેમનું એ પમ માનવું છે કે માનસિંહ તથા અમરસિંહ પ્રતાપના જીવતા રહેવાની વાર્તા પોતાના સ્વાર્થ માટે રચી-

'મહારાણા પ્રતાપની લાશ ન મળવી અને માનસિંહનું હલ્દીઘાટીના યુદ્ધ પછી રાણાનો પીછો ન કરવો આ બે વાતો એવી છે તેણે પ્રતાપના ભૂતને વીસ વર્ષ સુધી જીવતું રાખ્યુ. આ પ્રસંગમાં એ કહેવું અયોગ્ય નહી હોય કે આ પ્રમાણે બીરબલની લાશ ન મળ્યા બાદ અકબરના સમયમાં ઘણા બીરબલ ઉભા કરવામાં આવ્યા હતા.

જે પણ હોય એ સાબિત નથી થતુ કે, મહારાણા પ્રતાપ હલ્દીઘાટીના યુદ્ધ પછી તરત જ મૃત્યુ પામ્યા હતા ત્યાં સુધી એજ માનવું પડશે કે તેમનું મૃત્યુ ૧૫૯૭માં થયું હતું.

મહારાણા પ્રતાપના પુત્ર

મહારાણા પ્રતાપની અગિયાર રાણીઓ હતી જેનાથી તેમને ૧૭ પુત્રો થયા હતા તેમની પત્નીઓ તથા તેમના પુત્રોનું વિવરણ આ મુજબ છે-

રાણીઓ	એમનાથી ઉત્પન્ન પુત્ર
(૧) મહારાણી અજબાદે પંવાર	અમરસિંહ અને ભગવાનદાસ
(૨) મહારાણી સોલંખિણોપૂરબાઈ	સહસા અને ગોપાલ
(૩) મહારાણી ચંપાબાઈ ભલી	કચરા, સાંવલદાસ અને દુર્જનસિંહ
(૪) મહારાણી જસોદાબાઈ ચૌહાણ	કલ્યાણદાસ

(૫) મહારાણી ફૂલબાઈ રાઠોર	ચાંદા અને શેખા
(૬) મહારાણી શાહમતીબાઈ હાડા	પૂરા
(૭) મહારાણી ખોચણ આશાબાઈ	હાથી અને રામસિંહ
(૮) મહારાણી આલમદેબાઈ ચૌહાણ	જસવંતસિંહ
(૯) મહારાણી રત્નાવતીબાઈ પરમાર	માલ
(૧૦) મહારાણી અમરબાઈ રાઠોર	નાથા
(૧૧) મહારાણી લાખાબાઈ રાઠોર	રાયભાણા

આ વિવરણ વીર વિનોદના આધારે આપવામાં આવ્યું છે. રાણીઓની સાથે જાતિ સૂચક શબ્દ સંભવતઃતેમના પિતૃપક્ષને સૂચિત કરે છે મહારાણા પ્રતાપની કોઈ પુત્રી ન હતી એવું ઇતિહાસકારોનું પણ માનવું છે.

આ પ્રમાણે એક યુગ નિર્માતા, યુગ પુરૂષ મહારાણા પ્રતાપ મોગલોથી સાથે હંમેશા સંઘર્ષ કરતા રહ્યા. તેમણે સંઘર્ષના સમયમાં ન પોતે કે ન પ્રતિયક્ષી અકબરને એકપણ શાંતિથી બેસવા દીધા. અકબરના વિશાળ સામ્રાજ્યની શક્તિ પણ તેમના સંકલ્પને ન ડગાવી શકી. અંતે તે પોતાના સંઘર્ષમાં વિજયી બન્યા. વિજય પછી તેમણે મેવાડના બધા પ્રશ્નો ઉકેલ્યા. નવા પાટનગર ચાવંડનું નિર્માણ તેમની કલાપ્રિયતાની ઓળખ છે. કાળે થોડાજ સમયમાં તેમને મેવાડ પાસેથી છીનવી લીધા. તેમના ગુણોની તેમના દુશ્મનો પણ પ્રશંસા કરતા હતા.

સાતમો અધ્યાય

મૂલ્યાંકન

મહારાણા પ્રતાપનું નામ લેતાં જ આપણા મનમાં દેશપ્રેમી, સ્વતંત્રતા, ઉપાસક, વીરતાઓ જયથી ભરેલો ચહેરો તથા લાંબી મૂછોવાળા હાથમાં ભાલો લીધેલા એક ઘોડેસવારનું દૃશ્ય સામે આવે છે. દરેક ભારતીય તેમને એક શ્રદ્ધાનું પાત્ર તથા જન્મભૂમિની સ્વતંત્રતાના સંઘર્ષનું પ્રતીક માને છે. આ ઉપરાંત તેમના ચરિત્રમાં એક કુશળ રાજકારણી આદર્શ સંગઠનકર્તા અને ચતુર રાજનીતિજ્ઞ વગેરે બધી જ વિશેષતાઓ રહેલી હતી. અહી તેમના આ બધા ગુણો પર એક વિસ્તૃત દૃષ્ટિપાત કરવામાં આવી રહ્યો છે.

સ્વતંત્રતાના પરમ ઉપાસક

આઝાદી ન હોય તો બધી સુખ સુવિધા અર્થ વગરની છે તથા તે સુરક્ષિત હોય તો વન્ય જીવન પણ સંતોષપ્રદ છે. પ્રતાપના જીવનનો આજ મૂળમંત્ર હતો. એને જ ધ્યાનમાં રાખીને તેમણે જીવનપર્યંત સંઘર્ષનો માર્ગ અપનાવ્યો. તે સમયના લગભગ બધા હિન્દુ રાજાઓએ તેમનો રાજમુગટ મોગલ સમ્રાટ અકબરના પગમાં મૂકી દીધો હતો જેના બદલે તેમને જીવનની તમામ સુખ-સુવિધાઓ મળી ગઈ હતી તથા મોગલસમ્રાટના દરબારમાં ઊંચા-ઊંચા હોદ્દા મળ્યા. જો પ્રતાપ ઇચ્છતા તો તે પણ સુખમય જીવન પસાર કરી શકતા હતા. પરંતુ તેમણે આમ ન કર્યુ જો આમ કરત તો આજે પ્રતાપ - પ્રતાપ નહોત. તે પણ મોગલોને શરણે જનારા બીજા રાજપૂત રાજાઓની જેમ ભૂલાઈ જાત ભારતીય સંસ્કૃતિ તથા પોતાના સ્વાભિમાનની રક્ષા માટે તેમણે વનવાસી બનવાનું યોગ્ય માન્યુ. પરંતુ દિલ્હી દરબારમાં જવાની કલ્પના પણ ન કરી. તેમની આજ વિશેષતા પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતા ડો.રઘુવીરસિંહ લખે છે - 'ભારતની રાજનીતિક, ધાર્મિક અને સાંસ્કૃતિક એકતા માટે પ્રયત્ન કરવાવાળા અકબરને બદલે પોતાના નાના રાજ્ય મેવાડની આઝાદીની રક્ષા માટે થનારા રાણા પ્રતાપ જ કાયમ ભારતીય સ્વતંત્રતાના સેનાનીઓનો આદર્શ બની રહ્યા.'

સ્વતંત્રતાની રક્ષા માટે પ્રતાપને સંઘર્ષનો કઠોર રસ્તો અપનાવવો પડ્યો. એક સ્થળથી બીજા સ્થળે ભાગતા રહેવું અને તક મળતા જ શત્રુ પર આક્રમણ કરવું તે તેમના જીવનનો ભાગ બની ગયું હતું. તેમણે તેમના આ સંઘર્ષને મેવાડમાં જનસંઘર્ષનું રૂપ આપવામાં સફલતા મેળવી જેમાં તેમને તેમના લોકોનો સક્રિય સહકાર મળ્યો. મોગલોના સામ, દામ દંડ અને ભેદ બધુ વ્યર્થ ગયું. ક્યાંય કોઈ એવું ઉદાહરણ મળતું

નથી જેનાથી એ સાબિત થઈ શકે કે પ્રતાપ જેવા કોઈ વ્યક્તિએ દેશદ્રોહનું કામ કર્યું.

તેમના આ સંઘર્ષથી તેમણે મોગલ સામ્રાજ્યને એ વિચારવા પર મજબૂર કરી દીધુ કે જન અને ધનનું બળ જ બધુ નથી. જો કોઈ વ્યક્તિનું આત્મબળ ઉંચુ હોય તો તે કોઈપણ મુશ્કેલીનો સામનો કરી શકે છે અને પોતાની આઝાદીને સુરક્ષિત રાખી શકે છે. પ્રતાપ આઝાદીના પરમ ઉપાસક હતા તે આઝાદી માટે જ જીવતા રહ્યા તથા હંમેશા આઝાદ રહ્યા.

મોગલોની સાથે યુદ્ધમાં જો કે તે હારી ગયા હતા પરંતુ તેને તેમણે પોતાની હાર ન માની જો તે તેને હાર માની લેતાં તો સંઘર્ષનો માર્ગ છોડી દેતા જેથી હલ્દીઘાટી અથવા કોઈપણ યુદ્ધમાં તેમને પરભુત માનવા યોગ્ય નહી ગણાય.

કુશળ સંગઠનકર્તા

કુશળ સંગઠનકર્તા હોવું પણ મહારાણા પ્રતાપની એક અનન્ય વિશેષતા છે. તેમના જીવનનો એક મોટો ભાગ વનો અને પર્વતોમાં પસાર થયો. વનોની ગહરાઈ અને પર્વતોની ગુફાઓ તેમના માટે રાજમહેલ બની. આ તેમની જ અદ્ભૂત સંગઠન શક્તિનું પરિણામ હતું કે વનવાસી ભીલો પણ તેમની સ્વતંત્રતાના યજ્ઞમાં પોતાનું અભૂતપૂર્વ યોગદાન આપ્યું. આ વનોના નિવાસી ગિરીકંદરાઓથી સારી રીતે વાકેફ હતા. સંભવતઃ જો ભીલોનો સહકાર ન મળતો તો મહારાણાને તે સફળતા ન મળતી જે મળી. જે પણ હોય એ હકિકત છે કે ભીલોના સંગઠનનો તેમણે ભરપૂર લાભ ઉઠાવ્યો. આ ભીલ તેમના માટે ગુપ્તચરનું કામ કરતા હતા. સૈનિકો અને પ્રહરીઓનું પણ.

એ સાથે જ પ્રતાપ મોગલોની સાથે સંઘર્ષના સમયે પોતાના પાડોશી રાજ્યો આવે મિત્રતાપૂર્ણ સંબંધ બનાવવા માટે કાયમ પ્રયત્નશીલ રહ્યા. એમાં તેમને સફળતા પણ મળી તેમની સંગઠન કુશળતા અંગે શ્રી રાજેન્દ્રશંકર ભટ્ટે લખ્યું છે કે, પ્રતાપે મોગલ સમ્રાટનો વિરોધ કરવા માટે સંગઠનો બનાવ્યું. સાથેજ તેમની નજીકના રાજાઓ સાથે પણ સંબંધ બનાવ્યા જેથી તે આઝાદીના એ સંગ્રામમાં આહુતિ આપવા તૈયાર રહે. આમાં હિંદુ મુસલમાનનો સવાલ ન હતો. આ સંઘર્ષ હતો સામ્રાજ્યવાદ અને આઝાદીનો. એનાથી ખ્યાલ આવે છે કે પ્રતાપના સમર્થકોમાં મુસલમાન શાસક પણ હતા. અકબર સામે આક્રમણના કારણે જો એક મિત્રતાનો કૌ સંબંધ તૂટી પણ જતો તો પ્રતાપ તરત બીજો સંબંધ બનાવી લેતાં હતા. જે એકવાર પ્રતાપના થઈ જાય તે અકબરની છાવણીમાં ગયા પછી તક મળતા પાછા ફરતા હતા.

પ્રતાપની યુદ્ધનીતિ

હલ્દીઘાટીના યુદ્ધમાં હારના કારણે કાયમ લોકો મહારાણાની યુદ્ધનીતિની જ ટીકા કરતા હતા અને તેમની યુદ્ધનીતિને ખામીવાળી ગણાવતા હતા. એને સંપૂર્ણ સાચુ ન કહી શકાય. આ યુદ્ધ પછી પ્રતાપે ગેહીલા પધ્ધતિને અપનાવી લીધી હતી. જે છેવટે તેમની સફળતાનું કારણ બની. આ રીતથી તેમણે અકબર જેવા શકિતશાળી શત્રુનો એક દસકાથી પણ વધુ સમય સુધી સામનો કર્યો. આતથ્યની અમે સંદેહ કરતા ડો.ગોપીનાથ શર્માએ લખ્યું છે- 'હલ્દીઘાટીની હારને મહારાણા પ્રતાપે ક્યારેય હાર ન માની પરંતુ આ હાર પછી તેમણે પર્વતીય જીવન અને યુદ્ધનીતિનો એક નવો અધ્યાય શરું કરી દીધો. ગોગૂંદામાં મોગલસેનાને રોકી રાખવી તે આજ નીતિનો એક ભાગ હતો. આ નીતિ એ વાતનો પુરાવો છે કે પ્રતાપની ગેરીલા પધ્ધતિએ મોગલસેનાને નિષ્ફળ કરી દીધી. તેમણે કુંભલગઢથી લઈને સહાડા ભીલોના વિશ્વાસુ પાલોના નેતાઓને લગાવી દીધા જે દિવસ-રાત મેવાડની ચોકી કરતા હતા અને જોતા હતા કે શત્રુ કોઈપમ ભાગમાંથી અંદર ઘૂસી ન જાય. આ ભીલોના દવની સાથે અન્ય સૈનિક પણ હતા. જે મોગલને મેવાડમાં ઘૂસતા એકતા હતા. આ બધી વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે મહારાણા પ્રતાપને સુખમય જીવનની અંજલિ આપવી પડી.

તે પહાડી કંદરાઓ અને જંગલોમાં પોતાના પરિવાર સાથે ફરવા લાગ્યા. જીવનની અસુવિધાઓ અને મુશ્કેલીઓને પોતાના જીવનનું અંગ બનાવી લીધું. ક્યારેક તે એક પહાડ પર તો ક્યારે બીજા પર આ પધ્ધતિમાં જોરથી લડાઈ કરવાને કોઈ મહત્વ આપવામાં આવતું નહતું. પરિણામ એ આવ્યું કે, જે મોગલ મેદાની લડાઈના અભ્યાસુ હતા તે આ પ્રણાલી સામે ન થઈ શકાયા.

તેમની યુદ્ધ પ્રણાલીમાં શત્રુનો સીધો સામનો કરવાનું યોગ્ય મનાતુ ન હોય પરંતુ શત્રુની અવરજવરના માર્ગોને રોકી દેતા છુપાઈને તક મેળવી હુમલો કરવો તથા ફરી ઉભા થવુ વગેરે રણનીતિ અપનાવવામાં આવતી હતી. ચોક્કસ આ પ્રણાલીને અપનાવવી પ્રતાપનું એક ક્રાંતિકારી કાર્ય હતું. નહીતર રાજપૂતોમાં એ પરંપરા હતી કે જો હાર નિશ્ચિત હોય તો મરી જાવ. પ્રતાપે આ આત્મઘાતી સિધ્ધાંતને કાયમ માટે દફનાવી દઈ કુશળ રણનીતિનો પરિચય આપ્યો.

આદર્શ શાસક

મહારાણા પ્રતાપમાં એક આદર્શ શાસકના બધા ગુણ હાજર હતા. પોતાના દેશની અખંડિતતાની રક્ષા કરવી કોઈપણ શાસકનું સૌ પ્રથમ અને પુનીત કર્તવ્ય છે. પ્રતાપની વધુ યોગ્ય કોઈપણ વ્યકિત યોગ્યતાની આ પરીક્ષામાં પાર ન ઉતરત પોતના રાજયની રક્ષા માટે પડોશી રાજ્યો સાથે મિત્રતા ભર્યા સંબંધો અથવા કોઈપણ પ્રકારે તેને પોતાના પક્ષમાં જાળવી રાખવા પણ શાસકની યોગ્યતાનું અભિન્ન અંગ છે. ઇતિહાસ સાક્ષી છે કે પ્રતાપ વિષમ પરિસ્થિતિઓમાં પણ હંમેશા પ્રતિ ચેષ્ટા કરતા રહ્યા. મોગલો

સાથેના સંઘર્ષના સમયમાં પણ તેમણે રાજસ્થાનના પડોશી રાજ્યો ઈડર, સિરોહી વગેરે સાથે પોતાના કુટનીતીક સંબંધો જાળવી રાખ્યા. ઈડરના નારાયણદાસ મોગલ સમ્રાટના મિત્ર બની ગયા હતા. પ્રતાપે તેને પોતાના પક્ષમાં કરી લીધા. પ્રતાપનીજ પ્રેરણાથી તેણે શકિતશાળી મોગલ સામ્રાજયની વિરૃદ્ધ વિગ્રહ કરી દીધો હતો. સિરોહીના રાવ સરત્રાણને પણ તેણે પોતાના પક્ષમાં કરી લીધા અને તેમને પણ પોતાની સહાયતા માટે બોલાવ્યા. જોધપુરના રાવ ચંદ્રસેનને પણ પોતાના પક્ષમાં લઈને પણ પ્રતાપે પોતાની રાજનીતિક કુશળતા બતાવી. આજ ચંદ્રસેને નાડોલમાં મોગલ સમ્રાટ વિરૃદ્ધ વિદ્રોહ કર્યો હતો. સ્પષ્ટ છે કે તેની પાછળ પ્રતાપની જ પ્રેરણા હતી.

મેવાડની સ્વતંઠત્રતા પછી પ્રતાપનું એક નવું જ રૂપ આપણી સામે આવે છે. લાંબા સંઘર્ષ પછી મેવાડને સ્વતંત્રતા મળી. મોગલ સંઘર્ષના કારણે મેવાડ અસ્ત-વ્યસ્ત તથા વેરાન થઈ ગયું હતું. આથી પ્રતાપે આ સમસ્યાઓના સમાધાનમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે ચાવંડને પોતાની નવી રાજધાની બનાવી જ્યાં સુંદર ભવનોનુ નિર્માણ કરાવ્યું. આ ભવનોની મજબુતાઈ અદભૂત છે તેની નીર્માણ શૈલીમાં કુંભા તથા ઉદયસિંહની શૈલીનો સ્પષ્ટ પ્રભાવ છે. તેમા યુદ્ધકાળની ભીષણતા સ્પષ્ટરૃપે દૃશ્યમાન થાય છે. સમસ્ત નિર્માણ કાર્યમાં આકાર પ્રકાર સમયની જરૃરીયાત વગેરેનુ પુરું ધ્યાન રાખવામાં આવ્યું છે તેના ભગ્ન અવશેષ આજે પણ કુશળ સ્થાપત્ય કળાની કહાની કહે છે.

શ્રી ગોપીનાથ શર્મા પોતાના પુસ્તક 'મેવાડ મોગલ સબંધ'માં લખે છે -

'ચાવંડની મહિમાં આ ખંડેરોમાં અમિટ રૃપમાં પ્રગટે છે, તેમાં કોઈ સંહેદ નથી. તેની સાથે-સાથે અહીયા લલિતકલા, વાણિજ્ય, વેપાર અને વિદ્યાની ઉન્નતી પણ થતી રહી. મહારાણા પ્રતાપ તથા અમરસિંહના સમયમાં અહીયાં સંસ્કૃત ભાષાને ઘણુ પ્રોત્સાહન મળ્યુ. જેમ કે તે સમયના કેટલાક ગ્રંથોથી સ્પષ્ટ છે. ચિત્રકલાના સંબધમાં એક કહેવુ અતિશયોકિત કે મેવાડી ચિત્રકલાની શરુંઆત અહીથી થઈ છે. ભાગવત્ના કેટલાક ચિત્રો જોવા મળે છે, જે એક મુસ્લીમ ચિત્રકાર સિબહાદ્દીન દ્વારા ચિત્રણ કરવામાં આવ્યા હતા. ચિત્રમાં મેવાડી શૈલીના સુંદર રૃપ જોવા મળે છે. તેમાં માનસિક ભાવોના પ્રદર્શનની સાથે પ્રાકૃતિક વસ્તુઓને પણ ચિત્રિત કરવામાં આવી છે. રંગોમા સાદગી તથા ઉંડાણ છે. આ ચિત્રોથી સ્પષ્ટ થઈ જાય છે કે મેવાડી ચિત્રકલાનો પ્રારંભ ચાવડથી જ થયો હશે.

સંઘર્ષ માટે પર્વતીય જીવન અપનાવતી વખતે મહારાણાએ રાજ્યના કેટલાક ભાગને ખાલી કરાવી દીધા હતા. આ સ્થાનોને મોગલ આક્રમણ કારીઓએ છિન્નભિન્ન કરી દીધા હતા. મેવાડ સ્વતંત્ર થવાથી મહારાણાએ તેને ફરીથી આબાદ કરવા પોતાનુ કર્તવ્ય સમજ્યા પીપલી, ઢોલાન, ટીકડ વગેરે ગામને ફરી વસાવ્યા તેમને ફરીથી

લીલાછમ બનાવવા ખેડુતોને ભૂમિના નવી માલીકી આપવામાં આવી. જુના માલિકોના મોટાભાગના ભૂમિના પટ્ટા નાશ થઈ ગયા હતા અથવા સળગવવામાં આવ્યા હતા, તેમને નવા પટ્ટા આપવામાં આવ્યા તેનાથી મેવાડની અર્થ વ્યવસ્થામાં નવા પ્રાણોનો સંચાર થયો. સામાન્ય જન-જીવન વેપાર ઉદ્યોગ ધંધા વગેરે ધીરે-ધીરે પૂર્વ સ્થિતિમાં આવી ગયા.

રાજનીતિના આચાર્યા વિષ્ણુગુપ્ત કૌટિલ્યએ એક યોગ્ય શાસકમાં સતત ક્રિયાશીલતા વિપત્તિઓમાં ધીરજ રાખવી. સાચી ચરિત્રતા, વીરો અને વિદ્વાનોનું સન્માન કરવાવાળા વગેરે લક્ષણ બતાવ્યા છે. મહારાણા પ્રતાપમાં આ બધા ગુણો જોવા મળે છે. પોતાની સતત ક્રિયાશીલતા તથા વિપતિઓમાં પણ સ્થિરતાને કારણે તે એટલા લાંબાગાળા સુધી શત્રુઓ સાથે સંઘર્ષ કરતા રહ્યાં છેવટે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા. પ્રતાપના જીવનનું અવલોકન કરવાથી ક્યાંય પણ કોઈ એવુ ઉદાહરણ નથી મળતુ, જે તેના ઉજ્જવળ ચરિત્ર પર કોઈ ડાઘ લાગતો હોય આ ગુણોનો તેના પિતા ઉદયસિંહ તથા પુત્રમાં પણ અભાવ હતો. ઉદયસિંહ એ અલવરના શાસક હાજીખાંની ખરાબ દિવસોમાં સહાયતા કરી હતી અને પોતાના આ ઉપકારના બદલામાં તેની પ્રેમીકાની માંગણી કરવાનુ ચુક્યા ન હતા બધા સાંમતો દ્વારા તેનો વિરોધ કરવા છતાં પણ હાજીખાન વિરુદ્ધ આક્રમણ કરી દીધુ અને યુદ્ધમાં પરાજયનો સોમનો કરવો પડયો. અમરસિંહ તો વિષયા આસક્તિને કારણે કૃતઘ્નતાની સીમાઓ પણ ઓળગી ગયો હતો ભામાશાહ અને તેના ભાઈ તારાચંદને મુશ્કેલીના સમયમાં પણ મહારાણાએ નીરપેક્ષ ભાવે સેવા અને સહાયતા કરી હતી મહારાણા પ્રતાપના અવસાન પછી અમરસિંહ મેવાડના સિંહાસન પર બેઠા તે સમયે તારાચંદ્ર ગોડવાડનો સામંત હતો તેણે ક અદ્વિતીય સુંદરી ખવાસન રાખી હતી. અમરસિંહે તેની સુંદરતા વિશે સાંભળ્યું તો તેની માંગણી કરી દીધી, જેનો તારાચંદ્રએ અસ્વીકાર કર્યા ક્રોધિત થઈને અમરસિંહે તારાચંદ્રને ઉદયપુર બોલાવીને તેની હત્યા કરાવી નાખી.

તેનાથી વિરુદ્ધ મહારાણા પ્રતાપ ઉજ્જવળ ચરિત્રના માલિક હતા ઈન્દ્રિય વિજયી મનુષ્ય પોતાની બધી ઇચ્છાઓ પુર્ણ કરી લે છે, આ પાઠ ધ્યાનમાં રાખીને પ્રતાપે હમેંશા માટે પોતાના ઉચ્ચ ચારિત્રનો પરિચય આપ્યો. તે સારી રીતે જાણતા હતા શાસકના ખરાબ ચરિત્ર હોયતો પ્રજા ભલે સામે વિરોધ ન કરે, પરંતુ આ અવગુણ ધીરે-ધીરે વિગ્રહને જન્મ આપે છે ખાનખાનાની પરિવારની મહિલાઓને અમરસિંહે બંદી બનાવી લીધી હતી. આ સમાચાર જાણતા જ મહારાણાએ અમરસિંહને આદેશ કર્યા કે બંદી બનાવેલી મહિલાઓ સાથે કોઈપણ પ્રકારનો ખરાબ વ્યવહાર ન થાય અને તેમને સન્માન સાથે ઘરે પહોંચડવામાં આવે આ આદેશ કરીને મહારાણાએ પોતાના ઉચ્ચતમ ચરિત્રનો પરિચય આપ્યો.

રાષ્ટ્ર્પ્રત્યે ત્યાગ કરનારા વીરોને સન્માનીત કરવા છેવટે રાષ્ટ્રનુ જ સન્માન છે. જોકે પ્રતાપના જીવનનો મોટોભાગનો સમય સંઘર્ષમાં જ વિત્યો, અને તેમણે પોતાના વીર યોદ્ધાઓને સન્માનીત કરવાનો અવસર ઓછો જ મળ્યો. મેવાડ સ્વતંત્ર થયા પછી તેમણે એક વિશાળ સભાનુ આયોજન કર્યું જેમાં મેવાડની સ્વાધીનતાનો સંઘર્ષ કરવા વાળા વીરો તથા વીરગતિ પામનારાના વારસદારોનું અનેક રીતે સન્માન કર્યુ.

પ્રતાપની રાજનીતિમાં ધાર્મિક સંકુચિતતાને કોઈ જ સ્થાન હતું. કોઈ એવું પ્રમાણ નથી મલતુ જેના આધારે એ કહેવામાં આવે કે પ્રતાપે ધાર્મિકતાના આધારે કોઈના તરફ પક્ષપાત કર્યો હોય. છેવટે મોગલો સાથે તેમનો સંઘર્ષ પોતાની પ્રભુતાનુ રક્ષણ કરવા માટેનો હતો. આ સંઘર્ષને હિન્દુ તથા ઈસ્લામ ધર્મનો સંઘર્ષ ન કહી શકાય. કેવી અદ્ભૂત વાત છે કે હલ્દીઘાટી યુદ્ધમાં મોગલ પક્ષનો સેનાપતિ માનસિંહ એક હિન્દુ (રાજપૂત) હતો અને મેવાડના હરાવલ દળનો સેનાપતિ હકિમખાં સુર એક મુસલમાન હતો. છેવટે આ એક સિધ્ધાંતોનો સંઘર્ષ હતો. એક તરફ મોગલ સામ્રાજ્યવાદનો અહંમ હતો અને બીજી તરફ પોતાના મેવાડની રક્ષાની ભાવના હતી જે મોગલ રાજ્યને પડકારતી હતી.

આવા ઐતિહાસિક સત્યને સ્પષ્ટ કરતા ડો.રામપ્રસાદ ત્રિપાઠીએ પોતાના પુસ્તક (રાઈઝ એન્ડ ફોલ ઓફ મોગલ્સ) માં લખ્યુ છે-

'રાણા પ્રતાપની વીરતા, ઉત્કૃષ્ટ દેશપ્રેમ, કષ્ટ સહેવાની ક્ષમતા અને ત્યાગને અનેક આધુનિક લેખકોએ એવા તથ્યોને ઢાંકવાનો પ્રયત્ન કર્યો છે જે વાસ્તવિકતાથી દુર છે. જ્યારે બીજાઓએ અકબર અને માનસિંહની નિંદા કરી છે, તો અબુલફઝલ અને કેટલાક ફારસી લેખકોએ વીરવર રાણાની અવગણના કરી છે. આ કોઈ હિન્દુ મુસલમાનનો પ્રશ્ન ન હતો. ન આ હિન્દુ અને મુસલમાન ધર્મનો સંઘર્ષ હતો. આ તો સીધે-સીધો મોગલ સામ્રાજ્ય અને મેવાડ વચ્ચેનો સંઘર્ષ હતો. જો આવુ ન હોત તો, પ્રતાપ પોતાના એક સૈન્ય દળનું નેતૃત્વ હકીમખાં સુર સોંપતા અને ન તો અકબર પોતાની આખી સેનાનુ નેતૃત્વ માનસિંહને આપતા જે ભાવનાએ અકબરને માલવાના બાજબહાદુરને, ગુજરાતના મુજફ્ફરને, બંગાળના દાઉદને, સિંધના મિર્જા જાનીવેદને અને કાશ્મીરના યુસુફને પરાજીત કરવા માટે પ્રેર્યા, તેણેજ તેને મેવાડ સાથે ટક્કર લેવાની પ્રેરણા આપી. જો મેવાડનો કોઈ શાસક મુસલમાન પણ હોત તો પણ અકબર એ જ કરતા. તેનું કોઈ પ્રમાણ નથી મળતુ કે મેવાડના આક્રમણ પાછળ રાજનીતિ સિવાય અન્ય કોઈ ઉદ્દેશ હોય. સામ્રાજ્ય વાદને ઉચિત અથવા અનુચિત પરંતુ તેનો અસ્વીકાર કરી શકાતો નથી કે હિન્દુ તથા મુસલમાન બંનેએ એવીજ માન્યતા આપી જે યુરોપિયનોએ ડો.ધીરેન્દ્ર સ્વરૂપ ભટનાગરે આ વિષયને વધારે સ્પષ્ટ કરતા લખ્યુ છે-

પ્રતાપની નીતિમાં સંકુચિતતા ન હતી તેની લડાઈ સિદ્ધાંતોની લડાઈ હતી. તેને ઈસ્લામ સાથે વેર ન હતું. હલ્દીઘાટીના યુદ્ધમાં તેની અડધી સેનાનું સંચાલન હકીમખાં સુર અફગાને કર્યુ હતું, જેણે મોગલ સેનાના હરાવલ પર સફળ આક્રમણ કર્યુ તથા ત્યાર પછી પણ જાલોરના તાજ ખાં એ તેમને સાથ આપ્યો હતો. તેમની મોગલ વિરોધી નીતિ તે મૂળભૂત અધિકારો માટે હતી. જેની હંમેશા શ્રેષ્ઠ અને નિર્ભિક વ્યક્તિઓએ કદર કરી છે. પ્રતાપની નીતિથી મેવાડના રાજપૂતોમાં જ નહી, આખા દેશમાં આદર વધ્યો અને મોગલો પમ મેવાડને આદરની દૃષ્ટિથી જોવા લાગ્યા.

ધર્મનો રાજકારણમાં હસ્તક્ષેપ મહારાણા અને અકબર બંને જ અયોગ્ય સમજતા હતા, પરંતુ પોતાની પ્રતિષ્ઠાએ તેમને સંઘર્ષ માટે પ્રેરીત કર્યા. તેમનું આવુ કરવુ ઉચિત હતું કે નહી, એ વિવાદનો પ્રશ્ન થઈ શકે છે.

વિભિન્ન વિદ્વાનોની દૃષ્ટિમાં પ્રતાપ

મહારાણા પ્રતાપ ભારતીય ઇતિહાસના એક એવા નાયક છે, જેની અનન્ય વિશિષ્ટતાઓને કારણે ભારતજ નહી, અનેક પાશ્ચાત્ય લેખકો તથા કવિઓએ પણ પોતાની કલમ ઉઠાવી છે તથા પોતાના કાવ્યનો વિષય બનાવ્યો છે. અહીયા કેટલાક વિદ્વાનો દ્વારા તેમના અંગે વ્યક્ત કરવામાં આવેલા વિચારો પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

મહાન ઇતિહાસકાર ડો.ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ મહારાણાના દેશપ્રેમ, ત્યાગ વગેરે ગુણો પ્રત્યે પોતાની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતા લખ્યું છે-

'પ્રાતઃસ્મરણીય હિન્દુપતિ, વીર શિરોમણી રાણા પ્રતાપનું નામ રાજપૂતોના ઇતિહાસમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ છે. તે સ્વદેશાભિમાની સ્વતંત્રતાના પુજારી રણકુશળ, નિસ્વાર્થી, નીતિજ્ઞ, દ્રઢ પ્રતિજ્ઞ, સાચા વીર, ઉદાર ક્ષત્રિય તથા કવિ હતા. તેમની પ્રતિજ્ઞા હતી કે વપ્પા રાવલના વંશજ કોઈની પાસે માથું નમાવશે નહી. તે કહ્યા કરતા હતા કે રાણા સાંગા અને મારી વચ્ચે કોઈ ન હોત તો, તો ચિતોડ ક્યારેય મોગલોના હાથમાં ન જાત. તે એવા સમયે ગાદી પર બેઠો, જ્યારે ચિતોડ તથા બધી સમતલ જમીન પર મુસલમાનોનો અધિકાર થઈ ગયો હતો. મેવાડના મોટા મોટા સરદાર મરાઈ ચુક્યા હતા. એવી સ્થિતિમાં તેમના વિરૃદ્ધ બાદશાહ અકબરે તેમનો વિદ્વંશ કરવા માટે પોતાનું સંપૂર્ણ બુદ્ધિબળ, ધનબળ અને બાહુબળ લગાવી દીધુ હતું. જો મહારાણા ઈચ્છતાં હોત તો, તે પણ અકબરની આધીનતા સ્વીકારી લેત અને પોતાના વંશની પુત્રી આપીને સામ્રાજ્યમાં એક પ્રતિષ્ઠિત પદ પર આરામથી રહી શકતા હતા. પરંતુ સ્વતંત્રતાના તે પુજારી દેશભક્ત અને કર્તવ્ય પારાયણ રાજપૂતો અને ભીલોની સહાયતાથી પોતાના દેશની સ્વતંત્રતાની રક્ષા માટે કટિબદ્ધ થઈ ગયા. તેમના આ જ ગુણોએ તેમને તે સમયના સૌથી વધારે શક્તિશાળી અને સંપન્ન સમ્રાટને વર્ષો સુધી

હેરાન કરતા રહ્યા અને તેને આધીન ન થયા. તે સાચા ક્ષત્રિય હતા. શિકાર પર જતા માનસિંહ પર કપટ તથા છળથી હુમલો ન કરી અને અમરસિંહ દ્વારા પકડવામાં આવેલી બેગમોને સન્માનપૂર્વક પાછા આપીને તેમણે પોતાના વિશાળ હૃદયનો પરિચય આપ્યો. અકબરની કુટનીતિનો કોઈ જવાબ આપવાવાળો હતો પ્રતાપજ. સંસારમાં જ્યાં સુધી વીરોની પુજા થતી રહેશે ત્યાં સુધી મહારાણા પ્રતાપનું ઉજ્જવળ અને અમર નામ લોકોને સ્વતંત્રતા અને દેશભક્તિના પાઠ ભણાવતા રહેશે.’

અકબર આખા ભારતમાં એક છત્ર સમ્રાટ બનવા ઈચ્છતાં હતો, પરંતુ મહારાણા પ્રતાપે તેની સત્તાનો સ્વીકાર કર્યો નહી. શું અકબરની આ ઇચ્છા ભારતને એકસુત્રમાં ગુંથવાનો પ્રયત્ન કહી શકાય છે? પ્રતાપે તેની આધીનતા સ્વીકારી નહી, શું તેના આ કાર્યને ભારતની એકતામાં વિઘ્ન માનવામાં આવશે? આ પ્રશ્નનું વિશ્લેષણ કરતા ડો.ગોપીનાથ શર્માએ પોતાના પુસ્તક ‘મેવાડ મોગલ સબંધ’માં લખ્યું છે-

‘એમા શંકા નથી કે તે એક મહાન યોધ્ધો હતો, છતાં પણ એ શંકા ઉઠે છે કે શું તેની સંઘર્ષ નીતિ જનતા માટે ઉપયોગી સાબિત થઈ? એક દૃષ્ટિથી તો અકબર જેવા મહાન તથા ઉદાર શાસકની ભારતીય રાજનીતિ અને સાંસ્કૃતિક એકીકરણની મહત્ત્વની નીતિમાં પ્રતાપ દ્વારા વિઘ્ન ઉત્પન્ન કરવુ અનુચિત લાગે છે. આવી સ્થિતિમાં સંભવિત નિર્ણય થઈ શકે કે જો પ્રતાપ મોગલોને સાથ આપતો હોત તો મેવાડ વિનાશથી બચી શક્યુ હોત અને ભારતીય એકતા વધારે બની શકતી હતી અને તેમને પોતાના વીર યોધ્ધાઓને સન્માનીત કરવાનો મોકોજ ઓછો મળ્યો. જો આ અવસર પહેલા આપવામાં આવ્યો હોત તો મેવાડના પછાતપણામાં કંઈક સુધારો લાવી શકાતો હતો. પ્રતાપની નીતિના આ સમિક્ષા રાજકિય દૃષ્ટિથી યોગ્ય હોઈ શકે છે, પરંતુ તેનુ ઔચિત્ય પ્રતાપના આદર્શો સમક્ષ નગણ્ય છે. આજે પણ પ્રતાપનું નામ સ્વતંત્રતાના સેનાનીના રૂપમાં અમર છે. કારણકે પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા જાળવી રાખવા માટે ભૌતિક લાભોની ઉપેક્ષા કરતા તેમણે મોગલો સાથે સતત યુદ્ધ કર્યુ અને હિન્દુઓનું ગૌરવ વધાર્યુ જ્યાં સુધી હિન્દુ જાતિ જીવીત રહેશે. ત્યાં સુધી પોતાનું સર્વસ્વ બલિદાન કરી વિધર્મીઓ સાથે યુદ્ધ કરવાવાળાના રૂપમાં તેના નામને તે આદરથી સ્મરણ કરતી રહેશે. સ્વતંત્રતાના યોદ્ધા, ન્યાયના પક્ષપાતી અને નૈતિક જીવનના આદર્શરૂપમાં તેમનું નામ આજે પણ લાખો વ્યક્તિ માટે દિવસમાં આશાના વાદળ અને રાત્રે જ્યોતિ સ્તંભ બનેલુ છે.’

કેટલાક ઇતિહાસકારોએ પ્રતાપના આ સંઘર્ષને ઔચિત્યહીન સિધ્ધ કર્યુ છે. તેમના પ્રમાણે મહારાણાનો આ નિર્ણય માત્ર ભાવુકતા ભર્યો હતો. તેમના મત એ પણ છે કે રાજપૂત રાજાઓ દ્વારા મોગલ સમ્રાટની સહાયતા કરવી તે તે સમયની અપેક્ષા હતી. આ વિષયમાં ડો.રામપ્રસાદ ત્રિપાઠીએ પોતાનો પ્રબળ તર્ક આપતા લખ્યુ છે-

રાણા પ્રતાપના સાહસ, દ્રઢ નિશ્ચય અને અજેય આત્મિક શક્તિ પ્રત્યે આપણી ભલે ગમે તેટલી શ્રધ્ધા હોય કે ન હોય, એ તો માનવું જ પડશે તે જે સિધ્ધાંત પર ઉભો હતો, તે તેનાથી એકદમ ભિન્ન હતો જેનાથી રાજપૂતોના તે સમયના રાજા પ્રેરિત હતા તે મેવાડની સ્વતંત્રતા અને સિસોદિયા ઘરાનાના પ્રભુત્વ માટે લડતા રહ્યા. પરંતુ બીજા રાજા સિસોદિયા સામ્રાજ્યના પક્ષમાં પ્રેરીત ન થઈ શક્યા. કારણકે મેવાડના પ્રભુત્વવાળા રાજાઓની નીતિઓનો તેને સંતોષજનક અનુભવ ન હતો. એ સાબિત કરવાની ચેષ્ટા નિરર્થક હશે કે અન્ય રાજપૂત કાયર થઈ ગયા હતા અને એટલા નિર્બળ હતા કે તે ભૌતિક સુખ માટે પોતાની સ્વતંત્રતા વહેંચવા માટે તૈયાર થઈ ગયા પહેલાની જેમ તે રાણાના ખભા સાથે ખભો મીલાવીને અકબર વિરુદ્ધ જરૂર લડતા, જો તેમને ઘરબાર અને ધર્મની સ્વતંત્રતા અને રક્ષા વિશે આશંકા હોત. અકબર એટલું જ ઈચ્છતાં હતો કે તે નવીન સામ્રાજ્ય સંઘનું પ્રભુત્વ માની લે, જેના ચાર અર્થ થતા હતા. એક એ કે ખેરાજના રૂપમાં રાજા કેન્દ્રિય શાસનને કંઈક રકમ આપતા રહે. બીજુ એ કે તે બાહ્યનીતિ, યુદ્ધ તથા પોતાની રક્ષાનો ભાર કેન્દ્રિય શાસનને સોંપી દે. ત્રીજુ એ કે જરૂર પડે તો કેન્દ્રિય શાસનને સૈનિક સહાયતા આપતા રહે. ચોથુ એ કે પોતાને કેન્દ્રિય શાસનનું અભિન્ન અંગ માને ન કે અલગ એકલા બની રહે તેના બદલે બાદશાહતમાં સર્વોચ્ચ પદ તેમના માટે ખુલ્લુ હતું અને ધર્મ કે જાતિના ભેદ હોવા છતાં પણ પદને આધારે બધાને સન્માન મળતુ હતું. આ અંગે ઉલ્લેખ કરવો પણ જરૂરી છે કે અકબરે લગભગ દરેક મુસ્લિમ રાજ્ય પર પૂર્ણ અધિકાર કરી લીધો હતો. પરંતુ કોઈ મોટા હિન્દુ રાજ્ય સલ્તનતમાં જોડાયા નથી અને મોગલ શાસન સંઘમાં સમ્મિલિત થવા માટે અકબરે રાજપૂતો રાજ્યોને સામાજીક, આર્થિક સ્વતંત્રતાની સાથે આંતરિક શાસનું વચન આપ્યું તેને અસ્વીકાર કરવાનું કોઈ બહાનું નહોતુ રહી ગયું હતું. જે રાજપૂત રાજા સતત યુદ્ધ અને અરાજકતાથી દુખી હતા, તે બધા નવા વિધાન અંતર્ગત શાંતિ, વ્યવસ્થા અને સમૃધ્ધિની આશા કરી શકતા હતા. મોગલોનું પ્રભુત્વ તેમને તે નિધિ આપી જે મેવાડ પહેલા ક્યારેય આપી શક્યુ નહતું. સંઘની એ નીતિ પણ ન હતી કે રાજપૂતોને પોતાના રણકૌશલ તથા પ્રશાસનિક યોગ્યતાનો ઉપયોગ કરવાનો અવસર ન મળે. એ વાત પણ ન હતી કે મોગલ બાદશાહે વૈવાહિક સંબંધો માટે રાજપૂતોને મજબૂર કર્યા કારણ કે મેવાડના ચારણોના ગીતો સિવાય આપણને એ વાતનું પ્રમાણ ક્યાંય નથી મળતુ કે વૈવાહિક સંબંધો માટે રાજપૂતોને મજબુર કર્યા, કારણકે મેવાડના ચારણોના ગીતો સિવાય આપણને એ વાતનું પ્રમાણ ક્યાંય નથી મળતુ કે વૈવાહિક સંબંધો અંગે કોઈ વ્યાપક નીતિ હતી, જે કરુરતાપૂર્વક બધા રાજાઓ પર લાદવામાં આવી. ગુજરાત, માળવા અને દક્ષિણના ઇતિહાસમાં એવા ઘણા બધા સંબંધોનો ઉલ્લેખ મળે છે એ વાતનું આપણને કોઈ પ્રત્યક્ષ પ્રમાણ નથી મળતુ કે અકબર આ સંબંધો માટે કોઈ બળજબરી કરી હોય કે રાજપૂતોની વચ્ચે આ વૈવાહિક સંબંધોના વિરૃધ્ધમાં કોઈ વિદ્રોહ ઉઠ્યો હોય. લગ્નમાં છોકરી આપવી કે ન આપવી એ

અંગે રાજપૂત સ્વતંત્ર રહ્યા. બધા પાસાઓનો વિચાર કરી મોટાભાગના રાજપૂત રાજાઓએ સાચા દિલથી. મોગલ બાદશાહને આધીન સામ્રાજ્ય સંઘમાં સામેલ થઈ જવું. સિસોદિયાના પ્રભુત્વને ફરીથી સ્થાપિત કરવાના અસંભવ લક્ષ્યમાં સહાયક થવાની અપેક્ષાએ વધારે પસંદ કરી, કારણકે તે પ્રયોગ ઘણી વાર કરવામાં આવી ચુક્યો હતો. યથાર્થ અને બુદ્ધિમાની મોગલ સામ્રાજ્યના પક્ષમાં હતી, તો ભાવુક્તાભર્યો ભૂતકાળવાદ રાણાની સાથે હતો.'

પોતાના આ વર્ણનમાં ડો.ત્રિપાઠીએ રાજપૂતો દ્વારા મોગલ સામ્રાજ્યની પ્રભુસતા સ્વીકારવા માટે અન્ય રાજપૂત રાજાઓની પ્રશંસા કરી છે. આ કાર્યને ઔચિત્ય પૂર્ણ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે. એક તરફ તેમણે મહારાણા પ્રતાપના સંઘર્ષનો ઉદ્દેશ માત્ર સિસોદિયા ઘરાનાનું પ્રભુત્વ સ્થાપિત કરવાનું માન્યુ છે, અને બીજી તરફ અકબરના સામ્રાજ્યવાદને ઘણી સફાઈ સાથે મોગલ શાસન સંઘ અને સામ્રાજ્ય સંઘ જેવા શબ્દોથી સુશોભિત કર્યા છે. જો પ્રતાપનું કાર્ય સિસોદિયા વંશનું પ્રભુત્વ સ્થાપિત કરવાનું નહી કહેવાય? લાગે છે ડો.ત્રિપાઠી આ તથ્યને ભૂલી ગયા છે કે અકબરનો ઉદ્દેશ પણ પોતાના વંશનું રાજ્ય સ્થાપિત કરવાનું જ હતું, ન કે ગણતંત્રની જો કે તેમાં સહયોગ ન આપવો ભારતની એકતામાં બાધક હોવાનું કહેવામાં આવે. હા જો અકબર આખા ભારતને એકત્ર કરી ગણતંત્રની સ્થાપના કરતો હોત તો પ્રતાપનું કાય ઔચિત્ય વગરનું કહેવાત. એ સત્ય છે કે અકબર ધર્મ નિરપેક્ષ શાસક હતો, પરંતુ શું એ વાતની પણ ગેરન્ટી લઈ શકતો હતો કે તેના વારસદારો પણ આ જ નીતિથી અટલ રહેશે? શું પછીથી (ઓરંગઝેબના સમયમાં પણ) આધીનતા સ્વીકાર કરનારા રાજપૂતો સાથે અકબરની આ જ નીતીનું પાલન થયું? જો કે આધિના સ્વીકારવાવાળા શાસકોને પોતાના રાજ્યનું સંચાલન ચલાવવાની સંપૂર્ણ સ્વાયતતા હતી અને તેમને યુદ્ધોમાં રણકૌશલ બતાવવાનો અવસર આપવામાં આવતો હતો, છતાં પણ શું તે અકબરની બરાબરીનો દાવો કરી શકતા હતા? શું યુદ્ધમાં રણકૌશલ બતાવવાનો અવસર જ બધુ છે? આ યુદ્ધોમાં વિજયનું ફળ કોને મળતુ હતું? ડો.ત્રિપાઠી લખે છે કે 'અકબરે લગભગ બધા મુસલમાન રાજ્યો પર સંપૂર્ણ અધિકાર કરી લીધો હતો, પરંતુ કોઈ મોટું હિન્દુ રાજ્યને સલ્તનતમાં નહોતુ જોડ્યું.' તેનો અર્થ શું છે? શું મોટા હિન્દુ રાજ્યોને સલ્તનતમાં જોડવાથી અકબરને તેના શાસકોથી વિદ્રોહનો ભય હતો? જો નહી તો તેને સંઘ કહેવુ ક્યાં સુધી સાચુ છે? એક જ સંઘમાં આ બેવડી નીતિ કેમ? ઉપરની લીટીઓમાં અકબરની રાજપૂત રાજકુમારીઓ સાથે લગ્નની નીતિને પણ વધારી-ચઢાવીને પ્રશંસા કરવામાં આવી છે. આપણે માનીએ છીએ કે આંતરજાતિય કે આંતરધાર્મિક લગ્ન જરૂર થવા જોઈએ, પરંતુ અકબરે માત્ર રાજપૂતો સાથે જ લગ્ન સંબંધ કેમ બાંધ્યા? શું તેણે નીચી સમજાતી કોઈપણ (હિન્દુ કે મુસલમાન) જાતિ સાથે લગ્ન સંબંધ સ્થાપિત કર્યા હતા? જો ના તો અકબરની આ લગ્ન નીતિ માત્ર તેની રાજકિય ચાલજ નહી કહેવાય?

મોટાભાગના વાચકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે લોકો કંઈક નવું કે વિવાદસ્પદ કહેવા લાગે છે, તેથી જ ડો.ત્રિપાઠી પણ સતત એક પક્ષિય સમર્થન કરી ગયા છે. તેમણે મહારાણાના સંઘર્ષને 'ભાવુક્તા ભર્યો ભૂતકાળવાદ' કહીને મહત્ત્વહીન સાબિત કરવા ઈચ્છયુ છે. પરંતુ લાગે છે કે તે પોતે ભાવુક્તામાં વહીને સચ્ચાઈની અવગણના કરી રહ્યા છે.

જો કે ડો.ત્રિપાઠીએ ઉપરની લીટીઓમાં મહારાણા પ્રતાપના સંઘર્ષની ટીકા કરી છે, પરંતુ અન્યત્ર તેમણે પોતે એ સચ્ચાઈનો સ્વીકાર કર્યો છે કે પ્રતાપ એક વીરગાથાનું નિર્માણ કરી ગયા છે-

'રાજસ્થાનની દરેક ઘાટી પ્રતાપની ઉપલબ્ધિઓથી આલોકિત છે. દરેક સાચા રાજપૂતના દિલમાં તે વસ્યા છે. જેમણે તે પ્રદેશમાં જાતે વિચરણ કર્યુ છે, જ્યાં પ્રતાપના ચમત્કાર ભર્યા કાર્યોની વાર્તા આજે પણ કહેવા સાંભળવામાં આવે છે, તેમણે પ્રાચીન આમ તો નાએ વંશજો સાથે વાત નથી કરી જેની આંખો આજે પણ પોતાના પૂર્વજોની ગાથાઓ કહેતા ભરાઈ આવે છે, તે કદાચ પ્રતાપની વીરગાથાને વાર્તાજ સમજતા હશે. જે લોકો વધારે સૌભાગ્યશાળી યુગમાં રાજ્યનું સંચાલન કરે છે, તેમણે મેવાડના રાણાની ભાવનાઓનું ઉંડાણથી અનુમાન લગાવવુ જોઈએ. જેના કારણે તે તે સમયે સૌથી શક્તિશાળી સામ્રાજ્યનો સામનો કરવા માટે તૈયાર થઈ ગયા. તેમની અદમ્ય વીરતા, અસીમ સાહસ, નિષ્ઠા અને દેશપ્રેમની ભાવનાના વિરોધમાં હતી. પરાક્રમી સમ્રાટની ગગનચુંબી મહત્ત્વાકાંક્ષા ચોટીની યોગ્યતા, અસીમીત સાધન અને ધાર્મિક ઉત્સાહની જ્વાળા પરંતુ આ બધુ પ્રતાપના અપરાજય માથાનો સામનો કરવા માટે પુરતુ સાબિત ન થયું. અરાવલીની એક એક ઘાટી ધન્ય થઈ ઉઠી. કાં તો પ્રતાપના વિજયથી કે તેના કિર્તીભર્યા પરાજયથી.

પોતાના પુસ્તક 'મહારાણા પ્રતાપ' શ્રી રાજેન્દ્ર શંકર ભટ્ટ લખે છે-

'પ્રતાપની વિશિષ્ટતાઓની ટીકા કરતા પહેલા એ સમજી લેવુ જરૂરી છે કે તે પોતે એક વિશિષ્ટ હતા, તેના સમકાલીન કે એની બરોબરીના રાજાનો એવો વ્યવહાર અને ચરિત્ર ન હતું, ન તો કોઈએ એવી સફળતા મેળવી. પોતાના અસાધારણ દેશાભિમાન, વીરતા અને ચરિત્રની દ્રઢતાને કારણે પ્રતાપ ભારતીય સંસ્કૃતિક પરંપરાના પ્રતિક પણ બની ગયા અને સંરક્ષક પણ. ભૌતિક કે રાજકિય દૃષ્ટિથી ભલે તેમને ઉત્સાહજનક પરિણામ ન મળ્યા હોય, પરંતુ દરેક પ્રત્યક્ષ નિષ્ફળતાને તેનાથી ક્યાંય વધારે ઉપલબ્ધિઓથી ઢાંકી દીધી છે.' સફળ ન થવા છતાં પણ દરેક લડાઈ પછી પ્રતાપ ઉપર ઉઠતા ગયા અને છેવટે એવી ઉંચાઈ પર પહોંચી ગયા કે આજે આટલા વર્ષો પછી પણ 'પ્રાતઃસ્મરણીય' કહીને તેમને યાદ કરવામાં આવે છે. આવા અસાધારણ લોકોના વ્યક્તિત્વનું વિશ્લેષણ અને તેનું મૂલ્યાંકન તેમની ટૂંકાગાળાની

સફળતા-નિષ્ફળતાના આધાર પર કરી ન શકાય. તેમના આખા જીવનનો વિચાર કરવો પડે. પ્રતાપ એ લોકોમાં હતા જે હારીને પણ જીતે છે. આજે પણ આઝાદી માટે બલિદાન આપવાવાળામાં પ્રતાપનું નામ સૌથી પહેલા આવે છે. પ્રતાપ જો ઇચ્છા તો અકબર સાથે સંધિ કરી આરામ અને શાંતિનું જીવન પસાર કરી શકતા હતા પરંતુ તેમણે આમ ન કર્યું. જાણી જોઈને પોતાના અને પોતાના પરીવાર માટે અને પ્રજાજનો માટે, સામંતો અને સરદારો માટે કષ્ટ અને બલિદાનનો રસ્તો પસંદ કર્યો. એટલું જ નહી તે પોતે એક જીવતુ જાગતુ ઉદાહરણ બની ગયા જેથી તેમના સાથીઓ અને સેવકોએ હસતા - હસતા બધા દુખ સહન કર્યા.

પ્રતાપના પરિવારના કેટલાક લોકો અકબરને મળ્યા હતા એમાં તેમનો ભાઈ શકિતસિંહ, સગર અને જગમાલ પણ હતા. પરંતુ તેમની સંખ્યા નહીવત હતી. પ્રતાપના રાજ્યના મોટાભાગના લોકોએ તો તેમને જ સાથ આપ્યો અને ખૂબ આપ્યો. પ્રતાપ એક કુશળ સેનાના થકી સારા પ્રશાસક, પરમ સ્વતંત્રતા પ્રેમી તથા અન્ય મહાન ગુણો ધરાવતા હતા. તેમનો સતત સંઘર્ષ ભારતીય જનમાનસને પ્રેરણા આપતો રહેશે એક યોગ્ય સેનાપતિ તથા પ્રશાસકના ગુણોની ચર્ચા સમયે પ્રતાપનું નામ હંમેશા સન્માન સાથે લેવામાં આવશે. આ અંગે શ્રી મિશ્રીલાલ માંડોતે લખ્યું છે- પ્રતાપમાં એક સારા સેના નાયકની જ નહી એક સારા વ્યવસ્થાપકની પણ વિશેષતા હતી. સ્વતંત્રતા માટે અટલ નિશ્ચય, અપ્રિતમ ત્યાગ અને બલિદાને તેમને ભારતીય ઇતિહાસનું એક અમર વ્યકિતત્વ બનાવી દીધું. પ્રતાપને રાષ્ટ્રનાયક કહેવા અનુચિત નહી કહેવાય. પ્રતાપે તેમના છેલ્લા ૧૧ વર્ષોમાં જ્યારે સંઘર્ષથી મુકિત મળી તેણે મેવાડમાં ફરી સુશાસન અને વ્યવસ્થાની સ્થાપના કરી. પ્રતાપનું ૧૫૯૭માં મૃત્યુ એક યુગની સમાપ્તિનું પ્રતીક છે.'

પ્રતાપનું બાહ્ય વ્યકિતત્વ પણ તેમના આંતરિક વ્યકિતત્વની જેમ ઓજસ્વી અને પ્રભાવશાળી હતું. તેનું વર્ણન કરતા ડો.ગોપીનાથ શર્મા લખે છે- જેવા પ્રતાપને આપણે યાદ કરીએ છીએ તો આપણી સામે ઉચ્ચ વિચારોની દુનિયા અને સંસ્મરણનું દૃશ્ય એકાએક દેખાવા લાગે છે એક યુદ્ધના નાયક જે દેખાવમાં ઉંચા અને રૂઆબદાર હતા. તેનું કપાળ વિશાળ હતું અને આંખો તેજસ્વી તેમની મૂંછો ભરાવદાર હતી. તેમનું આખુ શરીર એક દ્રઢ સંકલ્પનો આભાસ આપતું હતું તે સમયના ચિત્રો પ્રમાણે નાની પાઘડી, પીળુ લાંબુ પહેરણ અને કમરબંધ તેમનો મુખ્ય પોષાક હતો. જંગલો, પહાડીઓ અને ઘાટીઓમાં ભટકાતા તેમના જીવનચરિત્રનું નિર્માણ થયું હતું. કષ્ટોએ તેમને ધીરજ શાંતિ, સાહસ અને નિષ્ઠાના પાઠ ભણાવ્યા હતા. તેમાં પોતાના ઘેરા માટે શ્રદધા અને વિશ્વાસ અનાયાસે જ જાગૃત થી ગયા હતા. ટૂંકમાં આપણે એમ કહી શકીએ છીએ કે પ્રતાપના જીવનના શરૂઆતના વાતાવરણે તેમાં એક ચરિત્રબળ તથા જીવનદર્શન ઉત્પન્ન કરી દીધુ હતું. જે તે સમયના રાજપૂતોની તુલનામાં તેમની વિશિષ્ટતા દર્શાવે છે.'

વીરતા, ત્યાગ, દેશપ્રેમ અને નિસ્વાર્થ ભાવનાથી કર્યવ્ય પાલન કરશું મહાન અને પુરૂષોચિત ગુણ છે. જેનો માનવ સમાજ સર્વત્ર અને કાયમથી સન્માન કરતો આવ્યો છે. આ ગુણોની સાથે જ એક અદમ્ય મનોબળ મહારાણા પ્રતાપની સૌથી મોટી વિશેષતા છે. આ કારણે તેઓ તે પ્રસંશનીય ગૌરવ મેળવવામાં સફળ થયા જેને કોઈપણ અન્ય તે સમયના તત્કાલીન શાસક મેળવી ન શક્યા. એટલા માટે પ્રતાપના દિવંગત થયાના ચારસો વર્ષ પછી પણ ભારતીય જનમાનસમા શ્રધ્ધાનું પાત્ર બનેલા છે અને ભવિષ્યમાં પણ રહેશે. સદેહે ન હોવા છતાં પમ તેમના આદર્શ ભારતીયોને યુગો - યુગો સુધી દેશ પ્રેમ, સ્વતંત્રતા, અનુરાગ સંઘર્ષ વગેરેની પ્રેરણા આપતા રહેશે. અંતમાં જાણીતા સાહિત્યકાર ડો.સંપૂર્ણાનંદના શબ્દોમાં- ‘કેટલાક લોકો અંગે લોકોમાં એવો વિશ્વાસ છે કે તેઓ કાયમ અમર છે, એટલે કે એક કલ્પ સુધી જીવિત રહેશે. આ વાત પર વિશ્વાસ કરવો અશક્ય છે. આ વ્યક્તિએ લોકોમાં પણ નથી કે સમાજમાં અવિરત પુરૂષો અથવા ઋષિ-મુનિયોમાં ગણાય છે. ઉદાહરણ માટે અશ્વત્થામા જેવા વ્યક્તિના સંબંધમાં જે સાંભળવામાં આવે છે એવી વિશેષ ચર્ચા સાંભળવામાં આવતી નથી. જે કોઈપણ અર્થમાં લોકોત્તર હોય અને આ વાતતો સહજ જ સમજમાં આવી શકે છે કે, આટલુ લાંબુ જીવન પોતાના માટે અને બીજાના માટે બોજારૂપ બની જાય. આવી અમરતા જો મળી પમ જાય તો કોડીનાય ભાવથી લેવાની કોઈ વસ્તુ ન હોઈ શકે.

પરંતુ કેટલાક લોકો એવા છે જેમને સાચા અર્થમાં અમર કહી શકાય તેમનું પંચ ભૌતિક શરીર તો રહેતુ નથી પણ તેમનો યશ, કાર્ય, સેંકડો, હજારો વર્ષ સુધી એમને એમ જળવાઈ રહે છે. પરંતુ સાચુ તો એ છે કે સમય જતા કાયામાં વધારો થાય છે. તે અંગે પરંતુ સાચુ તો એ છે કે સમય જતા કાયામાં વધારો થાય છે. તે અંગે અનેક કથા બને છે અને તેના જીવનચરિત્રમાં એ રીતે મળી તેનું અભિન્ન અંગ બની જાય છે. આવા મહાપરૂષોમાં મહારાણા પ્રતાપ હતા. પ્રતાપની કિર્તી અમર છે અને દેશકાળમાં અનેક પરિવર્તનો થવા છતાં પણ માનવીઓને તે સમય સુધી સ્ફુરણા આપતી રહેશે જ્યાં સુધી માનવ સમાજમાં ઊંચા ચારિત્ર્ય, ત્યાગ, શૌર્ય અને આત્મસન્માનનો આદર રહેશે.’

આઠમો અધ્યાય

મહારાણા પ્રતાપના ઉત્તરાધિકારી

મહારાણા પ્રતાપનું મહાપ્રયાગ રાજવંશના તે ગરિમામય ઇતિહાસનું પણ અવસાન છે. જેણે વિશ્વના સ્વાધીનતા પ્રેમીઓને એક પ્રેરણા આપી તેને ચમત્કૃત કર્યા છે. મહારાણા પ્રતાપ જેવા પરમ સ્વાભિમાની અને સ્વતંત્રતાપ્રેમી ભાગ્યેજ પેદા થાય છે. આમ તો સિસોદીયા વંશને આ ગૌરવ પ્રાપ્ત છે કે જેમાં વપ્પા રાવલ, રાણાકુંભા, મધરાયા હમીર, રાણાસાંગા, મહારાણા પ્રતાપ જેવા મહાનવીરોએ જન્મ લીધો. સિસોદીયા નરેશોમાં કોઈનામાં પણ મહારાણા પ્રતાપ જેવી સંકલ્પશક્તિ સ્વાધીનતા, અનુરાગ વગેરે દેખાતા ન હતા. વીરવિનોદમાં મહારાણા પ્રતાપ પછી તેમના પુત્ર અમરસિંહથી લઈ સજ્જનસિંહ (૧૮૫૯-૮૪) સુધીના શાસન સુધીનો ઇતિહાસ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે વીરવિનોદના રચયિતા ચારણ શ્યામલદાસ મહારાણા સજ્જનસિંહના આશ્રિત હતા.

મહારાણા અમરસિંહ પ્રથમ

મહારાણાના મૃત્યુ પછી મહાસુદ-૧૧ ૧૬૫૩ વિક્રમી ૨૯-૧-૧૫૯૭ એ ચાવંડમાં અમરસિંહનો રાજ્યાભિષેક થયો. સિંહાસન પર બેસતા જ તેને તેના પિતાના શબ્દ યાદ આવ્યા કે કોઈપણ પરિસ્થિતિમાં મોગલોની ગુલામી ન સ્વીકારતો એક આ શબ્દોનું માન રાખવા અમરસિંહે મેવાડ પર અધિકાર મેળવવાનો તેનો કાર્યક્રમ જારી રાખ્યો. તેમણે મેવાડના ઘણાં મોગલથાણા ઉપાડી લેવડાવ્યા અને ત્યાં પોતાના થાણા સ્થાપી દીધા. પરિણામે ૧૫૯૮માં અકબરે મેવાડ પર કરી આક્રમણ કર્યું. અમરસિંહ મોગલ પરગણાને લૂંટીને પહાડોની શરણમાં લઈ ગયા. અકબરે શાહજાદા સલીમને માનસિંહ કછવાહાની સાથે અજમેર છોડી દીધો. જેનાથી તેનું મેવાડ અભિયાન વ્યવસ્થિત ચાલી શકે. પરિણામે ઉંટાલાપ, મોહી, મદારિયા, કોશીથલ, બાગોર, માંડલ, માંડલગઢ અને ચિત્તોડમાં મોગલ થાણા સ્થાપિત થઈ ગયા. અમરસિંહે ઉંટાલા પર ચઢાઈ કરી ઘમસાણ યુદ્ધ થયું પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું.

જગમાલનો નાનો ભાઈ સાગર પણ પ્રતાપથી રીસાઈને માનસિંહ પાસે ચાલ્યો ગયો હતો. માનસિંહની પત્ની તેની માસી હતી. માનસિંહ તેને પણ મોગલોની સેવામાં લઈ ગયો હતો. અકબરના મૃત્યુ પછી જહાંગીર મોગલ સમ્રાટ બન્યો. નવેમ્બર ૧૬૦૫ માં તેણે શાહજાદા પરવેજને આસફખાં મગર વગેરેની સાથે અમરસિંહને દબાવવા મોકલ્યો. મોગલોનું આક્રમણ થવાથી અમરસિંહ એ પોતાના અધિકૃત ક્ષેત્રોને ઉજાડી નાખ્યા અને પર્વતોનું શરણ લીધુ જ્યારે મોગલ સેના અજમેરથી મેવાડની તરફ ચાલી તો

મેવાડના વીરોએ દેસુરી, બદનૌર, માંડલ, માંડલગઢ અને ચિતોડની તળેટી પર મોગલો પર હુમલો કરી તેમના દાંત ખાટા કરી દીધા. પરવેજે સગરને ચિત્તોડનો મહારાણા ઘોષિત કરી દીધો અને રાજ્યાભિષેક કરી દીધો.

રાજપૂત હંમેશા શાહી સેના પર હુમલા કરતા હતા. માર્ચ ૧૬૦૬માં એક વખત આ હુમલાને કારણે પરવેજને ઉંટાલા અને દેબારીથી માંડલ તરફ ભાગવુ પડ્યુ. સગરે ચિતોડના નવા સામન્તોની નિમણુક કરી. તેમણે શક્તિસિંહના પ્રપૌત્ર નારાયણદાસને પણ જાગીર આપી. ૧૬૦૮ ઈ.માં જહાંગીરે એક વિશાળ સેના જગન્નાથ કઠવાહાને આધીન ફરીથી અમરસિંહ વિરૂધ્ધ મોકલી. શાહી થાણા બેસાડતો તે ઉંટાલા પહોંચ્યો. બે-ત્રણ દિવસમાંજ અમરસિંહ ઉદયપુર પહોંચ્યો અને શાહી સેના પર હુમલો કરવાનો પોતાની સેનાને આદેશ આપ્યો. અમરસિંહે એક સામન્ત રાવ મેઘસિંહે ઘણીજ યુક્તિથી કામ લીધી. તેણે દસ-વીસ રાજપૂતોને ગાયો-ભેંસો વગેરેની સાથે ટેટી વહેંચવાના બહાને શાહી સેનામાં મોકલી દીધા. ગાય-ભેંસો પર વિસ્ફોટક પદાર્થ લદાયેલા હતા. જે બહારથી જેવા દેખાતા હતા આ રાજપૂતોની સાથે શાહી સેના સમજી કે તેના ઉપર ચારેબાજુથી વિશાળ સેનાએ આક્રમણ કરી દીધુ છે. આથી જેને જ્યાં સ્થાન મલ્યુ, એ જ રસ્તેથી ભાગી ગયા. ઈ.સ.૧૬૦૯માં જગન્નાથ કછવાહાનું મૃત્યુ થયું. તેને મેવાડ અભિયાનનો સારો અનુભવ હતો તેના મૃત્યુથી જહાંગીરને ઘણુ દુખ થયું. ત્યાર પછી જહાંગીરે એક વિશાળ સેનાની સાથે અબ્દલ ખાં ને અમરસિંહ વિરૂધ્ધ મોકલ્યા. તેને સુચના મળી કે અમરસિંહની પત્નીઓ તથા બાળકો જોધપુરના રાજા સુરસિંહના રાજ્યમાં રહે છે. આથી તેણે જોધપુર નરેશ પાસેથી સોજતનું પરગણુ જાત કરી લીધુ અને તેને રાઠોડ ચંદ્રસેનને આપી દીધુ અને ચંદ્રસેનને આદેશ આપ્યો કે અમરસિંહ ત્યાં પહોંચે એટલે તેને તરત સુચના આપવામાં આવે.

અમરસિંહ પણ હંમેશા અવસરોની તાકમાં રહેતો હતો. ૧૬૧૧ ઈ.માં એકવાર તેને સુચના મળી કે મોગલોનો એક ખજાનો અમદાવાદથી આગરા મોકલવામાં આવી રહ્યો છે. આથી તેણે પોતાના મોટા પુત્ર કુંવર કર્ણસિંહને ખજાનો લુંટવા માટે મોકલ્યો. માજાનન અને માલગઢ પાસે કર્ણસિંહની સેનાએ ઉપરના ખજાના પર હુમલો કરી દીધો. ખજાના સાથે મોગલ સેનાની ટુકડીઓ પમ હતી. આથી રાજપૂતોની તેમની સાથે ટક્કર થઈ, પરંતુ તેમાં કર્ણસિંહને સફળતા ન મળી તેને ભાગીને પહાડોમાં જવુ પડ્યુ.

અમરસિંહને વશમાં કરવામાં જહાંગીરને કોઈ પ્રકારની સફળતા મળતી ન હતી. આથી ૧૬ સપ્ટેમ્બર, ૧૬૧૩માં જહાંગીર પોતે અજમેર પહોંચ્યો ત્યાંથી તેણે શાહજાદા ખુર્રમ ને મેવાડ જવાનો આદેશ આપ્યો ખુર્રમ એક યોગ્ય અને ઉત્સાહી યુવક હતો. તે અમરસિંહને પહાડોમાં જ ઘુસીને પકડી લેવા ઈચ્છતાં હતો. આથી ફેબ્રુઆરી ૧૬૧૪માં પોતાની સેનાને ચાર ભાગમાં વહેંચી દીધી અને તેમને પહાડોની તરફ જવાનો આદેશ આપ્યો. આ ચારેય દળ નીકળી પડ્યા તેમણે માર્ગમાં આવનારા સ્થાનો પર જે મળ્યુ તે

લુટી લીધુ. વસ્તીઓને સળગાવી નાખી. કેટલાય નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા તથા અનેકને બંદી બનાવી લીધા.

અમરસિંહે પણ રાજપૂતોને દળોમાં વિભક્ત કરી દીધા અને તેમને એવા સ્થાનો પર નિયુક્ત કરી દીધા જ્યાંથી મોગલોની પહાડોમાં ઘુસવાની સંભાવના હતી. આ દળોને આદેશ આપવામાં આવ્યો કે મોગલોને પહાડોમાં પ્રવેશ કરવા દેવામાં ન આવે. મોગલોનું જોર વધતુ જતુ હતું. એની વચ્ચે તેમની કેટલીક ટુકડીઓનો મોગલો સાથે સામનો થયો. તેમના કેટલાક હાથી લુટી લેવામાં આવ્યા. મોગલ સૈનિકોએ આ હાથીઓને ખુર્રમની પાસે મોકલી દીધા.

આ લાંબાગાળાના સંઘર્ષથી અમરસિંહની સાથે જ તેના સહયોગી રાજપૂતોનું જીવન પણ અસ્ત વ્યસ્ત થઈ ગયુ હતું, પરંતુ સફળતાની કોઈ આશા ન હતી. આથી રાજપૂતોમાં પણ ક નિરાશા અને ઉદાસિનતાની ભાવના ફેલાવા લાગી હતી. તે સમયની સાથે અન્ય રાજપૂતોની જેમજ મોગલો સાથે સંધિ કરી લેવા ઈચ્છતાં હતા. ઘણા સામંતોએ અમરસિંહની સામે આ વિચાર મુક્યો. લાંબા વિચાર વિમર્શ પછી અમરસિંહે અબ્દુલ રહીમ ખાનખાનાને એક પત્ર લખ્યો. જેમાં નીચેનો દોહો લખવામાં આવ્યો હતો.

ગોડ કછાહા રાવઠડ ગોખા ખોજ કરન્ત ।

કહજો ખાના ખાનને બનચર હુઆ ફિરન્ત ।।

મતલબ ગૌડ, કછવાહા, રાઠોડ વગેરે રાજપૂત નરેશ મોગલ આધીનતા સ્વીકાર કરી. સુખેથી જીવન ગુજારી રહ્યા છે અને હું વનચરની જેમ વન વનમાં માર્યો માર્યો ફરી રહ્યો છું.

અમરસિંહે એક વાર ખાનખાનાની પત્નીઓને બંદિ બનાવી લીધી હતી. પરંતુ મહારાણા પ્રતાપે તેમને સન્માન સાથે ખાનખાના પાસે મોકલી દીધી હતી. તેથી ખાનખાના આ પરિવાર પ્રત્યે ઘણો સન્માનનો ભાવ રાખતા હતા. આ પત્ર મેળવીને ખાનખાનાએ જવાબમાં નીચેનો દોહો લખ્યો.

ઘર રહસી રહસી ધરમ ખપ જાસી ખુરમાણ ।

અમર વિસમ્ભર ઉપરો રાખો નિહજો રાણ ।।

અર્થાત ધર્મ રહેશે, પૃથ્વી રહેશે, પરંતુ મોગલ પણ ભૂતકાળ થઈ જશે. આ સમયે પ્રભુની એજ ઇચ્છા છે. આથી હે અમરસિંહ! તમે મોગલોની આધીનતા સ્વીકારી લો. તમારો યશ ફરીથી અમર રહેશે.

રાજપૂત ભયંકર દયનીયતાનું જીવન જીવી રહ્યા હતા. તેમણે પોતાની આ દશા અંગે યુવરાજ કર્ણસિંહને કહ્યુ કર્ણસિંહ પણ સંઘર્ષને વધારવા ઈચ્છતાં ન હતા. આથી તેણે

અમરસિંને પુછ્યા વગર જ બે માણસોને સંધિ પ્રસ્તાવ માટે ખુર્રમની પાસે મોકલી દીધા. આ પ્રસ્તાવ મેળવીને ખુર્રમને ઘણી પ્રસન્નતા થઈ. તેણે આ સમાચાર સમ્રાટ જહાંગીરને મોકલી દીધા. જહાંગીર પમ તેનાથી ખુબજ પ્રસન્ન થયો તેણે અમરસિંહને કોઈપણ રીતે હેરાન ન કરવાનું આશ્વાસન આપ્યુ અને યુવરાજ કર્ણસિંહને દરબારમાં મોકલવાનું કહ્યુ.

આ સંદેશાઓનું આદાન-પ્રદાન કર્ણસિંહ તથા મોગલ સમ્રાટ વચ્ચે થઈ રહ્યુ હતું. અમરસિંહ તેનાથી તદ્દન અજાણ હતા. કર્ણસિંહે આ સમાચાર અમરસિંહને આપ્યા. સમાચાર સાંભળતાજ તે તરત જ ગંભીર થઈ ગયા અને તેમના ચહેરા પર ઉદાસી આવી ગઈ અને થોડીવાર માટે તેમના મોં માંથી એક શબ્દ પણ નીકળ્યો નહી થોડીવાર પછી તે બોલ્યા- 'જો તારી એ જ ઇચ્છા છે તો મારે પણ સહન કરવુ પડશે. હું એકલો કરી જ શું શકુ છું મોગલોની સેવા, તેમના ફરમાનની પેશવાઈ તેની ખિલઅત પહેરવી વગેરે મારા મોટા-ઘરડાઓએ ક્યારેય નથી કર્યુ, તે મારે કરવું પડી રહ્યું છે.'

ત્યારબાદ તે પોતે શાહજાદા ખુર્રમની પાસે પહોંચ્યા તેમને મોગલો પર પુરો વિશ્વાસ ન હતો. એટલે તેમણે એકલા કર્ણસિંહને ન મોકલ્યો. તે પોતે એકલા ખુર્રમની પાસે જવા ઈચ્છતાં હતા. પરંતુ અનેક રાજપૂત તેમની સાથે ચાલી નીકળ્યા તેમાં તેના ત્રણ પુત્રો સાથે ભીમસિંહ, સુરજમલ બાગસિંહ સહસમલ્લ સિવાય અન્ય સો રાજપૂત પણ હતા. તેમનું ખુર્રમ સાથે મિલન ગોગૂંદામાં થયું. શાહજાદા ખુર્રમે પોતે તેમનું સ્વાગત કર્યુ. અમરસિંહે ખુર્રમને અનેક ભેટો આપી ત્યાર બાદ અમરસિંહ પોતાના સ્થાને પાછા ફર્યા પછી કર્ણસિંહને ખુર્રમ પાસે મોકલવામાં આવ્યા. ૧૮ ફેબ્રુઆરી ૧૬૧૫ ના રોજ શાહજાદા ખુર્રમ યુવરાજ કર્ણસિંહને લઈને સમ્રાટ જહાંગીર પાસે અજમેર પહોંચ્યો. જહાંગીરે કર્ણસિંહને અનેક પુરસ્કાર આપ્યા અને પાંચ હજારી મનસબ આપવામાં આવી ત્યારબાદ કર્ણસિંહ ઉદયપૂર પાછો ફર્યો.

આ બદલાયેલી રાજકિય પરિસ્થિતિઓમાં કર્ણસિંહના ઉદયપુર પહોંચવાથી સગર પરિવાર સાથે ચિતોડ છોડીને બાદશાહની પાસે જઈ પહોંચ્યો. બાદશાહે તેને રાવતની ઉપાધિ અને ભદૌરા પરગણાની જાગીર પ્રદાન કરી. આ રીતે આપણે જોઈએ છીએ કે અમરસિંહે મોગલો સાથે શક્ય તેટલો સંઘર્ષ કર્યો. પરંતુ તેમાં મહારાણા પ્રતાપ જેટલી સંકલ્પ શક્તિનો અભાવ હતો. આથી તેમને પરિસ્થિતિઓની સામે ઝુકી જવાનું યોગ્ય લાગ્યું. મેવાડની આ ગૌરવશાળી પરંપરાને તેમણે વિચ્છેદ કરી નાખ્યો. જે સદીઓથી અવિરતરૂપે ચાલી આવતી હતી. તેમણે મોગલોની આધીનતા સ્વીકારી લીધી. ૩૦ ઓક્ટોબર ૧૬૨૦ માં ઉદયપૂરમાં તેમનું અવસાન થયું.

મહારાણા કર્ણસિંહ

અમરસિંહના મૃત્યુ પછી ૭ ફેબ્રુઆરી ૧૬૨૦ ના રોજ તેમના મોટા પુત્ર કર્ણસિંહ મેવાડના સિંહાસન પર બેઠા છેવટે તો મોગલોની આધીનતા સ્વીકારવા પાછળ કર્ણસિંહનીજ ભૂમિકા મુખ્ય હતી. કર્ણસિંહની શાસન વ્યવસ્થા સંતોષજનક હતી. જહાંગીર સાથે મન મોટાવને કારણે શાહજાદા ખુર્રમ ઉદયપુરમાંજ રહ્યો. ૧૬૨૦ ઈ.માં ખુર્રમ અને જહાંગીર વચ્ચે સમાધાન થઈ ગયુ હતું. આથી ખુર્રમે દારાશિકોહ અને ઓરંગઝેબ પોતાના આ બંને પુત્રોને જહાંગીરની સેવામાં મોકલી દીધા. ત્યાર પછી જહાંગીરના મૃત્યુ પછી જ્યારે ખુર્રમ દક્ષિણથી ગુજરાત થઈને આગરા જઈ રહ્યો હતો, તો તે ગોગૂંદામાં રોકાયો. તેનાથી સ્પષ્ટ થઈ જાય છે કે કર્ણસિંહ અને ખુર્રમના સંબંધ ઘણા આત્મીય હતા. ત્યાર પછી ખુર્રમ આગ્રા જવા નીકલી પડ્યો તો કર્ણસિંહે પોતાના નાનાભાઈ અર્જુનસિંહને સાથે મોકલી દીધો અને પોતે ઉદયપુર ચાલ્યા આવ્યા ત્યારબાદજ કર્ણસિંહનું મૃત્યુ થઈ ગયુ.

મહારાણા જગતસિંહ પ્રથમ

કર્ણસિંહ પછી ૯ મે ૧૯૨૮ ના જગતસિંહ પ્રથમ મેવાડના રાજસિંહાસન પર બેઠા તે નાનપણથી જ ખુબજ કુશાગ્ર બુદ્ધિનો હતો. દેવલિયા, ડુંગરપુર, સિરોહી પર સૈનિક કાર્યવાહી અને બાંસવાડાના રાવલ પર દંડ વગેરે તેના જીવનના મુખ્ય કાર્યો રહ્યા. ઈ.સ. ૧૬૫૨માં તે તીર્થયાત્રાએ જવા ઈચ્છતાં હતા કે એ જ વર્ષે ૨૫ ઓક્ટોબરે તેમનું અવસાન થયું.

મહારાણા રાજસિંહ પ્રથમ

૧૪ ફેબ્રુઆરી ૧૫૬૩માં મેવાડના રાજસિંહાસન પર મહારાણા રાજસિંહ પ્રથમનો રાજ્યભિષેક થયો. આ અવસર પર શાહજહો ચાંદલાનો વ્યવહાર મોકલ્યો હતો. જો કે હવે મેવાડ મોગલોને આધીન થઈ ચુક્યુ હતું. તેથી મહારાણા રાજસિંહ મહારાણા પ્રતાપના આદર્શો પર ચાલવાવાળા એક સ્વાભીમાની સિસોદિયા રાજા હતા તે અમરસિંહ દ્વારા મોગલોની આધીનતા સ્વીકારવાનું કલંક ધોઈ નાખવા ઈચ્છતાં હતા.

સિંહાસન પર બેસતાજ રાજસિંહે ચિતોડનો કિલ્લો મરામત કરાવવાનો ચાલુ કરી દીધો. એ સમયે મોગલ સમ્રાટના કર્મચારીઓ દ્વારા માલવા અને અજમેરના મંદિરોમાં ગૌવધ વગેરેની ઘટનાઓને પણ મહારાણાના આક્રોશને વધારી દીધો. તેના સેવકોએ પણ મોગલો સાથે છેડછાડ ચાલુ કરી દીધી. શાહજહાંને ખબર પડી કે રાજસિંહ મોગલ સમ્રાટ વિરુદ્ધ વિદ્રોહની તૈયારી કરી રહ્યા છે. શાહજહાંએ રાજસિંહના કાકા ગરીબદાસને સાતસો મનસબ અને જાગીર આપી તથા એક સેનાની સાથે રાજસિંહ વિરૃદ્ધ મોકલ્યો. યાદ રહે કે ગરીબદાસ જ્યારે મેવાડ પહોંચ્યા તો તેમણે રાજસિંહ વિરૃદ્ધ યુદ્ધ ન કર્યું અને સીધા રાજસિંહની પાસે પહોંચ્યા તથા તેમને બધી બાબતોની જાણકારી આપી રાજસિંહે તેને પોતાના સલાહકાર બનાવી લીધા.

૧૬ ઓક્ટોબર ૧૬૫૪માં શાહજહાં અજમેરમાં ચિશ્તીની દરગાહની જિયારત કરવાના બહાને મેવાડના અભિયાન પર નીકળી પડ્યા. તેમણે એક તરફ વીસહજાર ઘોડેસવાર સૈનિકો સાથે મૌલવી. સાદુલ્લા ખાં ને ચિતોડ તરફ મોકલી દીધા અને સાથે જ મુન્શી ચંદ્રભાન નામના એક બ્રાહ્મણને દુત બનાવીને રાજસિંહને સમજાવવા માટે મોકલ્યો, જેથી બિનજરૂરી હિંસાથી બચી શકાય જ્યારે સાદુલ્લા ખાં ચિતોડ પહોંચ્યો તો તેને ચિતોડનો કિલ્લો ખાલી મળ્યો. રાજસિંહ કિલ્લો પહેલેથીજ ખાલી કરી ચુક્યો હતો. તેમણે બધી પ્રજાને પહાડોમાં મોકલી ચિતોડને ઉજાડવાનું શરું કરી દીધું.

જ્યારે ચંદ્રભાન મહારાણા રાજસિંહની પાસે પહોંચ્યો તો, મહારાણાએ તેમનું યોગ્ય સ્વાગત સન્માન કર્યુ. ચંદ્રભાને મહારાણાને અનેક રીતે સમજાવ્યા તેમને સલાહ આપી કે રાજકુમારને બાદશાહની પાસે મોકલવામાં આવે તેમાંજ મેવાડનું હિત છે બંનેની વચ્ચે આ અંગે લાંબી વાતચીત થઈ. આથી તે સમયે કુમાર સુલ્તાનસિંહની ઉમર ૫-૬ વર્ષની હતી. દારાશિકોહે કુંવર સુલ્તાનસિંહને બાદશાહ પાસે મોકલ્યો. તે ૨ ડિસેમ્બર ૧૬૫૪ ના રોજ બાદશાહ પાસે પહોંચ્યો. બાદશાહે કુંવરને બિલઅત આપી તેના બીજા દિવસે કુંવર સુલ્તાનસિંહ ઉદયપુર પાછા ફર્યા.

મહારાણા રાજસિંહ એક કુશળ રાજકારણી હતા. આથી તેમણે મૌલવી સાદુલ્લા ખાં ની પાસે પહેલાજ મધુસુદન ભટ્ટ અને રાયસિંહ ઝાલાને મોકલી દીધી હતા. આ બંનેએ સાદુલ્લાખાં ને અનેક રીતે સમજાવ્યા, પરંતુ ગરીબદાસની ઘટનાથી તે રાજસિંહ ઉપર ઘણા નારાજ હતા. પરિસ્થિતિઓને પ્રતિકુળ જોઈને તે સમયે, મહારાણાએ ચુપ રહેવાનું જ ઉચિત સમજ્યા, આમ તો તે મેવાડના ઉજડવાથી ઘણાજ ક્રોધિત હતા, આથી તે મોગલોનો પ્રતિરોધ કર્યા વગર પોતાની સ્થિતિ મજબુત કરવા માટે એક વિશાળ સેના બનાવવાનો વિચાર કરવા લાગ્યા.

ઓરંગઝેબ પછી શાહજહાં મોગલ સમ્રાટ બન્યા તો તેમણે મેવાડનું એક પ્રસિદ્ધ સ્થાન માંડલગઢ કૃષ્ણગઢના રાજા રૂપસિંહને આપી દીધું. તેનાથી રાજસિંહનું નારાજ થવુ સ્વભાવિક હતું. તે આ અપમાન સહન ન કરી શક્યા. આથી તેમણે સેનાને મોકલીને માંડલગઢને પોતાના અધિકારમાં લઈ લીધું. એટલું જ નહી ૧૮ ઓક્ટોબર ૧૬૫૭ ના દશેરામાં તેમણે પોતાની ભવ્ય સેનાનુ પ્રદર્શન કર્યુ. આ નવગઠિત સેનાને તેમણે મોગલો દ્વારા અધિકારમાં લેવામાં આવેલા પ્રદેશોને તેમના અધિકારમાંથી છોડાવવા માટે મોકલી દીધા. સેના પોતાના લક્ષ્યની તરફ નીકળી પડી અને ૧૨ મે ૧૬૫૮ ના રોજ ખૈરાબાદ, માંડલ અને દરીબા પર અધિકાર કરી લીધો. આ સ્થાનો પરથી મોગલોને ખસેડી ત્યાં મેવાડના થાણા બેસાડી દીધા. જ્યારે આ સુચના શાહજહાંને મળી, તો તે ખુબજ ગુસ્સે થઈ ગયો, પરંતુ તે સમયે તે કંઈજ ન કરી શક્યો, કારણ કે ત્યારે તેનો પુત્ર પોતે વિદ્રોહ પર ઉતરી આવ્યો હતો.

મહારાજા રાજસિંહે આ અવસરનો લાભ ઉઠાવી ઓરંગઝેબની તરફ હાથ લંબાવ્યો બંને વચ્ચે પત્રોનું આદાન-પ્રદાન થયું. ઓરંગઝેબ પણ આ સમયે પોતાની સ્થિતિને સશક્ત બનાવવા ઈચ્છતાં હતો. આથી તેણે રાજસિંહ સાથે મિત્રતા કરી લીધી. જ્યારે ઓરંગઝેબ શુજાને દબાવવા બંગા ગયો તો તેણે રાજસિંહની સહાયતા પણ માંગી. રાજસિંહ એ પોતાના નાના પુત્ર સરદારસિંહને તેની સાથે મોકલી દીધો. શુજાના દમન પછી જ્યારે ઓરંગઝેબ પ્રયાગ પાછો ફર્યો તો તે સમયે દારાશિકોહ પંજાબથી સિંધ, કચ્છ થઈને ગુજરાત આવી પહોંચ્યો હતો. ૨૩ ફેબ્રુઆરી ૧૬૫૪ ના રોજ તેણે પણ રાજસિંહની સહાયતા માંગવા માટે તેને પત્ર લખ્યો. રાજસિંહ બંને ભાઈઓ લડાવીને મોગલ સામ્રાજ્યને નબળુ બનાવવા ઈચ્છતાં હતો. કદાચ એટલે જ તેણે દારાશિકોહને કોઈ જવાબ ન આપ્યો. એ સમયે માંડલગઢ અને બદનૌર તેના અધિકારમાં આવી ચુક્યા હતા. ઓરંગઝેબ પણ તેને દરેક રીતે પ્રસન્ન રાખવા ઈચ્છતાં હતો. આથી તેણે ડુંગરપુર બાંસલવાડા ગયાસપુર, બસાવર વગેરે પર પણ મહારાણાના અધીકારને સ્વીકારી લીધો તેના માટે તેણે પોતાને આદેશ પણ મોકલી દીધો.

ઉચિત અવસર જોઈને મહારાણાએ પોતાના રાજ્યનો વિસ્તાર પણ કરવાનો પ્રારંભ કરી દીધો. આ પ્રસંગથી તેમણે બીસલવાડાને પોતાના અધિકાર કરવા માટે સેના મોકલી દીધી. બીસલવાડાના રાવલ સમરસિંહે મહારાણાની આધીનતા સ્વીકારી લીધી. તેણે હર્જાનાના રૂપમાં મેવાડને દસ લાખ રૂપિયા આપ્યા. મેવાડના સેનાપતિ ફતહચંદ્રએ માત્ર વીસ હજાર રૂપિયા લઈને બાકી બધા રૂપિયા અને ગામ રાવલ સમરસિંહને પાછા આપી દીધા. ત્યારબાદ તે મહારાણા પાસે પાછો ફર્યો. બીસલવાડા પછી મેવાડની સેનાએ ડુંગરપુર પ્રસ્થાન કર્યુ ત્યાંના રાવલ ગિરિધરે પણ મેવાડની આધીનતા સ્વીકારી લીધી.

એ સમયે પિતા શાહજહાંને બંદી બનાવી અને ભાઈઓની હત્યા કરીને ઓરંગઝેબ મોગલ સમ્રાટ બની ચુક્યો હતો. આથી તેને પ્રસન્ન કરવા માટે રાજસિંહએ તેની પાસે ભેટ સ્વરૂપે એક હાથણી તથા ઝવેરાત વગેરે મોકલ્યા. આ ઉપહારોને લઈને ઉદયકર્ણ ચૌહાણ ૯ સપ્ટેમ્બર ૧૬૫૪માં ઓરંગઝેબ પાસે દિલ્હી પહોંચ્યો. આ ભેટોનો ઓરંગઝેબે પ્રસન્નતાથી સ્વીકાર કર્યો. તેણે પોતે પણ ઉદયકર્ણ ચૌહાણ દ્વારા મહારાણા રાજસિંહ માટે એક ઘોડો તથા ઠંડાની ખલિઅત મોકલી.

આ વિવરણોથી સ્પષ્ટ છે કે આ સમય સુધી મહારાણા અમરસિંહના ઓરંગઝેબ સાથેના સંબંધો સદભાવના ભર્યા રહ્યા. પરંતુ ઓરંગઝેબ જેવા કટ્ટર અને સંકુચિત સમ્રાટની સાથે કોઈપણ ઉદાર તથા સ્વાભીમાની શાસકના સંબંધો હંમેશના માટે સદ્ભાવના ભર્યા રહેવાની સંભાવના ન હતી. કહેવાની જરૂર નથી કે થોડા સમયમાં જ તેમના ઓરંગઝેબ સાથે સંબંધો કડવાશ ભર્યા થી ગયા. સમ્રાટ જહાંગીરે એક નિયમ બનાવ્યો હતો, જે પ્રમાણે મોગલ સામ્રાજ્યને આધીન રાજા સમ્રાટની આજ્ઞા પ્રાપ્ત

કર્યા વગર એકબીજા સાથે લગ્ન સંબંધો સ્થાપિત ન કરી શકતા હતા. તેની પાછળનું સૌથી, મોટું કારણ એ હતું કે પારંપરિક લગ્ન સંબંધોથી આ રાજાઓ એકબીજા સાથે સંબંધ બાંધે તે મોગલ સામ્રાજ્ય માટે ઘાતક સાબિત થઈ શકે તેમ હતું. સાથે જ એક મહત્ત્વપૂર્ણ કારણ એ પણ કહેવામાં આવે છે કે, તે એ કે મોગલ શાસક સુંદર રાજપૂત કુમારીઓની ડોલિઓ પોતાને ત્યાં મંગાવી લેતાં હતો.

રૂપનગરના રાજ્યની પુત્રી ચારૂમતી બેજોડ સુંદરી હતી, તેની સુંદરતાની પ્રશંસા સાંભળીને ઓરંગઝેબ તેની સાથે લગ્ન કરવા ઈચ્છતાં હતો. ચરૂમતીનો ભાઈ માનસિંહ પણ ઓરંગઝેબના દરબારમાં હતો. તેણે પોતાની બહેનના લગ્ન ઓરંગઝેબ સાથે કરવાનું સ્વીકારી લીધુ અને તેને વચન પણ આપી દીધુ, પરંતુ તેના માતા-પિતા આ લગ્નના પક્ષમાં ન હતા. તે પણ ઓરંગબેઝને આધીન હતા. આથી આ સંબંધનો અસ્વીકાર કરી તેના કોપનો ભોગ બનવા ઈચ્છતાં ન હતા. તેમણે એક ચાલીકીથી કામ લીધુ. પોતે રાજકુમારી ચારૂમતીના હાથેથી લગ્ન પ્રસ્તાવનો પત્ર મહારાણા રાજસિંહ માટે લખાવ્યો. આ પત્રને લઈને એક બ્રાહ્મણ મહારાણા પાસે પહોંચ્યો. આથી મહારાણા રાજસિંહ રૂપનગર પહોંચ્યા અને તેમણે ચારૂમતી સાથે લગ્ન કરી લીધા અહીંથીજ તેમના સંબંધ ઓરંગઝેબ સાથે કડવા થઈ ગયા. ગુસ્સે થઈને ઓરંગઝેબે ગ્યાસપુર અને વસાવપુરને ઉદયપુરથી અલગ કરી દીધા અને રાવત હરિસિંહને આપી દીધા. રાજસિંહે સમ્રાટના આ કાર્ય પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરી અને તે અંગે ક પત્ર પણ લખ્યો પરંતુ તેનુ કોઈ પરિણામ ન આવ્યુ.

આ બધાની સાથેજ મહારાણાએ અનેક નવા મંદિરોનું નિર્માણ કરાવ્યું તથા મથુરાના ગોસાઈઓને પણ પોતાના રાજ્યમાં શરણ આપ્યું. આ કાર્યોથી ઓરંગઝેબ રાજસિંહથી ઘણો કોપાયમાન થઈ ગયો. આથી તે ૨૦ જાન્યઆરી, ૧૬૭૯ માં જિયારતના બહાને ચિશ્તીની દરગાહ અજમેર માટે નીકળી ગયો અને ૧ માર્ચે અજમેર પહોંચ્યો. રાજસિંહ તેની મનોકામના સમજી ગયા હતા આથી તેમણે પોતાનો એક વકીલ તેમની પાસે મોકલ્યો. વકીલને ઓરંગઝેબે જે-જે આજ્ઞાઓ આપી હતી, તેનો તે જ સમયે મહારાણાએ સ્વીકાર કરી લીધો.

ઓરંગઝેબ સાથે તેમના સંબંધોમાં ફરીથી સુધારો ન આવ્યો. તે સમયે ઓરંગઝેબે હિન્દુઓ ઉપર જજિયા વેરો લગાવી દીધો. રાજસિંહે તેને હિન્દુઓની સાથે ધાર્મિક અન્યાય સમજ્યા આથી તેમણે નારાજ થઈને તેને અયોગ્ય ઠરાવતો પત્ર ઓરંગઝેબને લખ્યો. આ પત્રમાં તેમણે લખ્યુ હતું કે ઈશ્વરની સામે હિન્દુ અને મુસલમાન બંને સરખા જ છે. સમ્રાટ તેનો પ્રતિનિધિ હોય છે. આથી ઈશ્વરના નામ પર આવા પ્રકારનો ભેદભાવ એકદમ અનુચિત છે. તેનાથી સમ્રાટનો યશ ઝાંખો પડી જશે. આ પત્ર મળતા જ તે વાંચીને ઓરંગઝેબ રાતો-પીળો થઈ ગયો. તેણે તરતજ ઉદયપુર પર હુમલો કરવાનો આદેશ આપી દીધો. ૧૫ સપ્ટેમ્બર ૧૬૭૯ તેણે સેના સાથે ઉદયપુર માટે

પ્રસ્થાન કર્યુ. ૧૮ જાન્યુઆરી ૧૬૮૦ એ મોગલસેના મેવાડ પહોંચી ગઈ ત્યાં પહોંચીને સેનાને ઉદયપુર પર આક્રમણ કરવાનો આદેશ આપી દીધો.

મહારાજા રાજસિંહને જ્યારે ઓરંગઝેબની પ્રવૃત્તિઓની સુચના મળી તો તેણે પોતાની પ્રજા, બાળકો તથા સ્ત્રીઓને મકામ દેવી માતા વગેરે પહાડોમાં મોકલી દીધા અને પોતાના સામન્તો વીરો તથા ભીલોને આજ્ઞા આપી કે અવસર મળતા જ મોગલ સેનાને પહોંચાડનારી સમગ્રી લુટી લેવામાં આવે. મોગલ સેનાપતિએ આ વાત ઓરંગઝેબને બતાવી પક્કા, તાજખાં વગેરે મોગલ સેનાપતિ હિન્દુઓના મંદિર તોડતા ઉદયપુર પહોંચ્યા. ૨૭ જાન્યુઆરીએ મોગલ શાહજાદા અકબર એક વિશાળ સેના લઈને નીકળી ગયો. મહારાણાનો પીછો કરવા માટે સેના પહાડીઓ તરફ પ્રસ્થાન કરવાની આજ્ઞા આપી દીધી. ૫ માર્ચના રોજ ઓરંગઝેબે પણ ચિતોડ તરફ પ્રસ્થાન કર્યુ. તેણે ૬૩ મંદિર તોડાવી નાખ્યા પછી ખાનેજહાં નામનો સેનાપતિ ચિતોડ પહોંચી ગયો. ત્યાર પછી શાહજાદા અકબરને આદેશ મળ્યો કે તે સેના સાથે ચિતોડના કિલ્લામાં પડાવ નાખે આથી અકબર ચિતોડના કિલ્લામાં રહેવા લાગ્યો. રાજપૂતોની મોગલો સાથે ઘણી લડાઈ થઈ અને ઘણીવાર મોગલ સેનાને મોં ની ખાવી પડી. પરંતુ અંતમાં તો પલડુ મોગલોનું જ ભારે રહ્યું.

ત્યાર પછી પોતાના સ્થાન પર શાહજાદા અકબરને નિયુક્ત કરી ઓરંગઝેબ અજમેર ચાલ્યો ગયો. મહારાણા રાજસિંહ વાસ્તવિક અર્થમાં મહારાણાના વારસદાર હતા તે જીવન પર્યંત મોગલો સાથે સંઘર્ષ કરતા રહ્યા. જય અને પરાજય મનની હોય છે શરીરની નહી તેમણે મનથી ક્યારેય પરાજયનો સ્વીકાર ન કર્યો. આ મહાન સ્વતંત્રતા પ્રેમી વીરનું મૃત્યુ ૩ નવેમ્બર ૧૬૮૦માં કુંભલગઢ પરગણાના ઓડા ગામમાં થયું. તેમનું મૃત્યુ કોઈપણ બીમારી વગર અચાનક જ થયું હતું. આથી એ વિષયમાં એ પણ કહેવામાં આવે છે કે તેમને ઝેર આપવામાં આવ્યું કારણ કે તેમનો સ્વભાવ ઘણોજ ઉગ્ર હતો આથી બધા લોકો તેનાથી નારાજ રહેતા હતા. જે પણ હોય એટલું નિશ્ચિત છે કે મહારાણા રાજસિંહ એક સ્વભીમાની સ્વતંત્રતા પ્રેમી રાજપૂત હતા. તેમણે મેવાડના અસ્ત થતા સુર્યને ફરીથી પ્રતિષ્ઠિત કરવાનો જે પ્રયત્ન કર્યો હતો તે ખુબજ પ્રશંસનીય છે જો કે તેમને તેમના ઉદ્દેશમાં સફળતા ન મળી. છતાં પણ તેનાથી તેના કાર્યનું મહત્ત્વ ઓછુ થતુ નથી જે તેમને તેમના કાર્યમાં સફળતા મળી ગઈ હોત તો, તો ન જાણે મેવાડનો અને ભારતનો ઇતિહાસ આજે કયા સ્વરૂપે હોત.

મહારાણા જયસિંહ

રાજસિંહના મૃત્યુ સમયે જયસિંહ કુરજ ગામમાં મોગલ સેનાનો સામનો કરી રહ્યા હતા ત્યાં જ ૩ નવેમ્બરે તેનો અભિષેક કરવામાં આવ્યો. તેનો જન્મ ૧૫ ફેબ્રુઆરી ૧૬૫૩ નો થયો હતો. તેના મહારાણા બનવાની સાથે જ લગભગ તે જ સમયે શાહજાદા

અકબરે ઓરંગઝેબ વિરૃધ્ધ વિદ્રોહ કરી પોતાને સમ્રાટ ઘોષિત કરી દીધો હતો. રાજપૂત પણ આ કાર્યમાં તેને સાથ આપી રહ્યા હતા તેની પાસે ૭૦ હજારથી વધારે સેના થઈ ગઈ હતી. ઓરંગઝેબના આવવાના સમાચાર સાંભળી તે સામનો કરવા માટે તૈયાર થઈ ગયો. આ સમયે ઓરંગઝેબે ખુબજ ચતુરાઈથી કામ લીધુ તેણે અકબરના નામનો એક પત્ર લખ્યો અને ખુબજ લુચ્ચાઈથી તે પત્ર રાજપૂતોના હાથમાં પહોંચાડી દીધો. પત્ર વાંચીને રાજપૂત સમજી બેઠા કે અકબર ઓરંગઝેબના કહેવાથી તેમની સાથે ધોખો કરી રહ્યો છે. ઓરંગઝેબની યુક્તિ કામ કરી ગઈ આથી ૨૮ જાન્યુઆરી ૧૬૩૧ ના રોજ અકબર ભાગી ગયો ત્યાર પછી જયસિંહ અને ઓરંગઝેબ વચ્ચે સમાધાન થઈ ગયુ.

સિસોદિયા લોકો શરાબ પીતા ન હતા પરંતુ જયસિંહના મોટા પુત્ર અમરસિંહની એક પત્ની શરાબની આદતવાળી હતી. તેણે અમરસિંહને પણ તેની આદત પાડી દીધી. અમરસિંહ શરાબ પીવા લાગ્યો તેનાથી જયસિંહને ઘણી નીરાશા થઈ. તે અમરસિંહને સમજાવ્યો પરંતુ તેની અમરસિંહ પર કોઈ અસર ન થઈ. ઉલટા તે જયસિંહને નીચા દેખાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. રાજપૂતોની એક પ્રથા પ્રમાણે પિતા જીવતા હોય ત્યાં સુધી પુત્ર સફેદ પાઘડી ન પહેરી શકે પરંતુ અમરસિંહ એકવાર પોતાના અને પુત્રના માથા પર સફેદ પાઘડી બાંધી જયસિંહની સામે પહોંચ્યા. તે સમયે જયસિંહ જયસમુદ્ર ગયા હતા પુત્રના આ આચરણથી તેમને ઘણીજ વેદના થઈ આથી તેમણે અમરસિંહને ઉદયપુર છોડી દેવાની આજ્ઞા આપી દીધી. અમરસિંહ ઉદયપુર છોડીને તેનાથી પૂર્વમાં લગભગ આઠ કોસ દુર કર્ણપુર ગામ ચાલ્યા ગયા. મેવાડના મોટા ભાગના સામન્ત અમરસિંહના પક્ષમાં હતા. પરિસ્થિતિને પોતાના પ્રતિકુલ જોઈ જયસિંહે ઉદયપુર છોડવું પડ્યુ. ઉદયપુર છોડીને તે નાડોલના વનમાં ચાલ્યા ગયા. અમરસિંહે હાડા રાજપૂતોની સહાયતાથી પોતાના સિસોદિયા રાજપૂતોને લઈને ઉદયપુર પર અધિકાર કરી લીધો અને પોતાનો રાજ્યભિષેક કરાવ્યા પછી તે પોતે મહારાણા બની બેઠો ત્યાર પછી તે જીલવાડા પહોંચી ગયો.

અમરસિંહના આ કાર્યથી મહારાણા જયસિંહનું ચિંતિત થવુ સ્વભાવિક હતું. ઘરની આ કુટનો પ્રત્યક્ષ લાભ મોગલોને પહોંચ્યો. આ બધા પર વિચાર કરીને જયસિંહના સામન્તોએ અમરસિંહની પાસે કેટલાક રાજપૂતોને મોકલ્યા ઘણુ સમજાવ્યા પછી છેવટે રાજકુમાર અમરસિંહ માની ગયા. તેને ખર્ચ માટે ૩ લાખ રૃપિયાની વાર્ષિક જાગીર આપવામાં આવી તેની સાથે જ એ પણ નક્કી થયું કે મહારાણા જયસિંહ ઉદયપુરમાંજ રહેશે અને અમરસિંહ રાજનગરમાં આથી ત્યારથી રાજકુમાર રાજનગરમાં અને મહારાણા ઉદયપુરમાં રહેવા લાગ્યા. ૧૬૯૨માં અમરસિંહના આ વિદ્રોહનો અંત થયો. મહારાણા જયસિંહનું મૃત્યુ ૫ ઓક્ટોબર ૧૬૪૮માં થયું.

મહારાણા અમરસિંહ દ્વિતીય

જયસિંહનો જન્મ ૧૧ ઓક્ટોબર ૧૬૭૨ માં થયો હતો તેના મૃત્યુના સમાચાર મળતાજ તે ઉદયપુરની તરફ નીકળી પડ્યો. ઉદયપુર પહોંચતા ૧૦ ઓક્ટોબરે અમરસિંહે મેવાડના રાજસિંહાસન પર બેઠા તેમણે પોતાના વિરોધીઓને પણ આ અવસર પર પુરસ્કાર આપીને મિત્ર બનાવી લીધા.

વીરવિનોદ મહામહોપાધ્યાય કવિરાજે લખ્યુ છે કે ૧૭૦૮ ઈ.સ.માં જોધપુર અને જયપુરના રાજાઓ ઉદયપુર આવ્યા બંનેએ મહારાણા અમરસિંહ સમક્ષ પ્રસ્તાવ રાખ્યો કે બધા રાજપૂત રાજા અમરસિંહના પક્ષમાં મોગલ સામ્રાજ્યને નષ્ટ કરી દે અને તેમને (અમરસિંહને) ભારતના સમ્રાટ બનાવે. એ સિવાય તેમનામાં રાજપૂત રાજકુમારીની ડોલિઓ મોગલોને ત્યાં ન મોકલવા અંગે પણ ચર્ચા થઈ.

૨૨ ડિસેમ્બર ૧૭૧૦માં મહારાણા અમરસિંહનું અવસાન થયું.

મહારાણા સંગ્રામસિંહ દ્વિતીય

૨૨ ડીસેમ્બર ૧૭૧૦ માં મહારાણા સંગ્રામસિંહનો રાજ્યભિષેક થયો. અભિષેક મહોત્સવ ૮ મે ૧૭૧૧ મનાવવામાં આવ્યો.

મોગલ સમ્રાટે પુર મંડલ વગેરેનો અધિકાર રણબાજ ખાં મેવાતીને આપી દીધો હતો, આથી મહારાણા સંગ્રામસિંહે તેના પર (રણબાજ ખાં) આક્રમણ કરી દીધુ અને વિજય મેલવ્યો. માધવસિંહનું ઉદયપુર આવવુ વદેરે સંગ્રામસિંહના શાસનની ઘટનાઓ છે.

ઉપરની ઘટનાઓ સિવાય મહારાણા સંગ્રામસિંહના જીવનમાં અન્ય કોઈ ખાસ ઉપલબ્ધિ રહી નથી. તેમનું અવસાન ૨૩ જાન્યુઆરી ૧૭૩૪ ના દિવને થયું તેમનો જન્મ ૧ એપ્રિલ ૧૬૯૦ માં થયો હતો. તેની સોલ રાણી હતી એવુ ઇતિહાસના પુસ્તકોમાં ઉલ્લેખ છે પરંતુ છ જ રાણીઓના નામ મળે છે જે આ પ્રકારે છે- અતરકુંવર, સુરજકુંવર, ઉમેદકુંવર, રામકુંવર, ઈન્દ્રકુંવર, મહાકુંવર વગેરે તેના ચાર પુત્ર હતા જગતસિંહ, નાથસિંહ, બાધસિંહ, અને અર્જુનસિંહ જગતસિંહ પિતાના મૃત્યુ પછી મહારાણા બન્યા.

મહારાણા જગતસિંહ દ્વિતીય

જગતસિંહનો રાજ્યભિષેક ૨ ફેબ્રુઆરી ૧૭૩૪ના અને અભિષેક મહોત્સવ એ જ વર્ષે ૧૫ જુનનો થયો હતો. જગતસિંહ બીજા મરાઠાઓના પ્રભાવથી પહેલેથી જ ચિંતિત હતા આથી રાજપૂતોએ મરાઠાઓના પ્રભાવને ઓછો કરવા માટે ઉદયપુરના અન્ય રાજ્યો સાથે વાર્તાલાપ કર્યો આ રાજ્યો પમ મહારાણા સાથે સહમત હતા આથી તેમણે મરાઠાઓ સાથે લાંબો પત્રવ્યવહાર કર્યો હતો. મહારાણાની શાહપુર ચઢાઈ, મહારાણા અને કુવર પ્રતાપસિંહનો પરસ્પર વિરોધ, મહારાણાનું જયપુર પર સૈનિક અભિયાન,

જગનિવાસનું નિર્માણ, મહારાણાની સેના સાથે જયપુરની સેનાનુ યુદ્ધ વગેરે જગતસિંહના રાજ્યકાલની મહત્ત્વપૂર્ણ ઘટના છે.

૧૬ જુન ૧૭૫૧ માં મહારાણા જગતસિંહનું અવસાન થયું તે સમયે તેમની ઉમર લગભગ ૪૨ વર્ષ હતી. તેમનો જન્મ ૨૯ સપ્ટેમ્બર ૧૭૦૯ માં થયો હતો. તેમના બે પુત્રો હતા પ્રતાપસિંહ અને અરસિંહ તેમના મૃત્યુ પછી પ્રતાપસિંહ તેના વારસદાર બન્યા.

મહારાણા પ્રતાપસિંહ દ્વિતીય

મહારાણા પ્રતાપસિંહ બીજાનો રાજ્યાભિષેક ૧૬ જુન ૧૭૫૧ ઈ.માં થયો તેમિનો જન્મ ૮ ઓગસ્ટ ૧૭૨૪માં થયો હતો. તેમની માતા નાહરસિંહ સોલંકીની પુત્રી હતી તેમના પિતા મહારાણા જગતસિંહ જ્યારે બીમાર હતા તો નાગૌરના રાજા નાથસિંહ દેવગઢના રાવત જસવંતસિંહ, દેવવાડાના રાજા રાઘવવેદા સનવાડના ભરતસિંહ અને શાહપુરાના રાજા ઉમેદસિંહે તેમને બંદી બનાવી લીધા હતા કેમકે આ લોકો પ્રતાપસિંહને મહારાણા બનાવવા માંગતા ન હતા પરંતુ મહારાણા જગતસિંહે તેમને તેમ કરવા ન દીધુ. મહારાણા બન્યા પછી પ્રતાપસિંહે આ પાંચેને પોતાની પાસે બોલાવી લીધા કહેવાય છે કે પ્રતાપસિંહ ખુબજ બુદ્ધિશાળી અને વીર હતા.

મહારાણા પ્રતાસિંહનું મૃત્યુ જાન્યુઆરી ૧૭૫૪માં થયું તેમને ચાર રાણી હતી પહેલી રાણી મહારાણાની હયાતીમાં જ મૃત્યુ પામ્યા હતા. બીજા રાણી બનેકુંવર અને ત્રીજા માયાકુંવર પતિની સાથે સતી થઈ ચોથી રાણી વખ્તાવરકુંવરથી રાજસિંહનો જન્મ થયો.

મહારાણા રાજસિંહ દ્વિતીય

પ્રતપાસિંહ બીજા પછી રાજસિંહ દ્વિતીય મેવાડના મહારાણા બન્યા તેમનો રાજ્યાભિષેક ૧૦ જાન્યુઆરી ૧૭૬૪ના દિવસો થયો તેમનો જન્મ ૧૭ મે ૧૭૫૪ ઈ. એ થયો. તથા સિંહાસન પર બેઠા ત્યારે તેમની ઉંમર માત્ર દસ વર્ષની હતી. તે સમયે મરાઠાઓનું આખા ઉત્તરભારતમાં જોર હતું. નાની ઉંમરના મહારાણાને કારણે રાજ્યમાં મોટી અવ્યવસ્થા સર્જાઈ ગઈ. રાજ્યમાં મરાઠાઓનો દબદબો થઈ ગયો. પ્રતાપસિંહના શાસનમાં રાજા નાથસિંહને ઉદયપુર છોડવું પડ્યું હતું તેમના મૃત્યુ પછી તે પણ ઉદયપુર આવી ગયા. આ દિવસોમાં સિંધિયાએ મારવાડ પર ચઢાઈ કરી રાવત જૈતસિંહને ઉદયપુરથી સમાધાન માટે સિંધિયાની પાસે મોકલવામાં આવ્યા.

તે જ સમયે એક ખોખર રાજપૂતે સિંધિયાને દગાથી મારી નાંખ્યા. એનાથી મરાઠા એવું સમજ્યા કે આ કામ ઉદયપુર વાળાનું છે એટલે મરાઠાઓએ જૈતસિંહ પર ચઢાઈ કરી નાંખી જૈતસિંહ વગેરે જેવા અનેકવીર માર્યા ગયા એનાથી ઉદયપુરવાળાને ખુબ દુખ થયું આ સમયે શાહપુરાના શાસકે ઉદયપુરની આધીનતા સ્વીકારી લીધી મહારાણા રાજસિંહ બીજાનું મૃત્યુ ૩ એપ્રિલ ૧૭૬૧ના રોજ થયું.

મહારાણા અરિસિંહ તૃતીય

બહુ નાની ઉંમરમાં રાજસિંહના મૃત્યુથી રાજ્યમાં સન્નાટો છવાઈ ગયો. તેમનો કોઈ વારસદાર ન બચવાથી મહારાણા જગતસિંહ બીજાના નાનાપુત્ર અરિસિંહ તૃતીયને મેવાડના સિંહાસન પર બેસાડવામાં આવ્યા. આ રાજ્યાભિષેક ૩ એપ્રિલ ૧૭૬૧ના રોજ થયો. અરિસિંહ તૃતીય ઉદંડ સ્વભાવનો રાજા હતો. એકવાર તે ભગવાન એકલિંગના દર્શને જઈ રહ્યો હતો તો સામેથી આવતી સામંતોની સેનીની ટુકડીઓને રસ્તો છોડવાનો આદેશ કર્યો પરંતુ રસ્તો એટલો સાંકડો હતો કે આમ કરવું અશક્ય હતું એથી અરિસિંહના આદેસથી સામંતો પર દંડા ઝીકવામાં આવ્યા તેણે વહીવટી હોદ્દાઓમાં પણ ફેરફાર કર્યા એનાથી વધુ અવ્યવસ્થા સર્જાઈ. જાન્યુઆરી ૧૭૬૯માં મરાઠાઓએ મેવાડ પર ચઢાઈ કરી. ત્રણ દિવસના ઘમાસાણ યુદ્ધ પછી ૧૬ જાન્યુઆરીએ મરાઠા ભાગી ગયા કહેવાય છે કે આ મેવાડની સેનાનું છેલ્લુ યુદ્ધ હતું બાદમાં મહારાણા અને મરાઠાઓના સંબંધ સુધર્યા હતા. ૯ માર્ચ ૧૭૭૩માં અરિસિંહ તૃતીયનું મૃત્યુ થયું તેમનું મોત બૂંદીના રાજા અજીતસિંહના વિશ્વાસઘાતથી થયું.

મહારાણા હમીરસિંહ દ્વિતીય

અરિસિંહ તૃતીય પછી ૧૧ માર્ચ ૧૭૭૩માં તેમના મોટા પુત્ર હમીરસિંહ દ્વિતીય મેવાડના સિંહાસન પર બેઠા હમીરસિંહનો જન્મ ૧૩ જૂન ૧૭૬૧ના રોજ થયો હતો. હજુ તે બાળક હતા તેથી મહારાજ બાઘસિંહ અને અર્જુનસિંહ નામના બે સરદાર પૂરી સ્વામિભક્તિની સાથે શાસનની દેખરેખ કરવા લાગ્યા. હમીરસિંહના સિંહાસન પર બેસતાવેંત મેવાડનો રાજકોષ ખાલી થઈ ચૂક્યો હતો. મેવાડની મરાઠા સેનાએ તેનો પગાર માંગ્યો તેમને અનેક રીતે સમજાવવામાં આવ્યા. પરંતુ માધવરાવ સિંધિયાના જમાઈ વૈરજી તાકર ચિતોડની તળેટીના નગરને લૂંટવા લાગ્યો. આ અપમાનને જોઈ મેવાડના વીર તેની સેના પર તૂટી પડ્યા પરીણામે મરાઠા ભાગી ગયા. ડિસેમ્બર ૧૭૭૭ ઈ.માં મહારાણા હમીરસિંહ એકવાર શિકાર માટે ગયા તો તેમની બંદૂર હાથમાં ફુટી ગઈ ઝેર ફેલાવવાથી ૬ જાન્યુઆરી ૧૭૭૮ના રોજ તેમનું અવસાન થયું.

મહારાણા ભીમસિંહ દ્વિતીય

નાની ઉંમરમાં હમીરસિંહના મોતથી આખુ મેવાડ શોકમાં ડૂબી ગયુ. એથી ૭ જાન્યુ ૧૭૭૮ એ હમીરસિંહના ૧૦ વર્ષના નાનાભાઈ ભીમસિંહને મેવાડના રાજસિંહાસન પર મેવાડવામાં આવ્યા. તેમનો જન્મ ૧૦ માર્ચ ૧૭૬૮ ના રોજ થોય હતો. ભીમસિંહના મહારાણા બન્યા બાદ મરાઠાઓએ મેવાડમાં વધુ તબાહી મચાવી દીધી. રાજ્યના અનેક જિલ્લા હાથમાંથી નીકળી ગયા, સામંત અને જાગીરદાર મનમાની કરવા લાગ્યા અને ઠેરઠેર વિદ્રોહ થવા લાગ્યા.

જાન્યુઆરી ૧૭૮૮માં મરાઠાઓની સેના મંદસૌરથી મેવાડ પર ચઢાઈ કરવા નીકળી. ઘણા રાજપૂત મલીને મરાઠાઓને સામનો કર્યો. જેમાં અનેક માર્યા ગયા, કેટલાક ઘાયલ થયા અન્યને બંદી બનાવાયા. બધુ મળીને ભીમસિંહનું શાસન અશાંત રહ્યુ તેમના જીવનમાં જ તેમના મેવાડ અમરસિંહનું મોત થયું અંતે ૩૦ માર્ચ ૧૮૨૮ના રોજ ભીમસિંહનું મોત થયું.

રાણા જવાનસિંહ

મહારાણા ભીમસિંહના મોત પછી ૩૧ માર્ચ ૧૮૨૮ ઈ.એ તેમના પુત્ર જવાનસિંહ મેવાડના મહારાણા બન્યા. તે પિતૃભક્ત, ઉદાર અને પ્રજા પ્રેમી હતા તેમના કર્મચારી આવક-જાવકનો હિસાબ બરોબર રાખતા ન હતા મહારાણા તેમની વાતો પર વિશ્વાસ કરી લેતાં હતા. નાથદ્વારાવાળા ખુદ મુખ્તાર બનવા માટે ગર્વનર-જનરલ રાજપૂતાના સાથે પત્ર વ્યવહાર વગેરે અજમેરમાં ગર્વનર જનરલ સાથે મુલાકાત, શાહપુરાથી અંગ્રેજોની જપ્તી ઉઠાવવી, કોટા તથા જયપુરના રાજા સાથે મુલાકાત, મુંબઈ પ્રાંતના ગર્વનરનું ઉદયપુર આગમન વગેરે મહારાણા જવાનસિંહના શાસનની મુખ્ય ઘટના છે. ૨૪ ઓગસ્ટ ૧૮૩૮ની રાતે જવાનસિંહ તેમના મહેલમાં સૂતા હતા ત્યારે તેમના માથામાં અસહ્ય પીડા થવા લાગી. અનેક ઉપચાર કરાવ્યા બાદ ૩૦ ઓગસ્ટે તેમનું મૃત્યુ થયું.

મહારાણા સરદારસિંહ

મહારાણા જવાનસિંહને કોઈ પુત્ર ન હતો. એથી મેવાડના સામંતોએ ચર્ચા કરી ૫ સપ્ટેમ્બર ૧૮૩૮ ના રોજ સરદારસિંહને મેવાડના મહારાણા બનાવ્યા તેમનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૭૯૮ ના રોજ થયો હતો સરદારસિંહનો રાજ્યાભિષેક થતાજ મેવાડમાં આંતરિક કલહ વધ્યો. કેટલાક લોકો સરદારસિંહને મહારાણા બનાવવા ઈચ્છતાં ન હતા તે વિરોધ કરવા લાગ્યા. ગોડવાડને મેવાડમાં મેળવવાનો પ્રયાસ શેરસિંહ મહતાને બંદી બનાવવા અને રામસિંહને પ્રધાન બનાવવા, કુંવર સ્વરૂપસિંહની ગોદનશીની વગેરે મહારાણા સરદારસિંહના શાસનની મુખ્ય ઘટના છે. સ્વરૂપસિંહની ગોદનસીની પછી સરદારસિંહની બીમારી (શરીરમાં બળતરા) વધવા લાગી. તે વૃંદાવન રાત્રે ચાલ્યા ગયા. પરત ફર્યા બાદ ૧૩ જૂલાઈ ૧૮૪૨ ના રોજ તેમનું મૃત્યુ થયું.

મહારાણા સ્વરૂપસિંહ

સ્વરૂપસિંહનો જન્મ ૮ જાન્યુ ૧૮૧૫ના રોજ થયો હતો. મહારાણા સરદારસિંહના મોત પછી ૧૫ જૂલાઈ ૧૮૪૨ ના રોજ તેમનો અભિષેક થયો. સિંહાસન પર બેસતા જ તેમને ખુબ કુશળતાથી કામ કરવું પડ્યુ કેમ કે કેટલાક ચાડીયા અને સ્વાર્થી લોકો તેમને પોતાના પક્ષમાં કરવા માંગતા હતા. કોટાના રામસિંહનું ઉદયપુર આવવુ, સતુમ્બરકુંવર કેસરીસિંહ પર મહારાણાની નારાજગી, મહેતા શેરસિંહને પ્રતાનથી મેળવવા,

મહારાણાનો એકલિંગમાં મદિરા પરિત્યાગ, મંદિરો અને પરગણાના પ્રબંધ માટે મહારાણાનો મેવાડ પ્રવાસ, હેનરી લોરેન્સનું ઉદયપુર આગમન, દેવલીમાં છાવણી અને રિયાલતી થાણા બનાવવા, વિદ્રોહી ભીલોને દંડ આપવો વગેરે તેમના સમયની મુખ્ય ઘસાયો છે અંતે ૧૬ નવેમ્બર ૧૮૬૧ના રોજ ગંભીર બીમારીથી મહારાણા સ્વરૂપસિંહનું મોત થયું.

મહારાણા શંભૂસિંહ

સ્વરૂપસિંહના મૃત્યુ પછી ૧૭ નવેમ્બર ૧૮૬૨ના રોજ મેવાડના રાજસિંહાસન પર શંભુસિંહનો અભિષેક થયો. આ અવસરે રાજપૂતાનાના એજન્ટ ગર્વનર જનરલ જ્યોર્જ લોરેન્સ ઉદયપુર ાવ્યા. તેમણે મહારાણી વિક્ટોરીયા તરફથી શંભુસિંહને સન્માન આપ્યું. શંભુસિંહના શાસનમાં રાજ્ય સંચાલન માટે પાંચ સરદારોની એક પરિષદ બનાવવામાં આવી. પૂર્વ એજન્ટ ગર્વનર જનરલના સ્થાન પર ઈર્ડનને આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા. મહારાણાનું અજમેન જવુ, તેમની લોર્ડ મેવો સાથે મુલાકાત, કોટાના મહારાવ શત્રુશાલનું ઉદયપુર આવડ, મહારાણાને જી.સી.એસ.આઈ.નો પદક મળવો. કર્નલ હેચિસનનું ઉદયપુર આવવુ વગેરે શંભુસિંહ શાસનકાળની મુખ્ય ઘટનાઓ અને કાર્ય છે.

સન ૧૮૭૪ની ગ્રીષ્મઋતુમાં મહારાણા શંભુસિંહ સપરિવાર ગોર્વધન વિલાસમાં હતા. ત્યાં ૧૬ જૂલાઈએ તેમને પેટમાં દુખાવાની શરુંઆત થઈ ત્યારે બધી મહિલાઓને ઉદયપુર મોકલી દેવામાં આવી અને મહારાણા ગોર્વધન વિલાસમાં જ રહ્યા. તેમના રોગના ઉપચારની શરુંઆત થઈ ચિકિત્સક તેમના રોગનું નિદાન ન કરી શક્યા. બધા પ્રયાસો પછી પણ કોઈ સફળતા ન મળી અંતે છ ઓક્ટોબર ૧૮૭૪ના રોજ તેમનું અવસાન થયું.

મહારાણા સજ્જનસિંહ

મહારાણા શંભુસિંહને કોઈ સંતાન નહી એથી બેદલાના રાવ બખ્તસિંહે શક્તિસિંહના પુત્ર સજ્જનસિંહને મેવાડના મહારાણા બનાવવાનો પ્રસ્તાવ મુક્યો તેના આ પ્રસ્તાવનો બધાએ સ્વીકાર કરી લીધો. રાજમહલના અનિવાસથી તેને મંજૂરી મળી ગઈ એથી ૮ ઓક્ટોબર ૧૮૭૪ના વેજ મેવાડના રાજસિંહાસન પર સજ્જનસિંહનો અભિષેક કરવામાં આવ્યો. તેમનો જન્મ ૮ જૂલાઈ ૧૮૫૯ના રોજ થયો હતો.

જાની બિહારીલાલાને મહારાણાના સંરક્ષક તરીકે નિયુક્ત કરવા, ચાર્લ્સ હર્બટનું ઉદયપુર આવવું, પ્રિન્સ ઓફ વેલ્સ સાથે મુલાકાત માટે મહારાણાનું મુંબઈ જવું. ગર્વનર જનરલ નાર્થબ્રકનું નવી વ્યવસ્થા, ગોસ્વામી ગિરીધર ગોપાલને પદચ્યુત કરી વૃંદાવન મોકલવા, મહારાણાની લોર્ડ લિટન સાથે મુલાકાત, પર્વતીય વિસ્તારોમાં નવી વ્યવસ્થા, મહારાણાનો કુંભલગઢ વગેરેનો પ્રવાસ, પોલીસની નવી વ્યવસ્થા, મેવાડનો

પ્રવાસ, જયપુર, જોધપુર વગેરે જવુ, ખેડૂત વિદ્રોહ, ભીલોનો વિદ્રોહ, લોર્ડસિનનું ચિતોડ આવવુ અને મહારાણાને જી.સી.એલ.આઈ. પદક આપવો વગેરે મહારાણા સજ્જનસિંહ શાસનકાળની મુખ્ય ઘટનાઓ છે.

૧૦ ડિસેમ્બર ૧૮૮૪ની રાત્ર સજ્જનસિંહને મરછા આવી અને આજ મૂરછામાં ૨૩ ડિસેમ્બર ૧૮૮૪ એ તેમનું મૃત્યુ થયું.

પરિશિષ્ઠ - I

તિથીક્રમ

(૧) ગુણદિત્ય દ્વારા મેવાડ રાજવંશની સ્થાપના છઠ્ઠી શતાબ્દી છે.

(૨) વપ્પારાવલનો શાસનકાળ - ૭૩૪-૫૩

(૩) ખુમાણ દ્વિતીયનો શાસનકાળ - ૮૧૨-૩૬ ઈ.

(૪) હમીરનો શાસનકાળ - ૧૩૨૬-૬૪

(૫) લાખાનો રાજ્યારોહણ - ૧૩૮૨ ઈ.

(૬) ઓબ્લનો રાજ્યારોહણ - ૧૪૨૮ ઈ.

(૭) મહારાણા કુંભાનું સિંહાસન રોહણ - ૧૪૩૩ ઈ.

(૮) રાયમલનો મેવાડ પર અધિકાર - ૧૪૭૩ ઈ.

(૯) રાણાસાંગાનો અભિષેક - ૧૫૦૮ ઈ.

(૧૦) રત્નસિંહનો રાજ્યારોહણ - ૧૫૨૮ ઈ.

(૧૧) વિક્રમાજીતનો રાજ્યારોહલ - ૧૫૩૧ ઈ.

(૧૨) વનવીરનું રાજ બનવું - ૧૫૩૬ ઈ.

(૧૩) ઈદયસિંહનો અભિષેક - ૧૫૪૦ ઈ.

(૧૪) મહારાણા પ્રતાપનો જન્મ

વીરવિનોદ મુજબ - ૩૧ મે ૧૫૩૯ ઈ.

નૈનસી મુજબ - ૪ મે, ૧૫૪૦ ઈ

કર્નલ ટોડ મુજબ -	૯ મે, ૧૫૪૯ ઈ.
(૧૫) પ્રતાપનો રાજ્યાભિષેક -	૨૮ ફેબ્રુઆરી, ૧૫૭૨ ઈ.
(૧૬) જલાલ ખા કોરચી દ્વારા સંધિ પ્રસ્તાવ -	સપ્ટેમ્બર, ૧૫૭૨ ઈ.
(૧૭) માનસિંહ દ્વારા સંધિ પ્રસ્તાવ -	૧૫૭૩ ઈ.
(૧૮) ભગવાનદાસ દ્વારા સંધિ પ્રસ્તાવ -	સપ્ટેમ્બર, ઓક્ટોબર, ૧૫૭૩ ઈ.
(૧૯) ટોડરમલ દ્વારા સંધિ પ્રસ્તાવ -	ડિસેમ્બર - ૧૫૭૩ ઈ.
(૨૦) અકબરનું અજમેર પહોંચવું -	માર્ચ ૧૫૭૬ ઈ.
(૨૧) માનસિંહનું મેવાડ પ્રસ્થાન -	૩ એપ્રિલ ૧૫૭૬ ઈ.
(૨૨) હલ્દીઘાટીનું યુદ્ધ -	૨૧ જૂન, ૧૫૭૬ ઈ.
(૨૩) ગોગૂંદા પર મોગલ અધિકાર -	૨૩ જૂન, ૧૫૭૬ ઈ.
(૨૪) ગોગૂંદા પર મહારાણાનો કબજો -	જુલાઈ ૧૫૭૬ ઈ.
(૨૫) અકબરનું મેવાડ પહોંચવું -	૧૩ ઓક્ટોબર ૧૫૭૬ ઈ.
(૨૬) ઉદયપુર-ગોગૂંદા પર ફરી પ્રતાપનો કબ્જો -	મે જૂન ૧૫૭૭ ઈ.
(૨૭) શાહબાજ ખાં મેવાડ અભિયાન પર -	ઓક્ટોબર ૧૫૭૭ ઈ.
(૨૮) કુંભલગઢ પર મોગલ અધિકાર -	૧૩ એપ્રિલ, ૧૫૭૮ ઈ.
(૨૯) ઉદયપુર પર પુનઃમોગલ અધિકાર -	૧૪ એપ્રિલ - ૧૫૭૮ ઈ.
(૩૦) શાહબાજ ખાંનું અદ્‌વિતીય મેવાડ અભિયાન -	૧૫ ડિસેમ્બર ૧૫૭૮ ઈ.

(૩૧) ચંદ્રસેનનો મોગલ વિરૂદ્ધ વિદ્રોહ -	ડિસેમ્બર - ૧૫૭૮ ઈ.
(૩૨) શાહબાજખાંનું તૃતીય મેવાડ અભિયાન -	૯ નવેમ્બર - ૧૫૭૯ ઈ.
(૩૩) ખાનખાના મેવાડ અભિયાન પર -	જૂન - ૧૫૮૦ ઈ.
(૩૪) જગન્નાથ કછવાહા મેવાડા અભિયાન પર-	૬ ડિસેમ્બર - ૧૫૮૪ ઈ.
(૩૫) મેવાડની પુન સ્વાયત્તા -	૧૫૮૬ ઈ.
(૩૬) મહારાણા પ્રતાપનું દેહાવસાન -	૧૯ જાન્યુઆરી - ૧૫૯૭

પરિશિષ્ટ - II

શ્રીમદ્ ભાગવતમાં મેવાડનો રાજવંશ

ભારતના અનેક રાજવંશોની જેમ મેવાડના રાજવંશનો સંબંધ પ્રાચીન ઈક્વાકુ સાથે માનવામાં આવે છે. વિભિન્ન પુરાણોમાં તેમની વંશાવલીઓમાં અલગ અલગ બાબત છે. આ વંશાવલીઓ પૂર્ણતયા પ્રમાણિક માનવામાં આવતી નથી. આધુનિક વિદ્વાનોનો તો એમ પણ કહે છે કે, કાલાંતરમાં આ ભારતીય રાજવંશો પોતાના વંશના સંબંધ પ્રાચીન સૂર્ય અને ચંદ્રવંશ સાથે સિદ્ધ કરવા માટે આ પુરાણોની વંશાવલીઓને પોતાની રીતે બનાવી છે. તેની પ્રમાણિકતા કે અપ્રમાણિકતા સાબિત કરવાનો અમારો ઉદ્દેશ્ય નથી. અમે વાંચકોની જાણ માટે શ્રીમદ્ ભાગવતના આધાર પર સિસોદીયા વંશની પ્રાચીન વંશાવલી રજૂ કરી રહ્યા છીએ, જે આ પ્રમાણે છે-

(૧) આદી નારાયણ

(૨) બ્રહ્મા

(૩) મરીચિ

(૪) કશ્યપ

(૫) વિવસ્વાન (સૂર્ય)

(૬) વૈવશ્યતમનુ

(૭) ઈક્વાકુ

(૮) વિકુક્ષિ

(૯) પુરજ્જય (કકુસ્થ)

(૧૦) અનેના (વેન)

(૧૧) પૃતુ

(૧૨) વિશ્વરંદિર

(૧૩) ચંદ્ર

(૧૪) યુવનાશ્વ (પ્રથમ)

(૧૫) શાશ્વત

(૧૬) વૃહદસ્વ

(૧૭) કુવલયાસ્વ

(૧૮) દ્રઢાસ્વ

(૧૯) હર્યસ્વ (પ્રથમ)

(૨૦) નિકુંભ

(૨૧) બહેણાશ્વ

(૨૨) કૃશાસ્વ

(૨૩) સેનજિત

(૨૪)યુવનાશ્વ (દ્વિતીય)

(૨૫) માંધાતા

(૨૬) પુરુકુત્સ

(૨૭) ત્રસદદસ્યુ

(૨૮)અનરણ્ય

(૨૯) હર્યશ્વ (દ્વિતીય)

(૩૦) અરૂણ

(૩૧) ત્રિબંધન

(૩૨) સત્યવ્રત (ત્રિશંકુ)

(૩૩) હરિશ્ચંદ્ર

(૩૪) રોહિત

(૩૫) હરિત

(૩૬) અમ્વ

(૩૭) સુદેવ

(૩૮) વિષ્ય

(૩૯) મરૂક

(૪૦) વૃક

(૪૧) બાહુક

(૪૨) સગર

(૪૩) અસંજસ

(૪૪) અંશુમલ

(૪૫) દિલીપ

(૪૬) ભગીરથ

(૪૭) શ્રુત

(૪૮) વામ

(૪૯) સિંધુદ્વીપ

(૫૦) યુતાયુ

(૫૧) ઋતુપર્ણ

(૫૨) સર્વકાય

(૫૩) સુદાત

(૫૪) ચિત્રસિંહ (કલ્માલવાદ)

(૫૫) સશ્મક

(૫૬) મુલક (નારીકવચ)

(૫૭) દશરથ (પ્રથમ)

(૫૮) એડવિડ

(૫૯) વિશ્વસિંહ

(૬૦) ખરવાંગ

(૬૧) દીર્ઘબાહુ (દિલીપ)

(૬૨) રઘુ

(૬૩) અજ

(૬૪) દશરથ (દ્વિતીય)

(૬૫) રામચંદ્ર

(૬૬) શુદ્ર

(૬૭) અતિથી

(૬૮) નિષધ

(૬૯) નભિ

(૭૦) પુંડરીક

(૭૧) ક્ષેસધન્યા

(૭૨) દેવાનીક

(૭૩) અનીહુ

(૭૪) પરિયાગ

(૭૫) બલ

(૭૬) સ્થળ

(૭૭) વ્રજનાભિ

(૭૮) અગણ

(૭૯) વિધુતિ

(૮૦) હિરણ્યનાભિ

(૮૧) પુષ્ય

(૮૨) ધ્રવસંધિ

(૮૩) સુદર્શન

(૮૪) અગ્નિવર્ણ

(૮૫) શીદ્ર

(૮૬) મરુ

(૮૭) પ્રસુશ્રુત

(૮૮) સંધિ

(૮૯) અમર્ષણ

(૯૦) સહસ્વાન

(૯૧) વિશ્વસહ

(૯૨) પ્રર્સનજિત

(૯૩) તક્ષક

(૯૪) વૃદ્ધવલ

(૯૫) વૃહદ્રણ

(૯૬) ઉરૃક્રિય

(૯૭) વત્સવૃદ્ધ

(૯૮) પ્રતિવ્યોમ

(૯૯) ભાનુ

(૧૦૦) દીવાંડા

(૧૦૧) સહદેવ

(૧૦૨) વૃહશ્વ

(૧૦૩) ભાનુમાન

(૧૦૪) પ્રતીકાશ્વ

(૧૦૫) સુપ્રતીક

(૧૦૬) મરૂદેવ

(૧૦૭) સુક્ષક્ષત્ર

(૧૦૮) પુષ્કર

(૧૦૯) અંતરિક્ષ

(૧૧૦) સુષ્મા

(૧૧૧) અમિત્રજિત

(૧૧૨) બૃહદ્રાજ

(૧૧૩) વર્હિ

(૧૧૪) કૃતંજય

(૧૧૫) રણંજય

(૧૧૬) સંજય

(૧૧૭) ચાક્ય

(૧૧૮) શુદ્ધેદ

(૧૧૯) લાંગલ

(૧૨૦) પ્રસેનજિત (દ્વિતીય)

(૧૨૧) શુદ્રક

(૧૨૨) રણક

(૧૨૩) સુરથ

(૧૨૪) સુમિત્ર

પરિશિષ્ટ -III

જોતદાનોમાં ઉદયપુર રાજવંશની વંશાવલી

(૧) વીર્યનામ
(૨) મહારથી
(૩) અતિરથી
(૪) અચલસેન
(૫) કનકસેન
(૬) મહાસેન
(૭) દિગ્વિજયસેન
(૮) આજાસેન
(૯) અભંગસેન
(૧૦)મહામદનસેન
(૧૧) સિદ્ધરથ
(૧૨) વિજયભૂપ
(૧૩) પદ્યાદિત્ય
(૧૪) શિવાદિત્ય
(૧૫) હરાદિત્ય
(૧૬) સુવિક્ષાદિત્ય
(૧૭) સોમાદિત્ય
(૧૮) શિલાદિત્ય
(૧૯) કેશવાદિત્ય
(૨૦) નાગાદિત્ય
(૨૧) ભોગાદિત્ય
(૨૨) દેવાદિત્ય
(૨૩) આશાદિત્ય
(૨૪) ભોજાદિત્ય
(૨૫) ગ્રહાદિત્ય

***